વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૪મું
એપ્રિલ - ૨૦૧૯
અંક : ૪૯૧

મંગલ મંદિર ● એપ્રિલ-૨૦૧૯ ● ૧
(કુલ પાના : ૮૨)


# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## આપનો મત
## આપનો હક્ક
## આપની જવાબદારી




: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org


gala
INSPIRED BY PERFECTION
UNMATCHED LOCATION. ULTRA-MODERN AMENITIES. UNBEATABLE PRICE.
3 BHK apartments at Drive-in Road, ₹80 lakhs* onwards.
Book yours now
Actual site image
NO GST
READY TO MOVE IN LIFESTYLE
Site Address: Gala Eternia, Opp. Doordarshan Tower, Drive-in Road, Thaltej, Ahmedabad - 380052.
Email: perfection@galainfra.com | www.galainfra.com
Call: +91 81416 70000 / 95860 70000
gala ETERNIA
HAPPINESS FOREVER
Reg. No. PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/RAA00144/140917 | gujrera.gujarat.gov.in
*Conditions apply | Government levies extra

DEEP Industries Limited

Oil & Gas Exploration
Production & Services




- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

● CONTACT DETAILS ●

**Deep Industries Limited**

**Address :** 12A & 14, Abhi Shree Corporate Park,
Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
**Phone # :** +91-2717-298510 **Fax # :** +91-2717-298520
**Website :** www.deepindustries.com **E-mail :** info@deepindustries.com


In Touche
Desirable Lounge Wear
Pleasure
Comfort within
ALL KIND OF
LADIES PREMIUM
NIGHT WEAR
AUTHO. : ARIHANT ENTERPRISE
G - 6 / 1 3 - 15, NAVRANG COMPLEX, SWASTIK CHAR RASTA,
NAVRANGPURA, AHMEDABAD - 9 PH : 079 - 48951613, 2640 16 12

છેલ્લા ૪૩ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- મોબાઈલ ફોન અને ઈન્ટરનેટના વપરાશની વચ્ચે પરિવારજનો, સગા સંબંધીઓ અને મિત્રોના સંબંધો જાળવવા જરૂરી ....... ૭
- અગત્યના દિન : રાષ્ટ્રીય અને વિશ્વ ....... ૮
- આગામી કાર્યક્રમોની એક ઝલક ....... ૮

**દીપશીખા**

- પરિપક્વતા એટલે ....... **પ્રાસાદિકા : ભાર્ગવી દોશી** ....... ૯
- સારાપણાની પણ આદત હોય છે ....... **સંગ્રાહક : ડૉ. ગૌરાંગ ગાંધી** ....... ૯

**YOUTH CLUB**

- 6 books to flip open a new Chapter in your Career ....... ૧૦

**લેખ વિભાગ**

**વિચાર મંથન**

- માણસ પાસેના વિકસિત મગજનો ઉપયોગ ક્યારે? ....... **ડૉ. યાસીન દલાલ** .... ૧૧

**જીવન રસ**

- લગ્ન પૂર્વે વર કન્યાનો મેડિકલ ચેક-અપ કેટલો જરૂરી? ....... **દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ** .... ૧૩

**વિચાર મંચ**

- માળખાકીય શોષણ ....... **મુરજી ગડા** .... ૧૫

**કચ્છ**

- વાઈબ્રન્ટ ગુજરાતના તમામ જિલ્લાઓમાં કચ્છ મોખરે ....... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ..... ૧૬

**પ્રજાતંત્ર**

- જમ્મુ-કાશ્મીર અને બંધારણીય પ્રશ્નો ....... **મિતેષ સોલંકી, એન્કર, જર્નાલિસ્ટ** .... ૧૮

**જીવન વૃત્તાંત**

- ડૉ. રામ મનોહર લોહિયા ....... **દામજી માણેક ગડા** .... ૨૦
- મુંબઈના કચ્છી જૈન શ્રેષ્ઠી : કેશવજી નાયક ....... **ભરત'કુમાર' પ્રા. ઠાકર** .... ૨૨
- સ્વાતંત્ર્ય સંગ્રામમાં બાપુના મૂક સાક્ષી : કસ્તુરબા ગાંધી ....... **ભરત'કુમાર' પ્રા. ઠાકર** .... ૨૪

**જળ સંપત્તિ**

- ગુજરાત રાજ્યની નર્મદા યોજનાના અંતિમ ચરણનું વિહંગાવલોકન ....... **અશોક મહેતા** ..... ૨૬

**વિકાસ**

- આંતર માળખાકીય વિકાસ માટે જમીન સંપાદનની નવી પધ્ધતિ અપનાવાય તો વગર સંઘર્ષે સામેથી જમીન મળે ....... **કિરણ ચાંપાનેરી 'સેતુ'** .... ૨૯ **ફ્રીલાન્સ પત્રકાર**

**તૃપ્તિ**

- જીવનની અ-પરિપૂર્ણ શોધ – "આનંદ ઉલ્લાસ" ....... **ચંદ્રકાંત પટેલ 'સરલ'** .... ૩૨

**શિક્ષણ જગત**

- પરીક્ષા વાલીની છે કે વિદ્યાર્થીની? ....... **ડૉ. મિહિર એમ. વોરા** .... ૩૪

**કારકિર્દી**

- સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં લેવામાં આવતા 'ઈન્ટરવ્યૂ'નો ઉદ્દેશ ....... **હીરેન દવે** .... ૩૫

**પ્રકાશ**

- અનુક્રમણિકા જોઈને અંદાજો ક્યારેય ના લગાવતા સાહેબ!! કેમકે, 'રહસ્ય' હંમેશાં છેલ્લા પાને જ હોય છે ....... **ભોલાભાઈ ગોલીબાર** ..... ૩૬

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**સહમંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

**સંસ્કૃતિ**
● ભારતીય સંસ્કૃતિનો ધબકાર - સેવા પ્રવૃત્તિ .......................... **પ્રવિણભાઈ ગો. મેંદપરા**.... ૩૭

**આરોગ્ય**
● માનસિક સ્ટ્રેસની શરીર પર અસર-૬ : સારવાર .... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**.... ૩૯
**ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
● ગર્ભાશય વિશે જાણકારી .................................................................. ૪૧

**તાલમેલ**
● પરિવર્તન ..................................................................... **સુનિતા શાહ**.... ૪૨

**સમસ્યા**
● થોડા વૃધ્ધોની વ્યથા ................................................ **દામજી માણેક ગડા**.... ૪૪

**એપ્રિલ ફૂલ**
● પોલીસ પર લાઠીચાર્જ! ..................... **ચિત્રસેન શાહ,** નિવૃત્ત કાર્યપાલક ઇજનેર (જી.ઈ.બી.) ..... ૪૫

**માહિતી**
● 'ફ્રેશ' રાખશે આ ફેસપેક્સ...! .............................................. **નજમા ગોલીબાર**.... ૪૭

**ગેરસમજ**
● રોંગ નંબર ................................................................ **ડૉ. સુધીર ચી. મોદી**.... ૪૮

**પ્રસંગ કથા**
● આકાશવાણી ........................................................................ **જયંતિ ધોકાઇ**.... ૪૯

**સ્થાન પરિચય**
● હનુમાન દાંડી (મંદિર) ........................................................ **જયંતિ ધોકાઈ**.... ૫૦

**વૈવિધ્ય**
● આંજો કાગર ................................................................................. ૫૧
● આંતરરાષ્ટ્રીય બાળ ફિલ્મોના ઍવોર્ડ વિજેતા – મૂળ કચ્છના ડૉ. વિનોદ ગણાત્રા ........ **અમિત રાડિયા**..... ૫૨
● ગુજરાત સાહિત્ય સંગમ દ્વારા 'જ્યોતિન્દ્ર દવે સાહિત્યશ્રી' ઍવોર્ડથી
સન્માનિત કચ્છ માંડવીના શ્રી ચિત્રસેનભાઈ શાહ .......................... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**.... ૫૩
● પસંદગીકા તડકા ................................................................ **ભાવના એ. ઝવેરી**.... ૫૪
● જ્ઞાન ગમ્મત ................................................... **શ્રીમતી કિરણબેન પી. ઠક્કર**.... ૫૫
● અમદાવાદના પ્રાચીન જિનાલયો - ૬ ..... **પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)**..... ૫૬

**મનોરમ્ય**
● દિવાળી ને હોળીનો વિવાદ : **હેમરાજ ગઢવી 'હેમ'** ● ડુબાયા : **'આરસી' શાહ** ........... ૫૯
● શૂન્ય ........................................................................ **રમીલા પી. મહેતા**.... ૫૯
● પ્રીતની રીત : **સુનિતા શાહ** ● ટેમ તાં લગે ★ ભજી ભજીને : **રવિ પેથાણી 'તિમિર'** .... ૬૦

**નિયમિત વિભાગો**
● બાલુડેં જ્યું ગાલિયું ...................................... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**..... ૬૧
● જાણવા જેવું ........................................................ **સંકલન : રજનીકાંત પારેખ**...... ૬૨
● *Nano Nine* શબ્દ રમત-૧૫૧ ● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૧૦૮) **સંકલન : રજનીકાંત પારેખ**...... ૬૩
● વલોવતન .................................................. **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**...... ૬૬
● સંસ્થા સમાચાર ........................................................................... ૭૧
● ઊડતી નજરે ............................................................................... ૭૭

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

## મોબાઇલ ફોન અને ઇન્ટરનેટના વપરાશની વચ્ચે પરિવારજનો, સગા સંબંધીઓ અને મિત્રોના સંબંધો જાળવવા જરૂરી...

આજની દોડધામવાળી જિંદગીમાં કોઈને માટે – કોઈની પાસે સમય નથી. તેવી સ્થિતિમાં ફોન સંબંધો જોડવાનો સારો ઉપાય છે. એવી વાતો ફોન પર સ્વાભાવિક રીતે કરી શકાય છે, જે સામસામે બેસીને કરી શકાતી નથી. ઑફિસમાં ફોનની મુસીબત આવી જ હોય છે. મિસ કૉલ આવે ત્યારે વ્યક્તિ તરત જ ફોન લઇને લાંબા સમય સુધી વાતચીતમાં લાગી જાય છે. મોબાઇલ ફોન જરૂરિયાત બનતી જાય છે પરંતુ તેનાથી નુકસાન પણ છે. દરેક સ્થળે મોબાઇલ ફોન પર લોકો ચોંટેલા જોવા મળે છે. કારમાં, બસમાં, ટ્રેનમાં, માર્કેટમાં, ઑફિસમાં અને ઘરમાં – દરેક સ્થળે. આથી કામમાં મુશ્કેલી ઊભી થાય છે. મોબાઇલ ફોન, ઇન્ટરનેટના કારણે દુનિયા એક નાનકડા ગામડા જેવી બની ગઈ છે. ઘેર બેઠા જ દુનિયાના કોઈપણ ખૂણામાં બેઠેલાં પોતાના સગાસંબંધીઓ, મિત્રો સાથે સંપર્ક સાધવાનું ખૂબ જ આસાન થઈ ગયું છે. મોબાઇલ ફોનની કંપનીઓમાં વિવિધ પ્રકારની સ્કીમો જાહેર થતી રહે છે. દરેક હરીફ કંપની વધારે સારી સેવા આપવાનો દાવો કરવા લાગી જાય છે. મફત કોલ, બોનસ, મફત ઇન્ટરનેટ, અમુક કલાકો - દિવસો મફત. ગ્રાહકો પણ વિચારતા હોય છે કે કઈ યોજના સારી છે, જેમાં ઓછા ખર્ચમાં વધુ સગવડો મળે. હકીકતમાં આ બધી યોજનાઓ ગ્રાહકોને આકર્ષવા માટે હોય છે. તેમનો ઉદ્દેશ ગ્રાહકોના ખિસ્સામાંથી પૈસા કઢાવવાનો જ હોય છે. બીજી તરફ ગ્રાહકો વિવિધ મોબાઇલ કનેક્શન લેતા થઈ ગયા.

મોબાઇલ ફોન, વિવિધ કંપનીઓના કનેક્શન, ઇન્ટરનેટના ફાયદા સામે બીજાં પાસા તરફ પણ નજર કરવા જેવી છે. આ બધા કારણે ભલે દુનિયા નાની થઈ ગઈ પરંતુ **ઘરમાં રહેતા સગાઓમાં, કામના સ્થળે સ્ટાફ વર્ગ તથા પરિવારજનો વચ્ચે પરસ્પરના સંબંધો અતિ ગૂંચવાઈ જતા જોવા મળે છે. જે સારી નિશાની નથી. આ રીતે સંદેશા વ્યવહારના સાધનો વધ્યા છે ખરા પરંતુ તેમાં જ પ્રવૃત્ત રહેવાથી આપસના સંબંધોમાં ગેપ ઓછો કરવાને બદલે વધારે વધતો જોવા મળે છે. આ કારણથી ઘણીવાર કમ્યુનિકેશન ગેપ આવી જાય છે, એકબીજા માટે ખોટી ધારણા બંધાવા લાગે છે. પ્રેમ ઓછો થઈ જાય છે અને સંબંધોમાં અંતર વધવા લાગે છે. જે સંબંધો છે, તે બનાવટી થતા જાય છે.** પરસ્પર બેસીને સુખદુઃખની વાતચીત કરવાનો સમય કોઈની પાસે નથી. એટલું જ નહીં પરંતુ મોબાઇલ ફોનના કારણે સુખ-શાંતિ ઓછા થાય છે. એમ કહી શકાય કે સુખશાંતિ છીનવાઈ ગયા છે. જ્યારે જોઈએ ત્યારે એકબીજાના મોબાઇલની રિંગ વાગતી હોય છે.

આ પ્રકારની સ્થિતિ ક્યાં સુધી ચાલુ રહેશે? આજે આપણે સૌને મોબાઇલ ફોનની એટલી બધી ટેવ પડી ગઈ છે કે તેનાં વગર એક ક્ષણ પણ ચાલતું નથી. અરે! બાળકો પણ મોબાઇલ ફોન લઇને જ બેસે છે. દૂધ પીતી વખતે, જમતી વખતે પણ વિવિધ પ્રકારની ગેમ અથવા રમતગમત જોવા મોબાઇલ ફોન સાથે જોઈએ. આ રીતે મોબાઇલ ફોનની એટલી બધી ટેવ પડી ગઈ છે કે ફોન એકાદ કલાક ખરાબ થઈ જાય અથવા તો ખોવાઈ જાય તો કોઇને ગમતું નથી. બીજી તરફ નજર કરીએ તો મોબાઇલ ફોન માર્કેટમાં આવ્યા પહેલાં આપણે બધા લોકો સાથે વાતચીત કરતા હતા. હવે મોબાઇલ ફોન આવવાથી ફોન દ્વારા જ વાત કરીને આપસના સંબંધો નિભાવવા પડે છે! દૂર બેઠેલા આપણા પરિવારજનોને ઇ-મેઇલ દ્વારા આપણી વાત કહીએ છીએ **પરંતુ પહેલાની જેમ પરસ્પરની ભાવના - પ્રેમથી જોડાઈ શકતા નથી. એકબીજાના પત્ર વ્યવહાર તો સાવજ બંધ થઈ ગયા. ઘરમાં માતા-પિતા, વડીલો અથવા તો ભાઈ-બહેનની સાથે બેસીને સમય પસાર કરવાની જરૂર નથી સમજતા.**

પ્રગતિની દોડમાં અથવા તેનાં વિકાસના રસ્તામાં ક્યાંક કંઈક ગુમાવીએ છીએ. તેનાં કારણે નજીક આવ્યા છીએ પરંતુ સંબંધોને મંઝિલે એટલા જ દૂર પણ થયા છીએ. એટલે સારું એ છે કે પરિવારજનો, મિત્રો અથવા સંબંધીઓ – સૌ સાથે હળવા-મળવાનો અથવા સાથે બેસવાનો સમય કાઢીએ, નહીં તો એ દિવસ પણ દૂર નથી કે મોબાઇલ ફોન, ઇન્ટરનેટ આપણને એકબીજાથી દૂર કરી દેશે. ■

## ભારત : અગત્યના રાષ્ટ્રીય દિન

### માસ : એપ્રિલ

૦૧ એપ્રિલફૂલ દિન, વાયુ સેના દિન
૦૪ સાગર દિન
૦૫ નેશનલ મેરીટાઈમ-ડે
૧૩ જલિયાંવાલા બાગ હત્યાકાંડ દિન
૧૪ ડૉ. આંબેડકર જયંતી, અગ્નિશમન સેવા દિન
૨૨ પૃથ્વી દિન
૩૦ બાળમજૂરી વિરોધી દિન

### માસ : મે

૦૧ ગુજરાત દિન, મહારાષ્ટ્ર દિન
૦૭ રવીન્દ્રનાથ ટાગોર જયંતી
૧૧ રાષ્ટ્રીય ટેકનોલોજી દિન
૧૨ ઈતિહાસ દિન, મધર્સ ડે (માસનો બીજો રવિવાર)
૧૬ રાષ્ટ્રીય ગૌરવ દિન
૨૧ ત્રાસવાદ વિરોધી દિન
૨૭ જવાહરલાલ નેહરુ પુણ્યતિથિ

## વિશ્વ : અગત્યના દિન

### માસ : એપ્રિલ

૦૧ એપ્રિલફૂલ દિન
૦૭ વિશ્વ આરોગ્ય દિન
૧૨ વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિન
૧૮ વિશ્વ વારસા દિન
૨૨ પૃથ્વી દિન
૨૩ વિશ્વ પુસ્તક દિન

### માસ : મે

૦૧ વિશ્વ શ્રમદિન
૦૩ વિશ્વ પ્રેસ સ્વાતંત્ર્ય દિન, વિશ્વ ઊર્જા દિન
૦૫ વિશ્વ એથ્લેટિક્સ દિન, વિશ્વ સૂર્ય દિન
૦૮ વિશ્વ રેડક્રોસ દિન
૧૨ ઈતિહાસ દિન, મધર્સ ડે (માસનો બીજો રવિવાર)
૧૫ વિશ્વ પરિવાર દિન
૧૭ વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિન
૨૧ ત્રાસવાદ વિરોધી દિન
૨૪ કોમનવેલ્થ દિન
૩૧ વિશ્વ તમાકુ નિષેધ દિન

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● રવિવાર, તા. ૧૪-૪-૨૦૧૯ સાંજે ૫.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | કેન્સર બચાવ અભિયાન<br>શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | કેન્સરથી બચીએ... કેન્સરના સુપર સ્પેશિયાલિસ્ટ ડૉ. કેતુલ પૂજ દ્વારા માર્ગદર્શન. તે ઉપરાંત ‘નેચરલ ફાર્મિંગ દ્વારા રોગોથી બચો’ વિષય પર કચ્છના પ્રોગ્રેસિવ કિસાન શ્રી હિતેશ વોરા (હાઈડ્રોલિક એન્જિનિયર તથા આર્ટ ઑફ લિવિંગ ટીચર) દ્વારા માહિતી.<br>સર્વે પરિવારજનો માટે. |
| ● તા. ૩૦-૪-૨૦૧૯ સુધીમાં | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી કાર્યાલયમાં જરૂરી રકમ અને ફોર્મ આપવાના<br>(ફોર્મ આ અંકમાં છાપેલ છે.) | યુવા વિકાસ સમિતિ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારજનોને બાળકોને રાહત દરે નોટબુક - ચોપડા વિતરણ |
| ● દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |

*નોંધ : ઉપરોક્ત કાર્યક્રમોની વિગતવાર માહિતી સંસ્થા સમાચાર વિભાગમાં જે તે સમિતિના અહેવાલમાં ઉપલબ્ધ છે.*

## પરિપક્વતા એટલે....

- ક્રોધ ઉપર કાબૂ, કોઈપણ પ્રકારની તોડફોડ અથવા હિંસા વિના મતભેદ દૂર કરવાની ક્ષમતા.
- લાંબાગાળાના ફાયદા માટે વર્તમાનનો ક્ષણિક આનંદ જતો કરવાની ધૈર્યભરી સમજદારી.
- સાતત્ય, વિરોધી વાતાવરણ વચ્ચે પણ અવિરત કાર્યરત રહીને લક્ષ્ય સુધી પહોંચવાની ક્ષમતા.
- વિખવાદ, હતાશા, પ્રતિકૂળતા અથવા પરાજયનો – ફરિયાદ કર્યા વિના સામનો કરવાની તાકાત.
- દૃઢ નિર્ણયશક્તિ અને લીધેલો નિર્ણય પાળવાની સજ્જતા.
- વિનમ્રતા – **'હું ખોટો છું'** તેમ કહેવાની તૈયારી અને **'મેં તને કહ્યું હતું ને!'** એમ ક્યારેય ન કહેવાય તેની સમજ.
- વિશ્વસનિયતા, શ્રદ્ધેયતા, કટોકટીની ક્ષણોમાં અડીખમ ઊભા રહેવાની અડગતા.
- પોતાની જાત સાથે સંવાદિતા સાધીને જીવવાની કલા.

## સારાપણાની પણ આદત હોય છે

વાસ્તવિક જગતમાં સારા અને ખરાબ – એ બે વચ્ચે ઘણા રંગો આવી જાય છે. તદ્દન કાળા અને વધુ કાળા કે સફેદ રંગ. તેના પરથી તેનું બંધારણ નક્કી થાય છે. જગતનો કોઈ પણ માણસ સો ટકા સારો ન હોય અને સો ટકા ખરાબ જ હોય – તે સંભવી શકતું નથી. **માણસ થોડો સારો અને વધુ ખરાબ અથવા વધુ સારો અને થોડો ખરાબ હોય છે.** પરંતુ પ્રશ્ન એ છે કે માણસ જેવો છે તેવો - તેવા હોવું એ તેની પસંદગી છે કે આ સારાપણાની તેની આદત છે?

મોટેભાગે તો લોકો આવી બાબતનો વિચાર પણ નથી કરતા એટલે એમને એ ખબર જ નથી કે સત્ય શું છે? કેટલાક લોકોની નિષ્ઠા એટલી બધી આદતરૂપ બની ગઈ છે કે કદાચ તે ખોટું કહે તો પણ લોકો તેને માને નહીં.

આવો જ પ્રસંગ સિકંદરના જીવનમાં બન્યો. એક વખત સિકંદર ખૂબ બીમાર પડ્યો. ડૉક્ટરો તેની સારવાર કરતાં ડરતા હતા કારણકે જો તે મરી જાય તો તેને મારી નાખવાનું આળ સારવાર કરનાર ડૉક્ટરના માથે આવે. આખરે ફિલીપઆકનીયને જોખમ ખેડવાની તૈયારી બતાવી. સિકંદર માટે તેણે દવા બનાવી. બરાબર તે જ વખતે ડૉક્ટરના એક દુશ્મને સિકંદરને ચિઠ્ઠી મોકલાવી. તેમાં લખ્યું હતું, 'પર્શિયન રાજાએ ડૉક્ટરને પૈસા આપી તમને મારી નાખવા દવામાં ઝેર ભેળવવાનું કાવતરું કર્યું છે.'

સિકંદરે તે ચિઠ્ઠી વાંચી ઓશિકા નીચે મૂકી દીધી. સિકંદર તે દવા પી ગયો. ત્રણ દિવસમાં તો સિકંદર સાજો થઈ ગયો. ત્રીજા દિવસે તે ડૉક્ટરે સિકંદરને પૂછ્યું કે તમે મારી નાખવાની આ દવા જાણ્યા પછી પણ તમે તે પી ગયા? સિકંદરે કહ્યું, 'દોસ્ત, તમે કેટલા બધા સારા માણસ છો, તે તમને ખબર નથી, પરંતુ હું તે જાણું છું.'

ઓસ્કાર વાઈલ્ડે એ સંદર્ભમાં લખ્યું છે, 'વધુ પડતી સચ્ચાઈ કે ભલાઈ ખતરનાક હોય છે, પરંતુ અમુક માણસો તે છોડી શકતા નથી. તેઓ જાણતા પણ હોય છે કે તેમનો આ સ્વભાવ તેમને નુકસાનકર્તા છે.'

ભારત આઝાદ થયા પછી ગાંધીજીની હત્યા થઈ ત્યારે ચર્ચિલે કહ્યું હતું, 'એક સંત કક્ષાના માણસની વધુ પડતી ભલમનસાઈનો અંત આનાથી જુદો કયો હોઈ શકે? મનોવિજ્ઞાનની ભાષામાં તેને 'કમ્પલસિવ ઇનોસન્સ' કહે છે. માણસ ગમે તેટલું ઈચ્છે તો પણ તેનો આ સ્વભાવ નિર્માણ થયેલી પરિસ્થિતિમાં તેને પોતાની ઈચ્છા ન હોવા છતાં આ રીતે વર્તન કરાવે છે.

ઘણા લોકોને સિગારેટ, દારૂ, પાનમસાલા ઈત્યાદિનું બંધાણ હોય તેમ **અમુક સારા માણસોની એક આદત જ પડી ગઈ હોય છે. ગમે તેવી પરિસ્થિતિમાં તે સારું જ વર્તન કરે.**

બનવાજોગ છે કે કેટલાકને એવો વિચાર પણ આવે કે સારું કરવાની આ આદતમાં ખોટું શું છે? એક રીતે આમ માનવું તેમાં ખોટું કશું જ નથી, પરંતુ આવી આદત પડવા પાછળ તેના મન ઉપર પડેલા સંસ્કારોમાંથી માણસના આ મનને **'કન્ડિશન માઇન્ડ'** કહે છે. અને મોટાભાગે આવા કન્ડિશન માઈન્ડથી જ માણસનું જીવન વ્યતીત થાય છે.

ટૂંકમાં, વ્યક્તિનું સારાપણું કે ખરાબપણું એ તેની પસંદગી નથી હોતી, તેની આદત હોય છે. આ આદતથી છૂટકારો મેળવવો હોય તો તે માટે કરવામાં આવતા પ્રત્યેક કામની સજાગતાથી માણસે આદત પાડી દેવી જોઈએ. તો સાચા અર્થમાં માનવી પોતાની જાતનો માલિક હશે, આદતનો નહીં.

*સંગ્રાહક : ડો. ગૌરાંગ ગાંધી*

*ગાંધી યુરો કેર - અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૬૫૮૦૪૩૮*

*સ્વપ્નમાં જોયું કે જીવન તો આનંદમય છે.*
*જાગીને જોયું તો જાણ્યું કે જીવન તો સેવા છે.*
*હું કાર્યરત થયો અને મળી ગયો તાળો.*
*સેવામાં જ તો છે આનંદ!*

*– રવીન્દ્રનાથ ટાગોર*

# YOUTH CLUB

## 6 Books to flip open a new chapter in your career

***Whether you are fresh out of college, a startup founder seeking advice or a C-suite member wanting to become a better leader, you can find inspiration in one of these business tomes.***

### POWER UP :
**How Smart Women Win in the New Economy**

*by Magdalena Yesil*

Throughout the book, Silicon Valley entrepreneur Magdalena Yesil urges women to take control of their careers and combat the gender wage gap. An entrepreneur-turned-investor; Yesil's book details her experience working in the Valley for more than 25 years. A must-read for anyone looking to get ahead in business.

### THE HARD THING ABOUT HARD THINGS :
**Building a Business When There Are No Easy Answers**

*by Ben Horowitz*

The Hard Thing About Hard Things gives a practical and honest experience about running a company, managing people and handling tough problems. Ben Horowitz, cofounder of Andreessen Horowitz and one of Silicon Valley's most respected and experienced entrepreneurs, minces no words and offers blunt advice on managing the toughest problems that business schools do not cover.

### THE INNOVATOR'S DILEMMA :
**When New Technologies Cause Great Firms to Fail**

*by Clayton M Christensen*

In the book, Clayton Christenses demonstrates how successful, outstanding companies can do everything right and still lose their market leadership. While decades of researchers have struggled to understand why even the best companies almost inevitably fail, The Innovator's Dilemma shows how most companies miss out on new waves of innovation. **This is necessary reading for any one interested in how these ideas have evolved over time.**

### DELIVERING HAPPINESS :
**A Path to Profits, Passion and Purpose**

*by Tony Hsieh*

Penned by the CEO of online shoe retailer Zappos tony Hsieh, Delivering Happiness provides a real-life blueprint for starting and growing a company. It's the story of Hsieh and his company Zappos, an example of how thinking long term and following your passions can lead to not just profits, but a happy life for you, your employees and customers.

### WHAT THEY DON'T TEACH YOU AT HARVARD BUSINESS SCHOOL :
**Notes from a Street-smart Executive**

*by Mark McCormack*

The book contains insights about business, what makes people tick and how to navigate the soft skills part of business. Mark McCormack is considered the father of modern sports and built a media empire around the monetisation of sports that ultimately benefited athletes, sponsors, rightsholders and leagues. What They Don't Teach You... tells you how to read people, create an impression, and take the leading edge and run meetings.

### ELEVAN RINGS :
**The Soul of Success**

*by Phil Jackson*

From his human-centric approach to his self-awareness, Phil Jackson paints a picture of what it actually takes to build and manage high-performing teams. It's a quick read that will get you **thinking about your personal leadership style** and what it takes to achieve lasting success.

વિચાર મંથન

# માણસ પાસેના વિકસિત મગજનો ઉપયોગ ક્યારે?



ડૉ. યાસીન દલાલ

પાટનગર દિલ્હીથી એક રાજ્યની રાજધાની સુધી બ્રોડગેજ રેલવે લાઇન દિવસોથી તૈયાર થઈ ગઈ હતી, પણ ઉદ્‌ઘાટનના વાંકે એનો પ્રારંભ થઈ શકતો નહોતો. અનેકવાર એના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ જાહેર થયો, પણ કોઈને કોઇ કારણસર મોકૂફ રહ્યો. રેલવેપ્રધાન ઉદ્‌ઘાટન માટે આવવાના હોય, પણ દિલ્હીમાં કોઈને કોઈ રાજકીય ઘટના બને અને મંત્રી મહોદય આવી શકે નહીં. અંતે, રેલવે પ્રધાનની સાથે વડાપ્રધાન પણ પધાર્યા અને આ ૯૫૦ કિ.મી. જેટલી લાંબી રેલવે લાઇનનું ઉદ્‌ઘાટન થયું. અલબત્ત, હજી આ લાઇન પર બધી ટ્રેઇનો શરૂ થઈ નથી. કેટલીક ગાડીઓ ધીમે ધીમે શરૂ થશે.

જેટલો સમય આ રેલવે લાઇન તૈયાર થઈને પડી રહી અને છતાં માત્ર ઉદ્‌ઘાટનની વિધિને લીધે ચાલુ ન થઈ, એ સમય દરમિયાન રેલવેને કરોડો રૂપિયાની ખોટ થઇ અને હજારો પ્રવાસીઓ દિવસો સુધી ખૂબ જ પરેશાન થયા. અમદાવાદથી દિલ્હી જવા માટે વડોદરાથી ગોધરા - દાહોદ લાઇન પર પણ ગાડીઓ દોડે છે, પણ એ ગાડીઓની સંખ્યા ખૂબ ઓછી છે. દિલ્હીનો મુખ્ય રૂટ તો જયપુર તરફનો જ છે. આથી દિવસો સુધી પ્રવાસીઓ તો પરેશાન જ થયા. પ્રશ્ન એ છે કે ઉદ્‌ઘાટનની વિધિ કર્યા વિના આ રેલવે લાઇનનો પ્રારંભ કરી દેવામાં આખર શું વાંધો હતો? આ કોઈ નવી રેલવે લાઇન તો હતી નહીં. માત્ર એના ગેજમાં જ પરિવર્તન આવ્યું હતું.

**પણ, વિધિવિધાન અને ક્રિયાકાંડોમાં અટવાઈ ગયેલું આપણું પરંપરાવાદી માનસ આપણને આવું વિચારવા દેતું જ નથી.** આ રેલવે લાઇનના પરિવર્તનમાં કરોડો રૂપિયા ખર્ચાયા હશે, પણ આ એક દિવસના ઉદ્‌ઘાટન સમારંભ પાછળ કેટલા ખર્ચાયા? ખુદ વડાપ્રધાન એના માટે આવે, એટલે એમનો વિશાળ સલામતી સ્ટાફ આવે, રેલવે બોર્ડના અધિકારીઓનો રસાલો આવે, સંસદસભ્યો આવે, એ બધાના પ્રવાસ, ભોજન, વાહન વ્યવહાર અને સલામતી પાછળ પણ બે-પાંચ કરોડ રૂપિયા ખર્ચાયા જ હશે. આપણી રેલવે પાસે તો નાણાં પણ નથી અને કંઈ કેટલી સગવડો એ નાણાંને અભાવે એ પ્રવાસીઓને પૂરી પાડી શકતી નથી. આ સ્થિતિ હોય ત્યારે ઉદ્‌ઘાટન જેવા તમાશા પાછળ કરોડો રૂપિયા શા માટે વેડફી દેવા જોઈએ?

આપણું કોઈપણ કામ શુભ મુહૂર્ત કે ચોઘડિયું નક્કી કર્યા વિના થતું નથી. મકાન બાંધવું હોય, મકાન પૂરું થયા પછી એમાં રહેવા જવાનું હોય, સંતાન અવતરે ત્યારે એનું નામ પાડવાનું હોય, લગ્ન નક્કી કરવાના હોય, નોકરીમાં જોડાવાનું હોય, કે પ્રવાસ કરવાનો હોય, આ બધામાં આપણે બુદ્ધિ કે તર્કને બિલકુલ કોરાણે મૂકીને બસ પરંપરા અને વિધિ વિધાનને જ શરણે જઈએ છીએ. પરિણામે, અમુક ચોક્કસ દિવસોમાં શહેરમાં એક સાથે સેંકડો લગ્નો યોજાય, લગ્ન માટે હોલ ન મળે, કંકોત્રી છપાવવા માટે પ્રેસ ન મળે, કેટરર પણ મનફાવતા ભાવ પડાવે, ફોટોગ્રાફર, ઇન્ટિરિઅર ડેકોરેટર, બધાની તંગી થાય અને બધા તકનો પૂરો લાભ લઈ લે. અને, એક જ દિવસે અનેક પરિચિતોને ત્યાં લગ્ન પ્રસંગ હોય એટલે એમાં હાજરી આપનાર માણસ પણ પરેશાન થઈ જાય. એક સ્થળે ઔપચારિક રીતે માત્ર હાજરી પુરાવીને એણે ફટાફટ બીજે સ્થળે દોડવું પડે, બધે ટ્રાફિક જામ થઈ જાય. રસ્તાઓ બંધ થઇ જાય. પેટ્રોલ અને ડીઝલનો બગાડ થાય. અનાજનો તો મોટા પાયે બગાડ થાય. આ બધું જ પરંપરાના નામે ચાલ્યા કરે.

મનુષ્ય જેમ જેમ બૌદ્ધિક બને એમ સદીઓ જૂની, અર્થહીન રૂઢિઓ અને પરંપરાઓમાંથી બહાર આવતો જાય. પણ, આપણે તો ઘડિયાળના કાંટા ઊંધા ફેરવવાના શોખીન છીએ. એક જમાનામાં લગ્નનો પ્રસંગ ખૂબ ખર્ચાળ હતો. એમાં ખૂબ ભપકા થતા અને એની ઉગ્ર ટીકા પણ થતી. આવા ખર્ચાળ લગ્નને સ્થાને ક્યાંક સાદાઈથી લગ્નો થતા અને એને બિરદાવવામાં પણ આવતા. પણ **આજે તો સાદાઇથી લગ્ન થવા એ લગભગ નહિંવત્ અપવાદ જેવું થઈ ગયું છે અને ઠાઠમાઠ અને આડંબર જ છવાઈ ગયા છે.** ઉપરથી, એક દિવસનો લગ્નપ્રસંગ હવે તો ત્રણ-ચાર દિવસ લંબાવાય છે. એક દિવસ ભોજન સમારંભ થાય, બીજે દિવસે દાંડિયા રાસ રમાય, ત્રીજે દિવસે લગ્નની વિધિ થાય, એમ તમાશો ચાલતો જ રહે. ભોજનમાં પણ કોઇને જમવું હોય તો એ થાળી લે, કોઈને નાસ્તો કરવો હોય તો એ પણ મળે, કોઈને મોટી હોટલની જેમ પંજાબી કે ચાઇનિઝ વાનગીઓ જોઈતી હોય તો એ પણ હાજર અને ઉપરથી ચા, પાન, આઈસ્ક્રીમ — એ લટકામાં... આવા લગ્નપ્રસંગોમાં દર વર્ષે રૂા. ૧૦થી

૧૫ હજાર કરોડની રકમ વેડફાય છે એમ એકવાર બાબુભાઈ જશભાઈ પટેલે આંકડો કાઢીને કહ્યું હતું. અને આ બધું જ પરંપરાના ચુસ્ત ઢાંચામાં રહીને જ થાય. **આજના લગ્નમાં યુવક-યુવતીના લોહીનું પરીક્ષણ કરવું જોઈએ, એને બદલે કુંડળીઓ સરખાવવામાં આવે અને બધી જ વિધિઓ રૂઢિ, માન્યતા, ગ્રહોના દાયરામાં જ જકડાયેલી રહે.**

અને આપણા સમારંભો પણ કેટલા બધા 'સ્ટીરિયો ટાઈપ' બીબાંઢાળ બની ગયાં છે! દરેક સમારંભ એકાદ કલાક મોડો શરૂ થાય. એ પછી પ્રાર્થના ગવાય. મંચ પર બે-પાંચ નહીં, પણ પંદર-વીસ મહાનુભાવો સવાર થઈ ગયા હોય. બધાને અલગ અલગ માણસો હાર પહેરાવે. હાર પહેરાવનારા પ્રેક્ષકોમાં વેરવિખેર બેઠા હોય એટલે એમને મંચ પર આવવા અને જવામાં ઘણો બધો સમય બગડે.

એ પછી ફલાણાભાઈ ફલાણાભાઈનો પરિચય આપશે, ફલાણાભાઈ આશીર્વચન ઉચ્ચારશે, ફલાણા મહાનુભાવ ઉદ્‌બોધન કરશે, એમ અર્થહીન ભાષણોનો સીલસીલો શરૂ થાય અને કલાકો સુધી ચાલ્યા કરે. છેવટે લાંબુ લાંબુ આભારદર્શન આવે. અને જો કોઈ વ્યક્તિના સન્માનનો પ્રારંભ હોય તો તો થઈ જ રહ્યું. બસો-પાંચસો વ્યક્તિઓ એને હાર પહેરાવે, અને એ વિધિમાં ખૂબ લાંબો સમય જાય. આને બદલે 'પ્રતીક' રૂપે બે-ચાર માણસો દ્વારા એ કામ કરાવી શકાય, જેથી સમય બચે અને ફૂલહારનો પણ દુર્વ્યય અટકે. પણ, આવું બધું આપણને સૂઝતું જ નથી. પ્રથમથી કોઈ આયોજન પણ કરવામાં ન આવે એટલે છેલ્લી ઘડીએ કોઈ ભાઈ પ્રેક્ષકોમાંથી હારતોરા લઈને મંચ પર ચડી જાય, તો કોઈ 'મારે પણ બોલવું છે' એમ કહીને ધસી આવે. આવા સમારંભના આમંત્રણ કાર્ડ જોવા જેવા હોય છે. હમણાં આવું એક કાર્ડ જોયું તો એમાં પૂરા ૧૯ જણાનાં નામ અતિથિવિશેષ, પ્રમુખ અતિથિ, ખાસ મહેમાન વગેરે અલગ અલગ શીર્ષક હેઠળ છાપ્યા હતા! **અતિથિ વિશેષ અને મુખ્ય મહેમાન કે ખાસ મહેમાનમાં શો ફરક? આટલું અધૂરું હોય એમ હવે ક્યાંક 'વિશેષ ઉપસ્થિત' એવો શબ્દપ્રયોગ કરીને પણ પાંચ-પંદર માણસોની યાદી છાપી મારવામાં આવે છે!** પરિણામે, આવા સમારંભો પણ હવે તમાશા કે નાટક જેવા બની ગયા છે. કોઈ વ્યક્તિ કોઈ નાનકડા હોદ્દા પર નીમાય એમાં તો દિવસો સુધી એના અભિવાદનના સમારંભો ચાલ્યા કરે છે! મહારાષ્ટ્રમાં સરકારે ગુજરાતી સાહિત્ય અકાદમીની રચના કરી, એના એક વર્ષ પછી એનું વિધિસર ઉદ્‌ઘાટન થયું અને ત્યાં સુધી એના નવા પ્રમુખે અભિવાદન સમારંભોમાં હાજરી આપ્યે રાખી. આવા સમારંભોના આયોજનમાં સંખ્યાબંધ માણસોનો સમય વેડફાય છે, પૈસો વેડફાય છે અને વાહન વ્યવસ્થા ઉપર બિનજરૂરી દબાણ આવે છે. એને બદલે એ બધો સમય નક્કર કામગીરીમાં વીતાવી શકાય. પણ, **આપણને તો કંઈ પણ કામ કરવાને બદલે પ્રચાર અને ભાષણબાજીના ઢોલ પીટવાની જ આદત પડી ગઈ છે.** કોઈ શાળા કે કૉલેજનું નવું વર્ષ શરૂ થાય એટલે તરત 'મંગળ પ્રારંભ'ના સમારંભો શરૂ થઈ જાય. કોઈ ધર્માદા સંસ્થા કંઈક નવી સગવડ શરૂ કરે કે કંઈક નવું મશીન વસાવે એટલે એને માટે મોટા બધા સમારંભો કરે. આવા બધા પ્રસંગોએ જે શબ્દરમતો આચરાય છે, જે ભાષણો થાય છે, જે વચનો અપાય છે અને જે જાહેરાતો થાય છે એમાં સચ્ચાઈ કેટલી એનો અભ્યાસ થાય તો બધો દંભ બહાર આવે.

અલબત્ત, કેટલીક સંસ્થાઓ અપવાદ કરીને પરંપરાથી જુદા પડીને કશુંક નવું કરી બતાવવાનો પ્રયત્ન કરે છે, એની પણ નોંધ લેવી જોઈએ. ગુજરાતના એક શહેરમાં ગોવર્ધનરામે સ્થાપેલી એક લાઈબ્રેરી છે, જેનું નામ **'ડાહી લક્ષ્મી પુસ્તકાલય'** છે. આ પુસ્તકાલયે બે-એક વર્ષથી નવો ચીલો પાડ્યો છે. દર વર્ષે એ ત્રણ-ચાર સાહિત્યકારો, ચિંતકોનાં વ્યાખ્યાન યોજે છે. એની ટિકિટ રાખે છે અને કોનાં વ્યાખ્યાન યોજવા એ વાચકોને પૂછીને નક્કી કરે છે! ખૂબીની વાત એ છે કે સાહિત્યકારોના વ્યાખ્યાનની ટિકિટો અગાઉથી વેચાઈ જાય છે અને આખો હોલ ભરાઈ જાય છે! એ પછી જે વ્યાખ્યાન યોજાય, એમાં મંચ પર માત્ર વક્તા સિવાય કોઈ નહીં, કોઈ લાંબી ભાષણબાજી નહીં, ક્રિયાકાંડો નહીં, બધો સમય વક્તા અને શ્રોતાઓને જ આપી દેવાનો. પ્રવચન પૂરું થાય એ પછી સંસ્થાના મંત્રી, વાચકોના પ્રશ્નોમાંથી પસંદગીના પ્રશ્નો પૂછતા જાય અને વક્તા જવાબ આપતા જાય! આ બધી પ્રક્રિયામાં રહેલી નવીનતા, તાજગી અને પરંપરા છોડીને નવું કરી બતાવવાના ઉત્સાહને લીધે આખો કાર્યક્રમ અત્યંત રસપ્રદ બની રહે છે. વર્ષો પહેલાં રાજકોટમાં સુરેશ જોષીનો 'ઓપન યુનિવર્સિટી' કાર્યક્રમ યોજાયો હતો. એમાં પણ કંઈક આવું કરી બતાવવાની ધગશ જોવા મળી હતી, પણ આ તો બહુ જૂજ અપવાદો છે. એ સિવાય તો આપણે ક્યાંય રૂઢિને તોડી જ શકતા નથી. કહેવાનો અર્થ એ નથી કે ક્રાંતિ ખાતર ક્રાંતિ કરી નાખવી અને બધા જ રીતરિવાજો અને પરંપરાઓને ફેંકી દેવા. પણ, આપણે સારાસારનો વિવેક તો જરૂર કરી શકીએ. જીવન તદ્દન નીતિનિયમો વિનાનું હોઈ શકે નહીં અને કેટલાક 'પ્રોટોકોલ' જીવન વ્યવસ્થા ટકાવવા માટે અનિવાર્ય છે. પણ, **જે પરંપરાઓ સમયની કસોટીમાં તદ્દન નિષ્ફળ નિવડી છે, જે રૂઢિઓનો આજના યુગમાં કોઈ અર્થ નથી,** જે રિવાજો માત્ર નિરર્થક ખર્ચા કરાવે છે અને સમય બગાડે છે, જે પરંપરાઓ માત્ર બંધન લાદે છે એને તો ફેંકી જ દેવા ઘટે.

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

જીવન રસ

# લગ્ન પૂર્વે વરકન્યાનો મેડિકલ ચેક-અપ કેટલો જરૂરી?



દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ

પ્રત્યેક સમાજમાં મુરતિયાની સારી નોકરી એ સારી છોકરી મળવાની ગેરંટી હોય છે. દેસાઇ જ્ઞાતિમાં કન્યાનો ઊંચો પગાર એ વાંકડાનો વિકલ્પ બની રહે છે. અમારી જ્ઞાતિમાં પણ છોકરાનો પગાર સારો હોય તો તેનો શ્યામ રંગ (કે વધુ પડતી ઉંમર) તરફ કન્યાના વાલીઓ આંખ-મીંચામણા કરે છે. (જૂઠું નહીં કહીએ... અમારા લગ્નટાણે અમારા સસરાએ પણ એવા આંખ-મીંચામણાં કર્યા હતાં) અમારા મિત્ર બચુભાઈનો પગાર ખૂબ સારો હતો. એથી સાવિત્રીબહેનના પિતાએ ઘણું નજરઅંદાજ કર્યું હતું. બચુભાઈનો ચહેરો બેડોળ હોવાને કારણે લાંબા સમય સુધી એમનો ક્યાંય મેળ પડ્યો નહોતો. પછી સાવિત્રીબહેન જોડે લગ્ન થયાં પણ સાવિત્રીબહેન મર્યાં ત્યાં સુધી બચુભાઈને મહેણું મારતાં રહ્યાં હતાં : **'તમારો પગાર જોઈને પરણી, નહિતર સડેલા અથાણા માટે સોનાની બરણી...?'** બચુભાઈનો ચહેરો પંથકમાં પંકાઈ ગયો હતો. બચુભાઈની સાળી પણ વ્યંગમાં કહેતી : 'પગારે માલામાલ પણ ચોકઠું રામભક્ત હનુમાન...!'

સારી કહો કે ખરાબ પણ સમાજમાં લગ્ન અંગે આવી આચારસંહિતા પ્રવર્તે છે. દેખાવ, બુદ્ધિ, હાઇટ... એ બધું માણસના હાથમાં હોતું નથી છતાં એ બધાં પાસાંઓ પર વિશેષ ભાર મૂકાય છે. અમારા એક મિત્રનું શરીર અત્યંત સ્થૂળ હોવાને કારણે કોઈ કન્યા તેને પસંદ નહોતી કરતી. **'લવ એટ ફર્સ્ટ સાઇટ'ની જેમ એ મિત્ર 'રિજેક્ટેડ એટ ફર્સ્ટ સાઇટ' હતા.** પણ પછી એમને એક સારી બેંકમાં ખૂબ ઊંચા પગારે નોકરી મળી ગઈ અને ચિત્ર બદલાઈ ગયું. એમને એક કન્યાનાય વાંધા હતા ત્યાં કન્યાના મેળા થયા. પંદર દિવસમાં જ લગ્ન થઈ ગયાં. એમની પત્ની ખાસ્સી રૂપાળી અને સ્લીમ છે. પણ એ માણસે દેહસમૃદ્ધિમાં દિન દુગુની અને રાત ચોગુની તરક્કી કરી છે. આજે તે ગોદરેજની તિજોરી જેવો બની ગયો છે. પત્ની સહેલીઓને નિસાસાપૂર્વક કહે છે : 'પુરુષોની સારી નોકરી એ સ્ત્રીઓ માટે લપસી પડવાનું મુખ્ય પ્રલોભન બની રહે છે. પણ મુરતિયા પાસે દુનિયાભરની દોલત હોય તોય તે સૌંદર્યનો વિકલ્પ બની શકતી નથી.'

આ બધી વાતોનું સ્મરણ એટલા માટે થયું કે હમણાં એક લગ્નવિષયક પ્રપંચની ઘટના જાણવા મળી. મહુવા ગામની એક સુંદર કન્યાના લગ્ન મુંબઈ સ્થિત એક પૈસાદાર યુવક જોડે થયા હતા. યુવક દેખાવે અત્યંત સુંદર હતો. જન્માક્ષરો મળ્યા એટલે ધામધૂમથી લગ્ન કર્યા. પરંતુ લગ્ન બાદ સ્વપ્નેય કલ્પી નહીં હોય એવી વાત બહાર આવી. સાસરેથી પાછી ફરેલી દીકરીના ચહેરા પરથી નૂર ઉડી ગયું હતું. સમસ્યા એવી નાજુક હતી કે તે મા-બાપનેય કહી શકે એમ નહોતી. અંતે તેણે સહેલી સમક્ષ પોતાની અંતરવેદના ઠાલવતા કહ્યું : 'મારો પતિ નામર્દ છે. તે મારાથી દૂર ભાગે છે.... આજેય હું કુંવારી છું...! મા-બાપને દુઃખ ન થાય એથી બધું ચૂપચાપ સહન કરું છું, પણ વિચાર આવે છે મારું જીવન કેમ જશે...? મારે તો પરણ્યા છતાં જીવનભર સાધ્વી બની જીવવું પડશે.' તે સાસરે ગઈ પછી સહેલીએ તેની માતાને કાને આ વાત નાખી. ઘરમાં સૌ ચોંકી ઊઠ્યા. કન્યાના પિતાએ મુરતિયાને અને તેનાં માતા-પિતાને બોલાવી સીધી છૂટાછેડાની જ વાત કરી. મુરતિયાના વાલીને આઘાત લાગ્યો. પરંતુ વાત પહોળી થાય તો સમાજમાં બદનામી થાય એવું હતું. તેથી વાતને વધુ ચૂંથ્યા વિના તેમણે ચૂપચાપ ધર્માધર્મીથી ફારગતી કરી લીધી.

પ્રસ્તુત ઘટના આપણી લગ્નવિષયક નિષ્કાળજી પ્રતિ અંગૂલીનિર્દેશ કરે છે. **યાદ રહે, કેવળ જન્માક્ષરો મળી જવાથી દંપતી સુખી થઈ જતું નથી. મન મળવાં જોઈએ અને ભેગાં તન પણ મળવાં જોઈએ. એથી હવે લગ્ન પૂર્વે વરકન્યા બંનેનો મેડિકલ ચેકઅપ કરાવવાનું જરૂરી બન્યું છે.**

થોડા સમય પૂર્વે અમારા પરિચિતને ત્યાં એક ઘટના બની હતી. એમની પત્નીને વર્ષો સુધી સંતાનો ન થયાં એથી પતિએ તેનો મેડિકલ ચેકઅપ કરાવ્યો. તેમાં ખબર પડી કે ગર્ભાશયની ખામીને કારણે તે આજીવન મા બની શકે એમ નહોતી. પછીની વાત લાંબી અને દુઃખદ છે. **તાત્પર્ય એટલું જ કે એ પરિચિતે લગ્નવેળા જન્માક્ષરોને બદલે કન્યાનો મેડિકલ ચેકઅપ કરાવ્યો હોત તો તેમને લગ્ન પૂર્વે જ આ ખામીની જાણ થઈ ગઈ હોત અને તો છૂટાછેડા સુધીના દુઃખદ ચકરાવામાંથી તેઓ ઊગરી ગયા હોત.** પરંતુ

આટલી પ્રગતિ અને વિકાસ પછી પણ સમાજમાં ખાસ બદલાવ આવ્યો નથી. લગ્નવેળા હાઈ સોસાયટીના શિક્ષિત લોકો પણ સામા પક્ષ પાસેથી મેડિકલ રિપોર્ટ માગતાં અચકાય છે.

જીવનની કેટલીક વેદના સહદેવ જોષી જેવી હોય છે. પાંડવોના લાક્ષાગૃહમાં આગ લાગી ત્યારે કુંતિપુત્ર સહદેવને ખબર હતી કે એમાંથી બચવાનું ભોંયરું ક્યાં છે. પરંતુ તેને કોઈ પૂછે નહીં ત્યાં સુધી તેનાથી બચાવી ન શકાય એવો તેને શાપ હતો. આપણે જોઈ શકીએ છીએ કે જન્માક્ષરો કરતાં મેડિકલ રિપોર્ટ લગ્નજીવનની સફળતા માટે અક્સીર ઈલાજ છે પરંતુ આપણે સૌ સહદેવ જોષીની જેમ લાચાર છીએ. પહેલ કોણ કરે? મેડિકલ રિપોર્ટ માગવાનું તો ઠીક પણ એમ કહેવાનોય સંકોચ થાય કે તમે તમારી દીકરીને અમારા ડૉક્ટર પાસે મોકલો. આપણે વરકન્યા બંનેનો મેડિકલ કરાવી લઈએ. પ્રત્યેક યુગલની આ જૂની સમસ્યા છે. કોઈ સારી પ્રણાલી પ્રારંભે લોકોને ઝટ અનુકૂળ નથી આવતી. પરંતુ જો તે સમગ્ર માનવ સમાજના હિતમાં હોય તો બેધડક અપનાવવી જોઈએ.

આપણે કન્યાનાં લગ્નવેળા જેટલી ઝીણવટથી ઘરેણાંની ડિઝાઈન પસંદ કરીએ છીએ તેટલી ઝીણવટથી મુરતિયાની ચકાસણી કરતા નથી. જેટલી દોડધામ લગ્ન માટે કરીએ છીએ તેટલી કાળજી તેના ભાવિ સુખ માટે લેતા નથી. **સમાજમાં આજે પણ ૯૯ ટકા લગ્નો ભગવાન ભરોસે થાય છે. બધું ઉપર-ઉપરથી જોવાય છે અને ખરેખર જે જોવાવું જોઈએ તે ચૂકી જવાય છે. મુરતિયાનો પગાર જોવાય છે, ચારિત્ર્ય જોવાતું નથી. તેનો દેખાવ જોવાય છે, સ્વભાવ જોવાતો નથી. તેનું ખાનદાન જોવાય છે, કુટેવો જોવાતી નથી.** મુરતિઓ એક દિવસના ત્રણ હજાર કમાતો હોય તો તે રોજની ત્રીસ સિગારેટ ફૂંકતો હોય તો પણ આપણને તે પરવડે છે. મુરતિયો સલમાનખાન જેવો દેખાતો હોય પણ તેની ખોપરીમાં અક્કલ નામના પદાર્થની ભારે ઓછપ વર્તાતી હોય તોય કન્યાને તે પરવડે છે. મુરતિયો રોજ સવારે ઊઠીને માળા કરતો હોય, ગીતા વાંચતો હોય તો કન્યાના વાલીઓ ખુશ થઈ જાય છે. પણ તે આખો દિવસ મોંમાં તમાકુ ઓરી રાખતો હોય અથવા દિવસમાં ચાળીસેક ગુટકા આરોગી જતો હોય તો તે તરફ આંખમિંચામણાં થાય છે. **સંતાનો માટેના પાત્રોની પસંદગી ધરમૂળથી પરિવર્તન માંગે છે. એમાં કેવળ સમૃદ્ધિલક્ષી માપદંડને બદલે બુદ્ધિલક્ષી મૂલ્યાંકન થવું જોઈએ.**

અમે એક કન્યાને ઓળખીએ છીએ. તે કહે છે : 'પુરુષના હાથમાં સિગારેટ હોય તો તેની પર્સનાલિટી ખીલી ઊઠે છે. મારો મિસ્ટર સિગારેટ ન પીતો હશે તો હું તેને પીતો કરીશ!' જ્યાં સુધી લોહીના બાટલાની જેમ અક્કલના બાટલા ચઢાવી શકાય એવી શોધ ન થાય ત્યાં સુધી આવી કન્યાને વરમાળા પહેરાવવાની ભૂલ કરવી નહીં.

સમજો તો સીધી વાત છે. લગ્ન પૂર્વેનો મેડિકલ એક્સ-રે જેવું કામ આપે છે. **આંખો વડે ચહેરો જોઈ શકાય છે, પરંતુ મેડિકલ ચેક-અપથી આંતરિક ઊણપો જોઈ શકાય છે.** દુકાનદારે વીજળીનો બલ્બ આકર્ષક પૅકિંગમાં ફીટ કરેલો હોય છે. પરંતુ ગ્રાહક તે ખરીદે ત્યારે તેના ટેસ્ટિંગનો આગ્રહ રાખે છે. દુકાનદાર તેને હોલ્ડરમા નાખી, ચાલુ કરીને બતાવે પછી જ ગ્રાહક તે ખરીદે છે. બલ્બનું સુંદર પૅકિંગ તેને ખરીદવા માટેની પર્યાપ્ત ચકાસણી ન ગણાય, તેમ મુરતિયાનો સુંદર ફોટોગ્રાફ પણ તેને પસંદ કરવા માટેનું પર્યાપ્ત પરીક્ષણ નથી. તેનું મેડિકલ પરીક્ષણ જરૂરી છે. એ પરીક્ષણ સિદ્ધ થયેલો ઉપાય છે. તેનાથી વરકન્યાની લગ્ન અંગેની દૈહિક પાત્રતાનું પરીક્ષણ થઈ શકે છે. હમણાં એક શિક્ષિક પિતાએ કન્યાના વાલીને કહ્યું : 'અમે અમારા દીકરાનો મેડિકલ કરાવ્યો છે. તમારી દીકરીનો મેડિકલ રિપોર્ટ ન હોય તો આપણે કરાવી લઈએ. કન્યાના વાલી આ સાંભળી ચોંકી ઊઠ્યા અને એવા ગુસ્સે થઈ ગયા કે વાત જ ખતમ થઈ ગઈ. તેમણે દલીલ કરી 'મારી ફૂલ જેવી દીકરી અમારી આંખ આગળ હસતી-ખેલતી મોટી થઈ છે. એનામાં શી ખામી હોઈ શકે...?' સમાજના ૯૦ ટકા લોકો આવી ગેરસમજમાં રાચતા હોય છે. એક સત્ય સમજી લેવા જેવું છે. દીકરી ભલે હસતી-રમતી મોટી થઈ હોય પણ કેટલીક શારીરિક ખામીઓ હાડકાના ફ્રેક્ચર જેવી આંતરિક હોય છે. તે બહાર દેખાતી નથી અને તે ખામી હસવા-રમવામાં પણ આડે આવતી નથી. વંધ્યા સ્ત્રી પણ હસી શકે છે. **લગ્ન જીવનની સફળતાનું સાચું સમીકરણ એ છે કે બે પાત્રો પરણે પછી બંને એક જ દિશામાં જુએ, બંને હાથમાં હાથ નાંખીને એક દિશામાં ગતિ કરે તથા બંનેમાં આંસુ અને સ્મિત સહિયારાં બની રહે તેને લગ્ન જીવનની સફળતા કહેવાય.** લગ્નજીવનની સફળતા માટે જન્માક્ષરોનો નહીં મનનો મેળ જરૂરી છે (અને મનમેળ ભેગો તનમેળ પણ જરૂરી ખરો.)

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી-૩૯૬ ૪૨૭ (ગુજરાત). મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

## દરવાજાઓ વગરનું ગામ

મહારાષ્ટ્રનું શનિ સીંગણાપુર એવું ગામ છે જ્યાં કોઈ પણ ઘરમાં દરવાજો નથી. ગામના લોકોને શનિ દેવ પર એટલો ભરોસો છે કે તેમણે ગામની સુરક્ષા શનિદેવને સોંપી દીધી છે.

વિચાર મંથન

# માળખાકીય શોષણ



મુરજી ગડા

છેલ્લા ત્રણેક દાયકાથી ભારતમાં વૈશ્વિકીકરણ ખૂબ ઝડપથી ફેલાઈ રહ્યું છે. પરિણામે, આ નવો શબ્દ પ્રયોગ પણ પ્રચલિત થયો છે. જો કે વૈશ્વિકીકરણનો છેલ્લો અગત્યનો તબક્કો તો ચારસો વરસ પહેલાં શરૂ થયો હતો. ત્યારે એ સંસ્થાનવાદના નામે ઓળખાતું હતું અને ખૂબ શોષણકારી હતું.

વર્તમાનના વૈશ્વિકીકરણના ફાયદા-ગેરફાયદાઓની ઘણી ચર્ચા થાય છે. વૈશ્વિકીકરણથી એક અણધાર્યો - આડકતરો છતાં ઘણો મહત્ત્વનો ફાયદો થઈ રહ્યો છે, જેનો ઉલ્લેખ ભાગ્યે જ ક્યાંક જોવા મળે છે. આ ફાયદો છે દરેક ક્ષેત્રમાં થઈ રહેલ માળખાકીય શોષણનો ઘટાડો.

**કોઈ પણ સમાજમાં એક વર્ગની જરૂરિયાતો અને હક્કો છીનવી બીજા વર્ગને ખૂબ સત્તા અને સગવડો આપનારી વ્યવસ્થા અન્યાયી છે.** આવી વ્યવસ્થાથી દબાયેલ વર્ગનું દરેક પ્રકારનું શોષણ આસાન બને છે. શોષણખોર અને શોષિત; બંને વર્ગ જ્યારે આ વ્યવસ્થાને પરંપરાને નામે આસાનીથી સ્વીકારી લે છે ત્યારે એને માળખાકીય (સ્ટ્રક્ચરલ) વ્યવસ્થા થઈ કહેવાય. કારણ કે તે આપણા લોહીમાં વણાઈ જાય છે, આપણા સંસ્કારોમાં ઉતરી આવે છે. સરમુખત્યારી, વર્ણવ્યવસ્થા, પુરુષપ્રધાન સમાજવ્યવસ્થા, જાતજાતના ઊંચનીચના ભેદભાવ વગેરે આવી વ્યવસ્થાનાં ઉદાહરણો છે. આ વ્યવસ્થા હેઠળ શોષિતોના વિચારો અને સ્વતંત્રતાને દબાવી દેવામાં આવે છે. આવી વ્યવસ્થાને ટકાવી રાખવા માટે દમન પણ કરાય છે.

દુનિયાની બધી સંસ્કૃતિઓ, બધા ધર્મો, બધા રાજ્યો, બધી સમાજ વ્યવસ્થાઓમાં આદિકાળથી ખૂબ જ કુશળતાપૂર્વક એક યા બીજા સ્વરૂપે માળખાકીય અન્યાય ઊભો કરવામાં આવ્યો હતો. **પૂરી દુનિયામાં પહેલેથી જ એક નાનો વર્ગ બહોળા વર્ગનું સીફતથી શોષણ કરતો આવ્યો છે.** એમના શોષણની રીત અને વ્યાપ એમના ક્ષેત્ર અને દરજ્જા પ્રમાણે બદલાય છે. છતાં એ બધામાં એક સમાનતા છે. ગોઠવાયેલા માળખામાં નજરે ન દેખાતું હોવા છતાં શોષણ થતું આવે છે. આના દાખલા છે : સ્ત્રીઓ, બાળકો, અશિક્ષિત, અલ્પસંખ્યક વગેરેનું શોષણ. આના માટે વધુ પ્રચલિત અંગ્રેજી શબ્દ છે **— સ્ટ્રક્ચરલ એક્સપ્લોઈટેશન.**

**અન્યાય અને શોષણ ગંભીર પ્રકારની હિંસા છે. માનવ સમાજની સુખાકારી માટે એનો અંત લાવવો જરૂરી છે.** તે માનવ સંસ્કૃતિને વધુ ઊંચાઈએ લઈ જશે. એની હજી તો શરૂઆત થઈ છે. હજી ઘણો લાંબો પંથ કાપવાનો બાકી છે.

માળખાકીય શોષણના ત્રણ મુખ્ય ક્ષેત્ર છે. પહેલું ક્ષેત્ર છે **શાસન વ્યવસ્થાનું**; બીજું ક્ષેત્ર છે **સમાજ વ્યવસ્થાનું** જે ધાર્મિક, સામાજિક અને કૌટુંબિક એકમને આવરી લે છે; અને ત્રીજું ક્ષેત્ર છે **આર્થિક વ્યવસ્થાનું.** આ ત્રણેય ક્ષેત્રો એકબીજા સાથે સંકળાયેલાં હોવા છતાં એમની સ્વતંત્ર રીતે રજુઆત કરવામાં આવી છે. દરેક ક્ષેત્રના શોષણનું સ્વરૂપ, એનો વિસ્તાર, વર્તમાન પરિસ્થિતિ અને ભાવિ શક્યતાઓની ચર્ચા હવે પછીના પ્રકરણોમાં કરી છે.

*૧, શ્યામ વાટિકા સોસાયટી, વાસણા રોડ,*
*વડોદરા-૩૯૦ ૦૦૭. મો. ૯૭૨૬૭ ૯૯૦૦૯*

## બીજા વખાણ કરે એવું ઝંખશો નહીં

દુન્યવી કીર્તિ કે જાહેર સન્માનની કદી ઝંખના રાખો નહીં. આવી ઝંખના માનસિક અશાંતિ અને શારીરિક અસ્વસ્થતા જ સર્જે છે. બીજા તમારા ગુણગાન ગાય એવી ઝંખના શા માટે રાખો છો? 'બીજા'માં ઘણાખરા તો અજ્ઞાની લોકો હોય છે. દુનિયામાં ખૂબ સફળ નીવડેલા લોકોમાં પણ, ઘણીવાર બહુ ઓછું સાચું શાણપણ હોય છે. પછી શા માટે આવા લોકોની માન્યતાની તમે આટલી બધી કિંમત આંકો છો? તેને બદલે ભગવાનના આશીર્વાદની ઝંખના રાખો અને શાણા અને સાધુચરિત આત્માઓના આશીર્વાદ મેળવવા તલસોને? ખરેખર તો આવા સાધુ પુરુષો - સંતજનોનાં જ આશીર્વાદ મેળવવા યોગ્ય છે; ખરેખર આવા પુરુષોની જ કૃપાપ્રસાદી મેળવવા ઝઝુમવું જોઈએ. લોકમતની સહેજ પણ ઝંખના ના રાખો. લોકમત ઘણીવાર ખોટો પણ હોય છે. માટે લોકમતને અગત્ય આપવાની જરૂર નથી. નૈતિક મૂલ્યોને અગત્ય આપો. સદ્વર્તનના નિયમોને ધ્યાનમાં રાખો. ધર્મશાસ્ત્રોના ઉપદેશોને લક્ષમાં લો; સાધુ-સંતો અને પવિત્ર મહાપુરુષોના મતને મહત્ત્વ આપો. એમનો મત હંમેશાં સાચો હોય છે.

*સંકલન : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

કચ્છ

# વાઇબ્રન્ટ ગુજરાતના તમામ જિલ્લાઓમાં કચ્છ મોખરે



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

વાઇબ્રન્ટ ગુજરાત સમિટનો પ્રારંભ ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને પ્રવર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઈ.સ. ૨૦૦૩માં થવા પામ્યો. જેના પરિણામે સમગ્ર વિશ્વમાં ગુજરાતની આગવી ઓળખ ઊભી થવા પામી છે. આ સમિટ વિવિધ સ્તરે જ્ઞાનનો મંચ બનવા પામી છે તેમજ ગ્લોબલ ઈકોનોમિક ફૉરમ જેનો મંચ બની ગયેલ છે. વાઈબ્રન્ટ સમિટ દર બે વર્ષે યોજાય છે. હાલે નવમી સમિટ તા. ૧૮થી ૨૦ જાન્યુઆરી, ૨૦૧૯ દરમિયાન પાટનગર ગાંધીનગર મધ્યે યોજાઈ. અત્યાર સુધી અર્થાત્ ઈ.સ. ૨૦૧૭ સુધી યોજાયેલ સમિટનું ચિત્ર નીચે મુજબ છે.

**વાઇબ્રન્ટ સમિટ**

| વર્ષ | એમ.ઓ.યુ. | મૂડી રોકાણ (કરોડ રૂપિયામાં) |
|---|---|---|
| ઈ.સ. ૨૦૦૩ | ૮૦ | ૬૬,૦૬૮ |
| ઈ.સ. ૨૦૦૫ | ૨૨૭ | ૧,૦૬,૧૬૦ |
| ઈ.સ. ૨૦૦૭ | ૪૫૪ | ૪,૬૫,૩૧૦ |
| ઈ.સ. ૨૦૦૯ | ૩૫૭૪ | ૧૨,૩૪,૮૦૮ |
| ઈ.સ. ૨૦૧૧ | ૮૩૮૦ | ૨૦,૮૩,૧૮૩ |
| ઈ.સ. ૨૦૧૩ | ૧૭,૭૯૦ | ૨૧,૦૦,૦૦૦ |
| ઈ.સ. ૨૦૧૫ | ૨૧,૩૦૪ | ૨૫,૦૦,૦૦૦ |
| ઈ.સ. ૨૦૧૭ | ૨૫,૫૭૮ | કોઈ જાહેરાત નહીં |

પ્રત્યેક સમિટમાં એમ.ઓ.યુ.ની સંખ્યા વધવા પામી છે તથા મૂડી રોકાણનું પ્રમાણ વધતું જ રહ્યું છે. જેથી નવી રોજગારીનું નિર્માણ થયું છે. એક આશાસ્પદ ચિત્ર આર્થિક વિકાસ ક્ષેત્રે ખડું થયું છે.

## એમ.ઓ.યુ.ની ફળીભૂતિ

| | | |
|---|---|---|
| ૧. | આઠ સમિટના કુલ એમ.ઓ.યુ. | ૭૬,૫૧૨ |
| ૨. | એમ.ઓ.યુ. ગુજરાતમાં શરૂ થયા | ૪૨,૪૫૬ |
| ૩. | એમ.ઓ.યુ. અમલીકરણ પ્રક્રિયા તળે | ૬,૮૫૩ |
| ૪. | એમ.ઓ.યુ. પડતા મૂકાયા | ૨૭,૨૦૩ |
| ૫. | સફળ એ.ઓ.યુ. | ૬૧ ટકા |
| ૬. | એમ.ઓ.યુ. નિષ્ફળ ગયા | ૩૯ ટકા |

● **વિશ્વમાં પ્રદાન થઇ શકે તેવી ગુજરાતની ચીજવસ્તુઓ :**

ગુજરાત રાજ્યના અનેક જિલ્લાઓ આજે અનેક પ્રકારની ચીજવસ્તુઓના કુદરતી ઉત્પાદન, બનાવટો કે સ્પેશિયાલિટી માટે જાણીતા બન્યા છે. એ સંદર્ભમાં વિશ્વ વ્યાપાર માટે ઉપયોગી છે. પાટણમાં પટોળા અને સાડીઓ, સુરતમાં હીરા ઉદ્યોગ, કાપડ ઉદ્યોગ, કચ્છમાં મીઠા ઉદ્યોગ, ભરતકામ, હસ્તકલા, સોલાર એનર્જી, રાજકોટના સબમર્સિબલ પંપ, ખેતીના સાધનો, કિચન વેર, ભાવનગર ગેસ આધારીત ઉદ્યોગો, મીઠા આધારીત કેમિકલ્સ, નાળિયેરી પ્રોડક્ટ્સ, મોરબીના સિરામિક, પેપર મિલ, સનમાઈકા, ક્લોક ઈન્ડસ્ટ્રીઝ, જૂનાગઢના સીંગદાણા તથા ફળો, જામનગરના બ્રાસપાર્ટ તથા બાંધણી, પોરબંદરની નાળિયેરી પ્રોડક્ટ્સ, અમદાવાદની ફાર્મા પ્રોડક્ટ્સ, ઓટોમોબાઈલ્સ તથા ટેક્ષટાઈલ્સ, બનાસકાંઠામાં ઉપલબ્ધ ગ્રેનાઇટ એન માર્બલ, આણંદમાંની દૂધની બનાવટો, ડેરી આઈટમો, સોમનાથ ગીર આદિ ક્ષેત્રમાં કોકોનટની બનાવટો આદિ.

● **વાઇબ્રન્ટ સમિટમાં રોજગારી**

| | | |
|---|---|---|
| ૧. | આઠ સમિટમાં યુવાનોને રોજગારી | ૨,૬૬,૪૩૩ |
| ૨. | અમલીકરણની પ્રક્રિયા હેઠળના પ્રોજેક્ટમાં રોજગારી | ૫.૭૨ લાખ |

● **વાઇબ્રન્ટ ગુજરાતની થીમ**

ઈ.સ. ૨૦૦૩ : રીએસ્ટાબ્લિશિંગ ગુજરાત એઝ એન ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન
ઈ.સ. ૨૦૦૫ : રીએસ્ટાબ્લિશિંગ ગુજરાત એઝ એન ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન
ઈ.સ. ૨૦૦૭ : મેકિંગ ગુજરાત એઝ પ્રિફર્ડ ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન
ઈ.સ. ૨૦૦૯ : મેકિંગ ગુજરાત એઝ મોસ્ટ પ્રેફર્ડ
ઈ.સ. ૨૦૧૧ : શોકેસિંગ ગુજરાત ધ ગ્રોથ એન્જિન ઑફ ઈન્ડિયા
ઈ.સ. ૨૦૧૩ : ગુજરાત ગ્લોબલ બિઝનેસ હબ
ઈ.સ. ૨૦૧૫ : એ સ્પ્રિંગ બર્ડ ફોર ઓર ગ્લોબલ એપ્લિકેશન્સ
ઈ.સ. ૨૦૧૭ : ગ્લોબલ નેટવર્કિંગ પ્લેટફોર્મ ફોર ઓલ સ્ટેટ્સ ઑફ ઈન્ડિયા
ઈ.સ. ૨૦૧૮ : શેપિંગ એ ન્યુ ઈન્ડિયા

**● ગુજરાતના જિલ્લાઓમાં ઔદ્યોગિક ક્ષેત્રે મોખરે કચ્છ :**

એક સમયે પછાત લેખાતો કચ્છ જિલ્લો જે સરહદી જિલ્લો છે તે આજે વાઈબ્રન્ટ બની ગયો છે. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ભીષણ ભૂકંપ બાદ ઔદ્યોગિકીકરણ ક્ષેત્રે છેલ્લા નવ વર્ષથી નવા પ્રાણનો સંચાર થયો છે. સંક્ષિપ્તમાં નિહાળીએ તો –

૧. કચ્છના મહાબંદર કંડલા તથા મુંદ્રાને કારણે આયાત - નિકાસ ક્ષેત્રે ગુજરાતમાં નંબર વન બનેલ છે.

૨. કચ્છમાં વિપુલ માત્રામાં ધરતીમાં ખનિજ સંપત્તિ ધરબાયેલી છે. જેમાં બોક્સાઈટ, લીગ્નાઈટ, જિપ્સમ, બેન્ટોનાઈટ આદિ સમાવિષ્ટ છે. આ ખનીજ સંપત્તિ પર આધારીત અનેક ઉદ્યોગો કચ્છમાં શરૂ થવા પામ્યા છે.

૩. ધોરડોના સફેદ રણમાં રણોત્સવો શરૂ થવાથી પ્રવાસન ક્ષેત્ર ખૂબ વિકસવા પામ્યું છે. લાખો પ્રવાસીઓ કચ્છમાં કચ્છ નિહાળવા માટે પ્રતિવર્ષ આવે છે. જેમાં પ્રતિવર્ષ વધારો થતો જ રહે છે. કાળા ડુંગર, માતાના મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર, ભદ્રેશ્વર જેવા તીર્થસ્થાનોના દર્શનનો મહિમા વધતો જણાય છે.

૪. બે મોટા બંદરો તેમજ સંખ્યાબંધ ફેક્ટરીઓને કારણે કચ્છમાં ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ વિકસ્યો છે.

૫. દેશમાં ગુજરાતનો જી.ડી.પી. સર્વાધિક છે જયારે ગુજરાતમાં કચ્છ આગળ છે.

૬. ખેતીવાડી, પશુપાલન તથા મત્સ્યોદ્યોગ હરણફાળ ભરી રહ્યા છે. કચ્છની ખારેક, કેસર કેરીની માંગ વિદેશોમાં વધી રહી છે. હવે તો દ્રાક્ષ, નારંગી, ચીકુ તથા દાડમ તથા પપૈયાની ઉપજો વધવા પામી છે. બન્ની વિસ્તાર પશુપાલનથી ધમધમે છે. કચ્છમાં લાંબો દરિયા કિનારો હોઈ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે જખૌ બંદર વિકસવા પામ્યું છે.

૭. કચ્છના મોટા રણમાં કુદરતી રીતે પાકતા મીઠાને કારણે આ વિસ્તારમાં બ્રોમાઈન જેવા કેમિકલની ફેક્ટરીઓની સંખ્યા વધતી જ જાય છે. દેશની મીઠાની ૭૦ ટકા જરૂરિયાત કચ્છ પૂરી પાડે છે.

૮. ભુજના લેર ગામ નજીક આશાપુરા ગ્રુપ ઑફ કંપનીઝે આશાપુરા પરફોક્લોરે ઉદ્યોગ ક્ષેત્રે નામના હસ્તગત કરી છે.

**● કેટલા એમ.ઓ.યુ. કાર્યરત થવા પામ્યા તેની વિગતો**

| ક્રમ | વર્ષ | એમ.ઓ.યુ. | કમિશન્ડ |
|---|---|---|---|
| ૧. | ૨૦૦૩ | ૮૦ | ૪૨ |
| ૨. | ૨૦૦૫ | ૨૨૭ | ૧૨૪ |
| ૩. | ૨૦૦૭ | ૪૫૪ | ૨૪૪ |
| ૪. | ૨૦૦૯ | ૩૫૭૪ | ૨૨૩૫ |
| ૫. | ૨૦૧૧ | ૮૩૮૦ | ૪૨૨૯ |
| ૬. | ૨૦૧૩ | ૧૭૭૧૯ | ૧૦૯૫૯ |
| ૭. | ૨૦૧૫ | ૨૧૩૦૪ | ૧૪૨૬૮ |
| ૮. | ૨૦૧૭ | ૨૪૭૭૪ | ૧૦૩૫૫ |

**● ૯મી વાઇબ્રન્ટ સમિટમાં કચ્છમાં રોકાણોની જાહેરાત :**

કચ્છમાં માંડવી ખાતે HPCL રાજસ્થાન દ્વારા ૧૪૦૦ કરોડના ખર્ચે ક્રુડ ઓઈલ ટર્મિનલ વિકસાવાશે. અદાણી ગ્રુપ રૂા. ૧૩૫૦ કરોડ ખર્ચી કોરી ક્રીક ખાતે કેપ્ટીવ જેટી, પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ, કાર્ગો હેન્ડલિંગ તેમજ રો-રો ફેરી સર્વિસની સુવિધાઓ વિકસાવશે. જે કચ્છની આર્થિક પ્રગતિનું ઉજ્જવળ પાસું અવશ્ય બનવા પામશે.

જાપાન, જર્મની, ઇટાલી, પોલેન્ડ, દક્ષિણ કોરિયા, ઝેક રીપબ્લિક, યુ.એ.આઈ., બ્રિટન આદિ નવમી સમિટમાં સહભાગી બન્યા. અમેરિકાની બે મોટી ચેમ્બર્સ સહભાગી બની. ગુજરાતના ધોલેરામાં રૂપિયા ત્રણ હજાર કરોડના ખર્ચે માળખાગત સુવિધાઓમાં ઍરપોર્ટ સહિતની સુવિધા ઊભી થશે.

કચ્છમાં પાણીના પ્રશ્ને તાત્કાલિક અસરથી ડી-સેલિનેશન પ્લાન્ટ શરૂ થશે. નર્મદા જળનો ક્વોટા વધારવામાં આવી રહ્યો છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૯ ઉપર)**

**વાઇબ્રન્ટમાં કચ્છના લઘુ - મધ્યમ એકમોના એમ.ઓ.યુની સ્થિતિ**

| ક્રમ | એમ.ઓ.યુ.ની સ્થિતિ | ૨૦૦૯ | ૨૦૧૧ | ૨૦૧૩ | ૨૦૧૫ | ૨૦૧૭ | છેલ્લા પાંચ વર્ષની કુલ સ્થિતિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | શરૂ થયેલા એકમ | ૧૭ | ૪૦ | ૧૫૯ | ૧૬૫ | ૧૭૪ | |
| ૨. | પ્રાથમિક તબક્કે | ૦૫ | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૫ |
| ૩. | પડતા મૂકાયેલા એકમો | ૧૧ | ૨૮ | ૧૪૫ | ૨૦૬ | ૧૭૮ | ૫૬૮ |
| ૪. | કુલ થયેલા એમ.ઓ.યુ. | ૩૩ | ૧૮ | ૩૦૪ | ૩૭૧ | ૩૫૨ | ૧૧૨૮ |
| ૫. | અમલની ટકાવારી | ૫૧.૫૧ | ૫૦.૮૨ | ૫૨.૩૦ | ૫૫.૪૭ | ૪૯.૪૩ | ૫૧.૩૦ |

પ્રજાતંત્ર

# જમ્મુ-કાશ્મીર અને બંધારણીય પ્રશ્નો



મિતેષ સોલંકી

જમ્મુ-કાશ્મીર ભારત માટે એક વિકટ પ્રશ્ન બની રહેવા પાછળના ઘણા કારણોમાંથી એક પ્રમુખ કારણ એટલે આર્ટિકલ-૩૭૦ અને આર્ટિકલ-૩૫A. એક સામાન્ય વાચક માટે બંધારણ રોજિંદો વિષય ન હોઈ શકે પરંતુ જમ્મુ-કાશ્મીર વિશે ભારતના તમામ નાગરિક લગભગ દરરોજ પોતાનું મંતવ્ય જાહેર કરતા જોવા મળશે. શું છે ઉપરોક્ત આર્ટિકલ અને તે કેવી રીતે ભારતના બંધારણ માટે પડકારરૂપ પ્રશ્નો બની ગયા તેની આપણે થોડી જાણકારી મેળવીએ.

૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ જ્યારે ભારતના બંધારણને આપણી બંધારણસભાએ સ્વીકાર્યું ત્યારે આર્ટિકલ-૩૫A અસ્તિત્વમાં ન હતું. આજે પણ બંધારણની વર્તમાન નકલ જો તમે જોશો તો પણ તેમાં ભાગ-૩ (મુળભૂત અધિકાર આર્ટીલ ૧૨થી ૩૫)માં આર્ટિકલ-૩૫A જોવા મળશે નહીં. તો પછી આર્ટિકલ-૩૫A નો જન્મ ક્યાંથી અને કેવી રીતે થયો તે જાણવું ખૂબ જરૂરી બની જાય અને તેનું કારણ હતું (અને આજે પણ છે) આર્ટિકલ-૩૭૦.

બંધારણમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે આર્ટિકલ-૩૭૦ એક હંગામી (અસ્થાયી) આર્ટિકલ છે અને માત્ર આર્ટિકલ-૧ અને આર્ટિકલ-૩૭૦ જ જમ્મુ-કાશ્મીર પર સીધા લાગુ થશે. આ બંને આર્ટિકલ સિવાયના બંધારણને ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ જરૂરી સુધારા / ફેરફાર / અપવાદ સાથે એક કાર્યવાહક આદેશ દ્વારા જમ્મુ-કાશ્મીર પર લાગુ કરી શકશે.

વર્ષ ૧૯૫૪માં જમ્મુ - કાશ્મીરના પ્રધાનમંત્રી શેખ અબ્દુલ્લા અને ભારતના પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરુ વચ્ચે એક સંધિ કરવામાં આવી હતી. આ સંધિના આધારે તા. ૧૪મી નવેમ્બર, ૧૯૫૪ના રોજ રાષ્ટ્રપતિ દ્વારા તત્કાલીન જમ્મુ-કાશ્મીર સરકાર સાથે વિચાર વિમર્શ કરીને ભારતના બંધારણને જમ્મુ અને કાશ્મીરમાં કેવી રીતે લાગુ કરવામાં આવશે તેનો આદેશ જાહેર કરવામાં આવ્યો – The Constitution Application to Jammu & Kashmir Order. આ આદેશમાં ઘણી જોગવાઈઓ કરવામાં આવી હતી જેમાંની એક જોગવાઈ એટલે આર્ટિકલ-૩૫A. અહીં વાચકમિત્રોએ ખાસ યાદ રાખવું કે ૩૫A રાષ્ટ્રપતિના કારોબારી આદેશની જોગવાઈ માત્ર હતી. તેથી આજે પણ બંધારણમાં આર્ટિકલ-૩૫A જોવા મળતો નથી.

- **શું છે આર્ટિકલ-૩૫A ની જોગવાઈઓ?**

★ ઉપરોક્ત આર્ટિકલ જમ્મુ-કાશ્મીર વિધાનસભાને અધિકાર આપે છે કે કોણ જમ્મુ-કાશ્મીરના સ્થાયી નાગરિક ગણાશે અને કોણ અસ્થાયી નાગરિક ગણાશે તે નક્કી કરી શકશે.

★ આર્ટિકલ-૩૫A અંતર્ગત જમ્મુ-કાશ્મીરના સ્થાયી નાગરિક કોને ગણવામાં આવશે?

# જો વ્યક્તિ ૧૪ મે, ૧૯૫૪ પહેલાથી જમ્મુ-કાશ્મીરમાં રહેતો હોય.

# કોઈ વ્યક્તિ જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષથી સળંગ રહેતો હોય અને કાયદેસર રીતે સ્થાવર મિલ્કત ખરીદી હોય.

★ ૩૫A દ્વારા સ્થાયી નાગરિકોને કયા વિશેષ અધિકાર મળશે અને અસ્થાયી નાગરિકો પર કયા પ્રતિબંધ મૂકવા તે નક્કી કરી શકશે.

★ આર્ટિકલ-૩૫A મુજબ નીચેની ચાર બાબતો માટે જમ્મુ-કાશ્મીરના સ્થાયી નાગરિકને વિશેષાધિકાર રહેશે. જ્યારે અસ્થાયી નાગરિકો માટે નીચેની બાબતમાં પ્રતિબંધ મૂકી શકાશે.

(૧) રોજગારીનો અધિકાર

(૨) સંપત્તિ ખરીદવાનો અધિકાર

(૩) રાજ્યાં વસવાટ કરવાનો અધિકાર.

(૪) સરકાર દ્વારા મળતી નાણાંકીય સહાય મેળવવાનો અધિકાર.

અહીં ખાસ નોંધવું રહ્યું કે જમ્મુ-કાશ્મીર વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવેલ કાયદા જો ભારતના મૂળભૂત અધિકાર સાથે સુસંગત નહીં હોય, તો પણ વિધાનસભાના કાયદાને નિરસ્ત કરી શકાશે નહીં. ટૂંકમાં, જમ્મુ-કાશ્મીરના કાયદાઓ

બંધારણના મૂળભૂત અધિકાર સાથે સુસંગત નહીં હોય તો પણ માન્ય ગણાશે અને અમલ કરી શકાશે.

હવે ઉપરોક્ત માહિતી મેળવ્યા પછી જોઈએ કે વર્તમાન સ્થિતિમાં બંને આર્ટિકલ શા માટે ચર્ચામાં છે. દિલ્હીની એક NGO – We the Citizens દ્વારા આર્ટિકલ-૩૭૦ અને ૩૫A ની બંધારણીય કાયદેસરતાને પડકારવામાં આવ્યા છે. આ પિટિશન અનુસાર ૩૫-A **ભારતીય બંધારણની મૂળભૂત લાક્ષણિકતા "એકતા અને અખંડિતતા"થી વિરૂધ્ધ છે કારણકે ૩૫-A ની સ્થાયી અને અસ્થાયી નાગરિકતાની જોગવાઈને લીધે જમ્મુ-કાશ્મીરમાં બે પ્રકારની નાગરિકતા જોવા મળે છે.** પરિણામે જમ્મુ-કાશ્મીરના અસ્થાયી નાગરિક અને બાકીના ભારતીય નાગરિક જમ્મુ-કાશ્મીરથી અલગ થઈ ગયા તેવું સ્થાપિત થાય છે. જે બંધારણની મૂળ દાર્શનિકતાથી વિપરીત છે.

આ ઉપરાંત આર્ટિકલ-૧૯(e) અનુસાર ભારતનો કોઈપણ નાગરિક ભારતમાં કોઈપણ સ્થળે સ્થાયી થઈ શકે છે પરંતુ આર્ટિકલ-૩૫A ની જોગવાઈના કારણે જમ્મુ-કાશ્મીરના સ્થાયી નાગરિક સિવાય અન્ય કોઇને જમ્મુ-કાશ્મીરમાં સ્થિર થવાના અધિકારનો ભંગ થાય છે.

તેનાથી આગળ આર્ટિકલ-૨૧ અંતર્ગત મળતી વ્યક્તિગત સ્વતંત્રતાના મૂળભૂત અધિકારનો પણ ભંગ થાય છે કારણકે બંધારણ અનુસાર "કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા" સિવાય કોઈ વ્યક્તિની અંગત સ્વતંત્રતા છીનવી શકાતી નથી. જ્યારે આર્ટિકલ-૩૫A ને બંધારણમાં આર્ટિકલ-૩૬૮ (બંધારણીય સુધારો કરવા બાબત) અનુસાર દાખલ કરવામાં આવ્યો નથી. માત્ર રાષ્ટ્રપતિના આદેશ દ્વારા ૩૫-A ને આર્ટિકલનો દરજ્જો આપીને જમ્મુ-કાશ્મીરમાં લાગુ કરી દેવામાં આવ્યો છે.

જમ્મુ-કાશ્મીરના જ રહેવાસી શ્રીમતી ચારૂવાલી ખન્ના (વ્યવસાયે વકીલ) અને સીમા રાઝદાન ભાર્ગવ (રાષ્ટ્રીય મહિલા આયોગના ભૂતપૂર્વ સભ્ય) દ્વારા પણ એક પિટિશન દાખલ કરવામાં આવી જે કાશ્મીરમાં રહેતી સ્ત્રીઓના સંપત્તિના અધિકાર સંબંધિત છે. આ પિટિશન અનુસાર આર્ટિકલ-૩૫A જમ્મુ-કાશ્મીરની સ્ત્રીઓ માટે એક કુઠારાઘાત સમાન છે. કારણકે જો જમ્મુ-કાશ્મીરની સ્થાયી મહિલા કાશ્મીરના જ અસ્થાયી પુરૂષ અથવા કાશ્મીર રાજ્ય સિવાયના રાજ્યના પુરૂષ સાથે લગ્ન કરશે તો તે સ્ત્રી અને બાળકોનો જમ્મુ-કાશ્મીરની સંપત્તિ પર કોઈ અધિકાર રહેતો નથી. તેનો સીધો અર્થ એ કે કાશ્મીરની સ્થાયી મહિલાએ પોતાની કશ્મિરીયત જાળવી રાખવા માટે કાશ્મીરના સ્થાયી પુરૂષ સાથે જ લગ્ન કરવા ફરજિયાત છે.

- **ઉપરોક્ત બાબતમાં સર્વોચ્ચ અદાલતનો શું દૃષ્ટિકોણ છે?**

૧. આર્ટિકલ-૩૭૦ દ્વારા ભારતના રાષ્ટ્રપતિ જમ્મુ-કાશ્મીરમાં ભારતના બંધારણને કયા સ્વરૂપમાં લાગુ કરવું છે તેનો નિર્ણય લેવાની સત્તા આપે છે. તેનો સીધો અર્થ એ કે રાષ્ટ્રપતિ મૂળ બંધારણની કોઈ બાબતમાં બદલાવ / ફેરફાર / સુધારો / અપવાદ કરીને પણ જમ્મુ-કાશ્મીરમાં લાગુ કરી શકે છે.

૨. પરંતુ સોથી અગત્યનો પ્રશ્ન અહીંથી જ ઊભો થાય છે કે રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલ ફેરફાર / સુધારો / બદલાવ શું ભારતના મૂળ બંધારણ દ્વારા મળતા અધિકારોની ઉપર અતિક્રમ કરી શકે છે?

૩. આર્ટિકલ-૩૫A ને આર્ટિકલનો દરજ્જો આપવામાં આવ્યો છે. પરંતુ જો ૩૫-A ને આર્ટિકલ તરીકે ઉમેરવામાં આવ્યો હોય તો તે બંધારણીય સુધારો ગણાવો જોઈએ. આર્ટિકલ-૩૬૮ અનુસાર દાખલ થયો હોવો જોઈએ પરંતુ અહીં તો માત્ર રાષ્ટ્રપતિ આદેશ દ્વારા જ આર્ટિકલ લાગુ કરી દેવામાં આવ્યો છે. શું ભારતના રાષ્ટ્રપતિ એક આદેશ દ્વારા માત્ર બંધારણીય સુધારો કરી શકવાની સત્તા ધરાવે છે?

આમ, ટૂંકમાં જોઈએ તો આર્ટિકલ-૩૭૦નું અસ્થાયી હોવું અને તે અંતર્ગત ૩૫-A ને માત્ર રાષ્ટ્રપતિ આદેશ દ્વારા લાગુ કરી દેવો તે ક્યાંકને ક્યાંક બંધારણીય રીતે ગંભીર પ્રશ્ન બની જાય છે. આવનારા સમયમાં ઉપરોક્ત આર્ટીકલ્સ માટે બંધારણીય ખંડપીઠ શું અને કેવો ચુકાદો આપે છે તેની રાહ જોવી રહી.

*મો. ૯૭૧૨૯ ૨૪૨૦૧*

## વાઇબ્રન્ટ ગુજરાતના તમામ જિલ્લાઓમાં કચ્છ મોખરે

**(અનુસંધાન : પાના નં.-૧૭ ઉપરથી ચાલુ)**

- **૯મી વાઇબ્રન્ટ સમિટમાં ઉદ્યોગપતિઓના સૂરો :**

ભુતાનના વડાપ્રધાન શેરિંગ ભૂતોએ કહ્યું કે, "ગુજરાતમાં વમળ સર્જાય ત્યારે તેની અસર સમગ્ર વિશ્વમાં થાય છે." ફેરફેક્સ કેનેડા ચેરમેન પ્રેમ વત્સે જણાવ્યું કે, "ભારત રોકાણ માટે દુનિયામાં સર્વશ્રેષ્ઠ દેશ છે." યુનોના બાનકીમૂને વર્ણવ્યું કે, "ગુજરાત એક એવું રાજ્ય છે, જ્યાં ટેકનોલોજી અને આબોહવાની ચિંતાનું મિલન થાય છે. જ્યાં ઉદ્યોગ સાહસિકો શુધ્ધ ઉર્જા મેળવે છે અને યુવાનોને રોજગારી મળે છે. રતન તાતા, મૂકેશ અંબાણી, ગૌતમ અદાણી વગેરે આપણા ઉદ્યોગપતિઓએ પ્રોત્સાહિત સૂરો રેલાવ્યા હતા.

*૬એ, સહજાનં, લીમડા લેન, સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

જીવન વૃત્તાંત

# ડૉ. રામમનોહર લોહિયા

દામજી માણેક ગડા

ડૉ. રામમનોહર લોહિયાનું અવસાન આજથી ૫૨ વર્ષ પહેલાં તા. ૧૦-૧૦-૧૯૬૭ના રોજ લખનઉ મધ્યે થયું હતું. છેલ્લી એક-બે પેઢીના લોકોને તો લોહિયા વિશે ખ્યાલ પણ નહીં હોય. ગાંધી પછી સિવિલ-નાફરમાની (સવિનય કાનૂન ભંગ)ના સિધ્ધાંતોને સારી રીતે સમજ્યા હોય અને પોતાના આચરણમાં મૂક્યા હોય એવા બે નેતા આજે આપણી વચ્ચે નથી. ડૉ. રામમનોહર લોહિયા અને જયપ્રકાશ નારાયણ. **લખતાં લેખકને આપણે 'લહિયો' કહીએ છીએ તેમ લડતાને 'લોહિયા' કહેવાતા.** આ એમની ઓળખાણ હતી.

જે વખતે અમેરિકાના પ્રમુખ તરીકે ઑબામા ચૂંટાયા એટલે તરત જ લોહિયાની યાદ આવી જાય. આઝાદી પછી લોહિયા બે વખત અમેરિકા ગયા હતા – ૧૯૫૧માં અને ૧૯૬૪માં. ૧૯૫૧માં પ્રથમવાર તે ગયા હતા ત્યારે અમેરિકામાં ઠેકઠેકાણે હર્યા ફર્યા, લોકોને મળ્યા અને તેમની વચ્ચે સંવાદ કર્યો. મોન્ટગો મેરીની એક સભામાં તેઓ રંગભેદ સામે અને આવા અન્યાય સામે લડવા ગાંધીના સિવિલ-નાફરમાની એટલે કે સવિનય કાનૂન ભંગ વિશે ખુલ્લી રીતે બોલ્યા હતા.

જ્યારે તે બોલતા ત્યારે તેમનો સૂર હૃદયમાંથી આવતો હતો. આ સભામાં એક હબસી બહેન રોઝા પાર્કસ. આ એ જ અશ્વેત બહેન હતા જેમણે ગોરા લોકો માટે બસની સીટ પરથી ઉઠવાની ના પાડી દીધી. આ બસ ધરણા સાથે સમતાની લડાઈ માર્ટિન લ્યુથર કિંગની આગેવાની હેઠળ નવા અધ્યાયની શરૂઆત થઈ હતી. ડૉ. લોહિયા સમતાના મૂલ્યો માટે જીવ્યા, ઝઝુમ્યા અને જીવનની આખરી ક્ષણ સુધી એ મૂલ્યો માટે સંઘર્ષ કર્યો. આ ડૉ. લોહિયાની ઓળખ હતી. જીવનની આખરી ઘડીએ જ્યારે તેઓ હોસ્પિટલમાં હતા, તેમને સનેપાત થયો હતો. ઊંઘમાં તેઓ સતત એક જ રટણ કરતા હતા. યુ.પી.ના ખેડૂતો ઉપરની લગાન (મહેસૂલ) માફ કરો.

૧૯૪૨ના 'ભારત છોડો'ના નારા વખતે લોહિયા ગોવાની જેલમાં બંધ હતા. ત્યાં તેમણે સવિનય કાનૂન ભંગ કરીને પોર્ટુગલની જેલમાં જવાનું પસંદ કર્યું. ત્યારે ગાંધીએ કહ્યું કે લોહિયા આજે ભલે જેલમાં બંધ છે, મને લાગે છે કે ભારતનો અંતરાત્મા બંધનમાં છે.

સ્વરાજના સોળ વર્ષ પછી લોહિયા પહેલીવાર લોકસભામાં પહોંચ્યા હતા. લાંબા સમય સુધી વડાપ્રધાન રહેલા જવાહરલાલ નહેરુની સરકાર સામે પ્રથમવાર અવિશ્વાસની દરખાસ્ત મૂકી. તે વખતે લોકસભામાં પોતાના ધારદાર પ્રવચન કરીને, લોકસભા બહસ કરીને ઇતિહાસ સરજ્યો હતો. તેમની અમેરિકાની બીજી મુલાકાત વખતે ભારતીય પહેરવેશમાં સજ્જ થઈને થોડા મિત્રો સાથે એક કાફેટેરિયામાં પ્રવેશવાની તૈયારી કરી. તે અશ્વેત હોવાથી તેમને રોકવામાં આવ્યા. ધાંધલ ધમાલ અને નારેબાજી સાથે સિવિલ નાફરમાની ભંગ કર્યો ત્યારે પોલીસ બોલાવવામાં આવી અને તેમની ધરપકડ કરવામાં આવી. આ ડૉ. રામમનોહર લોહિયાનો અમેરિકામાં પ્રથમ સત્યાગ્રહ હતો. આ ધરપકડ વહોરીને લોહિયાએ પોતે વિશ્વ નાગરિક હોવાનું સિધ્ધ કર્યું.

સ્વતંત્રતાની લડાઈ તેમજ સવિનય કાનૂન ભંગ, એ એમના અસ્તિત્વની ઓળખ હતી. નેપાળમાં રાજાશાહી વિરુદ્ધ સંઘર્ષમાં એમનો જયપ્રકાશ નારાયણ સાથે વિશેષ ફાળો હતો. લોકસભામાં લોહિયાએ જેવી અવિશ્વાસની દરખાસ્ત મૂકી, તેના પર ચર્ચા કરતાં તેમણે જણાવ્યું કે ભારતના નાગરિકની સરેરાશ આવક વાસ્તવમાં કેટલી ઓછી છે.

સમૃદ્ધ અમેરિકા એના પ્રમુખ પાછળ એક અમેરિકાવાસીની માથાદીઠ આવકના હિસાબે જે ખર્ચે છે, એની તુલનામાં ગરીબ ભારત પોતાના વડાપ્રધાન પાછળ અનેકગણું વધારે ખર્ચે છે. નહેરુ પ્લાનિંગ કમિશનના અહેવાલ પ્રમાણે જણાવ્યું કે ભારતવાસીની માથાદીઠ આવક રોજના પંદર આના છે. **લોહિયાએ લોકસભામાં ભારતની માથાદીઠ આવક ત્રણ આના પુરવાર કરી બતાવ્યા હતા.**

**સમાજવાદની ચર્ચા કરતાં તેમણે અમેરિકાના મૂડીવાદી અને રશિયાના સામ્યવાદી વલણની સામે ત્રીજી દુનિયાનાં દેશોને નવા સંદર્ભમાં વિચાર કરવાનું કહ્યું હતું.** મોટા ઉદ્યોગો અને રાક્ષસકાય યંત્ર યોજનાઓથી હટીને એમણે નાના મશીનો અને નાના ઉદ્યોગો સાથે બહોળી રોજગારી પર ભાર મૂક્યો હતો. આમ જનતાને રોજગાર નિયમિત મળી રહે તે માટે તેમણે પોતાના વિચારો સરકાર સમક્ષ મૂકેલ.

૧૯૫૧ના પ્રવાસ દરમિયાન લોહિયાએ એવી ભીમકાય ટેકનોલોજી, જેનો સંચાર મલ્ટિનેશનલ કંપનીઓ કરે તે વ્યક્ત કરેલી. જે આજે આપણે જોઈ રહ્યા છીએ કે સામાન્ય માણસની જરૂરિયાતની ચીજોમાં પણ મલ્ટિનેશનલ કંપનીઓ માથુ મારે. સામાન્ય માણસની રોજી રોટી પર તરાપ મારે. આ એમની દૂરદૃષ્ટિની સમજ હતી.

લોહિયા માત્ર સત્તાવન વરસ જીવ્યા. આજના સંદર્ભમાં એ મોટી ઉંમર ન કહેવાય. એમણે છેલ્લા વરસોમાં બિનકોંગ્રેસવાદના પ્રયોગ માટે યાદ રહેશે. ૧૯૭૭ની જનતા સરકાર વખતે પ્રથમવાર બિનકોંગ્રેસની સરકાર કેન્દ્રમાં આવી. લોહિયાની ઇચ્છા મુજબ સરકાર બદલાતી રહે છે પણ શાસનમાં કોઇ ફરક પડતો નથી. **“ઝીંદા કોમ પાંચ સાલ તક ઇન્તઝાર નહીં કરતી.”** આ વાક્ય લોહિયાની સભામાં વારંવાર સાંભળવા મળતા હતા. લોહિયા માનતા હતા કે માત્ર ચૂંટણી કે ચૂંટણી પ્રચારથી કોઈ દેશ લોકતંત્રમાં બદલી જતો નથી.

લોહિયા કહેતા હતા કે જેમ રોટલી શેકવા માટે તેને ઉલટાવવી જરૂરી છે, તેમ સારી સરકાર ચલાવવા માટે પક્ષોને પણ ઉલટવા - પલટવા જોઈએ. આ દૃષ્ટિએ ભારતીય મતદાર સરકારો ઉલટવાનું શીખી ગયો છે. **લોહિયા ઇચ્છતા હતા તેમ રાજકારણમાં પછાત વર્ગના લોકો સક્રિય રસ લે અને સત્તામાં ભાગીદાર બને.** રોટલીને તાવડી પર ઉલટ પલટ કરવા છતાં રોટલીના સ્વાદમાં ફેર પડતો નથી. એટલે શ્વાન જ સડો પેઠો છે કે પછી આપણે ઠરી ગયેલા ચૂલા પર રોટલી ફેરવી રહ્યા છીએ.


આ દરમિયાન આપણા મનમાં એ વિચાર આવી જાય છે કે છેલ્લા બે દાયકામાં આપણે લોહિયાના વિચારોથી વધારે નજીક ઊભા છીએ. દેશનો મતદાર સરકારને જવાબદારીના કઠેડામાં ઊભા રાખી રહ્યા છે. સરકાર, સાંસદ અને ધારાસભ્યોનાં ચૂંટણી હારવાની ગતિ લોહિયાના જમાના કરતા તેજ છે. આજે સરકાર પોતાની જ યોજનાઓનાં અમલીકરણ માટે વધારે ગંભીર જણાઈ નથી. **સાથે સાથે લોહિયાના જમાના જેવો આજે કોઈ વિપક્ષ નથી.** દરેક નાનો અને મોટો પક્ષ રાજકીય વ્યવસ્થાનો ભાગ છે.

૧૯૫૧ની સાલમાં ડૉ. લોહિયાએ ભવિષ્યવાણી કરેલી હતી કે ભવિષ્યમાં પાકિસ્તાનના બે ટુકડા થશે. આજનું બાંગ્લાદેશ પોતાની બંગાળી માતૃભાષા માટે ૧૯૭૧માં પાકિસ્તાનથી નોખું થયું. ડૉ. લોહિયા માનતા હતા કે હિંદુસ્તાન વર્ષો સુધી બહારી આક્રમણનો ભોગ બનતું આવ્યું એનું મુખ્ય કારણ હિંદુસ્તાનની જાત પ્રથા છે. ડૉ. લોહિયાનું આ એક સ્લોગન છે : **“જાત તોડો ઔર દેશ બચાવો.” લોહિયા આંતરજ્ઞાતિ લગ્ન વ્યવસ્થામાં માનતા હતા.** આંતરજ્ઞાતિ જાતિ લગ્ન બહોળા પ્રમાણમાં થશે તો જાતિપ્રથા આપોઆપ તૂટી જશે. હજી પણ આ દેશમાં પોતાની જ્ઞાતિ શ્રેષ્ઠ છે — આ વિચારધારા તૂટવી જોઈએ. આમાં જ દેશનું ભલું છે. પહેલા રાષ્ટ્ર, પછી જ્ઞાતિ. રાષ્ટ્ર સમક્ષ જ્ઞાતિ ગૌણ છે.


*૧૬૦૫, શોભા સુમન બિલ્ડિંગ,*
*મદન મોહન માલવિયા માર્ગ,*
*મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.*

## ‘જ્ઞાન ગમ્મત’ના જવાબો

### શબ્દ સાથિયા



### શબ્દ અંતાક્ષરી



### જમ્બલ વર્ડ્સ

(01) ENTERTAIN, (02) EXCELLENT, (03) EXCEPTION, (04) EXPANSION, (05) EXPENSIVE, (06) FAVOURITE, (07) FERTILITY, (08) FINANCIAL, (09) FIREWORKS, (10) FISHERMAN, (11) FOREIGNER, (12) FORMALITY, (13) FORTUNATE

જીવન વૃત્તાંત

# મુંબઈના કચ્છી જૈન શ્રેષ્ઠી : કેશવજી નાયક

## ('જસ્ટિસ ઑફ પીસ'નું સન્માન મેળવનાર પ્રથમ કચ્છી સપૂત)



ભરત'કુમાર' પ્રા. ઠાકર

મુંબઈમાં કચ્છી વીસા ઓસવાળ દેરાવાસી જૈન સમાજની નવી મહાજનવાડી (અને તેમાંનું કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજનું કાર્યાલય પણ) જ્યાં આવેલાં છે તે ચીંચબંદર રોડને જેમનું નામ અપાયું છે એવા કચ્છી જૈન સપૂત શેઠ કેશવજી નાયકનું 'દ્વિજન્મ શતાબ્દી વર્ષ' તાજેતરમાં પૂરું થયું છે.

સાધારણ સ્થિતિમાંથી આપબળે આગળ વધનાર અને મુંબઈમાં રહીને કચ્છનાં ધાર્મિક - સામાજિક - શૈક્ષણિક વિકાસ કામોમાં અપૂર્વ યોગદાન આપનાર કચ્છી દસા ઓસવાળ જૈન જ્ઞાતિના અને અબડાસા તાલુકાના બે વણિક શ્રેષ્ઠીઓમાં નલિયાના શેઠ નરશી નાથા નાગડા (૧૭૮૪-૧૮૪૩) પછી એવા જ બીજા ગૌરવશાળી અગ્રણી કોઠારાના શેઠ કેશવજી નાયક દંડ (૧૮૧૮-૧૮૮૫) હતા.

● **મુંબઈને કર્મભૂમિ બનાવી :**

સમાજમાં 'કચ્છના ધનકુબેરન' અને 'જ્ઞાતિ મુકુટમણિ' તરીકે પંકાયેલા કેશવજી શેઠનો જન્મ બે સદી પૂર્વે ૧૮૧૮ (કોઈ સંદર્ભમાં ૧૮૧૯)માં કચ્છમાં અબડાસા તાલુકાના લાખણિયા ગામે માતા હીરબાઈ અને પિતા નાયક મણશીને ત્યાં થયો હતો. બાલ્યાવસ્થામાં પિતાનું અવસાન થતાં માતા સાથે મોસાળ (કોઠારા) આવીને વસ્યા હતા. દસ વર્ષની ઉંમરે મામા નેણશી સવાણી સાથે મુંબઈની વાટ પકડી. ત્યાં એમની પાસે અભ્યાસ અને અનુભવ મેળવ્યા.

ત્યાર પછી એમણે પ્રગતિનાં જે શિખરો સર કર્યા તે નવાઇ પમાડે એવા છે. ભાટીયા શેઠ દેવજી શિવજી ઝવેરી સાથે શરૂ થયેલી એમની વેપારયાત્રાનું ફલક છેક ચીન - આફ્રિકા સુધી વિસ્તર્યું હતું! દેવજી ઝવેરી, જેતશી જીવરાજ અને શિવજી નેણશીની ભાગીદારીમાંથી છૂટા થઈ ૧૮૬૦માં પુત્રના નામે પેઢી સ્થાપી સ્વતંત્ર કારોબાર શરૂ કર્યો. મુંબઈમાં બેંક ઓફ ઇન્ડિયા, બોમ્બે ટ્રેડિંગ એન્ડ બેન્કિંગ એસોસિએશન, ઈસ્ટ ઇન્ડિયા બેંક, ઈસ્ટર્ન ફાઈનાન્સિયલ જેવી અનેક નાણાંકીય - વ્યાપારી સંસ્થાઓ સ્થાપવામાં અગ્રેસર રહ્યા.

દરમિયાન, અમેરિકી આંતરવિગ્રહ (૧૮૬૧-૬૫) વખતે અંગ્રેજોએ ભારતમાં ઉદ્યોગિકીકરણ કર્યું અને કાપડ મિલો માટે યંત્રસામગ્રી લાવ્યા. તેના પગલે સર દિનશા માણેકજી પીટીટ (૧૮૨૩-૧૯૦૧), બમનજી હોરમસજી જેવા પારસી ઉદ્યોગપતિઓ સાથે રહીને મુંબઈમાં રોયલ, ફ્લેમિંગ, કોલાબા, કૈસરે હિંદ, એલેકઝાન્ડ્રા, પ્રિન્સ ઑફ વેલ્સ જેવી અનેક કાપડ મિલો શરૂ કરી.

● **કંપની સરકારમાં માન મરતબો :**

ઔદ્યોગિક ક્રાંતિ થકી બજારોમાં ખૂબ તેજી આવી અને વેપારીઓ સમૃદ્ધ થયા. કાપડ મિલો અને રૂના વેપારમાં કેશવજી શેઠ પણ ઘણું કમાયા. **સાથે કમાણી સમાજસેવામાં વાપરી પણ જાણી.** મુંબઈના ઘણા બંદરોની જાગીરો એમના હસ્તક હતી. મુંબઈ સરકારમાં એમનો કેવો માનમરતબો હતો તેનું એક ઉદાહરણ પૂરતું છે.

બંદરીય ગોદીઓનું સંચાલન ત્યારે ખાનગી પેઢીઓ હસ્તક હતું. તેનો વહીવટ અંગ્રેજો હસ્તક લેવાના મામલે ખુદ મુંબઈના ગવર્નર મધ્યસ્થી તરીકે રહેલા કેશવજી શેઠના વાલકેશ્વર બંગલે આવ્યા હતા! મુંબઈમાં ચાર ઘોડાવાળી બગી (વિક્ટોરિયા)માં બેસી ફરવાની છૂટનું માન તે વખતે માત્ર શેઠ કેશવજી નાયક તથા પારસી અગ્રણી સર કાવસજી જહાંગીર રેડીમની (૧૮૧૨-૧૮૭૮) એ બે ગૃહસ્થોને જ મળ્યું હતું!

કદાવર બાંધો, ભારેખમ શરીર, ભરાવદાર ચહેરો, જાડી મૂછો, ભાલે તિલક, માથે ચાંચવાળી પાઘડી... આમ શેઠજીનું વ્યક્તિત્વ જ ખૂબ પ્રભાવક હતું. મોટા ટોપાવાળા અંગ્રેજ કોચવાન સાથે શેઠ ઘોડાગાડીમાં નીકળતા ત્યારે લોકો એમને જોવા ટોળે વળતા. તેઓ મુંબઈ મહાપાલિકાની વહીવટી સમિતિમાં પણ સ્થાન પામ્યા હતા.

● **સમૃદ્ધિ સાથે દિલેરીનો પરિચય :**

ઉત્તરાર્ધે તેઓ ધાર્મિક - સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયા. અન્યો સાથે વતન કોઠારા (કચ્છ)માં આબુનાં જૈનમંદિરો જેવું અદ્‌ભુત શાંતિનાથ જિનાલય (૧૮૬૨), શેત્રુંજય પર અનંતનાથજીની ટૂંક અને ધર્મશાળા (૧૮૭૨), સમેતશિખર તીર્થનો જીર્ણોદ્ધાર (૧૮૭૪), ગિરનાર પર વસ્તુપાળ-તેજપાળ ટૂંકના દેરાસરો ફરતે કોટ, પાલિતાણા ડુંગર પર તળેટીમાં જિનાલય - ધર્મશાળા, મોટી ખાવડી (જામનગર), મુંબઈના

વાલકેશ્વર અને આકોલા (મહારાષ્ટ્ર)માં જિનાલયો, પૂનામાં ધર્મશાળા, તે સિવાય પણ અનેક ગામોમાં મહાજનવાડી - પાઠશાળા વગેરે બંધાવ્યા હતા.

સ્વજ્ઞાતિના ઉત્કર્ષ માટે પણ સિંહફાળો આપી સમાજ અને જ્ઞાતિને પ્રગતિને પંથે દોરી ગયા. **ભુજમાં વિજયરાજજી પુસ્તકાલયની સ્થાપના (૧૮૬૮) વખતે કેશવજી શેઠે પણ દસ હજાર કોરીનું ઉદાર દાન આપેલું. તો, કચ્છ સંગ્રહાલયના નવા મકાનના બાંધકામ (૧૮૮૪) માટે પણ શેઠના અમૂલ્ય ફાળાથી શરૂઆત થઈ હતી.**

કચ્છના મહારાવ પ્રાગમલજી બીજા (૧૮૩૯-૭૬) પહેલી વખત મુંબઈ પધાર્યા ત્યારે બંદર પર લાલ જાજમનું સન્માન શેઠશ્રી તરફથી આપવામાં આવેલું. કાંદાવાડી (ખાડીલકર રોડ, ગીરગામ) ખાતે મિલ મજૂરોનાં એકસો કુટુંબો માટે શેઠજીએ ઓછા ભાડાવાળાં મકાનોની વસાહત બનાવી આપી, જે 'કેશવજી નાયક ચાલ' તરીકે ઓળખાય છે.

### ● ભાત બજારનો કલાત્મક ફુવારો :

મસ્જિદ બંદરની દાણા બજારમાં તે વખતે બળદગાડામાં અનાજ આવતું. મજૂરો અને બળદોને પીવાના પાણીની તકલીફ ન પડે તે માટે ત્યાં એમણે આરસનો કલાત્મક ફુવારો (પીયાવો) અને હવાડો બંધાવેલા. ત્યાં લાગેલી તક્તી (પ્લેટ)માં દર્શાવાયું છે : "ભાત બજારની મિરચી ગલીમાં આ ફુવારો સમૃદ્ધ ગુજરાતી વેપારી કેશવજી નાયક અને એમના પુત્ર નરશી કેશવજી દ્વારા બાંધવામાં અને મુંબઈ શહેરને ભેટ આપવામાં આવ્યો હતો. મુંબઈના ત્રીજા ક્રાઉન ગવર્નર (૧૮૭૨-૭૭) રહેલા સર ફિલીપ એડમન્ડ વૉડહાઉસ (૧૮૧૧-૧૮૮૭) દ્વારા તે ૮મી જાન્યુઆરી, ૧૮૭૬ના જાહેર ઉપયોગ માટે ખુલ્લો મૂકાયો હતો."

અગાઉ મુસાફરોની તૃષાતૃપ્તિ માટે અહીં પાણીનાં નાળચાં અને માટીનાં વાસણો રખાતાં, જ્યારે હવાડામાં પડતું ઢોળાયેલું પાણી પશુઓની તરસ છીપાવતું. એ ગૌરવની વાત છે કે મુંબઈ શહેરમાં પથરાયેલી પચાસ ઉપરાંત પરબોમાંથી અત્યારે પણ 'જીવંત' કે સક્રિય હોય એવું આ એકમાત્ર સ્થળ છે! અર્થાત્ આજે પણ અહીં પીવાના પાણીની વ્યવસ્થા ચાલુ રહી છે.

તેની સાથે કચ્છી જૈન સમાજ ભાવનાત્મક રીતે જોડાયેલો છે. મથાળે ક્લોક ટાવર સહિતનો આ ફુવારો તે સમયે રૂા. ૨૩,000/-ના ખર્ચે બન્યો હતો. તે ૨૨ ફૂટ (સાડા છ મીટર) ઊંચો છે. જમીનથી ચાર ફૂટ ઊંચી ગોળાકાર પીઠિકા, તેના પર ફરતે બાર સ્તંભો, તેના પર અષ્ટકોણીય પાસાદાર પાટડો (લિન્ટલ) અને સૌથી ઉપર પીરામિડ ગુંબજમાં ક્લોક ટાવરનું ચણતર થયેલું છે.

### ● વારસારૂપ સ્થળનું નૂતનીકરણ :

તેનો ઘુમ્મટ ચૈત્ય શૈલીનો ઉત્કૃષ્ટ નમૂનો છે. તેના સ્થાપત્યમાં નંદી બળદો, મોર અને હાથીની શિલ્પકૃતિઓ મઢેલી છે. સન્મુખે પાટડા નીચે લંબવર્તુળમાં કેશવજી નાયકની મુખપ્રતિમા પણ જડેલી છે. 'કેશવજી નાયક ફુવારા' તરીકે ઓળખાતું આ સુંદર સ્થાપત્ય ૧૪૦ વર્ષ પછી આજે પણ એમની કીર્તિગાથા કહેતું ઊભું છે. તેને મુંબઈના અધિસૂચિત વારસારૂપ બાંધકામ (નોટીફાઈડ હેરિટેજ સ્ટ્રક્ચર)ની શ્રેણી II-Aનો દરજ્જો મળ્યો છે.

શહેરનાં આવા 'પ્યાઉ' સ્મારકોની મોજણી અને પુનઃ સ્થાપન કરવા ૨૦૦૯માં મુંબઈ મહાનગરપાલિકા દ્વારા 'વાસ્તુ વિધાન યોજના' હાથ ધરાઈ હતી. તે હેઠળ રાહુલ ચેમ્બુરકરની ટુકડીએ જાહેર - ખાનગી ફાળા દ્વારા અને કચ્છી દસા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજનના સુંદર સાથ-સહકારથી કેશવજી નાયક ફુવારા સહ ક્લોક ટાવરનો પણ તાજેતરમાં સફળ પુનરુદ્ધાર કરાયો હતો. મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા તે ૮મી માર્ચ, ૨૦૧૫ના ફરી ખુલ્લો મૂકાયો છે.

### ● સન્માન અને સ્મૃતિ :

એમની સામાજિક સેવાઓ અને વ્યાપારી સિધ્ધિઓ બદલ મુંબઈના બીજા ક્રાઉન ગવર્નર (૧૮૬૭-૭૨) રહેલા સર વિલિયમ વેસી - ફિટ્ઝજિરાલ્ડ (૧૮૧૮-૧૮૮૫) દ્વારા એમને 'જસ્ટિસ ઑફ પીસ'થી નવાજવામાં આવ્યા હતા. **આવું બહુમાન મેળવનાર તેઓ પ્રથમ કચ્છી મહાનુભાવ હતા.** એમના સમાજ સુધારક પુત્ર નરશીભાઈનો પણ મુંબઈના કાપડ ઉદ્યોગમાં મહત્ત્વપૂર્ણ ફાળો હતો.

આવા ઉદ્યમી કર્મવીર, ઉદાર દાનવીર અને ઉમદા ધર્મવીર શેઠ કેશવજી નાયકનું ૨૯મી મે, ૧૮૮૫ના પાલિતાણા મુકામે અવસાન થયું. શેઠની સમાજ સેવાઓને અંજલિ રૂપે સ્થાનિક પ્રશાસન દ્વારા ભાતબજારના ફુવારાથી છેક ટ્રામવે (હાલના સેન્ડહર્સ્ટ રોડ બ્રિજ) સુધીના મહત્ત્વના ચીંચબંદર માર્ગને 'શેઠ કેશવજી નાયક રોડ' એવું નામાભિધાન કરાયું છે.

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર-૧,*
*ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

★ *મનુષ્યોને પણ હરિભજનથી વિમુખ કરનારા સ્વરૂપવાન પ્રલોભનોને કાપીને ઘરની બહાર ફેંકી દેવા એ જ માનવ જીવનનો મુખ્ય ધ્યેય છે.*

★ *ક્યાં ટકવું, ક્યાં અટકવું અને ક્યાંથી છટકવું તે શીખી જનાર વ્યક્તિ જ પ્રભુની સમીપ વાસ કરે છે.*

જીવન વૃત્તાંત

# સ્વાતંત્ર્ય સંગ્રામમાં બાપુના મૂક સાથી કસ્તુરબા ગાંધી



ભરત'કુમાર' પ્રા. ઠાકર

## કસ્તુરબા ગાંધી

*જન્મ : તા. ૧૧મી એપ્રિલ, ૧૮૬૯*

*નિધન : તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૪૪*

મહાત્મા ગાંધી (૧૮૬૯-૧૯૪૮) 'રાષ્ટ્રપિતા'નું બિરૂદ પામ્યા તેમ 'રાષ્ટ્રમાતા' તરીકે જેમની ગણના થઈ છે એવા કસ્તુરબા ગાંધીની એપ્રિલ મહિનામાં ૧૫૦મી જન્મ જયંતિનો અવસર પડે છે. ચાલુ માસે કસ્તુરબાની સુવર્ણ શતાબ્દી પ્રસંગે એમનું આછેરું જીવનકવન પ્રાસંગિક અને પ્રેરક બની રહેશે.

### ● દાંપત્યમાં સુંદર અનુકૂલન :

ગાંધીજી મહાન બન્યા અને 'મહાત્મા' પણ કહેવાયા તેમાં બાનો ફાળો પણ નાનોસૂનો નથી. ખુદ ગાંધીજીએ પણ આ વાતનો ખેલદિલ સ્વીકાર કર્યો છે. છતાં બા તો કહેતાં કે બાપુનાં પગલે ચાલવા સિવાય બીજું કંઈ જ મને આવડતું નથી. પરંતુ ગાંધીબાપુનાં પગલે ચાલવું એ પણ જેવી તેવી વાત ન હતી. એ કઠિન સિદ્ધિ બાએ મેળવી હતી.

**એ પણ યોગાનુયોગ છે કે કસ્તુરબા અને ગાંધીજી બંનેનો જન્મ એકસરખા વર્ષમાં અને એક જ સ્થળે થયો હતો!** પોરબંદરના વૈષ્ણવ વણિક પરિવારમાં પિતા ગોકુલદાસ મકનજી કાપડિયા અને માતા વ્રજકુંવરબાને ત્યાં મોટી દીકરી તરીકે કસ્તુરબાનો જન્મ ૧૧મી એપ્રિલ, ૧૮૬૯ના થયો હતો.

કસ્તુરબાના પિતા અને ગાંધીજીના પિતા સારા મિત્રો હતા. ઉંમરમાં ગાંધીજીથી છ મહિના મોટાં કસ્તુરબાની સાત વર્ષની વયે સાડા છ વર્ષના મોહનદાસ સાથે સગાઈ અને તેરમા વર્ષે લગ્ન (૧૮૮૩) થયેલા. **પતિની દરેક પ્રવૃત્તિઓમાં તેઓ સાચા અર્થમાં સહધર્મિણી અને સહકર્મિણી બન્યા હતા.**

### ● દક્ષિણ આફ્રિકાની ધરતી પર :

પતિ તરીકે બાપુએ એમની આકરી પરીક્ષા પણ કરી છે. આવા પ્રસંગોએ ખૂબ સ્વસ્થતા ધરી એમણે ગાંધીજી સાથે સુંદર અનુકૂલન સાધી લીધું હતું. ભણેલાં બહુ ઓછું, પરંતુ એમની આંતરિક સમજ ઘણી મોટી. બાપુ જેમ જેમ ઉચ્ચ જીવન પ્રતિ ડગ માંડતા ગયા તેમ તેમ બા પણ તાલ મિલાવતા ગયા.

૧૮૯૭માં તેઓ પહેલીવાર ગાંધીજી સાથે દક્ષિણ આફ્રિકા ગયા. ત્યાં ૧૯૦૪માં ગાંધીજીના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. રાષ્ટ્રની સેવા અને ધર્મની સાધનાર્થે ૧૯૦૬માં બાપુએ બ્રહ્મચર્ય વ્રત અપનાવ્યું. આવી બધી આકરી પરિસ્થિતિઓમાં પણ કસ્તુરબાએ તો અખૂટ ધૈર્ય, સહનશીલતા અને હિંમતનાં દર્શન કરાવ્યાં.

દક્ષિણ આફ્રિકામાં ભારતીય પદ્ધતિથી કરેલાં લગ્નને અમાન્ય ગણતા ત્યાંના અન્યાયી કાયદાના પ્રતિકાર રૂપે ગાંધીજીએ સત્યાગ્રહની લડત ઉપાડી **ત્યારે કસ્તુરબાએ પણ સપ્ટેમ્બર, ૧૯૧૩માં ટ્રાન્સવાલ સરહદે મહિલા ટુકડીની આગેવાની લીધી હતી અને ત્રણ મહિના જેલવાસ વેઠેલો.** ત્યાં એમને 'દક્ષિણ આફ્રિકાના હિંદીઓની માતા'નું બિરુદ મળેલું.

### ● આશ્રમના સાચા સૌજન્યમૂર્તિ :

૧૯૧૫માં સ્વદેશ પાછા ફર્યા બાદ કસ્તુરબા ગાંધીજીની તમામ પ્રવૃત્તિઓમાં સક્રિયતાથી સંકળાયા હતા. ગાંધીજીએ અમદાવાદમાં સાબરમતી નદી કિનારે સ્થાપેલા 'હૃદયકુંજ' આશ્રમની પ્રવૃત્તિઓનું તેઓ સંચાલન કરતા. આશ્રમવાસીઓ માટે તેઓ **એક આદર્શમૂર્તિ (ધ મધર ફિગર) હતા.**

બા એક સાચા કર્મયોગી પણ હતા. એક ક્ષણ પણ કશા કામ વિના બેસી રહેવું એ તેમના માટે 'અસ્વાભાવિક' થઈ પડતું. આશ્રમમાં બાપુની કડકાઈ રહેતી તેમ બાનો વાત્સલ્યપ્રેમ પણ વર્તાતો. હરિજનબાળા લક્ષ્મીને તેમણે પોતાની દીકરી ગણી હતી.

બાપુના જેલવાસ અને ઉપવાસ દરમિયાન થાક કે તાપનો વિચાર કર્યા વિના ગામડાંઓ ખૂંદી વળતા, સભાઓ ભરતા અને સ્ત્રીઓને લડતમાં જોડાવા સમજાવતા. ખેડા, બોરસદ, રાજકોટ, બારડોલીના સત્યાગ્રહો અને દાંડીકૂચ, અસહકાર, ભારત છોડો, સ્વદેશી જેવા આંદોલનોમાં પણ જોડાયા.

### ● વિવિધ રાષ્ટ્રીય લડતોમાં :

નવેમ્બર ૧૯૧૭માં ચંપારણ સત્યાગ્રહ વેળા તેઓ સામાજિક સેવાર્થે ઘૂમી વળેલા. ૧૯૨૧માં અસહકાર આંદોલન વેગવાન બનતાં ગાંધીજીને પકડી લેવામાં આવ્યા ત્યારે કસ્તુરબા ગામેગામ ફરી લોકોને સ્વદેશી વસ્તુ અપનાવવા અને ખાદી પહેરવા પ્રેરિત કર્યા હતા. પરિણામે દેશમાં ઠેકઠેકાણે વિદેશી કાપડની હોળી થઈ.

૧૯૨૨માં બળવાના આરોપસર ગાંધીજીને છ વર્ષ કેદની સજા થતાં હિંમત હાર્યા વિના તેમણે સંમેલન યોજી લોકોનો જુસ્સો ટકાવી રાખ્યો. નોઆખલીમાં ફાટી નીકળેલાં કોમી તોફાનો ઠારવા

સપ્ટેમ્બર, ૧૯૨૪માં ગાંધીજીના ૨૧ દિવસીય ઉપવાસ સમયે કસ્તુરબાએ અપૂર્વ મક્કમતા સાથે કટોકટીનો સામનો કરેલો.

માર્ચ ૧૯૩૦માં મીઠાના સત્યાગ્રહ (દાંડીકૂચ) વખતે કસ્તુરબાએ ઉતરાણ (જિ. સુરત)માં બહેનોની ટુકડી સાચવી પિકેટિંગમાં મોખરે રહેલા. એપ્રિલ ૧૯૩૦માં આશ્રમની સ્વયં સેવિકાઓની ટુકડી સાથે કસ્તુરબા અને જીવનભર બાના સાચા સાથી બનેલાં મીઠુબહેન પીટીટ (૧૮૯૨-૧૯૭૩) વગેરે વિદેશી દારૂના પીઠાં પર મોરચો લઈ ગયેલા. આ સબબ ૧૯૩૨-૩૩માં તેમણે કારાવાસ ભોગવ્યો. તે પછી એક દાયકો (૧૯૩૩-૪૩) બા સેવાગ્રામ (વર્ધા) રહ્યા હતા. ૧૯૩૮ના 'રાજકોટ સત્યાગ્રહ' વખતે તેમને એકાંતવાસની સજા થયેલી.

● **આખરી અગ્નિ પરીક્ષા :**

૧૯૪૨માં છેલ્લી કસોટી પણ આવી. 'કરેંગે યા મરેંગે'ના નિશ્ચય સાથે અંગ્રેજો સામે છેડાયેલી 'ભારત છોડો'ની લડતમાં ૯મી ઓગસ્ટે ગાંધીજી અને અન્ય પ્રમુખ નેતાઓ સાથે કસ્તુરબા પણ પુનાના 'આગાખાન મહેલ'માં કેદ થયા પછી ક્યારેય પાછા બહાર આવી શક્યા નહીં. એક અઠવાડિયા બાદ ૧૫મી ઓગસ્ટે મહાદેવભાઈ દેસાઈ (૧૮૯૨-૧૯૪૨)નું જેલમાં અવસાન થતાં કસ્તુરબાના માનસિક પરિતાપમાં વધારો થયો.

માર્ચથી ડિસેમ્બર ૧૯૪૩ વચ્ચે તેમને હૃદયરોગના અનેક હુમલા આવ્યા. **૨૦મી ફેબ્રુઆરી, ૧૯૪૪ના રોજ તેમની તબિયત વધુ લથડી અને અંતે ૨૨મી ફેબ્રુઆરી (મહા શિવરાત્રી)ની સાંજે બાએ બાપુના ખોળામાં છેલ્લો શ્વાસ છોડ્યો.** એમના અગ્નિસંસ્કાર ત્યાં જ કરવામાં આવેલા. આજે પણ એ સ્થળે કારુણ્યમૂર્તિ કસ્તુરબા અને કર્તવ્યનિષ્ઠ મહાદેવભાઈની સમાધિઓ જોવા મળે છે.

શરૂઆતમાં આશ્રમવાસીઓ જ કસ્તુરબાને પ્રેમથી 'બા' કહી બોલાવતા, પરંતુ તે પછી તો તેઓ આખા દેશના 'બા' બની ગયા. બા અને બાપુનો સંબંધ નિર્વિકારી હતો. ભાઈ-બહેન, પિતા-પુત્રી, પતિ-પત્નીના સંબંધોનો સરવાળો કરી ખુદ બાપુ પણ તેમને 'બા' જ કહેતા! ખુદ ગાંધીજીએ કસ્તુરબાનું કેવું મૂલ્યાંકન કર્યું છે? : "હું અહિંસાના પાઠ મારી પત્ની પાસેથી શીખ્યો છું. ત્રીસ વર્ષો સુધી તેમણે મારી માતાનું સ્થાન પૂર્યું છે. જો બાનો સાથ ન હોત તો હું આટલો ઊંચે ચડી શક્યો જ ન હોત."

● **સંવેદનશીલ સન્નારીની સ્મૃતિઓ :**

બાની કાયમી સ્મૃતિમાં ગાંધીજીએ ૧૯૪૫માં **'કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ'ની** સ્થાપના કરી હતી, જેનું મુખ્ય મથક કસ્તુરબાગ્રામ - ઈંદોર (મધ્ય પ્રદેશ)માં આવેલું છે. દક્ષિણ ગુજરાતમાં નવસારી જિલ્લામાં બાની પુણ્ય સ્મૃતિ સાચવતાં બે સ્થાનો ઊભા છે. તેમાં મીઠુબહેન પીટીટે મરોલીમાં **'કસ્તુરબા આશ્રમ'** અને સરકારે ઊભરાટમાં **'કસ્તુરબા વિશ્રામ'** સ્થાપેલો છે. કસ્તુરબા આશ્રમ સ્વરાજ્યની લડતમાં સૈનિકોનું આશ્રયસ્થાન બન્યો હતો.

રાજકોટ જિલ્લામાં રાજકોટ-ભાવનગર રોડ પર રાજકોટથી ૧૫ કિ.મી.ના અંતરે સરધાર ગામથી પહેલાં ત્રંબા નાને નાનકડું ગામ આવે છે. અહીં એમને 'રાજકોટ સત્યાગ્રહ'ની સજારૂપે ૧૧મી ફેબ્રુઆરીથી ૬ માર્ચ, ૧૯૩૯સુધી નજરકેદ હેઠળ રખાયા હતા. આ સ્થળે પાછળથી બાની સ્મૃતિમાં કસ્તુરબા આશ્રમ સ્થપાયો હતો, જે **'કસ્તુરબા ધામ'** તરીકે જાણીતો થયો. વર્ષો પહેલાં અહીંથી 'આશ્રમબંધુ' નામે માસિક પણ બહાર પડતું હતું.

૨૦૦૩થી **કસ્તુરબાની જન્મજયંતિનો દિવસ ૧૧મી એપ્રિલ** દેશભરમાં 'રાષ્ટ્રીય સલામત માતૃત્વ (જનની સુરક્ષા) દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

● **ખાસ ટપાલ ટિકિટો પર સ્થાન :**

અત્યાર સુધી કસ્તુરબા ગાંધીને સમયાંતરે ચાર વખત ટપાલ ટિકિટો પર સ્થાન મળ્યું છે. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૬૪ના તેમની ૨૦મી પુણ્યતિથિના અવસર પર આછા બદામી (ખનીજ લાલ) રંગમાં અને ઊભા આકારમાં ૧૫ પૈસા મૂલ્યની ખાસ સ્મૃતિ ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી. જેના પર ગાંધીજીના તસવીરકાર કનુ ગાંધી (૧૯૧૭-૧૯૮૬)એ દોરેલી કસ્તુરબાની તસવીર આપવામાં આવી છે.

'ગાંધી શતાબ્દી' પ્રસંગે ટપાલ વિભાગ દ્વારા ૨જી ઓક્ટોબર, ૧૯૬૯ના રોજ ૨૦ પૈસા, ૭૫ પૈસા, ૧ રૂપિયો અને ૫ રૂપિયા મૂલ્યોની ચાર ખાસ ટિકિટોનો સેટ પ્રસિદ્ધ કરવામાં આવેલો. તેમાં ૨૦ પૈસા મૂલ્યની ભૂખરા રંગની આડા આકારની ટિકિટ પર બા અને બાપુ બંનેની તસવીર દર્શાવવામાં આવી છે.

૧૯૯૫માં કસ્તુરબા ટ્રસ્ટની સુવર્ણ જયંતિ અવસરે બાની પુણ્યતિથિના દિવસ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના એક રૂપિયા મૂલ્યની ખાસ ટિકિટ પ્રગટ કરવામાં આવેલી. આછા લીલા, લાલ અને રાખોડી રંગોમાં મુદ્રિત આ ઊભા આકારની સ્ટેમ્પ પર ઉપર બા અને નીચે કસ્તુરબા ગ્રામનું ચિત્ર આલેખાયું છે.

તે પછી છેલ્લે ચંપારણ સત્યાગ્રહ શતાબ્દી પ્રસંગે ૧૩મી મે, ૨૦૧૭ના ૫, ૧૦ અને ૨૫ રૂપિયા મૂલ્યોની ઘેરા આસમાની રંગની ત્રણ ટિકિટોનો સંપુટ બહાર પાડવામાં આવેલો. તેમાં દસ રૂપિયાની ચોરસ આકારની ટિકિટ પર બાની તસવીર સાથે નારી શિક્ષણનું ચિત્ર અને કસ્તુરબા ગ્રામનું ચિત્ર આલેખાયું છે.

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર-૧,*
*ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

*૧૯૧૯ની ૧૩મી એપ્રિલે અમૃતસરના જલિયાંવાલા બાગમાં ચળવળકારીઓ એકઠા થયા હતા. એ વખતે પંજાબીઓનો તહેવાર વૈશાખી હતો. ત્યાંના અંગ્રેજ અધિકારી રેજિનાલ્ડ ડાયરે પોતાની સેનાને આ ટોળી પર ગોળીબાર કરવાનો હુકમ આપ્યો હતો. આ સમયે લગભગ 1000 વ્યક્તિઓના મોત થયા હતા.*

જળ સંપત્તિ

# ગુજરાત રાજ્યની નર્મદા યોજનાના અંતિમ ચરણનું વિહંગાવલોકન



અશોક મહેતા

● **યોજનાના આયોજન :**

ગુજરાત અને મધ્ય પ્રદેશની વચ્ચે નર્મદા યોજનાના પાણી ફાળવવા માટે વર્ષ ૧૯૬૯માં જળપંચની રચના કરવામાં આવી. ૧૯૭૯માં તેનો ચુકાદો આવ્યો. આ ચુકાદાના હિસાબે ગુજરાતને ૯.૦૦ M.A.F. પાણી ફાળવવામાં આવ્યું. તેમાંથી ૭.૯૪ M.A.F. પાણી ખેતી માટે, ૦.૮૬ M.A.F. પાણી પીવા / ઘર વપરાશ માટે અને ૦.૨ M.A.F. પાણી ઉદ્યોગો માટે ફાળવવામાં આવ્યા. ખેતી માટેના ૭.૯૪ M.A.F. પાણીથી ગુજરાતની ૧૮ લાખ હેક્ટર જમીનના વિસ્તારમાં ખેતી માટે પાણી પહોંચાડી, તેના દ્વારા કેટલાક સ્થળે વર્ષમાં એક પાક અને કેટલાક સ્થળે બે પાક લેવાના આયોજન વિચારાયેલ હતા.

● **યોજનાનો અંદાજિત ખર્ચ :**

ત્યારબાદ ગુજરાતની આ યોજનાના એસ્ટિમેટ બનાવવામાં આવ્યા કે જેની કિંમત એ સમયે રૂા. ૬,૦૦૦ કરોડ થયેલ હતી. પ્રોજેક્ટની કાર્યવાહી માટે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની રચના કરવામાં આવી અને ભગીરથ કાર્યનો આરંભ કરી દેવામાં આવ્યો. એ સમયે ગુજરાતની જનતા ખૂબ જ ઉત્સાહિત હતી અને તેના સારા પરિણામોની અપેક્ષા સેવવામાં આવી હતી.

● **યોજનાની વિભાગીય ઓફિસો :**

ચુકાદાના ૩૯ વર્ષ બાદ આજે એટલે કે વર્ષ ૨૦૧૯માં આ પ્રોજેક્ટની શું પરિસ્થિતિ નિર્માણ થવા પામેલ છે તેનું વિહંગાવલોકન આપણે આ લેખ દ્વારા કરીશું.

સરદાર સરોવર નર્મદા નિગમે આ પ્રોજેક્ટની સ્થળ પરની કાર્યવાહી માટે વિવિધ ૩૮ જેટલી વિભાગીય ઓફિસોની રચના કરેલ છે કે જેના દ્વારા આ કાર્યવાહી આગળ ચાલી રહી છે. આ ૩૮ વિભાગીય ઓફિસો સિવાય સમગ્ર યોજનાના સંચાલન માટે અન્ય અનેક ઓફિસોની પણ રચના કરવામાં આવી છે. આ દરેક ઓફિસના સ્ટાફના પગાર વગેરે ખર્ચ તથા અન્ય વહીવટી ખર્ચ ગંજાવર પ્રમાણમાં રહેવા પામેલ છે.

● **યોજનાના છેલ્લા તબક્કાના પરિણામો :**

ગુજરાતના આ અતિ મહત્ત્વના પ્રોજેક્ટની પૂરેપૂરી જાણકારી મેળવવા આ ૩૮ વિભાગીય ઓફિસો પર **"કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ"** દ્વારા જાહેર અધિકાર અધિનિયમના **કાયદા હેઠળ આર.ટી.આઈ.** અરજી જુલાઈ-૨૦૧૮ના અંતભાગે કરવામાં આવેલ હતી. લગભગ દોઢ મહિના બાદ ૧૯ વિભાગીય ઓફિસોના પ્રત્યુત્તર આવી ગયેલ હતા. અન્ય ઓફિસોના પ્રત્યુત્તર આવવાના બાકી રહે છે અથવા ઈરાદાપૂર્વક જવાબ આપવાનું ટાળવામાં આવે છે. આ ૧૯ વિભાગીય ઓફિસોના પ્રત્યુત્તર પરથી ૩૮ ઓફિસોની કાર્યવાહીના સમીકરણો બનાવવામાં આવ્યા (કારણકે ડિસેમ્બર-૨૦૧૮ના અંત સુધી પણ હજુ અનેક ઓફિસોએ જવાબ આપેલ નથી) કે જેના તારણો ખૂબ જ ચોંકાવનારા સાબિત થઈ રહ્યા છે. જે યોજનાના ખૂબ જ ગુણગાન ગાવામાં આવે છે તેના છેલ્લા તબક્કાના પરિણામો ખૂબ જ નિરાશાજનક સાંપડી રહ્યા છે.

● **યોજનાનો અનેકગણો ખર્ચ :**

સૌપ્રથમ તારણ એ આવે છે કે રૂા. ૬૦૦૦ કરોડની મૂળ યોજનાની સામે અત્યાર સુધી રૂા. ૬૦,૦૦૦ કરોડનો ખર્ચ થઈ ચૂકેલ છે. છતાં તેના ધાર્યા પરિણામો મેળવી શકાયેલ નથી અને તેમાં અનેક ઉણપ રહી જવા પામેલ છે.

● **પાણી મંડળીઓ :**

યોજનામાં એ રીતે વિચારવામાં આવ્યું હતું કે આ પાણીનો વપરાશ કરતા ખેડૂતોની, તેની આજુબાજુના ૧૦-૧૨ ગામની એક ખેડૂત મંડળી (પાણી મંડળી) બનાવવામાં આવે. નિગમ આ મંડળીને વોલ્યુમેટ્રિક પદ્ધતિથી પાણી પહોંચાડે. મંડળી, એ પાણી જે-તે ખેડૂત સભ્યના ખેતરો સુધી પહોંચાડે. નિગમ પાણી મંડળીને તેના વપરાશના પ્રમાણમાં બીલો આપે. મંડળી જે-તે ખેડૂત પાસેથી તેના વપરાશના પ્રમાણમાં બીલ બનાવી તેના ચાર્જ વસુલ કરે. આ પ્રકારની અંદાજિત ૪૫૦૦ મંડળીઓની રચના કરવાના આયોજનો વિચારાયેલ હતા કે જેની સામે અત્યાર સુધી માત્ર અંદાજિત ૨૮૦૦ મંડળીઓની રચના થઈ શકેલ છે. બાકીની મંડળીઓની રચના કરવાની આજે પણ બાકી રહેવા પામેલ છે. જે અંદાજિત ૨૮૦૦ મંડળીઓની રચના કરવામાં આવેલ છે, તેમાંની મોટાભાગની મંડળીઓ હજુ સુધી કાર્યરત થવા પામેલ નથી કે જેના પરિણામે ખેડૂતોને જોઈએ તે પ્રમાણમાં પાણી પહોંચાડી શકાતા નથી અથવા તો બિલકુલ

પહોંચાડવામાં આવતા નથી. જ્યાં ખેડૂત મંડળીઓની રચના કરવામાં આવેલ નથી એ વિસ્તારોના મોટાભાગના વિસ્તારોમાં તો બિલકુલ પાણી પહોંચાડાતા નથી. ખેડૂતોના ખેતર સુધી શાખા, પ્રશાખા, વિશાખા કેનાલો બનાવવામાં આવેલ ન હોવાથી કે પાઈપ લાઇન નાંખવામાં આવેલ ન હોવાથી ખેડૂતોના ખેતરો સુધી પાણી પહોંચાડી શકાતા નથી. મતલબ કે આ યોજનાનો હેતુ સાધી શકાતો જ નથી.

- **કેટલા વિસ્તારમાં પાણી પહોંચ્યા?**

આયોજન મુજબ ૧૮ લાખ હેક્ટર વિસ્તારમાં આ પાણી પૂરતી માત્રામાં એટલે ૨૦ ઇંચના ડેલ્ટાથી પહોંચાડવાના હતા કે જેની સામે વર્ષ ૨૦૧૬-૧૭ સુધી માત્ર ૬,૨૫,૦૦૦ હેક્ટર વિસ્તારમાં આ પાણી પહોંચાડાયા છે અને તે પણ જરૂરિયાત કરતા ખૂબ જ ઓછી માત્રામાં આ પાણી પહોંચાડવામાં આવેલ છે. જે ૬,૨૫,૦૦૦ હેક્ટર વિસ્તારમાં આ પાણી પહોંચાડાયા તેમાં નર્મદા નિગમ દ્વારા શાખા-પ્રશાખા વગેરે દ્વારા પહોંચાડાયેલ પાણી તેમજ ડીઝલ પંપથી ખેડૂતો ગેરકાયદેસર કે કાયદેસર રીતે લઈ જતા પાણી – એ બંને પ્રકારે મળીને ઉપરોક્ત વિસ્તારની ગણના કરવામાં આવેલ છે. **જ્યાં ૧૮ લાખ હેક્ટર વિસ્તારમાં પાણી પહોંચાડવાના હતા ત્યાં વર્ષ ૨૦૧૬-૧૭ના અંતે માત્ર ૬,૨૫,૦૦૦ હેક્ટર વિસ્તારમાં પાણી પહોંચાડી શકાયા તે આ યોજનાની ખૂબ જ મોટી ક્ષતિ અને અક્ષમતાના દર્શન કરાવે છે.**

- **સિંચાઇના પાણીની આવક :**

નિગમના નિયમ પ્રમાણે એક હેક્ટર વિસ્તારમાં એક વખત પાણી પહોંચાડવાનો ભાવ રૂા. ૩૨૮/- છે. આ હિસાબે એક પાક માટે એકથી વધુ વખત પાણીની જરૂરિયાત રહે છે અને તેની ગણતરી કરીએ તો ૧૮ લાખ હેક્ટર જમીનમાં પાણી પહોંચાડવા માટે નિગમનું ટોટલ બીલ રૂા. બે અબજ સત્યાસી કરોડનું દર વર્ષે બની શકે. પ્રોજેક્ટના અત્યાર સુધીના રૂા. ૬૦,૦૦૦ કરોડના ખર્ચ પછી નિગમે વર્ષ ૨૦૧૬-૧૭માં અંદાજિત માત્ર રૂા. ૩૫ કરોડના બીલ બનાવેલ છે અને તેની સામે માત્ર રૂા. ૩,૩૦,૦૦,૦૦૦/- (રૂપિયા ત્રણ કરોડ ત્રીસ લાખ)નું પેમેન્ટ આવેલ છે. **આ રીતે જ્યાં દર વર્ષે રૂપિયા બે અબજ સત્યાસી કરોડની આવક થવાની હતી તેની સામે માત્ર રૂપિયા ત્રણ કરોડ ત્રીસ લાખ અંદાજિત ઉપજાવી શકાયેલ છે.** આ સામે નિગમના સ્ટાફના તથા અન્ય વહીવટી ખર્ચાઓનું શું? અત્યારે તો જાહેર જનતાના ટેક્ષના નાણામાંથી જ નિગમ ચાલે છે. તાજેતરમાં જ વર્તમાનપત્રોમાં એ સમાચાર પ્રસારિત થયેલા હતા કે ગત વર્ષ દરમિયાન નિગમે રૂા. ૯૦૦ કરોડનું નુકસાન કરેલ છે. પાણી જેવી અમૂલ્ય વસ્તુ જેના દ્વારા વિતરણ કરવામાં આવે છે એ નિગમની આ પરિસ્થિતિ તેના અધિકારીશ્રીઓની નિષ્કાળજીના જ દર્શન કરાવે છે.

- **પાણીનો વપરાશ અને બાકી રહેતું પાણી :**

નિગમે ખેતી માટે ૭.૯૪ M.A.F. પાણીનો ઉપયોગ કરવાનો રહે છે. વર્ષ ૨૦૧૬-૧૭માં નિગમ પાસે ૧૮ લાખ હેક્ટરમાં ખેતી થઈ શકે તેટલું સિંચાઈ માટેનું પૂરતું પાણી હતું. જે સામે ૬,૨૫,૦૦૦ હેક્ટર વિસ્તારમાં પૂરતા જથ્થામાં પાણી આપવામાં આવે તો તે પાણીનો વપરાશ ૨.૮૩ M.A.F.થી વધુ ના થઈ શકે. આ રીતે ૭.૯૪ M.A.F. પાણીના જથ્થામાંથી ૨.૮૩ M.A.F. પાણીનો જથ્થો બાદ કરવામાં આવે તો બાકી ૫.૧૧ M.A.F. પાણી બચવું જોઈએ. તે સામે નિગમે જવાબ આપેલ છે કે ૫.૧૧ M.A.F. પાણીના બદલે માત્ર ૦.૧૭ M.A.F. પાણીનો જથ્થો આગલા વર્ષ માટે કેરી ઑવર કરવામાં આવેલ છે. **આ રીતે ૪.૯૪** M.A.F. **પાણીના વપરાશનો નિગમ કોઈ સંતોષજનક જવાબ આપી શકતું નથી.** જાહેર જનતાને આ ૪.૯૪ M.A.F. પાણીનું શું કરવામાં આવ્યું તે જાણવાનો પૂરેપૂરો અધિકાર છે. અધિકાર અધિનિયમના કાયદા હેઠળ નિગમને આ પ્રશ્ન પૂછવામાં આવેલ છે. તેમ છતાં નિગમ આ પ્રશ્ને મૌન છે. મતલબ એ કે નિગમ આ પ્રશ્નનો જવાબ આપવા માંગતું નથી. તેની પાસે આ બાબતે કંઈક છુપાવવા જેવું છે. **જનતાએ આ પ્રશ્નનો જવાબ મેળવવો હોય તો પબ્લિક ઇન્ટરેસ્ટ લિટિગેશન કર્યા સિવાય અન્ય કોઈ પર્યાય બાકી રહેતો નથી.**

- **સમીક્ષા :**

ગુજરાત રાજ્યની "સરદાર સરોવર નર્મદા નિગમ"ની નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી, ગુજરાતના ખેતરે ખેતરે પહોંચાડવાની આ પ્રોજેક્ટના લગભગ છેવાડે આવી ગયેલ કાર્યની આ પરિસ્થિતિ છે કે જે જાણીને કોઈના પણ દિલમાં ગ્લાનિ ઉત્પન્ન થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામેલ છે.

ગુજરાતના દરેક રાજકીય પક્ષને તથા દરેકે દરેક જાહેર કાર્યકરને આ બાબતે ઉંડાણમાં ઉતરવાનું ઈજન આપવામાં આવે છે અને નિગમની કાર્યવાહી યોગ્ય દિશાના પરિણામો મેળવે તેવા પ્રકારના પ્રયાસો જારી રાખવા અનુરોધ કરવામાં આવે છે.

નિગમ ઉપરોક્ત દરેક પ્રશ્નોના તેના આંકડાકીય ખુલાસો કરે તે આવકાર્ય રહેશે.

જે ગ્રીન યોજના થકી ગુજરાત ખરેખર ગ્રીન બની શકે તેમ હતું તેમ છતાં આ સંપૂર્ણ પ્રોજેક્ટના અંતિમ ચરણમાં આ પ્રકારની દુર્દશા અને કફોડી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ તેનો રંજ ગુજરાતના દરેક નાગરિકને થવા પામેલ છે. હજુ પણ શક્ય હકારાત્મક કાર્યવાહીની અપેક્ષા રાખવામાં આવે છે.

## નર્મદા યોજનાની આંકડાકીય માહિતી પર એક દૃષ્ટિપાત

★ *રૂા. ૬,૦૦૦ કરોડની મૂળ યોજના પાછળ રૂા. ૬૦,૦૦૦ કરોડથી પણ વધુ રકમના ખર્ચ બાદ પ્રોજેક્ટની અંતિમ પરિસ્થિતિ ખૂબ જ નિરાશાજનક છે.*

★ *૪૫૦૦ "પાણી મંડળી" રચનાના આયોજનો પછી અને યોજનાના ૩૯ વર્ષ પછી પણ માત્ર ૨૮૦૦ મંડળીઓની રચના થઈ શકેલ છે અને તેમાંથી પણ મોટાભાગની મંડળીઓ નિષ્ક્રિય છે.*

★ *૧૮ લાખ હેક્ટર વિસ્તારમાં પાણી પહોંચાડવાના બદલે માત્ર ૬,૨૫,૦૦૦ હેક્ટર વિસ્તારોમાં પાણી પહોંચાડી શકાયા છે.*

★ *ખેતી માટે ૭.૯૪ એમ.એ.એફ. પાણીના પૂરતા જથ્થા સામે વર્ષ ૨૦૧૬-૧૭માં ૨.૮૩ **M.A.F.** પાણી વાપરી શકાયું છે તે આ યોજનાની નિષ્ફળતા દર્શાવે છે.*

★ *૭.૯૪ **M.A.F.** પાણીના જથ્થામાંથી ૨.૮૩ **M.A.F.** પાણીનો વપરાશ અને ૦.૧૭ **M.A.F.** પાણી કેરી ઓવર કર્યા બાદ બાકી રહેતા સિંચાઈના ૪.૯૪ **M.A.F.** પાણીનું શું કરવામાં આવ્યું તેનો નિગમ તરફથી કોઈ પણ પ્રકારનો પ્રત્યુત્તર મળી શકતો નથી.*

★ *જ્યાં અંદાજિત દર વર્ષે સિંચાઈના પાણીના રૂા. ૩ અબજના બીલ બનવા જોઈએ તેની સામે વર્ષ ૨૦૧૬-૧૭માં માત્ર રૂા. ૩૫ કરોડના બીલ બન્યા છે અને પેમેન્ટ તો રૂપિયા ત્રણ કરોડ ત્રીસ લાખનું જ આવેલ છે. આ કેવા પ્રકારનો વહીવટ?*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯***

## જિંદગી બદલી નાખે તેવું કડવું સત્ય છે

એ વાતનું ધ્યાન રાખો કે સમય અને સ્થિતિ ક્યારેય પણ બદલાઈ શકે છે.

★ એટલા માટે ક્યારેક કોઈનું અપમાન ન કરવું.

★ ક્યારેય કોઈને નીચા ન ગણવા.

★ તમે શક્તિશાળી છો પણ સમય તમારાથી પણ વધારે શક્તિશાળી છે.

★ એક વૃક્ષથી લાખો માચીસની સળીઓ બનાવી શકાય છે, પણ એક માચીસની સળીથી લાખો વૃક્ષ પણ સળગી જાય છે.

★ કોઈ માણસ કેટલો પણ મહાન કેમ ન હોય, પણ કુદરત ક્યારેય કોઈને મહાન બનવાનો મોકો નથી આપતો.

★ કંઠ આપ્યો કોયલને તો રૂપ લઈ લીધું
રૂપ આપ્યું મોરને તો ઈચ્છા લઈ લીધી
આપી ઈચ્છા ઈન્સાનને, તો સંતોષ લઈ લીધો
આપ્યો સંતોષ સંતને તો સંસાર લઈ લીધો
આપ્યો સંસાર ચલાવવા દેવી-દેવતાઓને તો તેની પાસે પણ મોક્ષ લઈ લીધો.

★ **ન કરશો ક્યારેય અભિમાન પોતાની જાત પર 'એ ઈન્સાન' ભગવાને મારી અને તમારી જેવા કેટલાને માટીથી બનાવ્યા છે અને માટીમાં મેળવી નાખ્યા છે.**

★ માનવી ફક્ત ત્રણ વસ્તુઓ માટે જ મહેનત કરે છે : મારું નામ ઊંચું થાય, મારા કપડા સારા હોય, મારું મકાન સુંદર હોય. પરંતુ માણસ જ્યારે મરે છે ત્યારે ભગવાન તેની આ ત્રણેય વસ્તુ સૌથી પહેલા બદલી નાખે છે.
નામ (સ્વર્ગીય) ● કપડા (કફન) ● મકાન (સ્મશાન)

જીવનનું કડવું સત્ય, જે આપણે સમજવા જ નથી માંગતા. મહાન પુરુષે ખૂબ સુંદર લાઈન લખી છે.

***"એક પથ્થર ફક્ત એક જ વાર મંદિર જાય છે અને ભગવાન બની જાય છે, જ્યારે માનવી દરરોજ મંદિર જાય છે તો પણ પથ્થર જ રહે છે."***


★ એક મહિલા પુત્રને જન્મ આપવા માટે પોતાની સુંદરતાનો ત્યાગ કરે છે... અને તે જ પુત્ર એક સુંદર પત્ની માટે પોતાની માતાનો ત્યાગ કરે છે.

★ લાઈફમાં આપણને બધી જગ્યાએ 'સક્સેસ (જીત)' જોઈએ છે. ફક્ત ફૂલવાળાની દુકાન એવી છે જ્યાં આપણે કહીએ છીએ કે "હાર" આપજો...

***પ્રેષક : હસમુખ બી. શાહ (ખાંડવાલા)***

વિકાસ

# આંતર માળખાકીય વિકાસ માટે જમીન સંપાદનની નવી પદ્ધતિ અપનાવાય તો વગર સંઘર્ષે સામેથી જમીન મળે



કિરણ ચાંપાનેરી 'સેતુ'
ફ્રીલાન્સ પત્રકાર

કોઈ પણ રાષ્ટ્રનો વિકાસ તેનું આંતરમાળખું કેટલું સારું અને સુદ્રઢ છે તેના પર આધારિત છે. આંતરમાળખામાં ટ્રાન્સપોર્ટ, રોડ, ઍરપોર્ટ, બંદર, નહેર, ડૅમ, વીજળી વગેરે આવી જાય. ત્રણસો વર્ષ પહેલાની વાત કરીએ તો વાહન વ્યવહારના ખાસ સાધનોનો આવિષ્કાર થયો નહોતો. પણ હાથી, ઘોડા, ઊંટ, ગધેડા, ભેંસ કે પાડાનો લોકો એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા અને માલસામાન વહન કરવા માટે ઉપયોગ કરતા. એ વખતે રસ્તા-રોડ પણ કાચા હતા. આપણા દેશને આઝાદ થયા પછી સમયાંતરે અને ઉદ્યોગ ધંધા માટે ઝડપી વાહન વ્યવહાર માટે ધીમે ધીમે સડક સુવિધા વધતી રહી છે. રેલવે તો અંગ્રેજોએ પોતાના ધંધાને માટે વિકસાવેલી. રેલવે સુવિધાને માત્ર આપણે વિસ્તારી રહ્યા છીએ. બંદર વેપાર તો સદીઓથી ચાલ્યો આવે છે. પણ બંદરોના વિકાસમાં પણ અંગ્રેજોનો આભાર માનવો પડે! ભારતની સંપત્તિને પોતાના દેશમાં ઘસડી જવા માટે રેલવે અને બંદરોને અંગ્રેજોએ વિકસાવેલા. **ડેમ, નહેર અને વીજળીની વ્યવસ્થાનો વિકાસ આપણે આઝાદી પછી કરતા થયા છીએ.**

આ આંતરમાળખાકીય સુવિધાના વિકાસ અને વિસ્તરણ માટે જમીનની જરૂરત રહે છે. આ જરૂરી જમીન સંપાદનનું કામ ઘણું કપરું અને કઠિન છે. **જમીનના માલિક પાસેથી જમીન સંપાદન કરવી ખૂબ અઘરી બાબત છે.** વાસ્તવમાં તો ભારત કે કોઈ પણ રાષ્ટ્રમાં જમીન અને સઘળી કુદરતી સંપત્તિની માલિકી જે તે રાષ્ટ્રની સરકારની હોય છે. ભારત દેશની વાત કરીએ તો સરકાર જમીનના માલિક છે. જમીનદાર, ખેડૂતો તો માત્ર અને માત્ર લીઝ હોલ્ડરો છે. ખેડૂતો અને જમીનદારો આ વાત વિસરી ગયા છે અને તેથી જમીનના માલિક બની બેઠા છે. અને જ્યારે જ્યારે રોડ, રેલવે, ઍરપોર્ટ, બંદર, ડૅમ, નહેર, વીજળી વાયરના થાંભલાની સુવિધા ઊભી કરવા જમીન સંપાદન કરવાની વાત આવે છે ત્યારે સરકાર અને ખેડૂત, જમીન માલિક વચ્ચે સંઘર્ષ થાય છે અને યોજના ખોરંભે ચડે છે. વિલંબીત રીતે થાય છે.

અમદાવાદથી મુંબઈની બુલેટ ટ્રેન માટે **જમીન આપવા માટે વિરોધ થઈ રહ્યો છે** અને બુલેટ ટ્રેનના પ્રોજેક્ટમાં વિલંબ અને અડચણ ઊભી થઈ રહી છે. **આજ વાત ચાઇનામાં હોય તો ત્રણ દિવસ પહેલા નોટિસ આપવામાં આવે અને પાંચમાં દિવસે તો ત્યાં રોડ કે રેલવેનું કામ શરૂ થઈ જાય છે.** ચાઇનામાં આજે ૧૮,૦૦૦ કિ.મી.ની મેટ્રો ટ્રેઇન દોડી રહી છે. ચાઇનામાં સ્પીડના આધારે ટ્રેઇનનું એ, બી, સી, ડી, ઇ અને એફમાં વર્ગીકરણ કરેલ છે. તેના ટ્રેક જુદા, સ્ટેશન જુદા, સ્ટાફ જુદો. ૧૯૮૮માં ચાઇનામાં સેંઝલથી લીમ્બો ચાર વાર ટ્રેઇન - બસ બદલીને ૭૨ કલાકે પહોંચાતું હતું, તે આજે ૨૫૦ કિ.મી. / કલાકની ઝડપથી દોડતી સુપરફાસ્ટ ટ્રેનમાં માત્ર ૧૧ કલાકમાં પહોંચાય છે. જ્યારે આપણે ત્યાં મુંબઈથી અમદાવાદ સુધીની ૫૦૦ કિ.મી.ની મેટ્રો ટ્રેનની હજુ વાતો કરીએ છીએ.

આજે ભારતમાં જમીન સંપાદન પદ્ધતિમાં પરિવર્તન કરવાની જરૂર છે. મોરબીની અજંતા કંપનીની ઘડિયાળો દેશ અને દુનિયાભરના ઘરની દીવાલો પર શોભી રહી છે અને સમય બતાવી રહી છે. એ જ રીતે ઓરેવા કંપનીના લેમ્પ ઘરઘરમાં પ્રકાશ પાથરી રહ્યા છે. **આ અજંતા અને ઓરેવા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર જયસુખભાઈ ઓધવજીભાઈ પટેલના મતાનુસાર** હાલની જમીન સંપાદન પદ્ધતિમાં માત્ર થોડોક ફેરફાર કરી તેનો અમલ કરવામાં આવે તો જમીન માલિકો સામેથી અને હોંશભેર જમીન સંપાદનમાં સહકાર આપે. હાલમાં જમીન સંપાદન પદ્ધતિમાં રોડ કે રેલવે ટ્રેકની બંને બાજુની નજીકની ૧૦૦ ટકા જમીન સંપાદિત કરવામાં આવે છે. જેના કારણે જમીન માલિકની ૧૦૦ ટકા જમીન કપાત થઈ જતી હોવાથી ખૂબ જ નારાજ અને ગુસ્સે થાય છે કારણકે તેની સંપાદન થયેલ જમીનમાંથી જે રોડ, રેલવે, કેનાલ નીકળે છે અને તે વિસ્તારમાં જે ડેવલપમેન્ટ ભવિષ્યમાં થશે તેનો કોઈ જ લાભ કે બેનિફિટ તેને મળશે નહીં. જ્યારે તેની બાજુમાં જેની જમીન આવેલ છે તેને બધા લાભ મળશે. આ બધા ડેવલપમેન્ટ થવાના કારણે જે જમીન પ્રાઇઝ ઊંચકાશે તેનો પણ લાભ તેને મળશે નહીં. આ કારણસર આજે ભારતમાં જમીન સંપાદન માટે લોકો તૈયાર થતા નથી અને લીગલ ઇસ્યુ,

કોર્ટમાં સ્ટે, સરઘસો, આંદોલન વગેરે થતા હોય છે અને **જમીન સંપાદનની પ્રક્રિયામાં ખૂબ જ સમય અને કાનૂની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે** અને ડેવલપમેન્ટની પ્રક્રિયા ખૂબ સમય માંગી લે છે. એટલે કે હાલની આપણી જમીન સંપાદન પદ્ધતિમાં જો નીચે આપેલ સજેશન મુજબ ફેરફાર કરવામાં આવે તો ખેડૂતો, જમીન માલિકો રાજીખુશીથી અને કદાચ વિના મૂલ્યે જમીન આપવા તૈયાર થાય અને કદાચ ખેડૂતો, જમીન માલિકો સામેથી સરકારશ્રીને રજૂઆત કરે કે અમારી જમીન સંપાદન કરો!

હાલની જમીન સંપાદન પદ્ધતિમાં આ પ્રમાણે માત્ર થોડોક ફેરફાર કરવામાં આવે તો જમીન સંપાદિત કરવામાં ઘણી જ સરળતા થઈ જાય. જેમાં એક જ જમીન માલિકની ૧૦૦ ટકા જમીન સંપાદન કરવાના બદલે જ્યાંથી રોડ, કેનાલ, રેલવે નીકળવાની શક્યતાઓ છે તેના સેન્ટરથી બંને બાજુ ૧ કિલોમીટર સુધીમાં (જે એક કિ.મી. સુધીની લંબાઈમાં જરૂરિયાત મુજબની લેન્ડ) **જુદા જુદા જમીન માલિકો પાસેથી ૩ ટકાથી લઇને ૧૨ ટકા સુધીની જમીન સંપાદન કરવી જોઈએ. જેનો રેશિયો નીચે પ્રમાણે હોવો જોઈએ :**

A. રોડના સેન્ટરથી બંને બાજુમાં ૨૫૦ મીટર સુધીની હદમાં જે જમીન આવતી હોય તેની ટોટલ જમીનમાંથી ૧૨ ટકાના હિસાબે જમીન સંપાદન કરવી જોઈએ. જેના કારણે તેની બાકીની લેન્ડ ૮૮ ટકા લેન્ડ રોડ ટચ રહે અને ભવિષ્યમાં તેને માર્કેટ વેલ્યુ વધારે મળે.

B. રોડના સેન્ટરથી બંને બાજુ ૨૫૦ મીટર પછી અને ૫૦૦ મીટરની વચ્ચે જેની લેન્ડ આવતી હોય તેની ટોટલ લેન્ડમાંથી ૯ ટકા જમીન સંપાદન કરવી જોઈએ.

C. રોડના સેન્ટરથી બંને બાજુ ૫૦૦ મીટર પછી અને ૭૫૦ મીટરની વચ્ચે જેની લેન્ડ આવતી હોય તેમાંથી ૬ ટકા જમીન સંપાદન કરવી જોઈએ.

D. રોડના સેન્ટરથી બંને બાજુ ૭૫૦ મીટર પછી અને ૧૦૦૦ મીટરની વચ્ચે જેની જમીન આવતી હોય તેમાંથી ૩ ટકાના હિસાબે જમીન સંપાદન કરવી જોઈએ.

**આ પદ્ધતિથી જમીન સંપાદન કરવામાં આવે તો પ્રોજેક્ટ મુજબની જરૂરી જમીન આસાનીથી સંપાદિત થઈ શકે** અને જમીન માલિકો સામે ચાલીને પોતાની જમીન આપવા તૈયાર થશે! કારણકે :

૧. ૨૫૦ મીટરની હદમાં આવતી જમીન માલિકની ૮૮ ટકા જમીન રોડ ટચ થઈ જશે. તેથી ૮૮ ટકા જમીનની બજાર કિંમત ૨૦થી ૨૫ ટકા વધી જશે. આ પ્રમાણે જ ૫૦૦ મીટર, ૭૫૦ મીટર અને ૧૦૦૦ મીટરવાળાની પણ બજાર કિંમતમાં ૧૦ ટકાથી ૨૦ ટકા સુધી વધારો થશે અને તેની ૧૦૦ ટકા જમીન સંપાદન ન થવાથી કપાતમાં ન જવાથી ખુશી થશે.

૨. આજે જમીન માલિકની જમીન ખૂણાંખાંચાવાળી અનિયમિત આકારની છે. ક્યાંક ગોળાકાર શેઢા, ક્યાંક ત્રિકોણાકારે ખેતરો હોય છે. પરંતુ આ પ્રમાણે નવી પદ્ધતિએ જમીન સંપાદન થયા પછી નવેસરથી માપણી થઈને આખરે જમીન ચોરસ, લંબચોરસ આકારમાં ખાંચાખૂંચી વગેરે નીકળી જશે અને બગાડ ઓછો થશે. ખેતી કરવાની પણ સરળ બનશે.

૩. રોડના સેન્ટરથી બંને બાજુ દર ૧ કિ.મી.ના અંતરે એક ૧૮ મીટરનો રોડ ૧ કિ.મી. ઉંડાઈ સુધીનો મૂકવાથી તેની જમીનને ૧૮ મીટરનો રસ્તો મળશે. તેનાથી જમીનની કિંમત વધશે અને મુખ્ય રોડ સાથે તેને સીધું જોડાણ મળશે. સાંકડા રોડની જગ્યાએ ૧૮ મીટરનો ડાયરેક્ટ હાઈવેનો એપ્રોચ મળશે.

૪. આ રીતે જમીન સંપાદન કરવાથી જમીન માલિકને પોતાની જમીનની બજાર કિંમત વધશે. જમીનનો નવો આકાર મળશે, નવું ડેવલપમેન્ટ આવશે અને તેઓ જમીન આપવા ફ્રી ઓફ ચાર્જે પણ રાજી થશે કારણકે તેમની જમીનની કનેક્ટિવિટી ડાયરેક્ટ મેઈન રોડ સાથે મળશે.

૫. આ રીતે જમીન સંપાદન કરવાથી સરકારને ફ્રી ઓફ ચાર્જ ૮૪ મીટરનો રોડ + ૧૮ મીટરના ઈન્ટરનલ રોડ માટે જે જમીન જોઈએ તેનાથી પણ ૨થી ૩ ટકા જમીન વધારે મળશે. આ વધારાની જમીનનો ઉપયોગ સરકાર પોલીસ સ્ટેશન, હોસ્પિટલ, ફાયર બ્રિગેડ, સ્કૂલ, પાવર ગ્રીડ, બસ સ્ટેશન જેવી જાહેર સેવાઓ માટે કરી શકે.

આ પ્રકારે જમીન સંપાદિત કરવાનું માપણી સાથેનું ચિત્ર જોતાં સ્પષ્ટ સમજાય છે. બીજું, આજ પદ્ધતિએ રેલવે, નહેર, ડેમ, ટ્રાન્સમિશન લાઇનો, ગવર્નમેન્ટ ઇન્ફ્રા પ્રોજેક્ટ માટે જમીન સંપાદન થઈ શકે. સરકાર દ્વારા આ પદ્ધતિએ જમીન સંપાદન કરવામાં આવે તો જમીન માલિકો તથા સરકારને ઘણી મોટી રાહત થશે. **આંદોલન અને સંઘર્ષ વગર જમીન સંપાદિત થાય અને વિના વિલંબે પ્રોજેક્ટ નિર્ધારીત સમયમાં પૂર્ણ થઈ પ્રજાની સેવામાં મૂકી શકાય.**

આપણાં દેશમાં આજે રોડ ડેવલપ કરવા ઘણાં જ અગત્યના છે. આપણે વર્ષોથી 'રોડ' બનાવીએ છીએ જેવા કે જે સિંગલ રોડ હોય તેને ડબલ કરીએ છીએ અને જે ડબલ હોય તેને થ્રી લાઇન કરીએ છીએ અને જે થ્રી લાઇન હોય તેને ફોર લાઇન કરીએ છીએ અને ફોર લાઇન હોય તેને આપણે સિક્સ

લાઈન કરીએ છીએ. આપણા દેશમાં લગભગ ૫૦ વર્ષથી આ મુજબ રોડનું ડેવલપમેન્ટ કરીએ છીએ. જે રોડ હોય તેને જ ૨થી ૫ વર્ષ પછી દર વખતે મોટા કરતા જઈએ છીએ જે એક સામાન્ય વાત છે. આપણે ક્યારેય નવા લોકેશન ઉપરથી નવા રોડ બનાવવાનું પ્લાનિંગ કરતા નથી કારણકે 'લેન્ડ સંપાદન'ના મોટા ઈસ્યુ ઊભા થાય છે.

પરંતુ જો આપણે થોડુંક વિચારીએ તો દર વખતે રોડ મોટા કરવા માટે જૂના રોડ, નાળા, બ્રિજ વગેરેને નકામા કરીને નવા બનાવીએ અને કરોડો રૂપિયા ખર્ચીને જૂના રોડ હોય તેને તોડી નાખીને નવા બનાવવા માટે બીજા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે.

આપણે બધા જાણીએ છીએ કે દેશભરમાં જૂના રોડ વિલેજ, સિટી પાસેથી અથવા વચ્ચેથી પસાર થતા હોય છે. તેના કારણે ઓવરબ્રિજ, ફ્લાય ઓવર, રોડ ડીવાઈડર અને ગામ કે શહેર પાસે જે લોકલ ટ્રાફિકના કારણે હાઈવે ઉપર પણ ટ્રાફિક જામના પ્રોબ્લેમો આવતા હોય છે.

પરંતુ જો આપણે નવી સંપાદન પદ્ધતિ અપનાવીને નવા જે લોકેશનો ઉપર રોડ બનાવીએ તો કરોડો રૂપિયાના જૂના બનાવેલ રોડને તોડીને નવા રોડ ન બનાવવા પડે અને નીચે પ્રમાણે ફાયદાઓ થાય.

A. જૂના રોડ, બ્રિજ, નાળા, પુલ, ફ્લાય ઑવર વગેરે વેસ્ટ ન થાય અને દેશને કરોડો રૂપિયાનો ફાયદો થાય.

B. નવા લોકેશન ઉપર નવા રોડ બનાવવાથી એડજેસ્ટિંગ રોડ ઉપરનો લોડ ઓછો થઈ જાય.

C. નવા લોકેશન ઉપર નવા રોડ બનવાથી રોડનું ડિસ્ટર્બન્સ ઓછું થાય અને નવા વિસ્તારો, વિલેજ, ગામને નવા રોડ મળે જેનાથી નવા રોડ ઉપર નવું ડેવલપમેન્ટ, રોજગારી, સિટીનું અંતર ઓછું થાય અને સિટી સાથેની કનેક્ટિવિટી સારી મળે.

D. નવા લોકેશન ઉપર નવા રોડ બનવાથી એગ્રિકલ્ચર, ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ફ્રા પ્રોજેક્ટને નવી લેન્ડ ઉપલબ્ધ થાય અને નવું ડેવલપમેન્ટ ફાસ્ટ આવે.

E. નવા લોકેશન ઉપર નવા રોડ બનવાથી નવા લોકો, ગામ, સિટીને નવી કનેક્ટિવિટી મળશે. જૂના રોડનો લોડ ઓછો થશે.

દા.ત. આજે અમદાવાદથી રાજકોટ જવા માટેનો જે ફોર-વે હાઈવે છે તેને આપણે ૬-વે હાઈવે બનાવવા જઈ રહ્યા છીએ. પરંતુ તેની જગ્યાએ જો આપણે નવા લોકેશન ઉપરથી નવો ફોર-વે હાઈવે બનાવીએ તો જૂના રોડનો પણ ઉપયોગ થશે, ખર્ચ ઓછો આવશે. જૂનો ખર્ચ ફોર-વે બનાવવાનો બાત્તલ - વેસ્ટ નહીં જાય અને નવા લોકો, ગામને હાઈવેની કનેક્ટિવિટી મળશે. આજે જે રોડ છે તે બાવળા, બગોદરા, લીંબડી, ચોટીલા, બામણબોર થઈને રાજકોટ જાય છે. પરંતુ જો નવો રોડ નવા લોકેશન ઉપર કાઢવામાં - બનાવવામાં આવે જેવા કે નળ સરોવર, લખતર, સુરેન્દ્રનગર, મૂળી, તરણેતર, વાંકાનેસર, લુણસર, સીધાવદર થઈને રાજકોટ જઈ શકે. આ રીતે થઈ શકે અને **નવી લેન્ડ સંપાદન પદ્ધતિથી જો જમીન સંપાદન કરવામાં આવે તો આવું આખા દેશમાં શક્ય બની શકે.**

ચાઈના જેવા દેશમાં પણ જૂના રોડ હતા તે આજે પણ ઉપયોગમાં લેવામાં આવે છે અને સરકાર એ રોડને મેઈન્ટેઈન કરે છે અને પબ્લિક માટે ફ્રી ઑફ કોસ્ટ છે અને જે નવા હાઈવે, ફ્રી વે, એક્સપ્રેસ વે વગેરે જે ડેવલપ કરવામાં આવે છે તે 'ચાર્જેબલ' છે અને તેના કારણે **ટૂંકા અંતરે જવાવાળા જૂના રોડનો ઉપયોગ કરે છે અને લાંબા અંતરે જવાવાળા 'હાઇવે'નો ઉપયોગ કરે છે.** જેથી લોકલ ટ્રાફિક, ૩ વ્હીલર્સ, ટુ વ્હીલર્સ, ટ્રેક્ટર્સ, ગાડા, છકડા વગેરે લોકલ ટ્રાફિક 'હાઈવે' ઉપર આવતો નથી. જેના કારણે 'હાઇવે'નો જે ઉદ્દેશ છે તે સોએ સો ટકા સિધ્ધ થાય છે. પરંતુ આપણા દેશમાં આપણે તો બાવાના બેય બગાડીએ છીએ!

આપણી હાલની લેન્ડ સંપાદન પદ્ધતિમાં જો સામાન્ય ફેરફાર કરીએ તો દેશને કરોડો રૂપિયાનો ફાયદો થાય અને લોકોને સરળતા રહે. ઓરેવા - અજંતા ગ્રુપ ઓફ કંપનીના **જયસુખભાઈ ઓ. પટેલે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જમીન સંપાદનની આ નવી પદ્ધતિ માટે રજૂઆત કરી ત્યારે વડાપ્રધાનશ્રીએ પ્રતિપ્રશ્ન કર્યો કે આપણે જમીન સંપાદનની આ સરળ પદ્ધતિ કેમ અપનાવતા નથી?...!!** તેઓશ્રીએ કેન્દ્રીય વાહનવ્યવહાર અને હાઈવે મંત્રી શ્રી નીતિન ગડકરીને જમીન સંપાદનની આ પદ્ધતિ અંગે જયસુખભાઈ સાથે ચર્ચા કરી અમલ કરવાનું સૂચવેલું.

આજે આપણા દેશમાં છેલ્લા પચાસ વર્ષમાં હજારોની સંખ્યામાં 'ડેમો' બનાવવામાં આવ્યા છે અને આ ડેમોમાંથી લાખો કિ.મી.ની કેનાલો કાઢવામાં આવેલ છે અને આ કેનાલો બનાવવા માટે વર્ષો પહેલા જમીનો સંપાદન કરવામાં આવી છે. આ કેનાલો જ્યારે બનાવવામાં આવેલ ત્યારે કેનાલોની બંને બાજુએ વધારાની લેન્ડ સંપાદન કરવામાં આવેલ હતી. જે કેનાલોના મેઈન્ટેનન્સ, ઑપરેશન અને સિક્યોરિટી માટે લેન્ડ સંપાદન કરવામાં આવી હતી. આજે પણ દેશભરમાં આ જમીનો સંપાદન કરેલ ખાલી પડેલ છે અને તેનો ઉપયોગ ફક્ત કેનાલો માટે જ કરવામાં આવે છે. પરંતુ જો આ ફાજલ જમીનનો ઉપયોગ નવા રોડ બનાવવા માટે કરીએ તો દેશભરમાં નવા રોડ મળશે, નવું ડેવલપમેન્ટ આવશે. રોડ ટચ નવી લેન્ડ બેંક ઊભી થશે. ગ્રામ્ય વિસ્તારના લોકોને રોડની નવી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૩ ઉપર)**

તૃપ્તિ

# જીવનની અ-પરિપૂર્ણ શોધ : આનંદ-ઉલ્લાસ



ચંદ્રકાંત પટેલ 'સરલ'

વર્તમાનકાળ એટલે માનવ જીવનનો ધમાલિયો સમય, કપરો કાળ. આ નાજુક સમયમાં માણસ પોતાનું ખરું જીવન જીવવાનું જ ભૂલી ગયો છે. હર્ષ, ઉલ્લાસ અને આનંદ તેના જીવનમાંથી જાણે કે ગાયબ થઈ ગયા છે. માણસને આનંદની ઝંખના નથી તેવું નથી. આનંદને પ્રાપ્ત કરવા તે હજારો વર્ષોથી હવાતિયા મારે છે. પરંતુ આનંદ તેના હાથમાં જ નથી આવતો. તેનું કારણ તે જે કાર્યો કરી રહ્યો છે તે કાર્યમાં તદ્રુપતાનો અભાવ છે. ક્રિયામાં સહજભાવની ઉણપ છે. **તે જે જે વિચારો કરે છે તે વિચારોમાં ઐક્ય નથી. એટલે તેનું દરેક કર્મ બોજારૂપ બની રહ્યું છે અને આ બોજાએ માણસને આનંદ નામનાં તત્ત્વથી વિખૂટો પાડી દીધો છે.**

તેના આંતરિક અને બાહ્ય જીવનને સુમેળ નથી રહ્યો. પરિણામે આંતર-બાહ્ય જીવન શક્તિઓ વચ્ચે સતત ઘર્ષણ રહ્યાં કરે છે. આંતરજીવનનો બાહ્ય જીવન પર સતત હુમલો થયા કરે છે અને એ જ જિંદગીને ધાંધલ-ધમાલમાં રૂપાંતરિત કર્યા કરે છે.

આનંદ માત્ર ભૌતિક સાધનો કે ઇન્દ્રિયગત સુખમાં જ નથી સમાયો. ઐન્દ્રિક સુખો તો માણસને આચરણથી પણ અળગો પાડે છે ને વિષયભોગમાં ફસાવી અધવચ્ચે જ લટકાવે છે. એ ક્ષણિક સુખોની લ્હાયમાં માણસ ખરો આનંદ-ઉલ્લાસ મેળવવાનું જ ભૂલી બેઠો છે. નાશવંત ચીજોમાંથી મળતો આનંદ એ સાચો અને મનને તૃપ્ત કરતો સદોદિત અને સર્વકાલીન હર્ષ કે આનંદ નથી. **સાચો આનંદ આત્માનો પુરસ્કાર છે.** અને એ આત્મામાંથી જ ઉદ્‌ભવે છે, ને ચીરકાલીન જીવનને હર્ષથી આચ્છાદિત રાખે છે. નિર્મયતા અને નિરંહકાર જેવા બે મહાન ગુણો એવા આત્માને સહજસિધ્ધ થાય છે ને આનંદ ઉલ્લાસ એના અંતરમાં ફુવારાની જેમ ઉભરાતો રહે છે.

વિચારધારા પણ માણસને આનંદથી વિમુખ કરે છે. જો માણસ એમ વિચારે કે આ જિંદગી અનેક સમસ્યાઓ, અનેક આરત અને અનેક અનપેક્ષિત પ્રત્યવાયના અંકોડાથી જોડાયેલી છે, અનેક બોજાથી લદાયેલી છે તો માણસ અવશ્ય નાસીપાસ થાય. પરંતુ જો એમ વિચારે કે આ જિંદગી સીધી, સરળ અને ફૂલોના પમરાટ જેવી મહકમધુર અને જીવનને તાજગી બક્ષનાર કુદરતના અણમોલ વરદાન જેવી છે તો તેનું આખું જીવન ઉર્જામય બનીને જીવનને અલૌકિક તેજના બિછાને બિછાવ્યા કરશે અને આનંદના ઉછંગમાં ખેલાવ્યા કરશે.

જીવનમાંથી આનંદનો આવિર્ભાવ કરનાર તત્ત્વ એટલે જિંદગીની અકળામણ. આ અકળામણ, ઉચાટ અને અનર્ગલ ચિત્ત જ માનસિક તાણ ઊભી કરે છે અને એ દ્વિધાગ્રસ્ત ને વિભ્રમ જીવન જ આનંદથી માણસને દૂર રાખે છે. આજના ધમાલીયા જીવનમાં માણસ ચાલવાનું જ ભૂલી ગયો છે, માત્ર દોડતા જ શીખ્યો છે. આ દોડમાં બીજાને હંફાવી, થંભાવી દેવાની જ નીતિ રહી છે. આગળ ને આગળ ચાલવા - દોડતા જતા માણસ પાછળને જ વિસ્મરી ગયો છે.

**માણસમાં ઉમંગ - ઉત્સાહનો આજે અભાવ જોવા મળે છે. ખુમારી અને તેજસ્વિતાનું બાષ્પીભવન થયેલું દેખાય છે.** તેનું ચિત્ત સાત ચકડોળે ચડેલું જોવાય છે નિરૂત્સાહી મન જ સર્વ પ્રકારના દુઃખનું કારણ બનતું હોય છે. માણસનું ચંચળ મન સ્થિર રહેતું નથી. એ કૂદાકૂદ જ કરતું રહે છે. મન સ્થિર થયા વિના ધૈર્યતા આવતી નથી અને ધૈર્યતા વગર અન્ય કોઈના માટે સારા વિચારો આવતા નથી. કોઈને કરેલી મદદના બદલામાં તેને યશ મળે એવી અપેક્ષામાં જ આજનો માણસ જીવી રહ્યો છે અને ખરો આનંદ ઉલ્લાસ ગુમાવી રહ્યો છે.

આજે માણસ પોતાના વિશે નથી વિચારતો. બીજાના કર્મો અને કાર્યપ્રણાલી વિશે વધારે વિચારે છે ને મનમાં ને મનમાં બળ્યા કરે છે. તે પોતાના પરિવાર વિશે વિચારે છે ત્યારે થોડો હરખાય છે ને થોડી તૃપ્તિ કે જે આનંદરૂપે મળે છે તેનાથી ફૂલાય છે. પરંતુ એ આનંદ ક્ષણિક માત્ર નીવડે છે.

કુળાભિમાન, જાતિભિમાન, ધનાભિમાન તથા પદાભિમાન વગેરે પણ સાચા સુખાનંદથી માણસને અલિપ્ત રાખે છે. વિવિધ પ્રકારના સાંસારિક સુખાનંદને મેળવીને પણ માણસ દુઃખી જ દેખાય છે કારણકે આનંદના ખરા સ્વરૂપને માણસ ઓળખી શક્યો નથી. તે તો સાંસારિક આનંદ પાછળ ગાંડોઘેલો થઈ જે વિષયમાં જે કાંઈ આનંદ મળે છે તે આનંદ પર પોતાનો અધિકાર જમાવવા ઇચ્છે છે. આ ક્ષણિક આનંદ નષ્ટ થતાં તેનું ચિત્ત આકળવિકળ થઈ ઉઠે છે. એ જ જીવનની આત્યંતિક મર્મવેદના છે.

સૌ કોઈ આજે પોતાનાં જ સુખચેન શોધતા જોવા મળે છે. જેના જેટલાં આપણને સાથ, સહયોગ કે પ્રેમ મળ્યા હોય

તેના તરફ તેટલી માત્રામાં આપણે અનુરાગી રહીએ તો તે પણ આનંદનો જ એક સ્રોત છે, સંતોષ છે. સંતોષના પ્યાલામાં જ આનંદનું પ્રવાહી સમાયેલું હોય છે.

કોઈનું દુઃખ જોઈએ ત્યારે આપણને થોડી અનુકંપા ઉપજે છે ને તેનું દુઃખ હળવું કરવા પ્રયાસ કરીએ ત્યારે માનવીય કર્તવ્યપણાનું ભાન આવે છે. ને તેનું દુઃખ થોડુંઘણું ટળે ત્યારે જે સંતોષ અને તૃપ્તિ થાય છે તે તૃપ્તિમાં સમાયેલો આનંદ અન્યથી નથી આવતો. **સૌના દુઃખે દુઃખી અને સુખે સુખી થતાં માણસ શીખી જશે પછી આનંદને શોધવા કે પકડવા દોડવું નહીં પડે.** પરમાર્થમાં જ સાચો આનંદ સમાયો છે કારણકે એ આનંદ આત્માનો આનંદ છે. જેને આપણે પરમ આનંદ કહીએ છીએ.

નાનું બાળક જે આનંદ રમકડાં વડે મેળવે છે તે આનંદ મોટા વયની વ્યક્તિ કોઈપણ વસ્તુમાંથી નથી પ્રાપ્ત કરી શકતી. બાળક જ્યારે રમકડે રમવામાં તલ્લીન બની જાય છે ત્યારે પોતાની માતાને પણ ભૂલી જાય છે. જ્યારે તેને ભૂખ લાગે છે ત્યારે તરત જ માતા યાદ આવે છે ને તે રમકડાંને દૂર ફેંકી દે છે. પછી તેને માતાના ખોળામાં જે આનંદ આવે છે તે આનંદ રમકડાં વડે મેળવેલા આનંદ કરતાયે વધારે હોય છે. થોડીવાર પહેલા ગમતાં રમકડાં તેને હવે ગમતા નથી. પ્રથમ આનંદ રમકડાએ આપ્યો, બીજો આનંદ માતાના વાત્સલ્યભર્યા ઉછંગે આપ્યો.

એક વ્યક્તિએ બીજી વ્યક્તિના દીદાર જોઈને પૂછ્યું કે તમારી પાસે કાંઈ જ નથી. ન ઘર છે, ન ખેતર છે, ન મિલ્કત છે, ન દરદાગીના છે, ન સારા વસ્ત્રો છે કે ન પેટ ભરવા માટે સારું ભોજન છે. છતાં પણ તમે કાયમ હસતા - ગાતા જ ફરો છો. આનંદના વહેતા વહેણમાં જ તમારું આખું જીવન તણાયા કરે છે. તમે આટલા સુખાનંદી કેમ છો? શું તમારી પાસે એવી કોઈ જાદુઈ લાકડી કે તાવિજ છે કે જેને ઘુમાવવાથી પેલો જીન પ્રગટ થઈને તમારી ઇચ્છા પૂર્ણ કરે છે?

બીજી વ્યક્તિએ કહ્યું : **મારી પાસે સંતોષ નામનું જાદુઇ તાવિજ છે.** જે મને હંમેશાં સુખ-સંતોષ તરફ ધકેલ્યા કરે છે. જો મારી પાસે સંતોષ ન હોત અને સંપત્તિ માત્ર હોત તો હું એના વડે સુખી જરૂર હોત પણ મનથી તો ગરીબ જ હોત. હું બીજાનું સુખ જોઈને આનંદ પામી રહ્યો છું અને તેનું સુખ એ મારું જ સુખ છે એવો ભાવ વ્યક્ત કરી મારા જીવનને આનંદના જળ વડે નવડાવ્યા કરું છું.

જીવનમાં મળેલી જે કોઈ સ્થિતિ હોય તેને આત્મસાત્ કરી લેવાથી વ્યથાઓને દૂર કરી શકાય છે. દુઃખોને ડામી - દબાવી શકાય છે. તે સ્થિતિમાં આનંદ - ઉલ્લાસ શોધવા સજાગ બનીને જીવી શકાય તો તેમાંથી જ સાચો આનંદ પ્રાપ્ત કરી શકાય છે. માણસ ઇચ્છે તો જગતની કોઈપણ સ્થિતિ કે ચીજોમાંથી આનંદ મેળવી શકે છે, જો તેને તે સ્થિતિ કે વસ્તુઓને આત્માની દૃષ્ટિ વડે જોઈને મૂલવતાં આવડે તો! તો માનવજીવન **મંગલ મંદિર** બની જાય!

કૃષ્ણમૂર્તિ કહે છે કે - સાચો અનાસક્ત માણસ એ જ છે કે જે બધાયમાં આસક્ત છે. જ્યારે માણસ કોઈ એકાદ વસ્તુમાં જ આસક્ત બને છે ત્યારે તે બીજા બધાનો અનાદર કરે છે. આ અનાદર જ માનસિક તાણ ઊભી કરે છે. આદર કરતાં જે શીખી જાય છે તે જ ખરો આનંદી છે.

રામાનુજાચાર્ય જ્યારે વૃધ્ધ અને અશક્ત થયા ત્યારે સ્નાન કરવા સારું બ્રાહ્મણ શિષ્યના ખભા પર હાથ ટેકવીને જતા અને સ્નાન કર્યા પછી આવતી વખતે શુદ્ર જાતિના શિષ્યના ખભા પર હાથ ટેકવતા. પરિણામે ભક્તોમાં કચવાટ જાગ્યો. ત્યારે આચાર્યે કહ્યું કે, જેને તમે શુદ્ર સમજો છો તેના ખભા પર હું સ્નાન કર્યા પછી હાથ એટલા માટે મૂકું છું કે મારું જાતિ અભિમાન ધોવાઈ જાય. આ પરિમાર્જન હું પાણી વડે કરી શકું તેમ નથી. જાતિઅભિમાન મને ધર્મથી અને સાચા આનંદથી વિમુખ ન કરી દે એટલે હું આમ કરી રહ્યો છું. રામાનુજાચાર્યે ભ્રષ્ટતા અને પવિત્રતા તથા આનંદ તૃપ્તિનું રહસ્ય આ રીતે સમજાવ્યું હતું.

*C/o. "સંસ્કૃતિ દર્શન" કાર્યાલય,*
*રતનપરા રો-૦૧, નીલકંઠ બંગલાની સામે,*
*બાગ દરવાજા, માણાવદર, જિ. જૂનાગઢ-૩૬૨ ૬૩૦.*
*મો. ૯૮૩૫૯ ૦૨૪૨૪*

## આંતર માળખાકીય વિકાસ માટે જમીન સંપાદનની નવી પધ્ધતિ

**(અનુસંધાન : પાના નં.-૩૧ ઉપરથી ચાલુ)**


કનેક્ટિવિટી મળશે. ગ્રામ્ય વિસ્તારમાં રોડ આવવાથી નવી રોજગારી આવક નિર્માણ થશે અને સરકારશ્રીને નવી લેન્ડ સંપાદનની કોસ્ટ, સમય, પ્રોસિજર અને લીગલ પ્રોસેસમાંથી પસાર થવું પડશે નહીં. અને સાથોસાથ કેનાલોનું ઑપરેશન, મેઈન્ટેનન્સ, સિક્યોરિટી માટે જે આજે પ્રશ્નો છે તે ખૂબ જ હળવા થશે અને દેશભરમાં લાખો કિ.મી.ના નવા રોડ મળશે.

**સંસારની સઘળી માનવ સંસ્કૃતિ અને સભ્યતા નદી કિનારા વિસ્તારમાં પાંગરી છે. આપણે બધા જાણીએ છીએ કે જ્યાં રીવર અને રોડ હોય છે ત્યાં જ વિકાસ થાય છે.** જો આપણે ખરેખર વિકાસ કરવો હોય તો આપણી પાસે એટલે કે 'સરકારશ્રી' પાસે જે સાધનો, પ્રોપર્ટી છે **તેનો કાર્યક્ષમ ઉપયોગ કરવો પડશે.** જમીન સંપાદન અંગેના જયસુખભાઈ પટેલના સુજાવનો સરકાર દ્વારા અમલ થાય તો આગળ જણાવ્યા પ્રમાણે ખેડૂતો ઉત્સાહભેર જમીન સંપાદન પ્રક્રિયામાં સહકાર આપે અને દેશની આંતરમાળખાકીય સુવિધા ઝડપી અને સરળતાથી વિકાસ પામે...

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર હાઉસિંગ સોસાયટી,*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

શિક્ષણ જગત

# પરીક્ષા વાલીની છે કે વિદ્યાર્થીની?



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, પરીક્ષાની સીઝન આવી ગઈ છે. આપણે સૌએ વિદ્યાર્થી-વાલીની માનસિક પરિસ્થિતિની ચિંતા કરવી જરૂરી છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષાની અસર વિદ્યાર્થીની કારકિર્દી પર ખૂબ જ મોટી થાય છે. આ વાતને મશહુર લેખક ડૉ. અશોક પટેલ બહુ સારી રીતે સમજાવે છે. આ બાબતથી વિદ્યાર્થીને વાલી સારી રીતે પરીચિત હોવાથી તેને ખૂબ જ ગંભીરતાથી લે છે. આમ તો કોઈપણ વિદ્યાર્થીની પરીક્ષાને તેના વાલી દરેક વખતે ગંભીરતાથી જ લેતા હોય છે. જે બાબત એક રીતે જોવા જઈએ તો સારી બાબત છે. **પણ વાલી અને તેમાં પણ મમ્મીઓ દરેક પરીક્ષાને વધારે પડતી ગંભીરતાથી લે છે. ત્યારે એવું લાગે છે કે પરીક્ષા વાલીની છે કે વિદ્યાર્થીની?**

આવા ધોરણમાં અભ્યાસ કરતા બાળકના પાઠ્ય પુસ્તકની વિગત બાળકને આવડે છે તેના કરતાં તેની મમ્મીને વધારે આવડતી હોય છે. બાળકને પરીક્ષાની સ્કીમની જેટલી ખબર હોય છે તેના કરતાં તેની મમ્મીને વધારે ખબર હોય છે. પરીક્ષા સમયે મમ્મીનું રૌદ્ર સ્વરૂપ અને પપ્પાનું બિચારાપણું જોવા મળે છે. પણ બોર્ડની પરીક્ષામાં તો મમ્મી અને પપ્પા બંનેનું રૌદ્ર સ્વરૂપ અને વિદ્યાર્થીનું બિચારાપણું જોવા મળે છે.

પરીક્ષા પૂર્વે શું ખાવું, ક્યારે ખાવું અને કેટલું ખાવું તે મમ્મી, પપ્પા અને તેમના મિત્રો નક્કી કરે છે. જેનો સતત ચોકીપહેરો પણ રહેતો હોય છે. વિદ્યાર્થીએ ક્યારે આરામ કરવો, કેટલો આરામ કરવો તે પણ આ મમ્મી-પપ્પા જ નક્કી કરતા હોય છે. તે સમયે તેમના મોઢામાંથી નીકળતા એક એક શબ્દની નકારાત્મક અસર વિદ્યાર્થી પર જે પડે છે, તેની તેમણે ક્યારેય કલ્પના કરી નથી. વળી પાછા એ જ મમ્મી-પપ્પા કહે છે પણ ખરા કે, 'અમે તો તેની પાસે કોઈ અપેક્ષા રાખતા નથી. તેને જેટલું વાંચવું હોય તેટલું તેની રીતે વાંચે છે. પરીક્ષાનું જે પરિણામ આવે તે અમને મંજૂર છે' વગેરે. પણ મમ્મી-પપ્પાના શબ્દો જુદા અને વર્તન જુદું હોય છે. સોસાયટીના અન્ય સભ્ય સાથે સારા દેખાવા માટેના શબ્દો અને વર્તન પણ અલગ હોય છે. પરીક્ષાના દિવસો જેમ જેમ નજીક આવતા જાય તેમ તેમ મમ્મી-પપ્પાનું ટેન્શન વધતું જાય છે. જે જોઈને પેલો વિદ્યાર્થી પણ બાપડો - બિચારો બનીને ટેન્શનમાં આવી જાય છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને ધોરણ-૧૦ નાપાસ તેની મમ્મી કે પડોશી સલાહ આપતા હોય છે!

આધુનિક જમાનાની આધુનિક શુભેચ્છાઓ તો વળી ખરી જ. પરીક્ષા શરૂ થવાના આગલા દિવસે વિદ્યાર્થીના સગા સ્નેહીજનો પેન કે બુકે લઈને બેસતા વર્ષની જેમ શુભેચ્છા વ્યક્ત કરવા નીકળી પડે છે. ત્યારે મમ્મી-પપ્પા બોલે છે કે, 'આ મળવા આવનાર સગાઓથી તો અમારો દીકરો ખૂબ જ ડિસ્ટર્બ થાય છે. તેનું ભણવાનું બગડે છે. આ લોકોએ સમજીને જ ન આવવું જોઈએ.' પણ જો કોઈ નજીકના સગા મળવા ન આવે અને દૂરના સગા મળવા આવે તો વળી આ મમ્મી-પપ્પા કહે છે કે, 'જોયું, ફલાણા ભાઈ મળવા પણ ના આવ્યા!'

પરીક્ષાના દિવસે પેપર કેવી રીતે લખવું, શું લખવું વગેરેની સલાહ આપતાં વાલી ક્યારેક તો ઉશ્કેરાટમાં એવું પણ સંભળાવી દે છે, 'કોઈ ખાલી જગ્યા જેવું ના આવડે તો બાજુવાળાને પૂછી લેજે. એ ચોરી ના કહેવાય.' જે શાળામાં વિદ્યાર્થીની બેઠક વ્યવસ્થા હોય તે શાળાના શિક્ષકોને આગલા દિવસે વાલી દ્વારા મળવા જવું અને ક્યારેક દબાણ લાવવા તે બાબતો જ વિદ્યાર્થીને વધારે દબાણમાં લાવી દે છે. પરીક્ષાની આગલી રાત્રે અગત્યના પ્રશ્નો માટે અન્ય વાલી કે શિક્ષકોનો સંપર્ક કરવો તે કોઈપણ રીતે યોગ્ય ન હોવા છતાં વાલી તે બાબત ચૂકતા નથી.

પેપર આપીને બહાર નીકળતા વિદ્યાર્થીને પહેલો પ્રશ્ન એ હોય છે કે 'કેવું પેપર ગયું?' જો પેપર ખરાબ ગયું હોય અને વિદ્યાર્થી સાચો જવાબ આપે કે પપ્પા, થોડું ખરાબ ગયું છે, તો કેટલાક વાલી ગુસ્સે થઈને બિચારા વિદ્યાર્થીને ખખડાવી નાખે છે. અમે કહેતા હતા કે ભાઈ વાંચ. પણ અમારું કોણ સાંભળે છે? હવે લોઢા ટીપવા જજે. વગેરે.. આવા સમયે વિદ્યાર્થીને પ્રોત્સાહન આપવાની જરૂર હોય છે. ભલે એક પેપર ખરાબ ગયું, બાકીના સારા જશે. જે થયું તે થઈ ગયું. તેનો વિચાર કરવાના બદલે બાકીનાં પેપર વિશેની ચર્ચા કરવી વધારે યોગ્ય ગણાશે.

કોઈ પેપર ધાર્યા કરતા કઠિન નીકળે તો તેમાં વાલીઓની એક જ ચર્ચા કે આખું વર્ષ વાંચ્યું નહીં, પછી પેપર અઘરું જ લાગે ને! અથવા તો શિક્ષક પર તૂટી પડશે કે આવું તો પેપર કઢાતું હશે. વર્ગમાં ભણાવતા જ નથી વગેરે. પરીક્ષા અગાઉના

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૬ ઉપર)

કારકિર્દી

# સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં લેવામાં આવતા ‘ઇન્ટરવ્યૂ’નો ઉદ્દેશ

હીરેન દવે

ઉચ્ચ સ્તરની અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અંતિમ તબક્કો ‘ઇન્ટરવ્યૂ’ કે ‘વ્યક્તિત્વ કસોટી’ તરીકે ઓળખાય છે. યુ.પી.એસ.સી. દ્વારા લેવાતી સિવિલ સેવા પરીક્ષા અને અન્ય પરીક્ષાઓમાં અંતિમ પડાવ તરીકે ‘વ્યક્તિત્વ કસોટી’ હોય છે. આ ઉપરાંત જી.પી.એસ.સી. દ્વારા લેવામાં આવતી અત્યંત પ્રચલિત ‘ગુજરાત મુલ્કી સેવા વર્ગ ૧ અને ૨’ પરીક્ષામાં પણ અંતિમ પડાવ તરીકે ‘વ્યક્તિત્વ કસોટી’ની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત લશ્કરમાં અધિકારી તરીકે થતી ભરતીમાં એસ.એસ.બી. ઇન્ટરવ્યૂ પાંચ દિવસ ચાલે છે. આ ઉપરાંત બેંક અધિકારીની પરીક્ષાઓમાં પણ અંતિમ ચરણ તરીકે ‘વ્યક્તિત્વ કસોટી’ હોય છે. આ ઉપરાંત પહેલા પોલીસ સબ ઇન્સ્પેક્ટર, સ્ટાફ સિલેક્શન કમિશનની પરીક્ષાઓમાં પણ ‘વ્યક્તિત્વ કસોટી’ની જોગવાઈ હતી, પરંતુ હાલમાં સરકારે કર્મચારી સ્તરે થતી ભરતીમાં ઇન્ટરવ્યૂ નાબૂદ કરેલ છે.

આ પરીક્ષાઓને ઉમેદવારોએ સૌપ્રથમ એ સમજવું જોઈએ કે ‘વ્યક્તિત્વ કસોટી’નો ઉદ્દેશ શું છે? જ્યારે કોઈ વ્યક્તિને સરકારી અધિકારી તરીકે પસંદ કરવામાં આવે છે ત્યારે તેને અત્યંત જવાબદારીપૂર્ણ કામકાજ આપવામાં આવે છે. **આ સંજોગોમાં ઉમેદવારની ક્ષમતાની ચકાસણીનું કામ અંતિમ તબક્કો એવી ‘વ્યક્તિત્વ કસોટી’માં થાય છે.** અનેક વિદ્યાર્થીઓ એવી ગેરમાન્યતામાં જીવે છે કે આ કસોટી સામાન્ય જ્ઞાનની કસોટી છે. હકીકતમાં એવું કંઈ નથી. આ કસોટીમાં ઉમેદવારની વ્યક્તિત્વના વિવિધ પાસાની ચકાસણી કરવામાં આવે છે.

જ્યારે ઉમેદવાર પ્રારંભિક અને મુખ્ય પરીક્ષા પસાર કરીને આવે છે ત્યારે તેના જ્ઞાનની તો સંપૂર્ણ ચકાસણી થઈ જ ગઈ હોય છે. બોર્ડના તજજ્ઞો ઉમેદવારના વ્યક્તિત્વના ગુણો શોધે છે. **જેમકે ઉમેદવારની માનસિક સતર્કતા, કોઈપણ મુદ્દાને ઝડપી સમજવાની શક્તિ, રચનાત્મક દૃષ્ટિકોણ, નેતૃત્વ શક્તિ, નિર્ણય લેવાની શક્તિ, સમસ્યા નિવારણની શક્તિ, આત્મવિશ્વાસ, અભિગમ (એટિટ્યૂડ)** વગેરે જેવા ગુણો તજજ્ઞો ચકાસે છે.

- **આત્મવિશ્વાસ :**

ઉમેદવારનો આત્મવિશ્વાસ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. પોતાની શક્તિઓમાં શ્રદ્ધા હોવી જોઈએ. તો જ અન્ય લોકો તમારામાં વિશ્વાસ મૂકશે.

- **કમ્યુનિકેશન સ્કીલ :**

વાતચીત કરવાની જરૂરી છટા, ભાષાપ્રભુત્વ, તેના માટે જરૂરી શિષ્ટાચાર, સામેની વ્યક્તિને પોતાની વાત ગળે ઉતારવાની ક્ષમતા, કોઈપણ અટપટી વાત સરળતાથી રજૂ કરવાની અને ટૂંકમાં (લાઘવપૂર્ણ) રજૂ કરવાની ક્ષમતા.

- **રચનાત્મક દૃષ્ટિકોણ :**

સરકારી ક્ષેત્રે રોજ અનેક અટપટી સમસ્યાઓ હોય છે. આ દરેક પરિસ્થિતિમાં અનેક નકારાત્મક પરિબળોની વચ્ચે રહીને કાર્ય કરવાનું હોય છે. આવા સંજોગોમાં લોકોના વિકાસ માટે રચનાત્મક અભિગમથી કામ કરનાર અધિકારીની અત્યંત જરૂર હોય છે. આ ગુણની તલાશ તજજ્ઞો કરે છે.

- **નેતૃત્વ ક્ષમતા :**

કોઈપણ અધિકારીની અંતર્ગત ખૂબ મોટા પ્રમાણમાં કર્મચારીઓનો કાફલો હોય છે. **તેમને પોતાની નેતૃત્વ ક્ષમતાથી પ્રેરણા આપવાની હોય છે.** તેમનામાં રહેલી છૂપી શક્તિઓ બહાર કાઢવાની અને યોગ્ય દિશાસૂચન આપીને તેમની પાસેથી કાર્ય લેવાનું હોય છે.

- **ઝડપી નિર્ણય લેવાની ક્ષમતા :**

કોઈપણ અધિકારીને રોજના અનેક લોકોના કાર્યો પૂરા કરવાના હોય છે. જે અત્યંત જટિલ હોય છે. અહીં ખૂબ મર્યાદિત સમયમાં જે તે કેસોનો નિકાલ કરવાનો હોય છે. આથી ઝડપી નિર્ણય લેવાની ક્ષમતા ખૂબ જ મહત્ત્વની છે.

**સામાન્યતઃ** ૩૦-૪૦ મિનિટ ચાલતી આ કસોટીમાં ઉમેદવારની પ્રતિભા કળી શકાતી નથી તેવું ઘણા લોકોનું માનવું છે. પણ આ માન્યતા ભૂલભરેલી છે. બોર્ડમાં જે તજજ્ઞોનો સમાવેશ કરવામાં આવે છે તેઓ જીવનમાં બહોળો અનુભવ ધરાવે છે. પ્રખર જ્ઞાની હોય છે. સરકારી ક્ષેત્રે ખૂબ નામના કમાઈ હોય છે. આવા તજજ્ઞો ઉમેદવારને ખૂબ ચોક્સાઈપૂર્ણ રીતે ચકાસે છે. આ ઉપરાંત ઉમેદવારે ભરેલા ફોર્મ દ્વારા ઉમેદવારના જીવનની તમામ વિગતો તેમની સામે હોય છે. જે વિવેકપૂર્ણ રીતે મૂલવીને સાચા તારણ પર ઉતરી શકાય છે.

આમ પ્રત્યેક ઉમેદવારે ‘વ્યક્તિત્વ કસોટી’ની તૈયારી શરૂ કરતા પહેલાં તેના ઉદ્દેશો સમજવા જોઈએ. તેનાથી તેમની તૈયારીને યોગ્ય દિશા મળશે અને સાચી રણનીતિથી આગળ વધી શકાશે.

પ્રકાશ

## અનુક્રમણિકા જોઈને અંદાજો ક્યારેય ના લગાવતા સાહેબ!! કેમકે, 'રહસ્ય' હંમેશાં છેલ્લા પાને જ હોય છે...



ભોલાભાઈ ગોલીબાર

એક દિવસ કૉલેજમાં પ્રોફેસરે વિદ્યાર્થીઓને પૂછ્યું કે, 'આ સંસારમાં જે કંઈ બનાવ્યું છે એ ભગવાને જ બનાવ્યું છે ને?'

બધાએ કહ્યું, 'હા, ભગવાને જ બનાવ્યું છે.'

પ્રોફેસરે કહ્યું, 'એટલે એનો અર્થ એ થયો કે બુરાઈ પણ ભગવાને જ બનાવી છે.'

પ્રોફેસરે આવું કહ્યું એટલે એક વિદ્યાર્થી તરત ઊભો થયો અને કહ્યું, 'સર, આટલા જલ્દી આ નિષ્કર્ષ પર ન પહોંચો.'

પ્રોફેસરે કહ્યું, 'કેમ? તમે તો કહ્યું કે બધું ભગવાને બનાવ્યું છે. તો પછી તું એવું કેમ કહે છે?'

વિદ્યાર્થીએ કહ્યું, 'સર, હું તમને બે નાનકડા સવાલ પૂછવા માગું છું. એના પછી હું તમારી વાત માની લઈશ.'

પ્રોફેસરે કહ્યું, 'હા, પૂછ ભાઈ.'

વિદ્યાર્થીએ કહ્યું, 'સર, શું દુનિયામાં ઠંડીનું કોઈ વજૂદ છે?'

પ્રોફેસરે કહ્યું, 'હા છે, સો ટકા છે. આપણે ઠંડીને અનુભવીએ છીએ.'

વિદ્યાર્થીએ કહ્યું, 'ના સર, ઠંડી જેવું કંઈ નથી. એ અસલમાં ગરમીની ગેરહાજરીમાં અનુભવાય છે. જ્યાં ગરમી નથી હોતી ત્યાં આપણને ઠંડીનો અનુભવ થાય છે.'

પ્રોફેસર ચૂપ રહ્યા.

વિદ્યાર્થીએ કહ્યું, 'સર, શું અંધારાનું અસ્તિત્વ છે?'

પ્રોફેસરે કહ્યું, 'બિલકુલ છે. રાત્રે અંધારું હોય છે.'

વિદ્યાર્થીએ કહ્યું, 'ના સર, અંધારા જેવું કંઈ નથી હોતું. એ તો જ્યાં પ્રકાશ નથી હોતો ત્યાં અંધારું હોય છે.'

પ્રોફેસરે કહ્યું, 'હા દોસ્ત, હવે તું તારી વાત આગળ વધાર.'

વિદ્યાર્થીએ કહ્યું, 'સર, તમે અમને લાઇટ એન્ડ હીટ – પ્રકાશ અને ગરમી વિશે જ ભણાવો છો. તમે કદી અમને ડાર્ક એન્ડ કોલ્ડ – અંધારા અને ઠંડી વિશે નથી ભણાવતા. ફિઝિક્સમાં એવો કોઈ વિષય જ નથી. સર, **બસ એવી જ રીતે ભગવાને ફક્ત સારું બનાવ્યું છે. હવે જ્યાં સારું નથી હોતું ત્યાં આપણને બૂરું દેખાય છે. પણ ઇશ્વર ક્યારેય બૂરું નથી કરતા.** સારાઈની ગેરહાજરીના કારણે આપણને બૂરાઈ અનુભવાય છે. હકીકતમાં દુનિયામાં ક્યાંય બૂરાઈ છે જ નહીં. આ બધું પ્રેમ, વિશ્વાસ અને ભગવાન, ઈશ્વર, અલ્લાહ, જીસસ આપણી આસ્થાની કમીનું નામ છે. એટલે જિંદગીમાં જ્યાં અને જ્યારે તક મળે ત્યારે સારાઇને વહેંચો. સારાઈ વધશે તો બૂરાઈ તો રહેશે જ નહીં.

*ગોલીબાર પબ્લિકેશન્સ, કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ, એશિયન પેઇન્ટ્સ ગોડાઉનની બાજુમાં, બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫. ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

## પરીક્ષા વાલીની કે વિદ્યાર્થીની?


(અનુસંધાન : પાના નં.-૩૪ ઉપરથી ચાલુ)

કેટલાક દિવસ વાલી ઑફિસમાંથી રજા લઈને વિદ્યાર્થીની સામે સતત હાજર રહે છે. વિદ્યાર્થી કરતા તેના વાલી વધારે ઉજાગરા કરે છે. આ બધી બાબતની અસર વિદ્યાર્થી પર પડ્યા વિના રહેતી નથી. **જેથી અપરિપક્વ ગણાતો વિદ્યાર્થી ઝડપથી દબાણ અનુભવવા લાગે છે.** ત્યારે જ તેના મનમાં થાય છે કે મમ્મી-પપ્પાની ઈચ્છા મુજબનું પરિણામ આવશે કે કેમ? આ દબાણ દિવસે દિવસે વધતું જાય છે. જે પરીક્ષાની આગલી રાત્રે વિશેષ જોવા મળે છે. આ વખતે વાલી પાછા વિદ્યાર્થીને સલાહ આપે છે કે ગભરાવવાનું નહીં, હિંમત રાખ વગેરે. અરે ભાઈ! તમારામાં હિંમત હતી? જો તમે જ હિંમત હારી ગયા છો તો પછી તમારું બાળક પણ હિંમત હારી જવાનું જ છે. શાળાના દરવાજા સુધી મૂકવા જનારા અને પરીક્ષા પૂરી થઈ ગયા પછી બહાર નીકળતાં વિદ્યાર્થીને શરબતની બોટલ ધરનાર વાલીના આ વર્તનો જ વિદ્યાર્થીને દબાણયુક્ત બનાવે છે. ટૂંકમાં, આજનો વાલી પરીક્ષાર્થી બની ગયો છે. તેમનું બાળક ગમે તે ભોગે અશક્યને પણ શક્ય બનાવીને પરીક્ષામાં ઊંચું પરિણામ મેળવે તે જ તેમનો હેતુ હોય છે. જે વિદ્યાર્થીને ડિપ્રેશન કે ટેન્શનમાં લાવી મૂકે છે.

**વાલીઓ પોતાના સંતાનોના મિત્ર બનો, નહીં કે દબાણકારી વાલી**, તેવી મારી એક શિક્ષક તરીકેની સૌને વિનંતી છે. શિક્ષક પણ વાલીઓને સમજાવવાની કોશિશ કરે. ટ્યુશનિયા શિક્ષકોની વાતમાં આવીને વાલીઓ પોતાના બાળકને માર્કસનું મશીન ના બનાવે તેવી મારી અપીલ છે.

સંસ્કૃતિ

# ભારતીય સંસ્કૃતિનો ધબકાર : સેવા પ્રવૃત્તિ



પ્રવીણભાઈ ગોરધનભાઈ મેંદપરા

ભારતીય સંસ્કૃતિનો ઉષઃકાળ આપણને ઋગ્વેદકાળથી પણ ઘણો આગળ લઈ જાય છે. માનવ જીવનના ઉગમની સાથે જ સંસ્કૃતિનો ઉગમ થયો જ્યારે સભ્યતાનો આવિર્ભાવ તો સંસ્કૃતિના અમુક વિકસિત કક્ષાએ જ દેખાય છે. આ સંસ્કૃતિએ જ માનવને ઘડ્યો છે, શણગાર્યો છે અને તેમનામાં પરોપકારી ભાવના અને સેવા - સમર્પણ અને ત્યાગના લીંપણ લીંપ્યા છે, માનવીય મૂલ્યોને ઉજાગર કર્યા છે. **સંસ્કૃતિનો સંબંધ સમાજવ્યવસ્થા સાથે રહ્યો છે ને માનવ એ સમાજનું જ એક અંગ છે.** માનવ સમાજની દરેક જાહેર અથવા ખાનગી પ્રવૃત્તિઓને કારણે માનવો એકબીજાના સંપર્કમાં આવ્યા, ને તેમનામાં પરસ્પર મદદની ભાવના જાગી. બસ, અહીંથી જ સેવાકર્મની શરૂઆત થઈ છે.

'સેવ' ધાતુ પરથી ઉદ્‌ભવેલો 'સેવા' શબ્દનો અર્થ સેવવું એવો થાય. **અન્યની મદદવાસ્તે કરેલું કર્મ તેનું નામ સેવા.** માતા, પિતા, ગુરુ કે અસહાય, નિરાધાર કે રાંક કે ગરીબ કે અપાહિજ તથા નાદુરસ્ત કે દેશની શારીરિક, આર્થિક કે માનસિક રીતે મદદ અથવા સહાય કરવી તેનું નામ સેવાકીય કાર્ય. જેવી રીતે પક્ષી પોતાના ઈંડાં સેવે છે, ઈંડાંને હૂંફ આપવાથી તેની ભીતર રહેલું બચ્ચું એક દિવસ કોચલું તોડીને બહાર આવશે જ તેવી પૂર્ણ શ્રદ્ધા પંખીને હોય છે; તેમ **મનુષ્યએ પણ નિષ્કામ, નિસ્વાર્થભાવે બીજાઓને ઉપયોગી થઇને પોતાનું માનવીય કર્મ પાર પાડવું એ મોટી સેવા છે.** માનવીય સેવા એ જ પ્રભુની સેવા કરવા બરાબર છે.

આજે સાર્વજનિક જગત તરફ જિંદગીને લઇ જવા માણસોમાં હોડ જામી છે. સમાજસેવા, માનવસેવા, રાષ્ટ્રસેવા અને એવી અનેક ઇતર પ્રવૃત્તિ કરવા સૌમાં અનુરાગ જાગ્યો છે. આવી જનજાગૃતિ આવકાર્ય અને પ્રશંસનીય છે. પરંતુ એ સેવાના આદર્શ પાછળ ત્યાગની ભાવના કે સમર્પણની ભાવના દેખાતી નથી અને સેવાના નામે મેવા ખાવાની ભાવના વધી છે. સેવકોનો ફાલ વધ્યો છે. તેની સામે ત્યાગ, સમર્પણનો ફાલ બહુ જૂજ પ્રમાણમાં દેખાય છે. સેવાપ્રવૃત્તિ પણ દેખાદેખીનું કારણ બની ગઈ છે.

સાચા ત્યાગ વગરના સેવકો રાષ્ટ્રને, માનવ સમાજને નુકસાન પહોંચાડે છે અને ભારરૂપ સાબિત થાય છે. સામાજિક સંસ્થાઓ, સામાજિક સેવા મંડળો, સેવા સમિતિઓ, સેવા સમાજો, સેવા સંઘો, પ્રજા સેવા મંડળો, જિલ્લા સેવક મંડળ, રાષ્ટ્રીય સેવા સમિતિ, ગ્રામ સેવક, તાલુકા સેવા મંડળ – વગેરે આવી અનેક સેવા સંસ્થાઓ સાર્વજનિક લોકોપકાર માટે વિવિધ દિશામાં પ્રગતિ થાય, ઉન્નતિ થાય તે માટે જ સ્થપાયેલી હોય છે.

**સેવકોના ત્રણ પ્રકાર છે : સત્ત્વશીલ, રજશીલ અને તમશીલ.** જે અભિમાન રહિત કે સ્વાર્થ રાખ્યા વગર નિષ્કર્મ કરે છે તે સત્ત્વશીલ સેવક છે. જે માણસ મદદ કરીને કંઈક મેળવવાની અપેક્ષા રાખે છે તેનું લક્ષ્ય ફળ પર હોય છે. તે રજશીલ સેવક છે. જે માણસ આંખો મિંચીને ખરા-ખોટાનું ભાન રાખ્યા વગર અજ્ઞાનને વશ થઇને સેવાકર્મ કરે છે તે તમશીલ સેવક છે. તેનાં કાર્યનો લાભ કપટી લોકો વધારે લઈ રહ્યા છે.

**આજે સમાજમાં બે પ્રકારના માણસો છે, જે સિક્કાની બે બાજુઓ હોય તેમ. એક કૃતજ્ઞ અને બીજો કૃતઘ્ન.** એક સજ્જન છે, જ્યારે બીજો દુર્જન છે. એક દૈવી જીવ છે જ્યારે બીજો આસુરી જીવ છે. એમ બંને પ્રકારના માણસો સમાજમાં છે. કૃતજ્ઞ માણસની સેવા નિઃસ્વાર્થ અને નિષ્કામ હોય છે. જે પોતાની જાતને ઘસી નાખનારા હોય છે. એ વ્યક્તિ પોતાના માટે નથી જીવતો. બીજાના ઉપયોગમાં આવવાની તેની ભાવના હોય છે. જ્યારે કૃતઘ્ન માણસની સેવા ફળની અપેક્ષા સાથેની સ્વાર્થ સાધવા માટેની જ હોય છે. તે સમાજને હાનિ પહોંચાડે છે.

ભારતને આઝાદી અપાવવામાં અનેક દેશ સેવકોએ પ્રાણની આહૂતિ આપીને અને પોતાનું લોહી રેડીને આઝાદી અપાવી છે. નિસ્વાર્થભાવે કોઈપણ મનોકામના વગર દેશની સેવા કરીને માનવમાંથી મહામાનવ બની ગયા છે. સરદાર વલ્લભભાઈ પટેલ એમાંના એક હતા. જેમણે બધા રજવાડાઓ એક કરીને અખંડ ભારતની રચના કરી છે અને પોતે જ્યારે દેશના નાયબ વડાપ્રધાન હતા ત્યારે પોતાના પૌત્ર (પુત્રના પુત્ર)ને સલાહ આપી હતી કે આ જગતમાં જાતજાતના અને ભાતભાતના માણસો મળશે. રોટલો ખાવા ન મળે તો મારી પાસે આવજો પણ સરદારના નામનો ઉપયોગ કરશો નહીં.

**કોઈ લાગવગ લઈ મારી પાસે આવશો નહીં.** હું દિલ્હીમાં છું ત્યાં સુધી દિલ્હીથી હંમેશાં બે માઈલ દૂર રહેશો. આવા માણસો સમગ્ર સમાજને પોતાના ગણે છે અને પોતીકાપણાના ભાવથી સંભાળ પણ રાખે છે. અને સુસંસ્કૃત અને સભ્ય સમાજના નિર્માણ માટે પોતાની જાતને ઘસી નાખે છે.

સેવાકાર્ય પરિશ્રમ સાથે અને ભોગવિષયક માણસ દ્વારા કે અભિમાની વ્યક્તિ વડે કરવામાં આવે છે તો તેનું ફળ મળતું નથી કારણકે આવી વ્યક્તિ પરિગ્રહયુક્ત અને લાલચવાળી વધારે હોય છે. વળી તેનું આચરણ પણ શુદ્ધ નથી હોતું. પરિણામે સેવાકાર્ય પણ તેના સ્પર્શથી અશુદ્ધ બની જાય છે. જેમ ખરાબ વાસણમાં રાખેલું દૂધ બગડી જાય, તે રીતે આવા માણસે કરેલું સેવાકાર્ય બગડી જતું હોય છે. આવા માણસની વૃત્તિ લાલચથી લીંપાયેલી હોય છે. સેવાના નામે તે પોતાનું હિત સાધવા વધારે દોડતો હોય છે.

કોઈપણ સેવા મનને કે ચિત્તને નિરોધયુક્ત કરીને કરવી. પરંતુ જો મન સેવા કરવામાં ન લાગે તો પણ લોકહિત વાસ્તે લોકસેવા કરવી એ માનવીની નૈતિક ફરજ બની જાય છે. આપણું મન આપણે ઈચ્છીએ ત્યાં લગાડી શકાય પણ નહીં. મન સ્વતંત્ર છે. એ કોઈથી બંધાતું નથી અને એ કોઈ પદાર્થ પણ નથી કે તેને પકડીને સેવાના કાર્યમાં ચોંટાડી દેવાય! લોકહિતની સેવા પ્રથમ ક્રિયાત્મક લાગશે પછી ઘરેડ પડી જતાં એ અંતરાત્મારૂપી ભાવથી સેવા થશે. ઘરેડ, ટેવ પાડવા માટે પરિશ્રમ જરૂરી છે. દા.ત. દરજી ભગત કાંઈ ગર્ભથી દરજીકામ શીખીને નથી જન્મતો. પ્રથમ તે કાગળના ટુકડા વેતરી, કપડાના આકારો બનાવે છે અને પછી તે પ્રમાણે કાપડ વેતરી, સીવતા શીખે છે. આ તેનો પરિશ્રમ છે. પછી તેને ઘરેડ પડતાં તે સીવતા શીખી જાય છે. બીજો દાખલો કહું તો સૈનિકને પહેલાં ખોટા નિશાન પાડતા શીખવાડાય છે. ખોટા નિશાનની હેબીટ તેને સાચા નિશાનના લક્ષ્ય સુધી પહોંચાડે છે. **એ રીતે સેવાનો ભેખ ધર્યો હોય તો તેમણે સમાજમાંથી પ્રશંસા મળશે એવી આશા ન રખાય. સાચા સેવકો બનવું હોય તો ટીકા ખમવાની ઘરેડ પાડવી પણ જરૂરી છે.**

અત્યારના સમયમાં માણસ જો ૨૪ કલાકમાંથી ફક્ત ૩૦ મિનિટ કોઈપણ પ્રકારનું, તેની શક્તિ મુજબ તન-મન-ધનથી સેવાકાર્ય કરે તો મને નથી લાગતું કે કોઈપણ માણસ કે જીવ ભૂખ્યો કે દુઃખી રહે. આપણે સૌએ આ દૃષ્ટિકોણ અપનાવી, સહિયારા પ્રયાસથી તે તરફ આગળ વધીને ભારતીય સંસ્કૃતિની આધારશીલા ગણાતી એવી સેવાકીય પ્રવૃત્તિ કરવા સારું પાછળ ન રહેવું જોઈએ. આ આપણા સૌની ફરજ છે. તો જ દેશની અને માનવ સમાજમાં ઉન્નતિના ફળ લાધશે.

*C/o. કનૈયા પ્રોવિઝન સ્ટોર, બાગ દરવાજા, શાકમાર્કેટ રોડ,*
*માણાવદર, જિ. જૂનાગઢ-૩૬૨ ૬૩૦.*
*મો. ૯૯૨૫૯ ૩૨૧૬૬*

## ટી. એસ. એલિયટની કવિતાનો સાર

ટી.એસ. એલિયટની કવિતાની એક કડી છે : "દરેક અખબારમાં ઝળહળવું છે પણ જમણી બાજુએ." અખબાર એ ચોથી જાગીર ગણાય છે અને દરેકને આ જાગીરના જાગીરદાર થવું છે. નામ, એ તો આપણું ઓળખપત્ર. પણ આપણા નામની પાછળ આપણી વાસના અને આપણો અહંકાર સંકળાયેલા છે. માણસ જ્યાં ને ત્યાં પોતાનું નામ કોતરતો આવે છે. નામ માટેની ભીખ કે ભૂખ શા માટે?

પોતાના નામનું ઘર હોય એટલે નિરાંતનો શ્વાસ. લોકો દાન કરે છે તો પણ મોટેભાગે પોતાનું નામ રોશન થાય એના માટે. ઈશ્વરે સૃષ્ટિ સર્જી અને છૂપાઈ ગયો. ક્યાંય એણે પોતાનું નામ લખ્યું નહીં. નામ વિના પણ એનું સ્મરણ થયા કરે. નામને વસ્ત્રની જેમ ઉતારી નાખવું એના જેવો કોઈ મોટો ત્યાગ નથી. પણ માણસની જાતને અમર થવાનો મોહ છે. નામને ચમકાવવા માટે તે ગમે તે કરશે.

મહાભારતમાં કહ્યું છે કે ખુશામતને કાનથી પીવી એ પાપ છે. પણ આ પાપ કરવા માટે ભલભલા તત્પર અને તૈયાર હોય છે. પોતાનું નામ રોજ છાપામાં જોવું એ રોગ છે. કેટલાક લોકો છાપામાં પોતાનું નામ જોઈને નક્કી કરે છે કે એ જીવે છે. મકાનને પોતાનું નામ આપો કે રસ્તાને, કાળ છેવટે કોઈને છોડતો નથી. ભલભલાના નામ ભૂંસાઈ જાય છે.

ફાટેલા કાગળિયા જેવા આપણાં વરસો પર આપણે ગમે એટલું આપણું નામ ઘુંટ્યા કરીએ પણ કાળ જેવું કોઈ રબ્બર નથી. ટાગોર કહે છે કે મારી કીર્તિનો હું વિશ્વાસ કરતો નથી. અખબારોના અક્ષરોમાં જે દેખાય છે તે લોકપ્રિયતા અને સિતારાના અક્ષરમાં ઝળકે છે તે કીર્તિ. માણસના મરણ પછી પચાસ વરસે પણ એની કૃતિ કોઈને યાદ રહે એ કીર્તિ.


***દામજી માણેક ગડા***
*૧૬૦૫, શોભા સુમન બિલ્ડિંગ, મદન મોહન માલવિયા માર્ગ,*
*મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.*

*તમે જેટલું વધુ બીજાંને આપશો,*
*તેટલું તમે વધુ પામશો.*
*તમે જેટલા વધુ હસશો,*
*તેટલાં તમે ઓછાં દુઃખી થશો.*
*તમે જેટલું વધું નિઃસ્વાર્થપણે કામ કરશો,*
*તેટલું વધુ મુક્તપણે જીવી શકશો.*
*તમે જેટલું વધુ વહેંચશો*
*તેટલું તમને બીજાને આપવા માટે વધુ મળશે.*
*તમે જેટલું વધુ ચાહશો,*
*તેટલી વધુ તમને જીંદગી સ–રસ લાગશે.*
*જે આપણે આપીએ છીએ, તે જ હંમેશ ભરપૂર રીતે*
*દિવસે દિવસે આપણે પામીએ છીએ.*

*– હેલન સ્ટીનર રાઇસ*
*પ્રાસાદિકા : ભાર્ગવી દોશી*

આરોગ્ય

# માનસિક સ્ટ્રેસની શરીર પર અસર - ૬ (સારવાર)


ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના લેખોમાં આપણે જાણ્યું કે સ્ટ્રેસ એટલે શું? માનસિક સ્ટ્રેસના નિર્માણ માટે બાહ્ય પ્રસંગ કે બાહ્ય ઘટના કરતા વ્યક્તિનો પ્રતિભાવ અને પ્રતિક્રિયા વધારે મહત્ત્વના છે. પ્રસંગ કે ઘટના ૧૦% ભાગ ભજવે છે જ્યારે વ્યક્તિનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા ૯૦% ભાગ ભજવે છે.

ગયા અંકમાં દવાઓની સારવાર વિશે જાણકારી મેળવી. આ લેખમાં મનોવિશ્લેષણ - કાઉન્સેલિંગ તથા જીવનશૈલી દ્વારા સ્ટ્રેસની સારવાર વિશે જાણકારી મેળવીએ.

- **મનોવિશ્લેષણ - કાઉન્સેલિંગ (Psychotherapy - Counselling) :**

મનોવિશ્લેષણ - કાઉન્સેલિંગની પ્રક્રિયા દર્દી યોગ્ય રીતે સમજી શકે તથા પોતાના માટે યોગ્ય નિર્ણય લઈ શકે **એ માટે દર્દીની મનની સ્થિતિ નોર્મલ હોવી ખૂબ અગત્યનું છે.** દર્દી પોતે મનોવિશ્લેષણની પ્રક્રિયા ન સમજી શકે ત્યારે મનોવિશ્લેષણની સારવાર આપવી પથ્થર પર પાણી રેડવા જેવું છે.

માટે દર્દીની દવાઓ દ્વારા પ્રથમ સારવાર કરાય છે. દવાઓની સારવારના પરિણામ ટૂંક સમયમાં જ મળે છે. દર્દીની મનની સ્થિતિ નોર્મલ થાય બાદ જ મનોવિશ્લેષણની પધ્ધતિથી સારવાર અપાય છે.

મનોવિશ્લેષણની પધ્ધતિઓ દ્વારા સ્ટ્રેસની બીમારી તરફ ધકેલનાર ખામીયુક્ત માનસિક તથા સામાજિક વ્યવહાર અને અન્ય પરિબળોની દર્દી જોડે નિખાલસ ચર્ચા કરવામાં આવે છે. મનોવિશ્લેષણની વૈજ્ઞાનિક પધ્ધતિઓ દ્વારા દર્દીને આ પરિબળો સમજાય છે. જેથી દર્દી પોતાના સ્વભાવ તથા દૃષ્ટિકોણમાં જરૂરી પરિવર્તન લાવે છે. આથી વર્તણૂંકમાં યોગ્ય ફેરફારો થાય છે. દર્દી સ્ટ્રેસની બીમારી તરફ ધકેલનારા માનસિક તથા સામાજિક પરિબળોનો યોગ્ય સામનો કરવા માટેનું મનોબળ કેળવે છે (Mental and Emotional Immunity).

**મનોવિશ્લેષણ પધ્ધતિ દ્વારા સારવાર એક વૈજ્ઞાનિક પધ્ધતિ છે.** આમાં થેરાપીસ્ટ - દર્દીનો સંબંધ મહત્ત્વનું પાસું છે. આ પધ્ધતિ ફક્ત વાતચીત કરવાની કે સલાહ આપવાની પધ્ધતિ નથી. સાયકોથેરાપિસ્ટ (મનોવિશ્લેષણ કરનાર થેરાપિસ્ટ) અલગ અલગ પધ્ધતિઓ દ્વારા દર્દીને પોતાનું અંદરનું મન મોકળું કરવા પ્રેરે છે. મનમાં દબાવી રાખેલી દુઃખભરી, નકારાત્મક લાગણીઓ તથા પ્રસંગોને વ્યક્ત કરવા માટેનું વાતાવરણ ઊભું કરે છે. સાયકોથેરાપિસ્ટ દર્દીને સમભાવપૂર્વક (Empathy) સમજવાનો પ્રયત્ન કરે છે. સાથે સાથે દર્દીનો માનસિક ઉછેર, વ્યક્તિત્વ, ઘરનું વાતાવરણ, કુટુંબીજનોના પરસ્પરના સંબંધો પણ તટસ્થપણે સમજવાની કોશિશ કરે છે.

મનોવિશ્લેષણના નિયમો છે, એની પણ મર્યાદાઓ છે. સાયકોથેરાપિસ્ટને વ્યવસાયિક તાલીમ મળેલી હોય છે. એ પોતે તટસ્થ રહે છે. પોતાની લાગણીઓ, પોતાના અભિપ્રાયો, ગમા-અણગમા મનોવિશ્લેષણની પ્રક્રિયામાં વચ્ચે ન આવે એની તકેદારી રાખે છે.

**સાયકોથેરાપિસ્ટ દર્દી માટે નિર્ણયો કરતા નથી.** દર્દી જ તે સમજી વિચારીને નિર્ણયો કરે છે અને અમલમાં મૂકે છે.

ઘટિત પ્રસંગો તથા દર્દીની એ પ્રસંગો પ્રત્યેની પ્રતિક્રિયાનું પૃથક્કરણ (Analysis) કરવામાં આવે છે. નકારાત્મક લાગણી કે પ્રતિક્રિયા વગર હકીકતનો સ્વીકાર કરવો એ બાબત ચર્ચા કરવામાં આવે છે. પરસ્પરના સંબંધો, અપેક્ષાઓ, લાગણીઓ વિશે તટસ્થપણે ચર્ચા કરાય છે. સમસ્યાનો હલ અલગ અલગ પધ્ધતિથી કેવી રીતે થઈ શકે તથા તત્કાલીન સંજોગો અને પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણયો (Decision making) લેવામાં સાયકોથેરાપિસ્ટ દર્દીને સહાય કરે છે. નિર્ણયો કર્યા બાદ એને અમલમાં (Positive Action) મૂકવા માટેની પધ્ધતિઓ વિશે ચર્ચા કરાય છે અને એ પ્રમાણે લાગણી (feelings), વલણ (attitudes), વર્તન (behaviour)માં ફેરફાર કરવો એ મહત્ત્વનું છે.

**પરિવારજનો જોડે પણ ચર્ચા કરી હકીકતની જાણકારી મેળવાય છે.** એમની લાગણી તથા વર્તનની દર્દી પર થતી વિવિધ અસરો વિશે પરિવારજનો સાથે યોગ્ય ચર્ચા કરાય છે. જરૂરી બાબતમાં પરિવારજનોને ફેરફાર કરવાનું મહત્ત્વ સમજાવાય છે. પરિવારજનોનો સાથ અને સહકાર આ બાબતમાં મેળવવાનો પ્રયત્ન કરાય છે.

અલગ અલગ પ્રકારની મનોવિશ્લેષણની પધ્ધતિઓ

ઉપલબ્ધ છે. દર્દીની સમસ્યા તથા જરૂરત પ્રમાણે વ્યક્તિગત રીતે મનોવિશ્લેષણની પધ્ધતિઓનો ઉપયોગ લેવાય છે.

મનોવિશ્લેષણની (psychotherapy) અલગ અલગ પધ્ધતિઓ છે. જેવી કે સપોર્ટિવ સાયકોથેરાપી (Supportive psychotherapy), કાઉન્સેલિંગ (counselling), બિહેવિયર થેરાપી (behaviour therapy), કોગ્નિટીવ બિહેવિયર થેરાપી (cognitive behaviour therapy), ઇન્ટરપર્સનલ થેરાપી (inter personal therapy), એસર્ટીવ ટ્રેનિંગ (assergice training), પોઝિટિવ રીએન્ફોર્સમેન્ટ (posotive reinforcement), એનાલિટીકલ સાયકોથેરાપી (analytical psychotherapy) વગેરે.

- **વિવેકપૂર્વકનો નકાર વિપદા નિવારે :**

વિવેકપૂર્વક "ના" પાડતા શીખવું જરૂરી છે. 'ના' પાડીએ તો બીજાને દુઃખ લાગે, માઠું લાગી જાય, સંબંધ બગડે, લોકોમાં વાતો થાય, બધા આપણને સ્વાર્થી કે અતડામાં ખપાવી દે, જ્યારે આપણને જરૂર પડે ત્યારે કોઈ નજીક ન આવે – વગેરે ચિંતા કે કલ્પના કરી "ના" પાડી શકતા નથી. ત્યાગમૂર્તિ બનીને બધા માટે કરી છૂટે છે અને છેવટે દુઃખી થાય છે.

જે વ્યક્તિ બધાને "હા" જ કહે છે તે પોતાને, પોતાની જરૂરિયાતોને, સુવિધાઓને કે પસંદગીને "ના" કહે છે. છેવટે દુઃખી થાય છે તથા સ્ટ્રેસ અનુભવે છે.

પોતાની જાતનો, સમયનો, શક્તિનો, સંજોગોનો, પ્રવૃત્તિનો, ક્ષમતાનો અને સીમાનો ખ્યાલ રાખ્યા પછી જ "હા" કે "ના" કહેવાનો નિર્ણય લેવો જોઈએ. તો સ્ટ્રેસની બીમારીમાંથી બચી શકીશું.

"ના" પાડવાની હિંમત કેળવવી જરૂરી છે. "ના" પાડવાની રીત તથા પધ્ધતિ પર ધ્યાન આપવું અગત્યનું છે. (Proper ways of saying "NO")

- **તર્કબુધ્ધિથી નિર્ણય (Rational / Logical Decisions) :**

મહત્ત્વની નિર્ણાયક બાબતોમાં લાગણીથી નહીં પણ મક્કમ તર્કબુધ્ધિથી નિર્ણય લેવો જોઈએ. અંગત કે વ્યવસાયિક જીવનમાં અનિર્ણાયક સ્થિતિમાં મૂકાઈ જઈએ તથા ભાવનાત્મક મૂંઝવણથી ઘેરાઈ જઈએ ત્યારે મક્કમ થઈને નિર્ણય લઇશું તો પાછળથી સ્ટ્રેસની બીમારી અટકાવી શકીશું.

- **હકારાત્મક જીવનશૈલી (Positive Life Style)**

૧. નિત્યક્રમ સામાન્ય બનાવી દો. સવારના ખુલ્લી હવામાં ફરવા જાઓ. નિયમિતપણે પોતાને માફક આવે એવી કસરત કરો (Regular morning walk).

૨. પર્યટન, પિકનિક, યાત્રાનું આયોજન કરો (Enjoyment).

૩. નિયમિત, સક્રિયપણે મેડિટેશન, યોગા, શવાસન કરો (Relaxation)

૪. દરેક કામ માટે સમય કાઢવો પડે છે. જરૂરત છે એ કામને પ્રાથમિકતા આપવાની (Priority).

૫. સકારાત્મક વિચારો કરવા પૂરતા નથી. એની સાથે નક્કર પગલા લેવા જરૂરી છે (Positive Action).

૬. **વર્તમાનમાં જીવો. ભૂતકાળને યાદ કરી પસ્તાવો ન કરવો. ભવિષ્યની ખોટી ચિંતા ન કરો.**

૭. કંઈક અણગમતું બને ત્યારે અફસોસ ન કરતા હકીકતનો મનથી સ્વીકાર કરવો. ભૂલ થાય તો એને સ્વીકારી સુધારવાનો પ્રયત્ન કરો.

૮. ઘનિષ્ઠ મિત્રો બનાવો, જેમની સાથે અંગત તથા મનની વાતો કરી શકાય તથા દુઃખ હળવું કરો.

૯. યોગ્ય પૌષ્ટિક આહાર લો. સીઝન પ્રમાણેના તાજા ફળો, લીલા શાકભાજીનું સેવન કરો. શક્ય હોય તો ફાસ્ટ ફૂડ ટાળો.

૧૦. નિયમિત અને પ્રમાણસર ઊંઘ લો.

૧૧. ખૂબ લાગણીવેડાને સ્થાન ન આપો.

- **સારાંશ :**

માનસિક સ્ટ્રેસની શરીર પર વિવિધ અસરો થાય છે. **માનસિક સ્ટ્રેસને એક પ્રકારની બીમારી સમજવી અગત્યનું છે.** યોગ્ય સારવાર કરવી જોઈએ. હકારાત્મક જીવનશૈલી અપનાવો જેથી માનસિક સ્ટ્રેસની નકારાત્મક અસરોમાંથી બચી શકાય અને યોગ્ય ગુણવત્તાભર્યું જીવન જીવી શકાય.

***(સંપૂર્ણ)***

## તમામ સુખો

એક શાંત, સુંદર ઘર, એક સંપભર્યો પરિવાર,
થોડાં સુંદર પુસ્તકો,
ચાહવા ગમે એવાં અને તમને ચાહતા મિત્રો,
થોડી નિર્દોષ, નિષ્કલંક હસી-મજાક,
સત્ય પરત્વે નિષ્ઠા, શ્રદ્ધા, વિશ્વાસ,
પ્રેમ અને આશાથી ભર્યોભર્યો
એક નિર્દંભ ધર્મ –

*બસ આટલું હોય તો સમગ્ર સૃષ્ટિનાં*
*તમામ સુખો તમારાં ચરણ ચૂમતાં હશે.*

*– ભાર્ગવી દોશી*

આરોગ્ય

# ગર્ભાશય વિશે જાણકારી

દરેક નવો જીવ ગર્ભાશયમાં જ પાંગરે છે. નવ-નવ મહિના ગર્ભાશયમાં પોષાયા બાદ તે સૃષ્ટિમાં પ્રવેશે છે. પરંતુ આ ગર્ભાશય વિશે આપણે પૂરતી જાણકારી ધરાવતા નથી. આ લેખમાં ગર્ભાશયની શક્ય હોય એટલી જાણકારી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

***શરીરમાં ગર્ભાશયનું ચોક્કસ સ્થાન ક્યાં છે?***

સાધારણ રીતે ગર્ભાશય પેડૂના નીચલા હિસ્સામાં આવેલું છે. સ્નાયુઓ દ્વારા તેને આધાર મળે છે. ગર્ભાવસ્થા દરમિયાન તે પેડૂના ઉપલા હિસ્સા તરફ વિસ્તરણ પામે છે.

***ગર્ભાશયમાં કેટલા સ્તર છે?***

બે. ગર્ભાશયનું આંતરિક આવરણ (એન્ડોમેટ્રિયમ) દર મહિને બદલાયા કરે છે. આ સ્તર આસપાસ સ્નાયુઓના સ્તરનું આવરણ હોય છે જેને તબીબી ભાષામાં માયોનેટ્રિયમ કહેવામાં આવે છે.

***ગર્ભાવસ્થા દરમિયાન ગર્ભાશયનું કદ કેટલું વધે છે?***

૫૦૦ ગણું.

***ગર્ભાશયને કેટલા દ્વાર હોય છે?***

ત્રણ. બે ફેલોપિયન ટ્યુબ ઉપરના છેડા તરફ ખૂલે છે અને ગર્ભાશય ગ્રીવા નીચેના છેડા તરફ ખૂલે છે.

***પ્રસૂતિ દરમિયાન વેદના શા કારણે ઉપજે છે?***

ગર્ભાશય ગ્રીવા વિસ્તૃત થવાને કારણે પ્રસવ વેદનાના પ્રથમ તબક્કામાં ગર્ભાશય ગ્રીવા (સર્વિક્સ) એક સે.મી. જેટલી પહોળી થાય છે અને ગર્ભાશય ગ્રીવા વધુમાં વધુ દસ સે.મી. જેટલી વિસ્તૃત થાય છે. પ્રસવ દરમિયાન થતું ગર્ભાશયનું સંકોચન પીડાકારક હોતું નથી. પરંતુ ગર્ભાશય ગ્રીવાનું વિસ્તરણ જ ખૂબ પીડાદાયક હોય છે.

***પ્રસવ વેદના ક્યારે શરૂ થશે એ નક્કી કરનાર પરિબળ કયું?***

આ પરિબળ હજુ સુધી વૈજ્ઞાનિકો સાથે સંતાકૂકડી રમી રહ્યું છે. વિજ્ઞાને આટઆટલી પ્રગતિ કરી પરંતુ આનું કારણ જાણવા સફળતા મળી નથી.

***ગર્ભાશયની અંદર દાખલ કરવામાં આવેલું સાધન (ઇન્ટ્રા યુટેરાઇન ડિવાઇસ – આઈ.યુ.ડી.) કયા સિદ્ધાંત પર કાર્ય કરે છે?***

ગર્ભાશયમાં દાખલ થતા બહારના પદાર્થોને રોકવાનું કામ કરે છે. આ કારણે ફલિત થયેલા સ્ત્રીબીજને એન્ડોમેટ્રિયમમાં સ્થાપિત થતા અટકાવે છે. આમ, ગર્ભ રહેવાનું જોખમ ટળી જાય છે.

***સિઝેરિયન ઑપરેશન એટલે શું?***

પેટ પર ચીરો મૂકી ઑપરેશન દ્વારા બાળકનો જન્મ કરાવવાની પ્રક્રિયાને સિઝેરિયન ઑપરેશન કહે છે.

***સિઝેરિયન ઑપરેશન કયા કારણસર કરવામાં આવે છે?***

પેડૂનો વિસ્તાર સાંકડો હોય, શિશુનું માથું મોટું હોય, પ્રસવની પ્રક્રિયા આગળ વધતી ન હોય ત્યારે અને કેટલાક સંજોગોમાં પ્રથમ પ્રસૂતિ દરમિયાન સિઝેરિયન કરવામાં આવ્યું હોય ત્યારે સિઝેરિયન ઑપરેશન કરવાની જરૂર પડે છે.

***ગર્ભાશય કાઢી નાખવાનું ઑપરેશન તબીબી ભાષામાં કયા નામથી ઓળખાય છે?***

હિસ્ટરેક્ટોમી. આ ઑપરેશન પેટ પર ચીરો મૂકીને અથવા તો યોનિમાર્ગ દ્વારા કરવામાં આવે છે.

***ડી એન્ડ સી એટલે શું?***

ડાયલેશન ઑફ ધ સર્વિકલ એન્ડ ક્યૂરેટેજ ઑફ ધ એન્ડોમેટ્રિયમ.

***સરોગેટ વોમ્બ એટલે શું?***

માતાના ઉદર દ્વારા નહીં પરંતુ અન્ય સ્ત્રીના ઉદર દ્વારા શિશુને જન્મ આપવાની પ્રક્રિયા. કોઈ કારણસર માતા નવ મહિના સુધી શિશુને ગર્ભમાં પોષવા સક્ષમ હોતી નથી. આ સમયે તેના પતિ દ્વારા ફલિત થયેલા તેના સ્ત્રી બીજનું આરોપણ અન્ય સ્ત્રીના ઉદરમાં કરવામાં આવે છે જે નવ મહિના શિશુને પોતાના ઉદરમાં પોષી જન્મ આપે છે.

***ફાઈબ્રોઇડ્સ એટલે શું?***

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૩ ઉપર)

તાલમેલ

# પરિવર્તન



સુનિતા શાહ

વિનુકાકાને આજની યુવા પેઢીની યુવાનોથી બહુ તકલીફ. ઉંમર થઈને! એ વિચારતા કે આજકાલના યુવાનોને કોઈ સમજણ નથી કે નથી કોઈ જવાબદારી નિભાવવાની દાનત... એમને તો બસ એમની ધુનમાં મસ્ત રહેવું છે. કોઈ કંઈ કહે કે રોકે કે ટોકે તો એમને ગમે નહીં. વિનુકાકા મનમાં ને મનમાં બબડતા, **"કેવી થઈ ગઈ છે આજની યુવા પેઢી... ખબર નહીં કઇ દિશા તરફ જઈ રહી છે."**

તેમની આ વિચારણા કદાચ તેમના ઘરના માહોલને કારણે જ હશે. એમની રીતે એમની વાત પણ ખોટી ન હતી. એમના પૌત્ર પ્રતીક અને પૌત્રી પ્રિયાને જોઈને એવા જ વિચાર આવતા. પ્રતીક કૉલેજના બીજા વર્ષમાં હતો અને પ્રિયા બારમા ધોરણમાં હતી. વિનુકાકાની દૃષ્ટિએ આજનું શિક્ષણ પણ અટપટું હતું. બંને કૉલેજ અને સ્કૂલેથી આવી ઝટપટ પોતપોતાના રૂમમાં ભરાઈ જાય. તે ભલા અને તેમના મોબાઈલ ભલા! આખો દિવસ મિત્રો સાથે ચેટિંગ ચાલ્યા કરે. આજુબાજુની કશી પરવા જ નહીં.

વિનુકાકા વિચારતા કે અમારા જમાનામાં લોકો કેવા એકબીજા સાથે હળીમળીને રહેતા. સુખ-દુઃખમાં કામ આવતા. એકબીજાના ખબર અંતર રાખતા. રાત્રીના સૌ સાથે બેસીને વાતો કરતા. સ્ત્રીઓ પણ પ્રસંગોપાત એકબીજાને ઘરે જઈ મદદ કરતી. સોસાયટી જાણે એક જ કુટુંબ હોય તેમ લાગતું. વિનુકાકાને ત્યાં જ્યારે સુબોધનો જન્મ થયો ત્યારે જાણે પૂરી સોસાયટીમાં આનંદની ઘડી આવી હતી. વિનુકાકાની પત્ની પ્રજ્ઞા પણ ઉમદા સ્વભાવની અને મળતાવડી હતી. સુબોધને મોટો કર્યો, ભણાવ્યો ગણાવ્યો ત્યાં સુધી તો પ્રજ્ઞાનો સાથ હતો. પરંતુ વિનુકાકાના આનંદના એ દિવસો લાંબા ચાલ્યા નહીં. તેમની પત્ની પ્રજ્ઞા ટૂંકી માંદગી ભોગવી અચાનક જ વિનુકાકાનો અડધા રસ્તે સાથ છોડી ચાલી ગઈ. વિનુકાકા હૈયુ બાળીને બેસી રહેતા. મનોમન ગણગણતા કે પ્રજ્ઞા તો ચાલી ગઇ અને **મારે જૂની આંખે નવા તમાસા જોવાનો વારો આવ્યો.** હવે આગળની જવાબદારી એકલા વિનુકાકા માથે આવી પડી.

સુબોધ ઉંમરલાયક થતા સારા સંબંધી જોઈ પરણાવ્યો. સુબોધની પત્ની રશ્મિ સુશીલ અને સંસ્કારી હતી. વિનુકાકાની બરાબર સંભાળ રાખતી હતી. પરંતુ વિનુકાકાએ હવે ત્રીજી પેઢીનો સંસાર જોવાનો હતો. સુબોધના બાળકો પ્રતીક અને પ્રિયા ક્યારે યુવાન થઈ ગયા તે એક સ્વપ્ન સમાન સમય હતો. સાંપ્રત સમયની હવા બંનેને સ્પર્શી ગઈ હતી. **મોબાઈલ, ઇન્ટરનેટ જાણે કે તેમના જીવનના અભિન્ન અંગ હતા.** વિનુકાકાએ જૂની આંખે નવું જોવાનું હતું. તેમને આ બધું પસંદ ન હતું. પણ વાસ્તવિક્તાને નકારી શકાય તેમ ન હતી. કોને કહેવું? પ્રજ્ઞા તો હતી નહીં. તેઓ મનમાંને મનમાં હિજરાયા કરતા હતા. શું તેમનો આ ઉકળાટ વ્યાજબી હતો?

એક દિવસ તેમના બાળપણના મિત્ર ભાનુપ્રસાદ તેમને મળવા આવ્યા. આત્મિયતાને નાતે તેઓ એકબીજાને 'વિનુ' અને 'ભાનુ'થી સંબોધતા હતા. ઔપચારિક વાતો પછી વિનુકાકાએ તેમના સંતાનોના વર્તન વ્યવહારની વાતો વિસ્તારથી કહી. તેમના વિચારોથી વિપરીત ચાલતા સંતાનોનો જીવન વ્યવહાર વ્યાજબી હતો? ભાનુપ્રસાદે શાંતિથી વિનુકાકાને સાંભળ્યા. લાંબો સમય સુધી કશો પ્રતિભાવ ન આપ્યો. તેઓ ઠરેલ બુધ્ધિ અને શાંત પ્રકૃતિના હતા. તેઓ સમજતા હતા કે **જ્યારે વ્યક્તિ ઉશ્કેરાટ કે ગુસ્સામાં હોય ત્યારે તેમને કશું કહેવું વ્યર્થ છે.** તેમના માટે સાચું સમજવું મુશ્કેલ છે. તેથી જ્યારે વિનુકાકાનો ઉભરો શાંત થયો ત્યારે શાંતિથી તેમણે વાત માંડી. તેમની વાત વિનુકાકાના વિચારોથી જુદી જ હતી. તેમણે વિનુકાકાને સમજાવ્યું કે, **"સતત પરિવર્તન પામતા સમયના વહેણને પોતાના જન્મ સમયના વિચારોમાં બાંધવું અયોગ્ય છે.** શક્ય પણ નથી. આપણા વિચારો વર્તમાનમાં જીવતા યુવાનો પર થોપવાથી આપણે જ અણગમતા થઈ જઈશું. આપણે આપણા જૂના વિચારો ત્યાગી, આધુનિક સમયમાં તાલમેલથી રહેવા ટેવાવું પડશે અને એમ કરવાથી એ પણ સમજાશે કે આજની પેઢીના તમામ યુવાનો બેજવાબદાર નથી. આપણો પૂર્વગ્રહ જ આપણા વિચારોને કુંઠિત કરી નાખે છે. **સતત પ્રગતિ ઝંખતા યુવાનોને સમજવા જરૂરી છે. તેમની પાસેથી પણ ઘણું સમજવાનું હોય છે. ફક્ત અહમ્ છોડવો જરૂરી છે. એક વખત દૃષ્ટિકોણ બદલાશે તો આજની યુવા પેઢી માટે કોઈ ફરિયાદ નહીં રહે."**

વિનુકાકાને સમજાવવા ભાનુપ્રસાદે વાત આગળ વધારી. "આજની યુવા પેઢી ફક્ત હરવા ફરવામાં જ સમય નથી વેડફતી, એ તો ક્યાંયે પાંખો ફેલાવીને ઉડી રહ્યા છે. પણ તો ય પગ તો ધરતી ઉપર જ છે. તેઓ પહેલાની પેઢી કરતા વધારે પ્રમાણિક છે. તેમનામાં દંભ નથી અને એમને એમની જવાબદારી નિભાવવાની પણ ખબર છે."

ભાનુપ્રસાદ તો આજની યુવા પેઢી માટે ઉપદેશ આપી ચાલ્યા ગયા, પણ તેમના ઉપદેશની કોઈ અસર વિનુકાકાના મન પર થઈ હોય એમ જણાતું ન હતું. ભાનુપ્રસાદની વાત પર ખાસ વિચાર કરવાની જરૂરત પણ વિનુકાકાને લાગી નહીં. દિવસો પસાર થતા ગયા.

એક દિવસ વિનુકાકા મંદિરેથી દર્શન કરીને આવતા હતા ત્યારે રસ્તામાં અચાનક ઠોકર વાગતા પડી ગયા. તે કંઇ વિચારે ત્યાં બાજુમાં ઊભેલી કારમાંથી એક નવયુવાન ઉતર્યો અને એમને પકડીને ઊભા કર્યા અને પૂછ્યું, "કાકા, બહુ વાગ્યું તો નથીને? કેવી રીતે પડી ગયા? આવો મારી કારમાં હું તમને તમારા ઘરે મૂકી જાઉં."

**વિનુકાકા તો વિચારમાં પડી ગયા. આજના યુવાનમાં આટલો બધો વિવેક અને વિનય!** એમની આંખમાં આંસુ આવી ગયા. શું આ સાચું હતું? એ યુવાન તો એમને ઘરે ઉતારી ચાલ્યો ગયો પણ વિનુકાકાના હૃદયમાંથી જતો ન હતો. ક્યારેક નાની ઘટના પણ હૃદયમાં હંમેશ માટે સ્થાન લઇ લેતી હોય છે.

વિનુકાકાનું મનોમંથન ચાલુ હતું. એકવાર સુબોધ અને રશ્મિ કોઇ પ્રસંગે બહારગામ ગયા હતા. પ્રતીક અને પ્રિયા કૉલેજ ગયા હતા. વિનુકાકા ઘરમાં એકલા હતા. એમની તબિયત કંઈ ઠીક લાગતી ન હતી. તેમને પરસેવો વળવા લાગ્યો હતો. ગભરામણ પણ થતી હતી. કોને કહું? કોને બોલાવું? એમ વિચાર કરતા કરતા ઘરના દરવાજા સુધી આવ્યા. બાજુના ઘરમાં રહેતો કેવલ એ જ વખતે પોતાના કામથી બહાર જવા નીકળતો હતો. એણે વિનુકાકાને જોયા. જોતાવેંત તેને ખ્યાલ આવી ગયો કે વિનુકાકાની તબિયતમાં કંઈક ગરબડ છે. તે દોડીને વિનુકાકા પાસે પહોંચી ગયો અને ટેકો દઇ તેમને બેસાડ્યા. સાથે સાથે ત્રણ ફોન પણ કરી દીધા : ડૉક્ટરને, પ્રતીકને અને પ્રિયાને. થોડીવારમાં ડૉક્ટર આવી ગયા. તપાસ કરતા જણાયું કે બ્લડ પ્રેશર વધારે છે. તેમણે દવાઓ લખી આપી અને કેટલાક રિપોર્ટ કઢાવવાનું પણ કહ્યું. વિનુકાકા પલંગમાં આરામ કરતા હતા. કેવલ એમની પાસે જ બેઠો હતો. થોડીવારમાં પ્રતીક અને પ્રિયા હાથમાં દવાઓ સાથે પહોંચી આવ્યા. વિનુકાકાને આશ્ચર્ય થયું કે હજી હમણા જ ડૉક્ટર દવા લખાવીને ગયા અને પ્રિયા અને પ્રતીક કેવી રીતે આટલી જલ્દી દવા લાવ્યા? તેમનું આશ્ચર્ય સમે તે પહેલાં એક ભાઈ બ્લડનું સેમ્પલ લેવા પણ પહોંચી આવ્યા.

વિનુકાકા વિચારતા રહ્યા કે આટલું ઝડપથી આ બધું કેવી રીતે થયું! હકીકતમાં કેવલે દવાનું લિસ્ટ તથા રિપોર્ટ માટેની વિગતોના, મોબાઈલમાં ફોટા પાડી સંબંધિતોને મોકલી આપ્યા હતા. બધું સમયસર પતી ગયું. દવા લીધા પછી હવે વિનુકાકાને સારું લાગવા માંડ્યું હતું. **વિનુકાકાના વિચારોમાં પરિવર્તન આવવા લાગ્યું હતું.** ઉપરા ઉપરી બનેલા બે પ્રસંગોએ તેમના વિચારોની દિશા વાળવા મજબૂર કરી દીધા. આજની યુવા પેઢી બેજવાબદાર તો નથી જ. એમણે પોતાની અલગ દુનિયા વસાવી છે તો આજુબાજુની દુનિયાથી અલિપ્ત પણ નથી. શું દરેક વાતમાં યુવાપેઢીનો દોષ કાઢવો આવશ્યક છે? **પોતાની જવાબદારી નિભાવવામાં આજની યુવા પેઢી પહેલાની પેઢી કરતા જરા પણ પાછળ નથી.** આજની યુવા પેઢી ભણવામાં, ગણવામાં, ટેકનોલોજીમાં, સમજણમાં અને સમર્પણમાં પહેલાની પેઢી કરતા આગળ જ છે. જો કે તેમાં અપવાદ પણ હોઈ શકે છે. પણ તે સમગ્ર યુવા પેઢીનો માપદંડ ન હોઈ શકે.

**આપણે તો એમની સાથે કદમથી કદમ મિલાવીને ચાલવાનું છે. એમને સમજવાના છે.** આપણી સમજણ તેમને આપવાની છે. જૂના ચશ્મા ઉતારીને નવા ચશ્માથી દુનિયાને જોવાની છે. અવનવા રંગીન આવરણો જોવાના છે. જૂની પેઢી નસીબદાર છે કે આ બધું જોવા મળ્યું છે. નવી પેઢી પાસેથી પણ ઘણું શીખવાનું છે. **શિક્ષા માટે ઉંમરનો કોઈ બાધ નથી.** કોઈ પણ ઉંમરે શિક્ષણ મેળવી શકાય છે. તે માટે ઇચ્છા હોવી જોઈએ. જૂની પેઢી આ વિચારને અપનાવશે તો આજની યુવા પેઢી પણ ગર્વ લેશે.

વિનુકાકા સમજી ગયા. પરિવર્તન આવશ્યક છે. તેની ઉપેક્ષાથી નુકસાન જ છે.

*૭, દર્શન એપાર્ટમેન્ટ, કૈલાસ સોસાયટી,*
*મહાલક્ષ્મી પાંચ રસ્તા, પાલડી, અમદાવાદ-૭.*
*મો. ૯૮૨૫૧ ૫૧૫૧૩*

## ગર્ભાશય વિશે જાણકારી

**(અનુસંધાન : પાના નં.-૪૧ ઉપરથી ચાલુ)**

ગર્ભાશયના સ્નાયુઓના વધુ પડતા વિકાસને ફાઇબ્રોઇડ્સ કહે છે. બસ્સોમાંથી એક ફાઇબ્રોઇડ્સ કેન્સરમાં પરિણમી શકે છે.

### *ગર્ભાશય કાઢી નાખવા પાછળ કયા પરિબળો કામ કરે છે?*


ફાઇબ્રોઇડ્સમાં સતત વધારો થયા કરે, ગર્ભાશયની ગ્રીવાનું કેન્સર છેવટના તબક્કામાં હોય ત્યારે અને માસિક દરમિયાન અતિશય રક્તસ્રાવ થતો હોય ત્યારે ગર્ભાશય કાઢી નાખવાનો નિર્ણય લેવામાં આવે છે.

### *પ્રોપેલ્સ ઑફ યુટેરસ એટલે શું?*

ગર્ભાશયને ટેકો આપતા સ્નાયુઓ નબળાં પડી જવાને કારણે ગર્ભાશયની નીચે સરી જાય તેને પ્રોલેપ્સ ઑફ યુટેરસ કહે છે.

### *એક સ્ત્રીના આયુષ્યના સમયમાં માસિક સ્ત્રાવ દરમિયાન સરેરાશ કેટલી વાર ગર્ભાશય પોતાનું આવરણ બદલે છે?*

માસિક સ્ત્રાવ શરૂ થવાની સરેરાશ આયુ બાર વર્ષની છે અને તે ૪૫ વર્ષ સુધી ચાલુ રહે છે. આથી આ ગાળો સરેરાશ ૩૩ વર્ષનો છે. ૩૩ x ૧૨ = ૩૯૬. સાધારણ રીતે લગભગ ૪૦૦ વાર ગર્ભાશય આંતરિક આવરણ બદલે છે.



સમસ્યા

# થોડા વૃધ્ધોની વ્યથા

દામજી માણેક ગડા

કોઈક વૃધ્ધને હસતો જુઓ તો તેનો ફોટો પાડી લેજો કારણકે આજના સમયમાં વૃધ્ધ માણસ ભાગ્યે જ હસતો જોવા મળશે! બાગ બગીચામાં થોડા વૃધ્ધોને ગંજીફા સાથે પ્રેમ કરતા જોઉં છું ત્યારે તેની સાથે તેઓ સમયને પણ મારે છે. માત્ર સમય પસાર કરવા થોડા વૃધ્ધો બગીચામાં ભટકતા હોય છે ત્યારે બગીચાઓ માનવ સંગ્રહાલયમાં પરિવર્તન થયેલા જણાય છે.

પ્રાણી સંગ્રહાલયમાં પશુઓ પીંજરામાં બંધ હોય છે. દર્શકો બહારથી તેમનું અવલોકન કરે છે. બગીચાની ચારેબાજુ કાંટાળી વાડ કે દીવાલોમાં માણસ સ્વેચ્છાએ પુરાવા આપે છે. થોડા વૃધ્ધોને બગીચાની કાંટાળી વાડ ગમે છે. તેઓ તેમાં પોતાને સુરક્ષિત સમજે છે. ખુલ્લા અને મોકળાશ મનથી અહિંયા ચર્ચા કરી શકે છે, સુખ-દુઃખની આપ-લે કરે છે. સાંજનો સમય બગીચામાં જલ્દીથી પસાર ન થાય તેમ અંતરથી ઈચ્છે છે. મનથી પ્રાર્થના કરે છે કે ઘડિયાળના કાંટા થંભી જાય. પરંતુ સમય રોકાતો નથી. જલ્દી બગીચાનો મેળાપનો સમય પૂરો થાય છે. ફરી એ એકલતાભર્યા વાતાવરણમાં પાછા ફરે છે.

બગીચાની સંસ્કૃતિ એક અલગ સંસ્કૃતિ છે. મારા સ્નેહી સ્વર્ગવાસી વયોવૃધ્ધ મિત્ર આત્મારામભાઈ વ્યાસ જણાવે છે કે જ્યારે અમે ભૂતકાળને વાગોળીએ છીએ ત્યારે મારી સમક્ષ મારા જૂના મિત્રોની યાદો તરવરે છે. જેમાં સ્વર્ગવાસી દેવજી રતનશી, જીવરામ ભાણજી, પ્રેમજી ભાણજી, કુંવરજી માલશી સાથેની સ્મૃતિઓને યાદ કરતા બહુ જ ખાલીપો મહેસૂસ કરું છું. ત્યારે જૂના ગીતની પંક્તિ યાદ આવે છે : **"ઓ દૂર કે મુસાફિર, હમકો ભી સાથ લે લે... હમ રહ ગયે અકેલે..."** આ મારી વ્યથાને સમજી શકનાર મારા કોઈ અંગત મિત્રો રહ્યા નથી.

થોડા એવા વૃધ્ધો છે જે ઘરમાં એકલતાથી જીવે છે. ઘર એમને એક કારાગૃહ લાગે છે. કારાગૃહોમાં તાળા બહારથી લાગે છે અને કેદી અંદર હોય છે. ઘરમાં કડી અંદરથી લાગે છે પણ માણસ કેદીની જેમ જીવે છે. કારણકે ત્યાં સંવાદ નથી અને સંવાદ કરે તો વિવાદમાં રૂપાંતર થઈ જાય છે. થોડા વૃધ્ધો ભૂતકાળમાં મહાજન, ગામની સંસ્થાઓ, સમાજની સંસ્થાઓનું પ્રધાન મંડળ બનાવતા કે એમાં કાર્યકર્તા તરીકે કાર્ય કરતા હતા આજે તેઓ ઘરના પ્રધાન મંડળમાંથી પણ બહાર ફેંકાઈ ગયા છે. તેમનો કોઈ પણ પ્રસ્તાવ એજન્ડા પર આવતો નથી. તેઓ એકાંત એકલતાભર્યું જીવન જીવતા હોય છે.

જે. કૃષ્ણમૂર્તિ કહેતા હતા કે, જેને એકાંત પ્રિય છે તેને સાથીદારોની જરૂરત રહેતી નથી. જે મૌનની ભાષા સમજી શકે છે તેને એકલતા ખલતી નથી. ધ્વનિઓ, શોરબકોર કે વાદ-વિવાદની વચ્ચે પણ એકાંતની શિસ્ત પાળી શકનાર વ્યક્તિના ધૈર્યની કદર કરવા જેવી છે. **થોડા વ્યક્તિ મનથી એકલા પડી જાય છે ત્યારે તે વ્યક્તિને એકલતા ભીતરથી કોરી ખાય છે.** જે વૃધ્ધો અહં અને દંભના વાતાવરણને છોડવા માંગતા નથી તેમની પાસે ચિંતન હોતું નથી. તેઓ ચિંતાઓથી ઘેરાયેલા રહે છે. તેઓ પોતાની ચિંતાઓ, આખરે ચિતામાં બળીને રાખ ન થાય ત્યાં સુધી ઉપાડ્યા કરે છે.

જે વૃધ્ધો પાસે ચિંતન છે, ડહાપણ અને સમજણ છે તેઓ બાંધછોડ અને સમાધાનની ભૂમિકા અપનાવે છે. મને ઑસ્કર વાઈલ્ડનું એક વાક્ય યાદ આવે છે કે "ઘર છોડતી વખતે ઘરના દરવાજાને એટલા જોરથી બંધ કરશો નહીં. ફરી ક્યારેક તમને એ દરવાજામાંથી ઘરમાં આવવાનું મન થાય ત્યારે તે ખૂલી શકે."

**બચપણમાં વડીલો બાળકોને બોલતા શીખવાડે છે. મોટા થઇને એ બાળકો વડીલોને ચૂપ રહેતા શીખવાડે છે.** ફરજિયાત બીજાને મૌન રખાવાની કળા વૃધ્ધોને પોતાના વડીલોના વારસામાંથી પ્રાપ્ત નથી થઈ તે પોતે જ જોવાનું છે.

અહિયા કર્મના ઋણાનુબંધનના નિયમો લાગુ પડે છે. સમાજના ઘણા કુટુંબોમાં આવા ઉદાહરણો જોવા મળે છે. બાળકો એમના વડીલોનું આપસી સમજૂતીથી વિભાજન કરતા જોવા મળે છે. આ વિભાજનની વેળા દીકરીને સાસરે વળાવવા કરતા પણ વધુ દુઃખદાયક અને પીડાદાયક હોય છે. વિભાજનની વેળા કોઈક વૃધ્ધની આંખોમાં આંખ પરોવીને જોશો તો વ્યથા, ચિંતા અને અસુરક્ષિતતાથી ઘેરાયેલા વ્યક્તિને ખાટકીઓ કસાઈવાડે લઈ જતા હોય તેવો ભય વર્તાય છે.

વાર-તહેવારે જાહેરમાં વૃધ્ધોને આદર મળે છે પણ ઘરમાં પ્રેમ મળતો નથી. મારા સ્મૃતિ પટ પર વયોવૃધ્ધ ગાંધીનો એક બાળક સાથે ખિલખિલાટ કરતો ચહેરો અંકિત થયેલો રહે છે. **બગીચામાં જ્યારે વૃધ્ધોના ખિલખિલાટભર્યા ચહેરા જોવા મળશે ત્યારે આપણને ઘરડાં ઘર બાંધવાનો વિચાર માંડી વાળવો પડશે. અને તેમ છતાં સમાજને ઘરડાં ઘર બનાવવા પડે તો તેનો પાયો કોઈ યુવાન પાસે નખાવજો કારણકે ભવિષ્યમાં એને એની જરૂર પડશે.**

*૧૬૦૫, શોભા સુમન બિલ્ડિંગ, મદન મોહન માલવિયા માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.*

એપ્રિલફૂલ

# પોલીસ પર લાઠીચાર્જ!



ચિત્રસેન શાહ
નિવૃત્ત કાર્યપાલક ઇજનેર (જી.ઈ.બી.)

એકવાર એવા સમાચાર મળ્યા હતા કે મહારાષ્ટ્રમાં એક જગ્યાએ પોલીસ ભરતીમેળામાં ધક્કામુકી થઈ તેમાં ભેગા થયેલા અને ગુસ્સે ભરાયેલા ઉમેદવારોએ (ભવિષ્યના પોલીસોએ!) વ્યવસ્થા ગોઠવવા ઊભેલા પોલીસકર્મીઓ પર લાઠીચાર્જ કર્યો! સામાન્ય રીતે પોલીસ લાઠીચાર્જ કરે. પરંતુ અહીં ઊલટું થયું હતું! પોલીસ પર લાઠીચાર્જ થયો!

અમદાવાદ શહેરના ઇતિહાસ વિશે કહેવાય છે ને કે 'જબ કુત્તે પર સસ્સા આયા તબ બાદશાહને શહર બસાયા.' તેવું જ અહીં થયું ને! કૂતરા પર સસલો! ભરતીમેળામાં ઘરઘાટીઓ રામાઓ પણ ગયેલા! (પોતાની કામગીરીમાં ડાઇવર્સિફિકેશન લાવવાના ઉદ્દેશથી! કોર્પોરેટ ક્ષેત્રનો રંગ બધે જ લાગે ને!) ગયા તો ભલે ગયા, પરંતુ સાથે કપડાં ધોવાના ધોકા પણ લેતા ગયેલા! આ ધોકા વડે રામાઓએ પોલીસકર્મીઓ પર લાઠીચાર્જ કર્યો! અમુક રામાઓને તો પોલીસોએ ભૂતકાળમાં હેરાન કર્યા હશે. તેથી રામાઓએ તકનો લાભ લઈ પોલીસને ધોકાથી મારી મારીને ધોઈ નાખ્યા.

રોજ જેનાથી કપડા ધોવાતા હતાં તેનાથી આજે પોલીસો ધોવાયા! આમેય તે પોલીસની મથરાવટી મેલી જ હોય છે, જેને આજે ઊજળી કરવાનો પ્રયાસ થયો.

અમારો પદ્મશ્રી રામો પણ તે ભરતીમેળામાં ગયેલો. ફક્ત તમાશો જોવા જ! તેની પાસેથી ઉપરોક્ત સમાચાર અમને જાણવા મળ્યા હતા. અમારો ફૉરેન રિટર્ન રામો કઈ રીતે પદ્મશ્રી બન્યો તેનો પણ ઇતિહાસ છે. ચાલો, જોઈએ ફ્લેશ બૅક!

આઈ.એફ.એસ. (ઇન્ડિયન ફોરેન સર્વિસીસ)ના એક ઉચ્ચ અધિકારીની ઑફિસમાં પટાવાળા તરીકે અને તેને ઘેર રામા તરીકે એમ ડબલ રોલમાં કામ કરતાં કરતાં તેના નસીબ આડેનું પાંદડું ખસી ગયું અને તેને તેના સાહેબની સાથે જ ફોરેન જવાનો ચાન્સ મળી ગયો! ઑફિસરની 'ગુડબુક'માં રહેનારને આવા ચાન્સ હંમેશાં મળી જતા હોય છે!

દર વર્ષે પ્રજાસત્તાક દિને ૨૬મી જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ તે વર્ષમાં અમુક સામાજિક ક્ષેત્ર કે અન્ય ક્ષેત્રોમાં અનન્ય સિદ્ધિ મેળવનાર કે સેવા કરનાર વ્યક્તિને પદ્મશ્રી, પદ્મભૂષણ કે પદ્મવિભૂષણના ઇલ્કાબથી નવાજે છે. જોકે છેલ્લાં કેટલાંક વર્ષોથી તે પ્રથા પણ પ્રદૂષિત થઈ ગઈ છે. અહીં પણ પ્રદૂષણે પોતાનો પ્રભાવ ફેલાવ્યો છે! તેમાં શ્રેષ્ઠતા કરતાં બીજાં ઘણાં પરિબળો કામ કરી જાય છે. રાજકારણીઓ કે અધિકારીઓની દખલગીરી, સિલેક્શન કમિટી મેમ્બર્સના પર્સનલ ગમા-અણગમા જેવી બાબતો વગેરે પણ અસર કરી જાય છે. સાહિત્ય સહિત જિંદગીના દરેકે દરેક ફિલ્ડમાં આ દૂષણે પોતાનો પંજો ફેલાવ્યો છે.

એક ન્યુઝ પેપરમાં વાંચેલ સમાચાર પ્રમાણે છેલ્લા પ્રજાસત્તાક દિને જાહેર થયેલા પદ્મશ્રીઓના લિસ્ટમાં એક મિસ્ટર ચટવાલનું નામ પણ હતું! આ મિસ્ટર ચટવાલ મૂળ ભારતીય, પણ અમેરિકામાં હોટલ-રેસ્ટોરન્ટનો બિઝનેસ ધરાવતો હતો.

આ ઇલ્કાબ મેળવવામાં તેનો ફાળો શો હતો તે જાણવું છે? દિલ્હીના રાજકર્તાઓ-રાજકારણીઓ કુટુંબકબીલા સાથે જ્યારે અમેરિકાનો પ્રવાસ ખેડે ત્યારે તેમને વી.આઈ.પી. ટ્રીટમેન્ટ આપવી! હવે એ 'પદ્મશ્રી મિસ્ટર ચટવાલ' પોતાની રેસ્ટોરન્ટમાં વટ સાથે ગ્રાહકોને પિઝા પીરસી રહ્યા છે! વળી અલગ અલગ વેરાયટીના પિઝામાંથી એક વેરાયટીના પિઝાનું નામ પણ તેણે - 'પદ્મશ્રી પિઝા(!)' રાખ્યું છે. લાગતા વળગતાને આપેલ વી.આઈ.પી. ટ્રીટમેન્ટનો ખર્ચ એ પિઝા પર ચડે છે!

આ રીતે જ અમારો વર્તમાન રામો જે ભૂતકાળમાં આઈ.એફ.એસ. અધિકારીનો પટાવાળો હતો તે પદ્મશ્રી થઈ ગયો હતો! અમારા એક મિત્રે કહ્યું કે 'હાસ્યલેખ લખવા માટે આ શીર્ષક સારું છે – 'પટાવાળો બન્યો પદ્મશ્રી!'

અમુક વર્ષો પછી જ્યારે પેલો ઓફિસર રિટાયર થઈને દેશમાં આવ્યો ત્યારે તેના પટાવાળાને પણ પરદેશ છોડવું પડ્યું! તે પણ રિટાયર થવાની તૈયારીમાં જ હતો એટલે તેણે બીજી નોકરી શોધવાનું શરૂ કર્યું. તે જ અરસામાં અમે ઘરઘાટી અંગેની જાહેરાત આપી હતી. જેના જવાબમાં એ અમારે ત્યાં આવ્યો

હતો. તેણે આવીને અમારા હાથમાં તેના સર્ટિફિકેટની ફાઈલ મૂકી.

અમે આખી રાત ફાઈલ જોઈ. **જેમાં છેલ્લું સર્ટિફિકેટ હતું તે પદ્મશ્રી અંગેનું હતું!** અમે બે ઘડી તો તેને જોઈ જ રહ્યા! અડધા ઊભા જેવા પણ થઈ ગયા! તેના પ્રત્યેની અમારી સદ્‌ભાવના બેવડાઈ ગઈ અને અમે તેને ઈન્સ્ટંટલી રામા તરીકે રાખી લીધો. આથી મેં એક કાંકરે બે પક્ષી...! (જૈન હોવાને નાતે પક્ષી મારવાનો જીવ નથી ચાલતો - પેપર પર પણ નહીં!) એક તો ઘરનો મહિલાવર્ગ ખુશ થઈ ગયો અને બીજું કે મારા મિત્રવર્તુળ અને સગાસંબંધીઓમાં એવી છાપ પડી કે મિસ્ટર શાહનો તો રામો પણ પદ્મશ્રી(!) છે.

પણ કહેવત છે કે સુખના દિવસો બહુ લાંબા ચાલે નહીં. અમારા કેસમાં એવું જ થયું. અમારે ઘેર હોળી તો ખરેખર હોળી પછી જ સળગી!

હોળીનો તહેવાર ઊજવવા રાજસ્થાન ગયેલો રામો હોળી પછી માર્ચ મહિનાના છેલ્લા દિવસો સુધી દેખાયો નહીં. અમે તેના આવવાની આશા છોડી દીધી હતી ત્યાં ૩૧મી માર્ચે તેનો પત્ર આવ્યો. પત્ર વાંચીને અમે ચોંકી ગયાં!

પત્રમાં તેણે લખ્યું હતું :

'એક વાર આઈ.પી.એલ.ની રાજસ્થાન રોયલ્સની ટીમ જેમાં રમતી હતી તે મેચ હું જોવા ગયેલો ત્યારે અકસ્માતે રાજસ્થાનની ટીમનાં માલિક શિલ્પા શેટ્ટીને મળવાનું થયું. મારા 'પદ્મશ્રી'ના ઈલકાબને કારણે તેમણે મને રૂમ અટેન્ડન્ટ તરીકે નોકરીએ રાખી લીધો છે. તેથી હવે હું આપને ત્યાં આવી શકીશ નહીં. તો માફ કરશો.

લિ. ડુંગરશીના રાધેકૃષ્ણ.

ઉપરોક્ત પત્રની નીચે તેણે લખ્યું હતું :

'હવે પાનું ફેરવો!'

અમે પાનું ફેરવ્યું તો અમે ફરીથી ચોંકી ગયા! કારણકે તેમાં તેણે લખ્યું હતું : 'આપના ઘરનાં મહિલા મેમ્બર્સ પર આભ તૂટી પડવા જેવું થાય તે પહેલાં જ ફોડ પાડી દઉં કે આવતીકાલે પહેલી એપ્રિલ છે, સમજ્યા! હું આવતીકાલે હાજર થઈશ!

આગળના પાના પર લખેલ વાત એપ્રિલફૂલ તરીકે ગણવી!'

આનું નામ જ એડવાન્સમાં એપ્રિલફૂલ!

'એપ્રિલફૂલ ૩૧મી માર્ચે!'

*પ્લોટ નં.-૩૧૪/એ, સેક્ટર-૨૦, રાજશ્રી સિનેમા પાસે, ગાંધીનગર-૩૮૨ ૦૨૦. ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*

## હોસ્પિટલ દર્દીને બંધક ન બનાવી શકે

***હોસ્પિટલોમાં મોટાભાગે ઈમરજન્સીમાં દાખલ કરવા, સારવાર અથવા બીલની ચૂકવણી મુદ્દે વિવાદ થાય છે. દર્દીઓના કેટલાક એવા અધિકારો છે, જે તેમને જાણવા જરૂરી છે.***

★ **ઇમરજન્સીમાં સારવારનો ઇન્કાર ન કરી શકે :** જો કોઈ ગંભીર હાલતમાં હોસ્પિટલમાં પહોંચે છે તો હોસ્પિટલોના તબીબોની આ જવાબદારી છે કે તેને તરત જ જરૂરી સારવાર આપવામાં આવે. યોગ્ય સારવાર અને જીવ બચાવવાનો શક્ય તેટલા પ્રયાસો બાદ જ આગળની કાર્યવાહી કરવામાં આવે. દર્દીની સમસ્યાઓ દૂર કરવા માટે પૂરી પ્રક્રિયા બાદ જ હોસ્પિટલ પૈસા માંગી શકે છે અથવા તો પોલીસને જાણકારી આપવાની પ્રક્રિયા શરૂ કરી શકે છે.

★ **ભેદભાવ વિના પૂરી માવજત :** કોઈપણ હોસ્પિટલમાં દર્દી સાથે જાતિ, વર્ણ, પદ, ધર્મ અથવા વયના આધારે ભેદભાવ ન કરી શકાય.

★ **મેડિકલ રિપોર્ટસ, રેકોર્ડસ :** હોસ્પિટલ દર્દીઓને તેના મેડિકલ રેકોર્ડ કે રિપોર્ટ આપવાનો ઈન્કાર ન કરી શકે. દર્દી અથવા તેના પરિવારજનોને અધિકાર છે કે દર્દીના રિપોર્ટસ અને રેકોર્ડસની ફોટોકોપી લઈ શકે છે.

★ **ખર્ચની જાણકારી :** દર્દી અથવા તેના પરિવારજનોને હોસ્પિટલ દ્વારા જાણકારી અપાવી જોઈએ કે શું બીમારી છે, સારવારનું શું પરિણામ આવશે. ખર્ચ, ફાયદો, નુકસાન અને વિકલ્પો વિશે પણ જણાવવું જોઈએ.

★ **અન્ય ડૉક્ટરની સલાહ લેવાનો અધિકાર :** અગર કોઈ ડૉક્ટરની રીત કે સારવારથી ખુશ નથી તો અન્ય તબીબની સલાહ લઈ શકે છે. તેવા કિસ્સામાં મેડિકલ અને નિદાન રિપોર્ટ દર્દીને ઉપલબ્ધ કરાવવાના રહેશે.

★ **ઓપરેશન પહેલા જાણકારીનો અધિકાર :** કોઈપણ મોટી સર્જરી પહેલા દર્દીને તે વિશે પૂરી જાણકારી મેળવવાનો અધિકાર છે. ડૉક્ટરે દર્દી અથવા તેના પરિવારજનોને આ પૂછવું જરૂરી છે કે તેઓ સર્જરી કરાવવા માંગે છે કે નહીં? તે બાદ જ સહમતિ પત્ર પર સહી કરાવાય.

★ **ડિસ્ચાર્જનો અધિકાર :** ઘણીવાર હોસ્પિટલો પૂરું બીલ નહીં ચૂકવવાની સ્થિતિમાં દર્દીને ડિસ્ચાર્જ નથી કરતા. ઘણીવાર તો દર્દીના નિધન બાદ મૃતદેહ પણ નથી લઈ જવા દેતા. ડૉ. અરુણ ગદરે અને ડૉ. અભય શુક્લે પુસ્તક 'ડિસેન્ટિંગ ડાયગ્નોસિસ'માં લખ્યું છે કે આરોગ્ય સેવાઓ આપવી સામાન વેચવા જેવી બાબત નથી. ડૉક્ટર-દર્દી વચ્ચે ખાસ સંબંધ હોય છે, જ્યાં ડૉક્ટર દર્દી વતી ઘણાં નિર્ણયો લેતા હોય છે.

માહિતી

# "ફ્રેશ" રાખશે આ ફેસપેક્સ....!



નજમા ગોલીબાર

ચહેરો તાજગીભર્યો રાખવા માંગતા હો તો એની સફાઈ બહુ જ જરૂરી છે. જો તમે સાબુ અથવા કૃત્રિમ કેમિકલ ક્લિંઝરનો ઉપયોગ કરીને કંટાળી ગયા હો તો અને ચહેરાની ઊંડી સફાઈ કરવા માંગતા હો તો અમુક વસ્તુઓનો ઉપયોગ કરી શકો છો.

❖ **દૂધ :** દૂધ સૌથી વધારે અસરકારક કુદરતી ક્લિંઝર છે. એ વધારે પડતું સ્કીન ટાઈપ પર કામ કરે છે. પાંચ મોટી ચમચી દૂધ લો અને એમાં ચપટી મીઠું નાખો. ચોખ્ખી ચમચીથી મિલાવો. એ પછી એક કોટન બૉલ-રૂ નું પૂમડું લો અને દૂધવાળા મિશ્રણમાં એને ડુબાડો. હવે આ ભીના કોટન બૉલને ચહેરા અને ગરદન પર લગાવો. એક મિનિટ સુધી એમને એમ રહેવા દો અને પછી કોટન બૉલને ગોળ ફેરવતાં ચામડી સાફ કરો અને પછી પાણીથી ચહેરો સાફ કરી નાખો. દૂધ અને મીઠાનું આ મિશ્રણ મૃત ચામડી હટાવે છે અને ચામડીને પોષણ આપે છે. દૂધ ચહેરાની રંગત પણ નિખારે છે.

❖ **કાકડી અને દહીં :** કાકડી બહુ જ સારું ક્લિંઝર છે. એ ચામડીને ટાઈટ કરે છે અને ડાઘ-ધબ્બા ઓછા કરે છે. એનાથી ચામડી મુલાયમ બને છે. એક કાકડીને છોલીને એને બ્લેન્ડરમાં નાખો. પીસેલી કાકડીને ચારણીમાં નાખો અને ચમચીથી દબાવી દબાવીને કાકડીનો રસ બનાવી લો. હવે એમાં ત્રણ મોટી ચમચી દહીં નાખો. બંને વસ્તુઓને સારી રીતે મિલાવો અને ચહેરા પર લગાવો. પછી ઠંડા પાણીથી ચહેરો ધોઈ નાખો. દહીં પણ ચહેરા પરથી ગંદકી હટાવે છે.

❖ **ચણાનો લોટ અને હળદર :** ચણાના લોટનો ઉપયોગ વરસોથી ક્લિંઝરના રૂપમાં થાય છે. એમાં ગોરા થવા માટેની વસ્તુઓ પણ હોય છે. એ વધારાના તેલનું બેલેન્સ કરે છે અને ચામડી સાફ અને મુલાયમ બનાવે છે. ચણાનો લોટ ખીલથી પણ ચામડીની રક્ષા કરે છે. બે મોટી ચમચી ચણાના લોટમાં એક નાની ચમચી પીસેલી હળદર મિલાવો અને ચોખ્ખી ચમચીથી દૂધની મદદથી જાડી પેસ્ટ બનાવો. આ પેસ્ટને ચહેરા પર લગાવો. દસથી વીસ સેકન્ડ માટે એને રહેવા દો અને પછી ઘસીને ધોઈ નાખો. આ સાબુ અને ક્લિંઝરની જેમ તમારો ચહેરો સાફ કરી નાખશે. હળદરમાં પણ એન્ટિસેપ્ટિક અને ગોરા કરવાના ગુણ હોય છે, જે રંગ નિખારે છે.

❖ **મધ :** મધ ચહેરા પર ગંદકી હટાવવામાં મદદ કરે છે. એ બહુ જ સારું કુદરતી એન્ટિબેક્ટિરિયલ છે. એન્ટિ ઈફેક્ટિવ અને પ્રો-બાયોટિક છે. એ ચામડીમાં ચીરા પડતાં અને ફાટતાં રોકે છે. એ સંવેદનશીલ ચામડી માટે પણ બહુ જ સારું રહે છે. મધ ચીકણી ચામડીને બેલેન્સ કરે છે અને કોરી ચામડીને હાઈડ્રેટ કરે છે. એક નાની ચમચી દૂધમાં ચાર નાની ચમચી મધ નાખો. સારી રીતે મિલાવો. આ મિશ્રણને ચહેરા પર લગાવો. દસથી વીસ સેકન્ડ રહેવા દો અને પછી ચહેરો હલકા હાથથી ઘસીને સાફ કરી નાખો. આને બધી જ પ્રકારની ચામડી પર લગાવી શકો છો.

❖ **ઓટમીલ :** ઓટમીલ ચહેરાની બહુ જ સારી રીતે સફાઈ કરે છે. એ ચામડીની બધી જ ગંદકી બહાર કાઢીને છેક અંદર સુધીની સફાઈ કરે છે. એ એસ્ટ્રીઝેન્ટની જેમ પણ કામ કરે છે. એક મોટી ચમચી દૂધમાં એક મોટી ચમચી ઓટમીલ મિલાવો અને થોડાક ટીપા મધના પણ નાખો. એમાં થોડું પાણી મિલાવો અને એક સરખી પેસ્ટ બનાવી લો. આ પેસ્ટને ચહેરા, ગરદન પર સારી રીતે લગાવો. હાથ ગોળ ગોળ ફેરવતાં ચહેરાની સફાઈ કરો.

## ● ઘર ઉપયોગી વાતો ●

★ ઘરમાં પનીર બનાવતી વખતે એનું વધેલું પાણી ફેંકી દેવામાં આવે છે. આ પાણીને ફેંકો નહીં બલકે એમાં પ્લાસ્ટિક અને સ્ટીલના પાણી રાખવાના વાસણોને ધૂઓ. વાસણો ચમકી ઉઠશે.


★ કાળા કપડાંને હંમેશાં ઊલટા કરીને ધુઓ. કપડાંને ઊલટા કરીને ધોવાથી રંગ ઊડશે તો પણ પાછળની તરફનો ઉડશે. એનાથી કપડાનો રંગ ખરાબ નહીં થાય. કપડા સૂકવતી વખતે પણ ઉલટી તરફથી જ સૂકવો.

★ પાપડને તેલમાં તળવાને બદલે એની બંને તરફ તેલ લગાવીને એને ગેસ પર શેકો. એનાથી પાપડ વધારે સ્વાદિષ્ટ લાગશે.

★ જો અથાણું ખૂબ જૂનું થઈ ગયું હોય તો એનો ઉપયોગ કરતી વખતે એમાં થોડાક સરકો નાખી દો. એનાથી અથાણાનો સ્વાદ વધી જશે.


★ ઢોંસા અને ઇડલીનું ખીરું ફેંટતી વખતે મેથી અને અડદની દાળના થોડાક દાણા પણ મેળવી દો. એનાથી ઇડલી અને ઢોંસાનો સ્વાદ તો વધશે જ, ઉપરાંત એ મુલાયમ પણ બનશે.

*ગોલીબાર પબ્લિકેશન્સ, કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ, એશિયન પેઇન્ટ્સ ગોડાઉનની બાજુમાં, બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫. ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*



ગેરસમજ

# રોંગ નંબર



ડૉ. સુધીર ચી. મોદી

આજે ઘણા વર્ષો પહેલાની એક વાત યાદ આવે છે. વાત ભલે ઘણી નાની લાગતી હોય પરંતુ તે દરેકને સારો બોધપાઠ આપી જતી હોય છે. માણસનું મન નવરું પડે ત્યારે કોઈ વખત અતીતમાં જતું રહે છે. ભૂતકાળમાં પોતાના જીવનમાં બનેલી અથવા અનુભવેલી, પોતાના કુટુંબમાં બનેલી તથા સમાજમાં જોયેલી અને બનેલી વાતો યાદ આવી જાય છે. વિચાર આવી જાય છે કે ભગવાને માનવનું મન કહો કે મગજ કહો, ખૂબ અજાયબીભર્યું ઘડ્યું છે. મગજ લાખો કોષોનું બનેલું છે. શું દરેક કોષમાં એક એક સ્ટોરેજ મૂક્યો હશે? અચાનક કોઈ વખત એક સ્ટોરેજ ખૂલે અને જેમ બંધ પટારામાંથી એક એક વસ્તુ કાઢતા જાવ તેમ એક એક વાત વારાફરતી યાદરૂપે મનોજગતમાં આવતી જાય. તો વૃદ્ધાવસ્થામાં આ કોષોનો પટારો ધીમે ધીમે બંધ થતો જતો હશે અને ભૂલવા માંડે છે અથવા અલ્ઝાઈમર જેવી બીમારીના કારણે વર્તમાનમાં પણ રહી શકતો નથી અથવા યાદશક્તિ પણ ગુમાવી બેસે છે? જે હોય તે, **માનવનું મગજ કે મન એક અજબ ચીજ છે.**

આજે એક જૂની વાત પટારામાંથી યાદ આવે છે. મારી મેડિકલ પ્રેક્ટિસના શરૂઆતના વર્ષોની છે. અમદાવાદમાં નવરંગપુરામાં દવાખાનું શરૂ કરેલું અને મન દઈને દવાખાનામાં કામ કરતો. કોઈ પણ વિઝિટે બોલાવે, તો તુરત જ બેગ લઈને દોડી જતો. તેના કારણે અમારી જ્ઞાતિના કુટુંબોમાં સારી છાપ ઊભી કરેલી. જ્ઞાતિના બધા મને પ્રેમ અને માનથી બોલાવતા. જ્ઞાતિના અમુક કુટુંબમાં કોઈ વધારે બીમાર પડે ત્યારે મને વિઝિટે બોલાવે.


એક દિવસ અમારા કુટુંબના મોટી ઉંમરના કાકા વહેલી સવારે બીમાર પડ્યા. તેમના ઘરમાંથી તેમના પુત્રે વહેલી સવારમાં મને વિઝિટ આવવા માટે ફોન લગાવ્યો. તે વખતમાં આજના જેવા મોબાઈલ ફોન ન હતા. તેમજ દરેકના ઘરમાં ફોન પણ ન હતા. થોડાઘણાને ત્યાં ટેલીફોન હોય. કોઈને જરૂર પડે અથવા તાત્કાલિક કોઈ કામ હોય તો જ પાડોશીને ત્યાં ફોન કરવા જાય. તે સમયે કોઈ કોઈ વખત રોંગ નંબર લાગતો અથવા રઘવાટમાં ભૂલથી ખોટો નંબર પણ જોડાઈ જાય. ફોન કરનારને તેનો ખ્યાલ ના આવે. આવું જ આ કાકાના પુત્રને થયું. તેમના પુત્રે મને ફોન લગાવેલો પરંતુ ગમે તે કોઈ કારણસર રોંગ નંબર ગયેલો. જેને ત્યાં ફોન ગયેલો, તેણે વહેલી સવારે ૪ વાગે ડિસ્ટર્બ થવાથી કહી દીધું, ડૉક્ટર નથી. તુરત ફોન કટ કરી દીધો. વહેલી સવારે માણસ જ્યારે મીઠી નીંદર માણતો હોય અને પોતાના કામનો કે પોતાના સ્વજનનો ફોન ના હોય ત્યારે અકળાઈને ગમે તેમ જવાબ આપીને ફોન મૂકી દેતો હોય છે. અથવા એવું પણ બનેલું હોય કે મોડી રાતે થાક્યો પાક્યો કામથી ઘરે આવીને ઊંઘતો હોય અને આવો ખોટો ફોન આવે ત્યારે અકળામણ કે ગુસ્સો બહાર કાઢીને ફોન પછાડીને મૂકી દેતો હોય છે. આ બધું સ્વાભાવિક છે અથવા અજાણતા પણ થઈ જાય છે. પરંતુ આ વાત કોઈ વખત ઘણી મોટી ગેરસમજ કે છાપ ઊભી કરી દે છે. આ કેસમાં મારા માટે આવું બન્યું.

આવા ખરાબ જવાબથી મારા કુટુંબના કાકાને અને કુટુંબને ખરાબ લાગ્યું કે સુધીરભાઈને ત્યાંથી કેવો તોછડાઈભર્યો જવાબ મળ્યો! અને ના પાડી દીધી. કુટુંબના તે કાકાને એમ્બ્યુલન્સ બોલાવીને હોસ્પિટલે લઈ ગયા. ત્યાં તેમને સારું થઈ ગયું. આ વાતની મને તો ખબર જ નહીં. હું કોઈ પણ વિગત જાણું પણ નહીં.

થોડા દિવસો બાદ એક લગ્ન પ્રસંગમાં અમારા કુટુંબના બીજા એક વડીલે મને બાજુમાં બોલાવીને વાત કરી કે તમે ફલાણા કાકાને ત્યાં વિઝિટે ના ગયા તે સારું ના કર્યું. બહુ મનદુઃખ થયું છે. મેં કહ્યું, કયા કાકાને ત્યાં અને ક્યારે? પેલા વડીલ આશ્ચર્યથી બોલ્યા : શું તમારે ત્યાં વહેલી સવારે તેમના પુત્રનો ફોન નહોતો આવ્યો કે કાકા બીમાર થઈ ગયા છે? મેં જણાવ્યું : ના, મને તો એવો કોઈ ફોન મળ્યો જ નથી નહીં તો હું તો તુરત જ વિઝિટે જાઉં! તો પછી આવું કેમ થયું?


તે વડીલે તે બીમાર થયેલા કાકાના પુત્રને બોલાવ્યો અને કહ્યું તમે કોને ત્યાં ફોન કર્યો હતો? સુધીરભાઈને તો ફોન મળ્યો જ ન હતો. તે ભાઈ પણ આશ્ચર્ય અને આઘાત પામ્યા.

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૯ ઉપર)



પ્રસંગ કથા

# આકાશવાણી



જયંતિ ધોકાઈ

એક સંતની આ નાનકડી પણ ચોટદાર વાત છે. એકવાર કેટલાક સાધુઓ પર્વત પર અહીંતહીં લટાર મારી રહ્યા હતા. ફરતાં ફરતાં એક ગુફા પાસેની ઝુંપડી પાસે જઈ ચડ્યા. જોયું તો તે ઝુંપડીના તૂટેલા દરવાજામાં એક માણસ બેઠેલો. જેનો એક પગ ઝુંપડીની અંદર હતો અને બીજો પગ કપાઈને બહાર પડ્યો હતો!

સાધુઓને આ જોઈ ખૂબ આશ્ચર્ય થયું. પ્રણામ કરીને તે માણસને તેનું રહસ્ય પૂછ્યું.

પેલાએ થોડા દુઃખ અને આનંદ સાથે જવાબ આપ્યો : 'એક દિવસ હું ઝુંપડીમાં બેઠો હતો. તેવામાં અહીંથી એક સ્વરૂપવાન યુવતી પસાર થઈ. પ્રભુભજન કરતો હતો છતાં તેને જોઈને મારું મન ચંચળ બન્યું અને તેને સારી રીતે જોવા માટે જેવો હું ઝુંપડીની બહાર નીકળ્યો - એક પગ બહાર મૂક્યો કે... જાણે આકાશવાણી થઈ — આત્માનો અવાજ સંભળાયો :

'અરે ભક્ત, તને જરા પણ લાજ નથી આવતી? કેટલાંય વર્ષથી તું એકાંતમાં ઈશ્વરભજન કરી રહ્યો છે અને એક સાચા સંત તરીકે તારી નામના ફેલાયેલી છે અને છતાં... આજે તું આવી શયતાનિયત આચરવા તૈયાર થઈ ગયો? આવા ફંદમાં ફસાવું હતું તો પછી અહીં તું આવ્યો છે શાને? ધિક્કાર છે તને!...'

આવું સાંભળતા જ મારું શરીર એકદમ ધ્રૂજી ઉઠ્યું અને ખરાબ કામ માટે આગળ વધેલો જે પગ બહાર નીકળેલો તેને તરત જ કાપી નાખીને મેં બહાર ફેંકી દીધો. પછી જરાક અટકીને આછા સ્મિત સાથે તે બોલ્યો : 'આત્માનો અવાજ એ ખરેખર તો આકાશવાણી હોય છે, પરંતુ કમનસીબે બધાને તે ક્યાં સંભળાય છે? પ્રભુની દયાથી મને તે બરાબર સંભળાઈ અને હું સાવધાન થઈ ગયો. ભલે હવે આ એક જ પગ રહ્યો છે પરંતુ તે સાચો છે. હવે કોઈ તકલીફ નથી. ખરું કહું તો હવે પ્રભુ ભજનમાં કંઈક ઓર આનંદ આવે છે!'

પેલા સાધુઓ તો આ સાંભળી અવાક થઈ ગયા! અને તેને મૂક વંદના કરી, જાણે અહીંથી ઘણું પામીને આગળ વધ્યા.

*જવાહર રોડ, ઓખા, દેવભૂમિ દ્વારકા-૩૬૧ ૩૫૦.*

---

## રોંગ નંબર

**(અનુસંધાન : પાના નં.-૪૮ ઉપરથી ચાલુ)**

તો તો જરૂર આ રોંગ નંબર જોડાયાની બબાલ થઈ. સારું થયું આજે આ ચોખવટ થઈ. અમારી ગેરસમજ દૂર થઈ. સોરી! અમે તમારા માટે એટલી ખરાબ છાપ પાડેલ કે ના પૂછો વાત. તમે તો અમારા બધા માટે સારા ડૉક્ટર જ છો. પેલા વડીલનો પણ મેં આભાર માન્યો કે તમે ટેલીફોનને કારણે ઊભી થયેલી ગેરસમજ અને મનદુઃખ દૂર કર્યા. જો આ વડીલે આ ગેરસમજ દૂર ના કરી હોત તો કાયમ તે કુટુંબમાં મારી છાપ ખરાબ રહેત અને બીજાને પણ કહેતા રહ્યા હોત. આમ, ગેરસમજના વાદળ હટી ગયા અને સત્ય હકીકતનો સૂરજ બહાર આવી ગયો.

મને પણ મનમાં થયું કે આપણે ગમે તેટલા સારા હોઈએ અથવા સારી રીતે આપણું કામ કરતા હોઈએ, પરંતુ કોઈ સમયે કોઈ ગેરસમજ સમસ્યા ઊભી કરે છે અથવા ખોટી છાપ ઊભી કરે છે. અને પેલા બીજા વડીલની જેમ કોઈ આવીને સ્વીચ ઑન કરે ત્યારે ગેરસમજનું અંધારું દૂર થાય છે. અહીં આ ગેરસમજ ટેલીફોનને કારણે થઈ પરંતુ **કોઈની રજૂઆત કરવામાં પણ કોઈ ભૂલ થતી હોય અથવા જે જોતા હોઈએ તે હકીકતમાં ખરેખર સાચું ના પણ હોય. એકદમ કોઇના માટે ગમે તેવો અભિપ્રાય બાંધવો ના જોઈએ અને આપવો પણ ના જોઈએ.** ખરુંને!


જીવનમાં પ્રસંગો અને ઘટનાઓ બન્યા કરે છે. સમય સમયનું કામ કર્યા કરે છે. કંઈક પ્રસંગો યાદ કરતા સૈફ ભાઈની ગઝલની પંક્તિઓ યાદ આવે છે :

*"કોઈ ઘટના બને એ જરૂરી નથી,*
*રોતાં રોતાં અમસ્તાય હસવું પડે."*

*૩, સમૃધ્ધ કેપિટલ, આર્યવૃંદ ફ્લેટ પાસે,*
*પાણીની ટાંકીવાળો રોડ, સાયન્સ સિટી રોડ,*
*સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦. મો. ૯૮૯૮૬ ૧૨૬૮૫*

સ્થાન પરિચય

# હનુમાન દાંડી (મંદિર)



જયંતિ ધોકાઈ

આપણી પુણ્યભૂમિ ભારત દેશમાં એવા કેટલાય પવિત્ર ને સિધ્ધ થયેલા સ્થાનો આવેલા છે જેના વિશે પરિચય કે દર્શન પ્રાપ્ત થવા એ પણ એક લહાવો છે. તેમજ પ્રત્યેક હિંદુ ધર્મ પ્રેમી માનવીનું એ લક્ષ્ય તેમજ કર્તવ્ય પણ બની રહે છે.

ભારતની પશ્ચિમી દિશામાં ભગવાન શ્રીકૃષ્ણનું જગપ્રસિધ્ધ જગત મંદિર શ્રી દ્વારકાધીશજીનું પુરાણું મંદિર છે જે ચાર ધામોમાં એક સ્થાન છે. દ્વારકાનું આ મંદિર તો જગપ્રસિધ્ધ છે જ પરંતુ અહીં જે સ્થાનનો અલ્પ પરિચય આપવા ધાર્યો છે તે કદાચ બહુ ઓછા લોકોના ધ્યાને આવ્યો છે અને છતાં તેનું મૂલ્ય ને જીવંતતા ચડિયાતા છે!

એવા એ સ્થાનનું નામ છે : દાંડી હનુમાનજીનું પુરાણું મંદિર (શ્રી હનુમાન દાંડી)

જામનગર જિલ્લાના છેક અંતિમ છેડે ઓખા બંદર આવેલું છે. તેની ત્રણે તરફ ફરતે દરિયો છે. જેને નકશામાં અરબી સમુદ્ર તરીકે દર્શાવાયો છે. ઓખાથી ફક્ત ચાર કિ.મી.ના અંતરે દરિયા વચ્ચે બેટ શંખોધ્ધાર નામનું સાવ નાનકડું ગામ છે. લોકો તેને બેટ દ્વારકા પણ કહે છે.

આ બેટ ગામથી લગભગ બે માઈલ દૂર સાવ નિર્જન વગડામાં એક જર્જરીત ખંડેર જેવું સ્થાન. આ સ્થાનમાં શ્રી રામ ભક્ત હનુમાનજીની બે મૂર્તિઓ સ્થાપિત છે. (એવું કહેવાય છે કે એ સ્થાપિત નહીં પરંતુ સ્વયંભૂ પ્રગટેલી છે) જો કે હવે તો આ મંદિરનો જીર્ણોધ્ધાર થયો છે અને દર્શનીય જગ્યા બની છે.

એક તો જામનગર જિલ્લા જેવો પછાત વિસ્તાર. નહિવત ખેતી તેમજ ઉદ્યોગો. તેથી ઘણીરીતે હાડમારી ભોગવતો આ વિસ્તાર પછાત ગણાય છે! એમાંય વળી દરિયા વચ્ચે આવેલા આ ટાપુ બેટ સુધી પહોંચવામાં અનેક કષ્ટો ને તકલીફો પડતી હોવાથી આ પુરાણા પ્રસિધ્ધ સ્થાન હજુ સુધી અલ્પ પરિચિત તેમજ ઉપેક્ષિત રહ્યું છે! એ પણ કદાચ કલિયુગની બલિહારી હશે?

એવું કહેવાય છે કે... આ જર્જરીત મંદિર એક ખાખી રામાનંદી ભજનીબાવા શ્રી સીતારામ લછમનદાસે આજથી અનેક વર્ષો પહેલાં બંધાવેલું છે.

આ મંદિરમાં બે મૂર્તિ બિરાજમાન છે : એક હનુમાનજી તથા બીજા મકરધ્વજ.

આ હનુમાન દાદાના સ્વરૂપ વિશે જાણકાર વડીલો પાસેથી સાંભળેલું છે કે દર વર્ષે દાદાની એક મૂર્તિ જવભાર ઉતરે છે. અર્થાત્ પાતાળ પ્રવેશ કરે છે. અને કલીને અંતે અર્થાત્ પૃથ્વીના પ્રલય સમયે આ આખું જ સ્વરૂપ પાતાળમાં પ્રવેશ કરી જશે.

આ પવિત્ર સ્થાનમાં કેટલાય વર્ષ પહેલા પ્રાતઃસ્મરણીય શ્રી પ્રેમભીક્ષુજી મહારાજે ૧૩ મહિના સુધી કાષ્ટમૌન તપશ્ચર્યા કરી ૧૩ કરોડ રામનામ લખાવીને પૂર્ણાહૂતિનો મહાન ઉત્સવ ઉજવેલો. જે ધન્ય પ્રસંગ કદાચ સૌરાષ્ટ્ર ગુજરાતના ઘણા ભાગ્યશાળી ભક્તોને હજુય યાદ હશે.

દર વર્ષે હનુમાન જયંતિના પવિત્ર પ્રસંગે ઠેરઠેરથી હજારોની સંખ્યામાં ભાવિકો અહીં ઉમટી પડે છે અને દર્શન તેમજ મહાપ્રસાદ પણ પામે છે.

આ લેખમાં એક સ્થળે લખાયું છે કે આ સ્થાન જર્જરીત છે પરંતુ હવે એવું નથી. હવે તો ભાવિક ભક્તો તેમજ ઉદારદિલ દાતાઓના સહયોગથી આ સ્થાનનો પુનરોધ્ધાર થઈ ચૂક્યો છે અને આ નિર્જન સ્થળે પહોંચવા માટે પાકો રસ્તો પણ બની ચૂક્યો છે.

વળી વૃધ્ધો, અશક્તો, સ્ત્રીઓ, બાળકો સૌના માટે કેટલીક ઓટોરીક્ષાઓ પણ ઉપલબ્ધ રહે છે અને ઓખાથી બેટ પહોંચવા માટે દરિયામાં સતત ચાલતી રહે છે સતત યાંત્રિક બોટો!

જરૂર છે શ્રધ્ધા અને સબૂરીની! અને વળી પ્રતિકૂળતાઓ પાર કરવાની તૈયારી. બાકી આ તો છે જ –

***સંકટ કટે મિટે સબ પીરા, જો સુમિરે હનુમંત બલવિરા...***
***જય જય જય હનુમાન ગૌસાઈ, કૃપા કરો ગુરૂદેવ કી નાઈ...***

*જવાહર રોડ, ઓખા, દેવભૂમિ દ્વારકા-૩૬૧ ૩૫૦.*

*બે વસ્તુ જીવનમાં સફળતા નક્કી કરે છે :*
*(૧) જ્યારે કશું નથી ત્યારે તમારું મેનેજમેન્ટ અને*
*(૨) જ્યારે બધું જ છે ત્યારે તમારું વર્તન.*

# આંજો કાગર

## વયસ્ક સમિતિના કાર્યક્રમો અંગે...

'મંગલ મંદિર'ના માસ ફેબ્રુઆરી તથા માર્ચ ૨૦૧૯ના અંકોમાં અનુક્રમે ભાઈશ્રી નીતિન સંઘવીનો પ્રકાશિત થયેલ પત્ર તથા તેના અનુસંધાનમાં વયસ્ક સમિતિના કન્વીનર શ્રી રજનીભાઈનો જવાબ – એમ બંને વાંચ્યા.

*પ્રથમ શ્રી નીતિનભાઈના પત્ર બાબત....*

કોઈ કાર્યક્રમ જામે નહીં એવું બની શકે, પણ સમિતિને પહેલેથી આવું થશે એવી કલ્પના ના આવે, એવું પણ બની શકે. ગીત-સંગીતમાં બધાને રસ ન હોય એવું પણ બની શકે. ક્યારેક પૂરતી સંખ્યાના અભાવે કાર્યક્રમ નબળો પડે પણ આ બધામાં સમિતિ શું કરે? સારું કરવાનો પૂરો પ્રયત્ન હોવા છતાં કોઈને કોઈ કારણસર કાર્યક્રમ નબળો પડે, જામે નહીં એવું બને એમાં સમિતિને દોષ આપી શકાય?

સ્પર્ધાઓનું સૂચન તેમણે કર્યું છે. લખવાનું તો હવે લગભગ બંધ જ થઈ ગયું છે. તમે જોતા હશો કે પત્ર વિભાગમાં અગાઉ ૩-૪ પાના ભરાતા, ત્યાં હવે મારા તમારા જેવાનો એકાદ પત્ર આવે તો આવે! કોઈ એક વિષય ઉપર ડિબેટ કરી શકાય, પણ કેટલા વક્તાઓ મળે? અગાઉ આવી ડિબેટ થયાનું યાદ છે પણ અલ્પ સમયમાં પૂરી થઈ જાય એટલે તે સાથે અન્ય કાર્યક્રમ પણ રાખવો પડતો હતો. ગમે તેટલો સારો વિષય હોય તો પણ બધાને રસ પડે જ એવી અપેક્ષા રાખી શકાય નહીં.

આના પ્રત્યુત્તરમાં ભાઈશ્રી રજનીભાઈનો જવાબ પણ અપાયેલ છે. એમની વાત ખરી છે કે આવા કાર્યક્રમોમાં આવવાનો મોટાભાગના વડીલોનો ઉદ્દેશ એ જ હોય છે કે ઘરના વાતાવરણથી અલગ વાતાવરણ મળે. મિત્રોથી, પરિચિતોથી મળવાનું થાય અને સુખદુઃખની વાતો થાય. સાથે જેઓને અલગ અલગ કાર્યક્રમમાં રસ હોય તે પણ માણી શકાય. આ કારણે વાતો કરવાવાળા વાતો કરવાના જ. વડીલોને શિસ્તમાં બાંધી રાખવાનો પ્રયત્ન કરવાથી આવા કાર્યક્રમનો ઉદ્દેશ જ માર્યો જાય.

બીજું, કલાકારોને બોલાવવામાં બજેટનો પણ ખ્યાલ કરવો જ પડે. બહુ ઉંચી કક્ષાના કલાકારના ચાર્જિસ પોસાય નહીં, ઉપરાંત ફરીને એ જ પ્રશ્ન આવે કે એવા કલાકારોનું માન જળવાય નહીં કારણકે આપણું ઓડિયન્સ એ કક્ષાનું નથી હોતું. તેઓનો આવવાનો ઉદ્દેશ અગાઉ જણાવ્યા મુજબ અલગ જ હોય છે.

તાળીઓ પાડવામાં, એટલે કે કલાકાર કે કાર્યક્રમ આપનારને દાદ આપવામાં આપણે હંમેશાં કંજુસાઈ કરીએ છીએ એ ફરિયાદ દૂર થવી જોઈએ.

એટલું તો કબૂલ કરવું જ પડે કે સમિતિના મોટાભાગના કાર્યક્રમો સફળ રહે છે. વચ્ચેના દિવસોમાં કાર્યક્રમો યોજાતા હોવા છતાં તેમાં હાજરી પણ સારી રહે છે. ૧૦૦% સફળતાની આશા રાખી શકાય નહીં.

આ ઉપરાંત આ સમિતિ સમાજ ઉપર આર્થિક બોજ નાખ્યા વગર સફળ કાર્યક્રમો કરવાવાળી કદાચ એકમાત્ર સમિતિ છે એટલો યશ પણ તેને આપવો જ પડે.

***મગનલાલ સંઘવી - અમદાવાદ***
***ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫***

## આપણા બૌદ્ધિક જનોની માનવ અધિકાર અંગેની ચર્ચા

ભીમને ગાળો દેવી અને બકાસુરના માનવ અધિકારોની ચર્ચા કરવી એવો ખેલ ટી.વી. પર લંબાયે જતી ચર્ચામાં રોજ જોવા મળે છે. આપણા બૌદ્ધિકજનો સતત લશ્કરની નિંદા જ કરતા રહે છે અને આતંકવાદીઓ જેવા લોકોની માનવ અધિકારોની વાતોનું રટણ કરતા રહે છે.

## અભિનંદન

★ **શ્રી જોરાવરસિંહ જાદવ**
**(લોકકલા ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી)**

ભારત સરકારના પદ્મશ્રી ઍવોર્ડ માટે.... (તા. ૨૬-૧-૨૦૧૯)

★ **શ્રી ભીમજીભાઈ નાકરાણી**
**('સરદાર જ્યોત'ના તંત્રીશ્રી)**

સારસ્વત ઍવોર્ડ મેળવવા બદલ...

★ **શ્રી ચિત્રસેન આર. શાહ**
**(કટાક્ષ હાસ્ય લેખક)**

'કચ્છ ગુર્જરી' - મુંબઈ દ્વારા આયોજિત ઓનલાઇન લેખન - કૃતિ સ્પર્ધા (જાન્યુઆરી-૨૦૧૯)માં વિજેતા થવા બદલ....

# અન્ય સંસ્થાઓના સમાચાર

## આંતરરાષ્ટ્રીય બાળ ફિલ્મોના એવોર્ડ વિજેતા મૂળ કચ્છના ડૉ. વિનોદ ગણાત્રા

*<u>નોંધ</u> : થોડા સમય અગાઉ આંતરરાષ્ટ્રીય બાળ ફિલ્મોત્સવ યોજાયો હતો. અનેક આંતરરાષ્ટ્રીય બાળ ફિલ્મોના ઍવોર્ડ વિજેતા ડૉ. વિનોદ ગણાત્રા તેના ફેસ્ટિવલ ડાયરેક્ટર હતા. ત્યારે પ્રસ્તુત છે વર્તમાન ગુજરાતી ફિલ્મો - બાળફિલ્મો વિશે તેમની સાથે લેખકશ્રીએ કરેલ વાતચીત....*

*– તંત્રી મંડળ*

***ફિલ્મો સાથેના જોડાણ વિશે જણાવશો?***

મારો પરિવાર મૂળ કચ્છનો છે, પરંતુ મારો જન્મ અને ઉછેર મુંબઈમાં થયો. મને બાળપણથી જ ફિલ્મો જોવાનો ખૂબ શોખ હતો, પણ પરિવારમાં ફિલ્મો જોવા પર પાબંદી હતી. એટલે જ્યારે પણ ફિલ્મો જોવાની ઇચ્છા થાય ત્યારે હું મામાના ઘરે રોકાવા ચાલ્યો જતો.

***અચ્છા, તો પછી ફિલ્મો સાથે કેવી રીતે જોડાયા?***

બન્યું એવું કે એક સાંજે મુંબઈમાં ખૂબ વરસાદ પડ્યો. હું કૉલેજ પર હતો. અચાનક કોઈ અજાણી વ્યક્તિનો કૉલ આવ્યો. હું જે ઝુનઝુનવાલા કૉલેજમાં ભણાવતો તેની સામેની ઝૂંપડપટ્ટીમાં તેનું ઘર હતું. વરસાદના કારણે તેનાથી પહોંચી શકાય એમ નહોતું. એટલે તેણે મને આ વાતની જાણ તેની સગર્ભા પત્નીને કરવા વિનંતી કરી. માનવતાના નાતે મેં તેની મદદ કરી. બીજા દિવસે મને ફોન કરી આભાર માન્યો અને મદદરૂપ થવાની તૈયારી દર્શાવી. એ મોડર્ન સ્ટુડિયોમાં કામ કરતો હતો. આ રીતે સ્ટુડિયોમાં પ્રવેશવાનો મારો માર્ગ મોકળો થયો. સમયાંતરે એ જ સ્ટુડિયોમાં મેં મારી ઑફિસ બનાવી.

***પહેલી ફિલ્મમાં કેવી રીતે કામ મળ્યું?***

સૌપ્રથમ તો મને 'અભિલાષા' ફિલ્મમાં ક્લાર્ક તરીકેનું જ કામ મળ્યું. એ સમયે કાંતિભાઈ દવે નામના એક ગુજરાતી ડાયરેક્ટર એક ફિલ્મ પર કામ કરતા હતા. તેમણે મને તેમના આસિસ્ટન્ટ તરીકે લેવાની તૈયારી તો બતાવી, પણ એ પહેલાં મારી સામે એડિટિંગ શીખવાની શરત મૂકી. આ રીતે હું એડિટિંગ શીખ્યો.

***પછી કેવી રીતે આગળ વધ્યા?***

મેં ફિલ્મ એડિટિંગ શીખી લીધું. ત્યાં સુધીમાં એ ફિલ્મ તો શરૂ થઈ ચૂકી હતી. પણ, ફિલ્મ એડિટિંગની કળા મને દરેક જગ્યાએ કામ આવી. **ગોવિંદ સરૈયા**ની સાથે 'પ્રિયા', 'સરસ્વતીચંદ્ર'માં એપ્રેન્ટિસ તરીકે કામ કર્યું. ઇસરોની શરૂઆત થઈ ત્યારે હું તેનો પ્રથમ એડિટર બન્યો. સમયાંતરે મેં દૂરદર્શન માટે ધારાવાહિકો પણ પ્રોડ્યુસ કરી. દૂરદર્શન માટે મેં સૌ પ્રથમ પહેલી ટેલીફિલ્મ બનાવી 'નાગરદાસની હવેલી.' જેમાં કે.કે.એ લીડ રોલ કર્યો હતો. ૧૯૮૮માં મેં બનાવેલી 'બેંગનરાજા' મારી પહેલી બાળ ધારાવાહિક હતી. આ રીતે આશરે ૪૦૦ જેટલી ડોક્યુમેન્ટરીઝનું એડિટિંગ અને પચીસેક હિંદી, મરાઠી બાળ ધારાવાહિકો બનાવી છે.

***બાળ ફિલ્મો બનાવવા કેવી રીતે પ્રેરાયા?***

મને હંમેશાં બાળકોની ફિલ્મો પ્રત્યે આકર્ષણ રહ્યું હતું. બાળકોને એક પ્રકારની ફેન્ટસીમાં રહેવું ગમે અને એ આપવામાં હું માનતો રહ્યો છું. આખરે ૨૦૦૨માં મેં **'હેડા-હોડા'**ની સ્ટોરી સબમિટ કરી. ત્યારે સઇ પરાંજપે ફિલ્મ બોર્ડના ચેરમેન હતા. એક સમયે અમે સાથે કામ કર્યું હતું. બે-ત્રણ વખત રિજેક્શન બાદ આખરે ધીરુબેન પટેલની સ્ક્રિપ્ટ પસંદ થઈ. પછીથી એ ફિલ્મને ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટમાં રજૂ કરાઈ. ત્યાંથી બર્લિન, ટ્રેબેકા, કાન એમ વિશ્વના ૫૮ જાણીતા ફિલ્મ ફેસ્ટિવલ્સમાં રજૂ કરાઈ અને ૯ ઍવોર્ડ્ઝ જીતી લાવી.

***એ ફિલ્મ વિશે જણાવશો?***

**એ ફિલ્મ કચ્છ આધારિત હતી.** ઊંટ ચરાવવા ગયેલાં ભાઇ-બહેનનું ઊંટ ચરતું ચરતું પાકિસ્તાન પહોંચી જાય છે. જેને પાછું મેળવવાની ઘટના પર આખી વાર્તા આધારિત છે. આ ફિલ્મના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે લોકો મને ઓળખવા લાગ્યા.

***બાળ ફિલ્મોત્સવ અંગે જણાવશો?***

ભારતમાં બાળ ફિલ્મોત્સવ યોજાતા રહે છે. જેમાં દેશની તમામ ભાષાઓમાં ડોક્યુમેન્ટરીઝ, શોર્ટ ફિલ્મો અને ફિચર ફિલ્મો એમ અલગ અલગ કેટેગરીમાં ફિલ્મો દર્શાવવામાં આવતી હોય છે. આશા છે કે આ પ્રયાસ થકી બાળકોની અને બાળકો માટેની ફિલ્મો પ્રત્યેના દૃષ્ટિકોણમાં ફરક આવશે.

***હાલ કોઈ પ્રોજેક્ટ પર કામ કરો છો?***

અત્યારે મારી પાસે કેટલીક સ્ક્રિપ્ટ્સ તૈયાર પડી છે, પણ હવે પહેલાં જેવો કેન્દ્રીય બાળ ફિલ્મ બોર્ડનો સપોર્ટ નથી મળતો. ત્યારે બોર્ડના અધ્યક્ષ સામેથી ફિલ્મો બનાવવા પ્રોત્સાહન આપતા. આજે એ બોર્ડનું અસ્તિત્વ જ પ્રાણપ્રશ્ન બની ગયું છે.

*– અમિત રાડિયા*

## કચ્છ માંડવીના શ્રી ચિત્રસેનભાઈ શાહને ગુજરાત સાહિત્ય સંગમ દ્વારા "જ્યોતિન્દ્ર દવે સાહિત્યશ્રી" ઍવોર્ડથી સન્માનિત કરાયા



ગુજરાતી ભાષામાં હાસ્યપ્રધાન સાહિત્યક્ષેત્રે જેમનું આગવું સ્થાન છે તે શ્રી ચિત્રસેનભાઈ રવજીભાઈ શાહનું મૂળ વતન અને જન્મ સ્થળ કચ્છ માંડવી. બાલ્યાવસ્થાથી જ વાંચન, લેખન, પ્રવાસન, ગીત-સંગીતની તેમને લગની. તેઓએ એક સ્થળે લખ્યું છે કે "હાસ્ય મારો પ્રથમ પ્રેમ છે, તો પ્રવાસ મારો બીજા પ્રેમ છે."

બી.ઈ. ઈલેક્ટ્રિકલ એન્જિનિયરની ડિગ્રી મેળવ્યા બાદ તેમને ગુજરાત ઈલેકટ્રિસિટી બોર્ડમાં સર્વિસ મળી. સર્વિસ કાર્યકાળ દરમિયાન ભુજ, મુંદ્રા, તારાપુર એટોમિક પાવર સ્ટેશન, ઉકાઇ થર્મલ પાવર પ્રોજેક્ટ અને છેલ્લે ગાંધીનગર પાવર સ્ટેશનથી ઇ.સ. ૧૯૯૮ના વર્ષમાં એક્ઝિક્યુટિવ એન્જિનિયર તરીકે નિવૃત્ત થયા. જેને આજે તો ૨૦ વર્ષ વીતી ગયા છે. તેમની વય ૭૯ વર્ષની છે.

શ્રી ચિત્રસેનભાઈને લખવાનો શોખ હાઈસ્કૂલથી જ હતો. એ સમયે હસ્તલિખિત અંકો પ્રગટ થતા, તેમાં તેઓ લખતા. અત્યારે પણ તેમના લેખો અનેક મેગેઝિનોમાં પ્રગટ થતા રહે છે. 'હળવાશની ક્ષણોમાં' એ કૉલમ તેમની ઘણા વર્ષો સુધી 'ગાંધીનગર સમાચાર'માં વાચકો હોંશભેર વાંચતા રહ્યા. 'સંદેશ' વર્તમાનપત્રમાં પ્રકાશિત થતા તેમના લેખોને અવારનવાર પુરસ્કાર મળતા રહ્યા છે.

***અત્યાર સુધીમાં પ્રગટ થયેલા તેમના પુસ્તકો જોઈએ તો :***

★ ધણીને ધાકમાં રાખો! (આદર્શ પ્રકાશન)
★ સ્મશાનમાં સ્વયંવર (ગૂર્જર પ્રકાશન)
★ ચાલો, ખવડાવો આઈસ્ક્રીમ
★ સ્વર્ણિમ ગુજરાતમાં ચોવીસ કેરેટનું હાસ્ય
★ વરઘોડો વનેચંદના પુત્રનો
★ ધણીને ધાકમાં રાખો પ્લસ (સંવર્ધિત આવૃત્તિ)
★ ફાઈવ સ્ટાર સ્મશાનમાં સ્વયંવર! (સંવર્ધિત આવૃત્તિ)
★ હાસ્યનું મેઘધનુષ (ગૂર્જર પ્રકાશન)

ઇ.સ. ૨૦૧૨માં ગાંધીનગર કચ્છ મિત્ર મંડળ તરફથી "કચ્છી ઑફ ધી યર"નો ઍવોર્ડ તથા ગુજરાતી સાહિત્ય સંગમ દ્વારા "જ્યોતિન્દ્ર દવે સાહિત્યશ્રી" ઍવોર્ડ શ્રી ચિત્રસેનભાઈ શાહને પ્રાપ્ત થયા છે.




ચિત્રસેનભાઈના પત્ની શ્રીમતી લીલાવંતીબેન. તેમના પુત્ર ડૉ. સુકેતુ શાહ બાળરોગ નિષ્ણાત છે. તેમની હોસ્પિટલ ગાંધીનગરમાં છે. જેનું ઉદ્‌ઘાટન સુવિખ્યાત હાસ્યલેખક શ્રી વિનોદભાઈ ભટ્ટે કરેલું. ડૉ. સુકેતુભાઈના પત્ની ડૉ. સીમાબેન પણ પીડિયાટ્રિશિયન છે અને હાલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કાર્યરત છે. પૌત્રી પ્રિયંકા ફાઈનલ એમ.બી.બી.એસ.માં છે. "કચ્છી ઑફ ધી યર" ઍવોર્ડ સમારંભના અધ્યક્ષ, સુવિખ્યાત સંગીતકાર શ્રીમાન લચ્છુભાઈ બોરાના હસ્તે તેમને અર્પણ થયો હતો.

તા. ૨૫મી જૂન, ૨૦૧૫માં ગુજરાતના હાસ્ય સમ્રાટ, અગ્રણી વિનોદભાઈ ભટ્ટ ચિત્રસેનભાઈ વિશે આલેખે છે તે મુજબ, "મારા પરમ સ્નેહીભાઈ ચિત્રસેન શાહે હાસ્ય યાત્રા શરૂ કરી ત્યારથી હું તેમના સંપર્કમાં આવ્યો છું. માણસ જાતમાં પડેલી નબળાઈ, જબરાઈ, બાઘાપણું, લુચ્ચાઈ વગેરે તેઓ સારી રીતે પકડીને હસતા હસતા વાંચક આગળ ધરી દે છે. ભાઈ ચિત્રસેન, અટકે શાહ છે ને ધર્મે જૈન છે. તેથી તેમનો વિનોદ અહિંસક છે, ડંખ વગરનો નિર્દોષ છે."

જાણીતા હાસ્યવિદ્ શ્રી રતિલાલ બોરીસાગરે લખ્યું છે કે, "ચિત્રસેન શાહ મારા સમકાલીન હાસ્યકાર છે. એમના નામથી વૈચિત્ર્યનો પ્રારંભ થાય છે. હંમેશાં વિચિત્ર નિરૂપણ કરનાર આ સર્જકનું નામ "વિચિત્રસેન" હોવું જોઈએ, એને બદલે ચિત્રસેન છે. આ સર્જક આપણા તન-મન તાજા રાખે એવી હાસ્ય રચનાઓ આપતા રહે એ માટે મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું."

*પ્રા. સૂર્યકાંત ભટ્ટ*
*'સહજાનંદ', ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કારનગર,*
*ભુજ, કચ્છ. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

***નોંધ : હાસ્ય સર્જક શ્રી ચિત્રસેન શાહનો જન્મ દિવસ 'એપ્રિલ ફૂલ' માસમાં આવે છે એટલે 'તુમ જીયો હજારો સાલ'ના સંદર્ભમાં તેમના વિશેની વિશેષ માહિતી એક અનોખી ભેટ સ્વરૂપે લેખક શ્રી સૂર્યકાંતભાઈ ભટ્ટે યોગ્ય રીતે પ્રસ્તુત કરી છે.***

***– તંત્રી મંડળ***

વૈવિધ્ય

# પસંદગીકા તડકા



ભાવના એ. ઝવેરી

જાહેરખબરના આપેલ વાક્ય પરથી તેની પ્રોડક્ટના નામ લખવાના છે.

*ઉદાહરણ :* યે અંદર કી બાત હૈ :

*જવાબ :* લક્સ અંડરવેર - બનિયાન.

| ક્રમ | ક્લુ |
|---|---|
| ૧. | ટેસ્ટ ધ થંડર. |
| ૨. | ઈતની નિખર જો ગઈ હો... |
| ૩. | ઠંડા ઠંડા કૂલ કૂલ... |
| ૪. | મેરા સપના... મેરી... |
| ૫. | એન આઈડિયા કેન ચેઈન્જ યોર લાઈફ... |
| ૬. | ત્વચા કે ગોરેપન કો બચાયેં રખે... |
| ૭. | ધ મિન્ટ વિથ એ હોલ... |
| ૮. | દાગ અચ્છે હૈં... |
| ૯. | તેલે દિલ કી બાત મૈં જાનું... |
| ૧૦. | દેશ કી ધડકન... |
| ૧૧. | થોડી સી પેટ પૂજા... |
| ૧૨. | હર ઘર કુછ કહેતા હૈ... |
| ૧૩. | આપ, ઔર ઈતની રોટીયાં... |
| ૧૪. | ફ્રેશ એન્ડ જ્યુસી... |
| ૧૫. | કોમલ રખે આપકી એડિયાં... |
| ૧૬. | ધ કમ્પ્લીટ મેન... |
| ૧૭. | બાતેં કમ, કામ જ્યાદા... |
| ૧૮. | કુછ મીઠા હો જાયે... |
| ૧૯. | લિખતે લિખતે લવ હો જાયે... |
| ૨૦. | તીન ટુથપેસ્ટ એક સાથ... |
| ૨૧. | નો કન્ફ્યુઝન, ગ્રેટ કોમ્બિનેશન... |
| ૨૨. | કાલે ઘને બાલોં કા રાઝ... |
| ૨૩. | યે દિલ માંગે મોર... |
| ૨૪. | હેલો આન્ટી! મુઝે આન્ટી કહા...? |
| ૨૫. | બી ૧૦૦% શ્યોર |
| ૨૬. | આઈ એમ લવિંગ ઈટ |
| ૨૭. | અસલી મસાલે સચ... સચ... |
| ૨૮. | ટેઢા હૈ પર મેરા હૈ... |
| ૨૯. | ટેસ્ટી ભી, હેલ્ધી ભી... |
| ૩૦. | હેવ એ બ્રેક, હેવ એ... |
| ૩૧. | જાગો... રે... |
| ૩૨. | ઈસકો લગા ડાલા તો લાઈફ ઝીંગાલાલા... |
| ૩૩. | હક્ક સે માંગો... |
| ૩૪. | ટેક કેર... |
| ૩૫. | લાઈફ ઈઝ ગુડ... |
| ૩૬. | જી લલચાયે, રહા ના જાયે... |
| ૩૭. | જીયો સર ઉઠાકે... |
| ૩૮. | નો વન કેન ઈટ જસ્ટ વન |
| ૩૯. | બુઝાયે પ્યાસ બાકી સબ બકવાસ. |
| ૪૦. | દિમાગ કી બત્તી જલા દે. |
| ૪૧. | દોબારા મત પૂછના... |
| ૪૨. | ધ ટેસ્ટ ઓફ ઈન્ડિયા |
| ૪૩. | પાસ આઓ... પાસ આઓના... |
| ૪૪. | તેરી મમ્મી કા નહીં, ઈસકી મમ્મી કા મેજિક હૈ... |
| ૪૫. | કૈસી શેવ ચાહિયે? મખ્ખમ જૈસી...? |
| ૪૬. | સુબહ કા બિસ્કિટ |
| ૪૭. | તુમ પાગલ હો... |
| ૪૮. | અપને પાપા કા સિનેમા હોલ... |
| ૪૯. | મેરે પતિ મહેનત કા કામ કરતે હૈં... |
| ૫૦. | આપ ભી કહાં દુકાનદાર કી બાત માનતે હો... |
| ૫૧. | સ્ટ્રોંગર એન્ડ શાર્પનર |
| ૫૨. | ટાયર વિથ મ્યુઝિકલ |
| ૫૩. | આઈ લવ યુ... |
| ૫૪. | .... હૈ જહાં... તંદુરસ્તી હૈ વહાં... |
| ૫૫. | ઈસસે સસ્તા ઔર અચ્છા... કહીં નહીં |
| ૫૬. | દાના દાના... સ્વાદ કા ખજાના |
| ૫૭. | ભાવનગર વાલે શેઠ બ્રધર્સ કા... |
| ૫૮. | ખયાલ આપકા. નો ચિંતા, ઓન્લી મની... |
| ૫૯. | પકડે રહના... મજબૂત જોડ હૈ, તૂટેગા નહીં... |
| ૬૦. | જબ મૈં છોટા બચ્ચા થા, બડી શરારત કરતા થા... |
| ૬૧. | ફિલ્મી સિતારોં કા પ્રિય સાબુ... |
| ૬૨. | બજાતે રહો... બજાતે રહો... |

*(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)*

# જ્ઞાન ગમ્મત

*સંકલન : શ્રીમતી કિરણબેન પી. ઠક્કર*

## શબ્દ સાથિયા

*મિત્રો, ચાવીઓની મદદથી શબ્દ શોધીને સાથિયાની ડિઝાઈનમાં ભરો. તો થઈ જાવ શરૂ....*

### A

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ અં | | |
| | | જ | | |
| ૨ | | ની | | ૩ |
| | | સુ | | |
| ૫ | | ત | | |

(૧) ઘા, હુમલો
(૨) એક ફૂલ, એક ફિલ્મ
(૩) કલ્પના, મનસુબો
(૪) અંતઃકરણ, મન
(૫) સોબત, સાથ

### B

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ ફે | | |
| | | ર | | |
| ૨ | | બ | | ૩ |
| | | દ | | |
| ૫ | | લી | | |

(૧) શક્તિ, સામર્થ્ય
(૨) પ્રવાહીથી ભરેલું
(૩) બચાવ, રખેવાળી
(૪) વિસ્તાર, પ્રસાર
(૫) ગુંડો, બદમાશ

### C

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ ક | | |
| | | ન | | |
| ૨ | | ડ | | ૩ |
| | | ગ | | |
| ૫ | | ત | | |

(૧) ડાઘ, લાંછન
(૨) કરોડો રૂપિયાનો ધણી
(૩) ફાટ, ચીરો
(૪) નલિન, જલજ
(૫) ફોગટ, ફ્રી

### D

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ સ | | |
| | | હ | | |
| ૨ | | ન | | ૩ |
| | | શી | | |
| ૫ | | લ | | |

(૧) જુસ્સો, ઊભરો
(૨) બેડરૂમ
(૩) બેવકુફ
(૪) કાચી ઉંમરનું
(૫) પ્રશ્ન

### E

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ વ | | |
| | | સ્તી | | |
| ૨ | | પ | | ૩ |
| | | ત્ર | | |
| ૫ | | ક | | |

(૧) પેન
(૨) મનગમતું
(૩) શબને દાટવું તે
(૪) પાણીના દેવ
(૫) કુતુહલ, નવાઈ

### F

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | | ૪ સં | | |
| | | ગી | | |
| ૨ | | ત | | ૩ |
| | | કા | | |
| ૫ | | ર | | |

(૧) તહેવાર
(૨) યોગ્ય સમયે
(૩) રટવું તે
(૪) ઈન્દ્રિયનિગ્રહ
(૫) મોજું, તરંગ


*(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)*



*મગને દૂરથી એક બોર્ડ થાંભલા પર ઊંચે લગાડેલું જોયું. તે પાસે ગયો. પરંતુ એ બોર્ડ પર લખેલા અક્ષરો બહુ નાના હતા. એટલે એને બરાબર વંચાયું નહીં. છેવટે બોર્ડ વાંચવા મગન થાંભલા પર ચઢી ગયો. ઉપર ચઢીને એણે જોયું તો બોર્ડમાં એવું લખેલું કે "થાંભલો તાજો રંગેલો છે, અડકવું નહિ."*

# શબ્દ અંતાક્ષરી

*મિત્રો, બાજુમાં આપેલ ક્લુની મદદથી શબ્દો શોધી કાઢો અને આપેલ કોઠામાં ભરો. દરેક શબ્દનો છેલ્લો અક્ષર બીજા શબ્દનો પહેલો અક્ષર હશે. અંતાક્ષરીની જેમ રમત ભરવાની છે. તો... સ્ટાર્ટ....*




**ચાવીઓ**

૧. દિવાસળીની પેટી
૨. એક ફળ
૩. આશ્ચર્ય, અચંબો
૪. પ્રામાણિક.
૫. નકામું, બાતલ કરેલું
૬. બારણું
૭. બળ, શક્તિ
૮. રખેવાળ
૯. એક ઓજાર
૧૦.છબી, ચિત્ર
૧૧.સૂર્ય, ભાનુ
૧૨.જાહેરાત
૧૩.અનુકરણ
૧૪.પક્ષાઘાત
૧૫.મત
૧૬.મોરનો અવાજ
૧૭.પ્રયત્ન
૧૮.આરંભ
૧૯.ઓરડો, ખંડ
૨૦.મંદ સ્મિત
૨૧.ભોયરું, બોગદું
૨૨.નાનું
૨૩.રાત્રે દેખાતું એક પક્ષી
૨૪.ઓડકાર
૨૫. આછું રાતું
૨૬. સોગંદ, કસમ
૨૭. સ્તર, પડ
૨૮. ભાવુક, રસજ્ઞ
૨૯. સંસ્કૃતિ, ઉછેર
૩૦. રચનાર
૩૧. તેજી, સ્ફુર્તિ
૩૨. ગાયન
૩૩. મોજું, લહેર
૩૪. ડોક, બોચી
૩૫. દીકરા કે દીકરીનું સંતાન
૩૬. નગદ નાણું
૩૭. વાંધો, ગોટાળો
૩૮. ખાવાનો પદાર્થ
૩૯. વાડકી
૪૦. ગુસ્સો
૪૧. અહિંસક લડત
૪૨. વાસના
૪૩. અક્કલ, જ્ઞાન
૪૪. મોટું વહાણ
૪૫. એક મીઠાઈ
૪૬. એક વાદ્ય
૪૭. તારાનું ઝુમખું
૪૮. લજ્જા, શરમ
૪૯. ખિસ્સાકાતરુ

## જિંદગીમાં અપેક્ષા

*જિંદગી સાથે મેં એક પેનીનો સોદો કર્યો*
*એટલે જિંદગીએ મને વધારે વેતન ન આપ્યું;*

*પણ સાંજ પડ્યે મેં મારો જૂજ માલ ગણી જોયો,*
*ત્યારે મેં કરગરીને માગણી કરી.*

*જિંદગી ન્યાયી માલિક છે એટલે,*
*તમે જે માગો તે એ આપે છે,*

*પણ એકવાર તમે વેતન નક્કી કર્યું,*
*પછી તો તમારે કામ કરવું જ પડે છે.*

*મેં ઘાટી જેટલા ઓછા વેતનથી કામ કર્યું,*
*પછી અકળાઈને હું શીખ્યો,*
*કે જિંદગી પાસે જે કંઈ વેતન મેં માગ્યું હોત,*
*તે જિંદગીએ મને આપ્યું હોત.*

**– જેસી બી. રિટેવહાઇસ**
**સૌજન્ય : "સમજણના સૂર"**

## આળસથી બીમારી

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કહ્યું છે કે ભારતની ૧૨૫ કરોડની વસ્તીમાંથી ૩૪ ટકા એટલે કે ૪૨ કરોડ લોકો આળસના કારણે બીમારીનો ભોગ બને છે. વિશેષ તો પુરુષો કરતાં સ્ત્રીઓમાં આ આળસનું પ્રમાણ બમણું સાબિત થયું છે. ૨૨ ટકા પુરુષો અને ૪૭ ટકા સ્ત્રીઓ શારીરિક શ્રમની આળસને કારણે ફિટનેસ ધરાવતા નથી. આને પરિણામે હાર્ટ ઍટેક, બ્લડ પ્રેશર, સ્થુળતા, ડાયાબિટીસ અને કેન્સર વધી રહ્યા છે. એક બાજુ જંક ફૂડની બોલબાલા છે, ત્યારે વિશ્વમાં બીજા ક્રમે ભારતમાં જાડા બાળકોનું પ્રમાણ છે. ૩૪ ટકા લોકો કશી કસરત કરતા નથી. તેને પરિણામે બીમારી એમના પર ત્રાટકવા તૈયાર છે. દેશના ત્રીજા ભાગની વસ્તીને આળસ બીમાર કરી રહી છે તે હકીકત શરમજનક ગણાય છે.

*સાવ સરળ શબ્દ 'સમજણ'ને કાનો માત્ર ક્યાં છે? છતાં તે બધામાં નથી હોતી.*

## જમ્બલ વર્ડ્ઝ

*દોસ્તો, વિભાગ "A"માં કોઈ એક અંગ્રેજી શબ્દના અક્ષરો જમ્બલ કરીને આપવામાં આવેલ છે. વિભાગ "B"માં એ અક્ષર કોની સાથે સંકળાયેલો છે તેનો ઉલ્લેખ કર્યો છે. "B" વિભાગને **follow** કરીને જમ્બલ થયેલા અક્ષરોને વિભાગ "C"માં યોગ્ય રીતે ગોઠવી સાચો જવાબ મેળવો. ક્રમાંક-૧ માં એક ઉદાહરણ આપેલું છે.*

| | A (જમ્બલ કરેલા અંગ્રેજી અક્ષરો) | B (કોની સાથે સંકળાયેલ છે?) | C (જવાબ લખો...) |
|---|---|---|---|
| (01) | N R A E E I N T T | મનોરંજન સાથે... | ENTERTAIN |
| (02) | L N E E X T E C L | શ્રેષ્ઠ સાથે... | |
| (03) | N E E I X T C P O | અપવાદ સાથે... | |
| (04) | X A S O E N P I N | ફેલાવા સાથે... | |
| (05) | P N I E E S E V X | ખર્ચાળ સાથે... | |
| (06) | I O F E A T U V R | પ્રિય સાથે... | |
| (07) | I E Y F I R T L T | ફળદ્રુપતા સાથે... | |
| (08) | A A F N L I I C N | નાણાં સાથે... | |
| (09) | R S F E O K I W R | ફટાકડા સાથે... | |
| (10) | E N F M S R A I H | માછીમાર સાથે... | |
| (11) | N I F E E G R O R | પરદેશી સાથે... | |
| (12) | A F Y O T M I R L | વિવેક સાથે... | |
| (13) | T N F E U O T A R | નસીબ સાથે... | |

## અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા

ઓપન ડોર રીપોર્ટ ઓન ઈન્ટરનેશનલ એજ્યુકેશનલ એક્ષચેન્જ દ્વારા જારી કરાયેલા એક અહેવાલ અનુસાર હાલમાં અમેરિકામાં ૧,૯૬,૨૭૧ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. દર વર્ષે આ વિદ્યાર્થીઓની સંખ્યામાં સતત વધારો થતો રહે છે. અમેરિકામાં ભણતા વિદેશી વિદ્યાર્થીઓમાં ભારતીયોની સંખ્યા ૧૮ ટકા છે. તેનો નંબર ચીન પછી બીજા ક્રમાંકે આવે છે. એ જ રીતે ભારતમાં ભણતા અમેરિકન વિદ્યાર્થીઓની સંખ્યા ૪૭૦૪ની થઈ છે, જે અગાઉના વર્ષની સરખામણીમાં ૧૨.૫ ટકા વધુ છે.

# અમદાવાદના પ્રાચીન જિનાલયો – (૬)

## દિલ્હી દરવાજા - દરિયાપુરના જિનાલયો : ૧૧

★ **શ્રી ધર્મનાથ જિનાલય, હઠીસિંહની વાડી :** હઠીસિંહ શેઠની ઉત્કૃષ્ટ ભાવનાના ઉદાહરણ સ્વરૂપ શાંતિદાસ ઝવેરીએ બનાવેલા જિનાલયની રચના સ્વરૂપ કીર્તિ સ્થંભ દ્વારા જેની કીર્તિ જગતમાં ગવાઈ રહી છે. અતીત - અનાગત - વર્તમાન ચોવીસીની તમામ તીર્થંકર ભગવંતોની પ્રતિમા જ્યાં બિરાજે છે, તેવું ભવ્ય કોતરણીવાળું અમદાવાદનું સૌથી વિશિષ્ટ ખારા પથ્થરનું જિનાલય.

★ **શ્રી સંભવનાથ જિનાલય, લુણસાવાડ, દરિયાપુર :** મૂળનાયક અરનાથ ભગવાન તરીકે ગુજરાતનું સૌથી પ્રથમ તથા કાચનું જિનાલય છે.

★ **શ્રી આદિનાથ ગૃહ જિનાલય, લુણાસાવાડ ● શ્રી શાંતિનાથ જિનાલય - પંચભાઈની પોળ, દરિયાપુર ● શ્રી અદિનાથ જિનાલય - પંચભાઈની પોળ, દરિયાપુર :** શત્રુંજયના આદિનાથ દાદાની પ્રતિષ્ઠા અને પંચભાઈની પોળના આદિનાથ દાદાની પ્રતિષ્ઠા એક જ સમયે એક જ ગુરુ ભગવંત દ્વારા થઈ છે તેવું મનાય છે. તથા અહીંના લોકો દ્વારા કહેવાય છે કે, દાદાની પ્રતિમા પર જે ઘટના ઘટે છે તે જ ઘટના આ પ્રતિમાજી પર પણ ઘટે છે.

★ **શ્રી દોહલા પાર્શ્વનાથ જિનાલય, કીકાભટ્ટની પોળ - દરિયાપુર :** સ્વપ્ન સંકેત દ્વારા વૈષ્ણવ પરિવારના ઘરના કુવામાંથી ૧૭૫ વર્ષ પહેલા જે ભગવાન નીકળેલા છે તે ભગવાન દરેકને સંકેતો આપનાર તથા મનોરથોને પૂરનાર હોવાથી દોહલા પાર્શ્વનાથ તરીકે પ્રસિદ્ધ છે. આજેય અનેક ચમત્કારો જોવા મળે છે.

★ **શ્રી સુમતિનાથ જિનાલય, જૂનો મહાજન વાડો :** અમદાવાદનું એકમાત્ર અષ્ટમંગલ ચૌદ સુપનધારી દેવાંગનાવાળો રંગમંડપ ધરાવનાર ચમત્કારિક મૂળનાયક ધરાવતું જિનાલય.

*પારદર્શક કેદખાનામાં પુરાઈ ગયેલા પુસ્તકને સતત પ્રતીક્ષા રહે છે પાનાં ઉથલાવનારની. ગ્રંથપાલ (વાંચનાર) જ્યારે પણ કેદનું બારણું ખોલે છે ત્યારે આશાની એક લહેરખી પુસ્તકનાં બિડાયેલાં પર્ણોને (પાનને) સ્પર્શી જાય છે. જે પુસ્તકને કોઈ વાચકે ક્યારેય ઝાલ્યું નથી, એની વેદના અપાર છે.*

*સૌજન્ય : "તાણાવાણા – ૧૨"*

## શાહપુર - ખાનપુરના જિનાલયો : ૧૨

★ **શ્રી શાંતિનાથ જિનાલય - પંચપોળ :** ચોવીસ તીર્થંકરમાંથી જે ત્રણ તીર્થંકર ભગવંતો એ જ ભવમાં ચક્રવર્તી પદને પામ્યા છે તે બંને પદવીને પામેલા તીર્થંકરોનું જિનાલય એટલે ચક્રવર્તી જિનાલય.

★ **શ્રી સંભવનાથ જિનાલય, કુવાવાળી પોળ :** મનોરથોને પુરનાર - પ્રાચીન સંપ્રતિકાલીન પ્રતિમાજીનો ભવ્યતમ દરબાર ધરાવનાર ઐતિહાસિક જિનાલય.

★ **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય - દરવાજાનો ખાંચો :** પ્રાચીન ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુનું કાચનું ભવ્ય જિનાલય છે. કાચના ભવ્ય પટ્ટ પણ અહીં જોવા મળે છે.

★ **શ્રી કુંથુનાથ જિનાલય, દરવાજાનો ખાંચો :** શત્રુંજયની પ્રતિકૃતિ સમાન, ભોંયરામાં આદિશ્વર પ્રભુજી તથા તેમના ગણધર પુંડરીક સ્વામીનું સામ-સામે જિનાલય સહ ૩ માળનું જિનાલય.

★ **શ્રી શાંતિનાથ જિનાલય, મંગલ પારેખનો ખાંચો :** ધાતુ પ્રતિમાજી મંદિર તથા ત્રણ મૂળનાયક ધરાવતું ભવ્ય જિનાલય. જ્યાં પ.પૂ. આચાર્યદેવ ભક્તિસુરિશ્વરજી મહારાજ સાહેબની દેરી છે. ચૌદ રાજલોકની ખારા પથ્થરમાં ભવ્ય મૂર્તિ છે.

★ **શ્રી વિમલનાથ જિનાલય, ચુનારાનો ખાંચો :** જ્યાં આજે દર બુધવારે હજારો ભક્તો પગપાળા ચાલીને પોતાની મનોકામના પૂર્ણ કરે છે તેવું ભવ્ય જિનાલય. પ્રાચીન પાર્શ્વનાથ પ્રભુની આહ્લાદકારી પ્રતિમાજી પણ અહીં બિરાજે છે.

★ **શ્રી નમિનાથ જિનાલય - ખાનપુર :** મૂળનાયક નમિનાથ ભગવાનનું કાચનું જિનાલય તથા ગુરૂમંદિર - શાસન અધિષ્ઠાયક મંદિર પણ અહીં આવેલું છે. ખારા પથ્થર સાથે કાચનું જિનાલય છે.

★ **શ્રી કલીકુંડ પાર્શ્વનાથ જિનાલય, ગગનવિહાર ફ્લેટ - ખાનપુર :** સુંદર કાચની કલાકૃતિવાળું ઉત્તમ ભાવવૃધ્ધિ કરાવનાર વિશિષ્ટ ઉર્જાવાળું જિનાલય છે.

★ **શ્રી સંભવનાથ જિનાલય, માકુભાઈ શેઠ ઘર દેરાસર - ખાનપુર :** અતિ પ્રાચીન ભવ્ય ગૃહ જિનાલય છે. જેમાં બિરાજમાન ધાતુ પ્રતિમાજી તથા યંત્રો ઉત્કૃષ્ટ ઉર્જા ધરાવે છે.

***(સંપૂર્ણ)***

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

## દિવાળી ને હોળીનો વિવાદ

**(કટાક્ષ ગીત)**

ભારત દેશની ભોમકા માથે ઝઘડો મોટો જાગ્યો,
દિવાળી'ને હોળી વચ્ચે વિવાદ લાગ્યો...
દિવાળી કહે મારા કરોડો દીવા જોઈ
જાય અંધકાર દૂર ભાગ્યો
ફટાકડાની ફોજું છુટીયું ને,
આભે ધડાકો એનો લાગ્યો... દિવાળી'ને હોળી...

હોળી કહે હું બહું રૂપાળી મને,
ઓળો અંધકારનો ન લાગ્યો...
પ્રભુએ પુનમ જેવી તિથિ આપીને
આખો ચાંદો આભમાં ટાંગ્યો... દિવાળી'ને હોળી...

દિવાળી કહે મારે શોભા શણગારને
મેવા મિઠાઈ ઢગ લાગ્યો
ઘરોઘર રંગોળીને સાથિયા પુરાણા,
મને જોતા ઉમંગ સૌને જાગ્યો. દિવાળી'ને હોળી...

હોળી કહે હું લાવી રંગ હજારોને
ગલી ગલી ઢોલ આજ ગાજ્યો...
ગરીબ અમીરના ભેદ ભૂલીને
સૌએ પોષાક પંચરંગી સાજ્યો, દિવાળી'ને હોળી...

ન્યાય કરાવવાને જાય જનતામાં ત્યારે,
ભ્રમ બેઉનો 'હેમ' ભાંગ્યો...
**સૌ કહે દિવાળી તો દેખીએ કો'ક દિ પણ,**
**હજુ હોળીએ ન સાથ કદી ત્યાગ્યો...**
દિવાળી'ને હોળી વચ્ચે વિવાદ લાગ્યો...

*હેમરાજ ગઢવી 'હેમ' - ગાંધીધામ*
*મો. ૯૮૯૮૮ ૮૬૩૨૯*

## ડુબાયા

કભી સાહિલને ડુબાયા, કભી કિનારોંને,
કભી ગમોંને ડુબાયા, કભી યાદોંને,
બસ, યહ દિલકો ડુબનેકા બહાના ચાહિયે.

કભી દૌલતને ડુબાયા, કભી દીનતાને,
કભી રૂપને ડુબાયા, કભી ગુરૂરને... બસ...

**જ્ઞાનકે અતિરેકસે માનો મૈં તૈરતા રહા,**
**દંભસે નિકલા ન બાહર ઔર ડૂબતા રહા... બસ...**

*'આરસી' શાહ - અમદાવાદ*

## શૂન્ય

શૂન્યની અજબ-ગજબની આ દુનિયા,
લાવ, જરા નિરાંતે સમજુ આ દુનિયા.

શૂન્યને કોઈ પાસ નહીં, શૂન્યને કોઈ દૂર નહીં,
ગમે ત્યાંથી માંડો, શૂન્યથી આબાદ દુનિયા...

શૂન્યનો આરંભ ક્યાંથી? શૂન્યનો અંત ક્યાં?
કેટલો વિસ્તાર ને કેટલો પથારો શૂન્યનો?

બિંદુમાંથી શૂન્યની કમાલ,
ને અંક તો શૂન્ય વિના અધૂરા ને અધૂરા.

આથમતા સૂર્યની દુનિયા શૂન્ય,
ઉગતા સૂર્યની દુનિયા શૂન્ય.
તન્હાઈમાં વ્યાપ્ત શૂન્ય ને,
સન્નાટામાં પણ શૂન્ય!!
શૂન્યની અજબ ગજબની દુનિયા...

એકથી નવ અંક બધા ઓ.કે.
પણ દસ! શૂન્ય વગર એ પણ એકડો.
શૂન્ય કિંમત વધારે અંકની
શૂન્ય પૂર્ણવિરામ નહીં પણ જીવન
બનાવે હરિયાળું ને પૂર્ણ...

શૂન્યના ભાવ-તાલ પણ વધારે
શૂન્ય વધારે ભાવતો શૂન્ય વધારે મીઠો,
**સચીન શૂન્ય પર આઉટ થયાને**
**સટોડિયાનું જીવન શૂન્ય... શૂન્ય...**

શૂન્યની અજબ-ગજબની આ દુનિયા,
લાવ, જરા નિરાંતે સમજુ આ દુનિયા.

*રમીલા પી. મહેતા - ભુજ*
*મો. ૯૪૨૭૨ ૭૨૬૧૯*

*ભાગદોડભરી આ દુનિયામાંથી*
*મારે એક જ વાર પસાર થવાનું છે, ત્યારે*

*ક્યાંક કોઈના આંસુ લૂછી શકું,*
*ક્યાંક કોઈ સ્મિત વેરી શકું,*

*ક્યાંક કોઈનું દર્દ પી શકું,*
*કોઈની સામે લંબાવું હમદર્દીનો હાથ*

*કરી લઉં બધું આ બનતી ત્વરાએ*
*ફરી કદી આ રસ્તે આવવાનું ન યે થાય.*

## પ્રીતની રીત

*પ્રીતની કોઈ રીત નથી*
*અને નથી કોઈ વાણી*
*હૈયાથી હૈયા મળ્યા*
*અને આંખોને બોલતી જાણી...*

*ક્યા જનમનો છે રીશ્તો-નાતો*
*ક્યા જનમની છે લાગણી*
*કે પ્રેમની આ સરવણી*
*તો બંનેના ભીતર સમાણી...*

*ગયા જનમની બાકી રહેલી*
*પ્રીત આ જનમમાં માણી*
*આવતા જનમમાં ફરી મળીશું*
*એ વાત બંનેના હૈયાને સમજાણી...*

*નીર નદીના ઓસરી જશે*
*રંગત આપણી ઓસરે નહીં*
*જગના કાયદા ભલે જુદા રહ્યા*
*નથી વાત એમાં આપણા કામની...*

*અલક મલકની વાતો કરતાં*
*લમ્હાઓને માણતા રહેતા*
*કાલની ચિંતા કેમ કરવાની*
*હૈયાથી હૈયા મળ્યા*
*ને આંખોની ભાષા જાણી...*

*સુનિતા શાહ - અમદાવાદ*
*મો. ૯૮૨૫૧ ૫૧૫૧૩*

## ટેમ તાં લગે

મચ ઉજાયમેં ટેમ તાં લગે,
સચિ લિકાયમેં ટેમ તાં લગે.

ગેરૂઓ વગો અભધડી રંગેઓ,
ધિલ રંગાયમેં ટેમ તાં લગે.

અક જિતેતિતે પ્યા વધેં વિઠા,
વડ ઉગાયમેં ટેમ તાં લગે.

અડણમેં નિંઢે ક્યાં હૂવોં વડો,
નિમ વઢાયમેં ટેમ તાં લગે.

ઝટ અડી સગોં પાં મકાન પણ,
ઘર ભનાયમેં ટેમ તાં લગે.

**હથ મિલાયણા સેલા અંઇ, 'તિમિર'**
**મન મિલાયમેં ટેમ તાં લગે,.**

*રવિ પેથાણી 'તિમિર' - ભુજ*
*મો. ૯૭૨૬૮ ૧૦૨૮૭*

## ભજી ભજીનેં

મિડે બરી વ્યો ખિજી ખિજીનેં
ન કીંય પામ્યા રજી રજીનેં.

કડા ખણીનેં કિનારે નિકર્યા,
કુરો લધાં ઐં લજી લજીનેં.

સતા હલેતી સજે જગમેં,
કિતે ભા, વિનધા ભજી ભજીનેં.

છતાં ઇ નિકરેં મિંજાનૂં કોરા,
ઘરેં પુજેં મર ભિજી ભિજીનેં.

કઢીં નતા ઇ અખર ચપ મિંજા,
જુકો કુછ્યાતે ગજી ગજીનેં.

સંબંધ કે પાં સરાર તાણ્યો,
ટુકરા થિઇ વ્યો છિજી છિજીનેં.

*રવિ પેથાણી 'તિમિર' - ભુજ*
*મો. ૯૭૨૬૮ ૧૦૨૮૭*

*ગીતામાં લખેલું છે : 'શરીર તો મરી જાય છે પરંતુ આત્મા જીવિત રહે છે!' પરંતુ આજકાલ તો : શરીર જીવિત છે પરંતુ આત્મા મરી ચૂકેલ છે!*

## "પસંદગીના તડકા"ના જવાબો

(૧) થમ્સ અપ, (૨) ફેર એન્ડ લવલી, (૩) નવરત્ન હેર ઓઇલ, (૪) મારૂતિ કાર, (૫) આઇડિયા, (૬) ગોદરેજ ફેર ગ્લો સાબુ, (૭) પોલો, (૮) સર્ફ એક્સલ, (૯) સફોલા તેલ, (૧૦) હીરો હોન્ડા, (૧૧) પર્ક - કેડબરી, (૧૨) એશિયન પેઇન્ટ્સ, (૧૩) કેપ્ટન કૂક આટા, (૧૪) મેંગો ફ્રૂટી, (૧૫) કેક ક્રીમ, (૧૬) રેમન્ડ, (૧૭) ક્વિક ફિક્સ, (૧૮) ડેરી મિલ્ક, (૧૯) રોટોમેક્સ બોલપેન, (૨૦) એક્વાફ્રેશ, (૨૧) બિંગો, (૨૨) ડાબર આમલા તેલ, (૨૩) પેપ્સી, (૨૪) ગોદરેજ હેર ડાઇ, (૨૫) ડેટોલ, (૨૬) મેકડોનાલ્ડ, (૨૭) એમ.ડી.એચ. મસાલા, (૨૮) કુરકુરે, (૨૯) મેગી, (૩૦) કીટકેટ - કેડબરી, (૩૧) ટાટા ટી (ચા), (૩૨) ટાટા સ્કાય, (૩૩) પ્રિયા ગોલ્ડ બિસ્કિટ, (૩૪) ગાર્નિયર, (૩૫) એલ.જી., (૩૬) એલ્પેન લીબે, (૩૭) એચ.ડી.એફ.સી. લાઇફ ઇન્સ્યુરન્સ, (૩૮) લૅઝ - વેફર્સ, (૩૯) સ્પ્રાઇટ, (૪૦) મેન્ટોસ, (૪૧) ક્લોરમિન્ટ, (૪૨) અમૂલ, (૪૩) ક્લોઝ અપ, (૪૪) મેગી મસાલા, (૪૫) વી-જોન, (૪૬) બોર્નવિટા બિસ્કિટ, (૪૭) ડોમિનોઝ પીઝા, (૪૮) એ.ટી.સી. પોપકોર્ન, (૪૯) ઘડી ડિટર્જન્ટ, (૫૦) વ્હીલ, (૫૧) હોરલિક્સ, (૫૨) એમ.આર.એફ. ટાયર, (૫૩) રસના, (૫૪) લાઇફબોય, (૫૫) બિગ બાઝાર, (૫૬) લક્ષ્મી તુવેરદાળ, (૫૭) કાયમ ચૂર્ણ, (૫૮) આઇ.સી.આઇ.સી.આઇ. બેંક, (૫૯) ફેવિકોલ, (૬૦) બજાજ ટ્યુબ લાઇટ્સ, (૬૧) લક્સ, (૬૨) એફ.એમ. રેડિયો.



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે ગામવારો ધીરુ સોસાયટી જે નાકે તે કરિયાણેંજી દુકાન કેં વે સે અનજી દુકાન કીં હલેતી?

બચુડો : દુકાન તા ભરાભર હલેતી પણ આંઈ કુલો પૂછોતા?

અધા : હી તા ધીરુજી દુકાન કે સામે કોઈ કંપનીજો સ્ટોર ખોલ્યો આય, ને ઈ સ્ટોર વારો દુકાનજી બારાં બોર્ડ મારે વેં ક ચોખ્ખો ઘી ૪૫૦ રૂા. કિલો. તેંકે સામે ધીરુ બોર્ડ મારે કે ચોખ્ખો ઘી ૪૦૦ રૂા. કિલો. બ્યે ડીં સ્ટોરવારો બોર્ડ લગાય કે ચોખ્ખો ઘી ૩૫૦ રૂા. કિલો. તેંકે સામે ધીરુ બોર્ડ લગાય ક ચોખ્ખો ઘી ૩૦૦ રૂા. કિલો. તડે મુંકે થ્યો કે વડે સ્ટોર કે સામે ધીરુ જો કુરો ગજો? દુકાન બંધ કરેજો વારો અચીંધો... ત તું તપાસ કર ક ધીરુકે કીં પોસાજેતો?

બચુડો : (તપાસકે ને ચેં) અધા ધીરુ કી માઠો નાય... ઈ તાં મુંકે ચે આંઉ તા ઘી રખા નતો પણ બે કે ફાયદો થીએ તેંલા કે એડો બોર્ડ લગાયો તે...!

## ખિલજા મ ભલા

મોંઘી : અભી તો મૈં જવાન હું... અભી તો મૈં જવાન હું...

મજુર : આમ ગા ગા કરવાની જરૂર નથી. સરહદ પર જા અને લશ્કરમાં ભરતી થઈ જા.... સરકારને સૈન્યમાં જરૂર છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : જો એક નાનો ગ્રહ પૃથ્વી સાથે અથડાય તો શું થાય?

ટીનુ : ટન એવો અવાજ આવે.

☺ ☺ ☺ ☺ ☺

યુવક : (છોકરીને) તું કેટલા વર્ષની છે?

છોકરી : ૨૦ વર્ષની

યુવક : ત્રણ વર્ષ પહેલા પણ તેં આજ ઉંમર કહી હતી.

છોકરી : જોયું... અમે જબાનની કેટલી પાક્કી હોઈએ છીએ!

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : (પતિને) તું મને કેટલો પ્રેમ કરે છે?

પતિ : એનો તો કાંઈ હિસાબ હોય છે?

પત્ની : પણ તમે કહો તો ખરા...

પતિ : જો તું કહે તારું એઠું ઝેર પણ પી જાઉં. વિશ્વાસ ન હોય તો અજમાવીએ. પહેલા પી ને એઠું કર!

☺ ☺ ☺ ☺ ☺

મોના : તું મને પ્રેમ કરે છે?

મોન્ટુ : હા, ખૂબ જ.

મોના : પણ તને તો મારી કોઈ પરવા જ નથી.

મોન્ટુ : પ્રેમ કરનારા કોઈની પરવા કરતા નથી....

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : સત્ય અને વહેમમાં શું ફરક છે?

ચીન્ટુ : સાહેબ, તમે અમને ભણાવી રહ્યા છો એ સત્ય છે પણ અમે ભણી રહ્યા છીએ એ તમારો વહેમ છે!!

☺ ☺ ☺ ☺ ☺

ધનસુખ : આપણે હંમેશાં સાંભળતા હોઈએ છીએ કે ભગવાનના ઘેર દેર છે પણ અંધેર નથી.

મનસુખ : પણ એનું અત્યારે શું છે?

ધનસુખ : શિયાળામાં મેં ભગવાનને પ્રાર્થના કરી હતી કે ટાંકીમાં ગરમ પાણી આવે એવું કરજો. પણ ભગવાને છેક ઉનાળામાં પ્રાર્થના સાંભળી અને હવે ગરમ લ્હાય જેવું પાણી આવે છે!

☺ ☺ ☺ ☺ ☺

મનુ : (કનુને) યાર, સાઇકલની ટક્કર મારી પાડી નાખ્યો તો પણ તું મને લકી કહે છે? શરમ આવવી જોઈએ...

કનુ : શરમ શેની? તું લકી જ છે. આજે મારે રજા છે એટલે સાઇકલ ચલાવું છું બાકી રોજ તો હું ટ્રક જ ચલાવતો હોઉં છું. શું માનવું છે તારું?

☺ ☺ ☺ ☺ ☺

ગોવિંદ : તું આવતા જન્મમાં માને છે?

હરગોવિંદ : જરૂર માનું છું.

ગોવિંદ : તો આવતા જન્મે તારે શું બનવાનો વિચાર છે?

હરગોવિંદ : આવતા જન્મે હું ગરોળી બનવા માગું છું.

ગોવિંદ : કેમ?

હરગોવિંદ : મારી પત્ની માત્ર ને માત્ર ગરોળીથી જ ગભરાય છે ને ચીસાચીસ કરી મૂકે છે.

☺ ☺ ☺ ☺ ☺

કરણ : યાર, મને આ સલમાન ખાનનું ગણિત સમજાતું નથી...

અર્જુન : શું તકલીફ છે તને?

કરણ : જોને સેલ્ફ સ્ટાર્ટના જમાનામાં કીક લાવ્યો અને હવે એલ.ઈ.ડી.ના જમાનામાં ટ્યુબલાઈટ લાવ્યો!

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

## ચૂંટણીનો ચકરાવો

આ અંક આપના હાથમાં આવશે ત્યારે ચૂંટણીના પડઘમ પૂર જોશમાં વાગતા હશે. જુદા જુદા વર્તમાનપત્રો, સામયિકો, ટી.વી. ચેનલો આપણને અનેક માહિતી પીરસતા હશે. કેટલી સીટો કોને? ચૂંટણીને અસર કરનારા પરિબળો વગેરે વગેરે... પરંતુ કેટલીક અજાણી છતાં અવનવી વિગત આપવાનો આ પ્રયાસ છે.

- **એક જ માણસ માટે પોલિંગ બુથ :**

એક જ, માત્ર એક જ મત સરકાર બનાવી પણ શકે છે અને ગબડાવી પણ શકે છે, તેનો અનુભવ આપણને શ્રી અટલબિહારી વાજપેયીની સરકાર વખતે થઈ ગયેલ છે. આવો એક 'વોટ' મેળવવા ચૂંટણી પંચ કેટલી મહેનત કરે છે તેનો અંદાજ તમે એનાથી લગાવી શકો છો કે ગીરના જંગલમાં રહેતા માત્ર એક શખ્સનો મત મેળવવા દર ચૂંટણીમાં ત્યાં પોલિંગ બુથ ઊભું કરાય છે. હજારો મતદારોવાળા બુથ માટે થાય છે તે સ્તરની જ તૈયારીઓ તે એક મતદારવાળા બુથ માટે પણ થાય છે.

ગુજરાતના ગીરના જંગલ સ્થિત બાણેજ ગામ તે બે કારણથી મશહુર છે. એક આ એશિયાઇ સિંહોનું એકમાત્ર જંગલ છે. બીજું કારણ છે મહંત ભારતદાસ ગુરુદર્શન, જેઓ બાણેજ ગામના એકમાત્ર મતદાર છે. તેઓ બાણેશ્વર મહાદેવના પૂજારી હોવાથી ત્યાં જ રહે છે. તેમનો મત મેળવવા દરેક ચૂંટણીમાં ચૂંટણી પંચ ગીરના જંગલમાં પહોંચે છે. ચૂંટણી પંચ ૨૦૦૨થી અહીં પોલિંગ બુથ ઊભું કરે છે. તેનું મહત્ત્વ એટલા માટે પણ છે કે જો અહીં બુથ ન બનાવાય તો મહંત ભરતદાસે પોતાનો મત આપવા ૨૦ કિ.મી. દૂર જવું પડે.

- **ચૂંટણી પંચના અધિકારીઓ ડુંગરા ખૂંદે છે અને લાંબુ અંતર ચાલીને પણ કાપે છે**

અરુણાચલનું ડોપાવા પોલિંગ બુથ ૨૦૧૪માં અહીં પહોંચવા માટે પોલિંગ ટીમે ૩ દિવસમાં ૪૬ કિ.મી. ચાલવું પડ્યું. તેજ રીતે અરુણાચલના હુકાની પોલિંગ બુથમાં ૨૨ મતદાર હતા. ત્યાં સુધી પહોંચવા માટે પોલિંગ ટીમે ૨૨ કિ.મી. સુધી ચાલીને જવું પડ્યું.

- **વિશ્વનું સૌથી ઊંચું પોલિંગ બુથ :**

હિમાચલ પ્રદેશનું હિક્કિમ પોલિંગ બુથ દેશનું જ નહીં, દુનિયાનું સૌથી વધુ ઊંચાઈ પર આવેલું પોલિંગ બુથ છે. ૧૫,૫૦૦ ફૂટની ઊંચાઈ પરના આ બુથ ખાતે ૩ ગામના અંદાજે ૩૫૦ મતદારો મત આપવા જાય છે.

- **આ રીતે નારો બદલાયો :**

રાજસ્થાનના પોખરણમાં ૧૯૯૮માં પરમાણું પરીક્ષણ પછી તુરત જ તત્કાલીન વડાપ્રધાન અટલબિહારી વાજપેયીએ ફરી એકવાર શાસ્ત્રીજીના નારાને નવું રૂપ આપતા કહ્યું કે—

*"જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન."*

- **અવનવું :**

૬૭૭ બેઠક હતી પહેલી લોકસભા વખતે. એ અત્યાર સુધીની સૌથી વધુ બેઠકો છે. આ બેઠકો ૩,૭૮૪ કલાક સુધી ચાલી. એ લોકસભાનો કાર્યકાળ ૧૭મી એપ્રિલ, ૧૯૫૨થી ૪થી એપ્રિલ, ૧૯૫૭ સુધી રહ્યો.

- **સૌથી મોટી જીત :**

પ્રીતમ મુંડે (ભાજપ) : બીડ સંસદીય બેઠક.

લોકસભાની બીડ સંસદીય બેઠકની ૨૦૧૪ની પેટા ચૂંટણીમાં પ્રીતમ મુંડે (સ્વ. ભાજપ નેતા ગોપીનાથ મુંડેના પુત્રી)એ અશોકરાવ શંકરરાવને ૬,૯૨,૨૪૫ મતોથી હરાવ્યા હતા. પ્રીતમ મુંડેને ૯,૧૬,૯૨૩ મતો અને અશોક રાવને ૨,૨૪,૬૭૮ મતો મળ્યા હતા.

- **ચર્ચિત નારાઓ :**

ચૂંટણી વખતે જુદા જુદા પક્ષો જુદા જુદા નારાઓ આપે છે. જેમકે શરૂઆતના વર્ષોમાં કોંગ્રેસ પક્ષ કે જેનું નિશાન બે બળદની જોડ હતું, તો તેમનો નારો હતો : "બે બળદની જોડી, કોઈ ના શકે તોડી." પરંતુ કોંગ્રેસને હરાવીને સ્વતંત્ર પક્ષ સત્તા પર આવ્યો તો નારો થઈ ગયો : "બે બળદની જોડી, ધ્રુવતારાએ તોડી."

- **આવા નારાઓની શરૂઆત :**

ભારત-ચીનના ૧૯૬૨ના યુધ્ધથી ભારત આર્થિક રીતે નબળો પડી ગયો હતો. ૧૯૬૫માં દુષ્કાળના ઓળા હતા. પાંચમી ઓગસ્ટ, ૧૯૬૫ના દિવસે ૩૦ હજાર પાકિસ્તાની સૈનિક એલ.ઓ.સી. પાર કરી કાશ્મીરમાં ઘૂસી ગયા. ભારતે વળતો જોરદાર જવાબ આપી ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ લાહોર કબજે કરી લીધું અને પાકિસ્તાનની ૯૦ ટેન્કો ધ્વસ્ત કરી દીધી. આ સમયે -- ૪૮૦ સ્કીમ હેઠળ મળતા લાલ ઘઉં ખાવા પડતા હતા. આ યુધ્ધ વખતે અમેરિકન પ્રમુખ લિન્ડન જહોન્સને તત્કાલીન વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીને ધમકી આપી કે જો યુધ્ધ નહીં રોકાય તો ઘઉંની નિકાસ બંધ કરી દઈશું. શાસ્ત્રીજીએ જવાબ આપ્યો : બંધ કરી દો. એટલું જ નહીં, તેમણે અમેરિકાથી ઘઉં લેવાનો જ ઈન્કાર કરી દીધો. એ પછી ૧૯૬૫માં દશેરાના દિવસે દિલ્હીના રામલીલા મેદાનમાં શાસ્ત્રીજીએ પહેલીવાર 'જય જવાન, જય કિસાન'નો નારો આપ્યો અને અઠવાડિયામાં એક દિવસ ઉપવાસ કરવા કહ્યું અને પોતે પણ ઉપવાસ ચાલુ કર્યા.

## NanoNine® શબ્દ રમત-૧૫૧

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ | ■ | ૭ | ૮ | ■ |
| ૯ | | | ■ | ૧૦ | | | | ■ | ૧૧ | ૧૨ | ૧૩ |
| | ■ | ૧૪ | | | ■ | ૧૫ | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ |
| ■ | ૧૯ | | ■ | ૨૦ | ૨૧ | ■ | | ■ | ૨૨ | ■ | |
| ૨૩ | | ■ | ૨૪ | | | ■ | ■ | ૨૫ | | ૨૬ | ■ |
| ૨૭ | | ૨૮ | | ■ | ૨૯ | ૩૦ | | | ■ | ૩૧ | ૩૨ |
| ■ | ૩૩ | | ■ | ૩૪ | ■ | | ■ | ૩૫ | | ■ | |
| ૩૬ | | ૩૭ | ■ | ૩૮ | ૩૯ | ૪૦ | | ■ | ■ | ૪૧ | ■ |
| | ■ | | ■ | ૪૨ | ૪૩ | | ■ | ૪૪ | | ૪૫ | ૪૬ |
| ૪૭ | | ■ | ૪૮ | ■ | | ■ | ■ | | ■ | ૪૯ | |
| ૫૦ | ■ | ૫૧ | ૫૨ | | ■ | ૫૩ | | | ૫૪ | ■ | |
| | ■ | ૫૫ | | ■ | ૫૬ | | ■ | ૫૭ | | | ■ |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૪-૨૦૧૯ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. કુરબાન થવું કે કરવું તે, બલિદાન (૪)
૪. વર કે વહુનો બાપ (૩)
૫. ધારા, ઋતુ, મોસમ, મુસાફરખાનું, પથિકાશ્રમ (૨)
૭. અગ્નિ, દેવતા, બળતરા, લાય (૨)
૯. મીઠું, લૂણ, નમક (૩)
૧૦. સહેજે તૂટે નહીં એવું, નક્કર (૪)
૧૧. _____ સરી એટલે વૈદ્ય વેરી (૩)
૧૨. અણુ, ધૂળનો કણ, થોડું, જરાક (૨)
૧૪. દેશની રક્ષા માટે પ્રાણ આપનાર (૩)
૧૫. ઓચિંતી મારેલી ઝુંટ (૩)
૧૭. વાદીનું ઊલટું, દિલમાં _____ કરો (૨)
૧૯. પથારી, બિસ્તરો (૨)
૨૦. નર્મદા નદીનું એક નામ (૨)
૨૩. લગની, તાન, ધૂન (૨)
૨૪. પશુઓને મારી તેનું માંસ વેચનારો (૩)
૨૫. દાસ, નોકર (૩)
૨૭. વનમાં વિહરતા શ્રીકૃષ્ણ (૪)
૨૮. ફૂલઝાડ ઉછેરનાર, બાગબાન (૨)
૨૯. અધમ, નીચ આદમી (૪)
૩૧. બુદ્ધિ, મતિ, અભિપ્રાય, 'વોટ' (૨)
૩૩. ઊનનું ઓઢવાનું એક ગરમ વસ્ત્ર (૨)
૩૫. દસ્તાવેજ (ઈં) (૨)
૩૬. મોહ પમાડે એવું (૩)
૩૮. દાદાના પિતા, પ્રપિતામહ (૪)
૪૦. પિતાના પિતા (૨)
૪૨. આનંદી, તરંગી, ઉડાઉ, _____ લાલા (૩)
૪૪. બ્રહ્મ સાથે અભેદનો આનંદ (૪)
૪૫. દીકરો, આનંદ, મગધનો એક પ્રાચીન રાજવંશ (૨)
૪૭. રીસાવું તે, રોષ, ગુસ્સો (૨)
૪૯. ફળની અંદરનો ગર્ભ, મનનો ભેદ, મર્મ, ઝેરી અઘાર (૨)
૫૧. સાવચેત, હોંશિયાર, જાગૃત (૩)
૫૩. ઢોરનું ઘાસ, ચારો વગેરે (૪)
૫૫. પ્રાણીએ જમીનમાં રહેવા કરેલું છિદ્ર, ભાવ, કિંમત (૨)
૫૬. વાર્તા, કથા, પવન (૨)
૫૭. વીસ ઘા (કાગળ) (૨)

### ઊભી ચાવીઓ

૧. ખરાબ ચાલની સ્ત્રી (૩)
૨. અવાજ, ધ્વનિ, નાદ (૨)
૩. બાણોની પથારી (૪)
૪. સાધન કે વસ્ત્રોથી તૈયાર થયેલું (૨)
૫. સાબિતી, પુરાવો, પ્રમાણ (૩)
૬. રાત્રે સુગંધ આપતો એક ફૂલ છોડ (૪)
૭. અગ્નિ, બળતરા, લાય (૨)
૮. ગિરદી, ભીડ (૩)
૧૦. મુસલમાનની શાળા (૪)
૧૨. નકામું ગણી બાત્તલ કરેલું (૨)
૧૩. જુવાન, યુવાન, સૈનિક (૩)
૧૪. પથારી (૨)
૧૬. રાજાની પત્ની (૨)
૧૮. વર્ણ, માલસામાન ફેરવતી ગાડી (૨)
૧૯. રાજાઓના રાજા, સમ્રાટ (૫)
૨૧. દારૂ, શરાબ (અં.) (૩)
૨૨. છાશ, લાગ (૨)
૨૩. રામ-સીતાનો એક પુત્ર (૨)
૨૪. અણખીલ્યું ફૂલ (૨)
૨૫. ત્વચા, ખાલ (૩)
૨૬. શરાબનો એક પ્રકાર (૨)
૨૮. માલિક સ્ત્રી, ધણિયાણી (૪)
૩૦. રસ્તે ચાલનાર, વટેમાર્ગુ (૪)
૩૨. શરીર, દેહ, કાયા (૨)
૩૪. યુગલ, જોડી (ઈં) વરવધૂ (૩)
૩૬. રામકથા કરનાર ગુજરાતના જાણીતા સંત (૫)
૩૭. અણું, જરાક (૨)
૩૮. પળ, ક્ષણ (૨)
૩૯. રહેમત, દયા, મહેરબાની (૩)
૪૧. અંગ વિનાનું, કામદેવ, મનોભવ (૩)
૪૩. સોનું, સુવર્ણ (૨)
૪૪. બ્રહ્મચર્ય પાળનાર માણસ (૪)
૪૫. પહેલ પાડેલ હીરો, મૂર્ખ માણસ, લુચ્ચો (૨)
૪૬. દરદવાળું, દર્દી, માંદુ (૩)
૪૮. ઘડિયાળમાં નાખવાનો સેલ (ઈં) (૩)
૫૦. બાપ, ગાંધી _____ (૨)
૫૧. અવાજ, ઘાંટો, સૂર (૨)
૫૨. પતિ, વરદાન (૨)
૫૩. ઝટકો, ઘા, અકાળ મૃત્યુની ઘંટી (૨)
૫૪. ઈટાલીનું જાણીતું શહેર, રુંવાટું (૨)

### મંગલ મંદિર : માર્ચ-૨૦૧૯ : ભૂલ સુધાર

શબ્દ રમત-૧૪૯ના ઉકેલમાં ઊભી ચાવી ૧૦એ : ગરપડ ના બદલે **"ગરબડ"** તેમજ આડી ચાવી ૧૭ : 'લપકારા'ના બદલે **"લબકારા"** સુધારીને વાંચવું.

## NanoNine® શબ્દ રમત-૧૫૦નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વા | સી | ઉ | ત્ત | રા | ય | ણ | | શ | રા | ર | ત |
| ઢ | | ઘા | | જ | સ | | દે | રી | | | મ |
| કા | પ | ડ | | રા | | પા | વ | ર | હા | ઉ | સ |
| પ | ગ | | ઘા | ણી | | વ | ર | | જ | પ | |
| | લી | | સ | | વ | ન | | પ | ર | દે | શ |
| ત | | વ | તે | સ | ર | | અ | રિ | | શ | મા |
| ક | લા | | લ | | સા | ર | | વા | ણી | | |
| સા | ડ | લો | | | દ | ફ | ત | ર | | ચ | ક્કી |
| ધુ | | ચ | ર | ણ | | તા | ક | | | લ | |
| | મા | ન | તા | | વ | ર | દી | | પા | મ | ર |
| ક | લિ | | શ | કુ | ન | | ર | | ર | | સ |
| મ | ક | ર | | શ | | લૂ | | સા | દ | | મ |

*માસ ફેબ્રુઆરી-૨૦૧૯ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૪૮ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલાબેન શાહ - અમદાવાદ
૨. સુનિલ શાહ - અમદાવાદ
૩. રંજન શાહ - અમદાવાદ
૪. ચંદ્રા શાહ - અમદાવાદ
૫. સ્મિતા શાહ - અમદાવાદ
૬. વર્ષા પારેખ - અમદાવાદ
૭. તૃપ્તિ સાવલા - અમદાવાદ
૮. દમયંતી દંડ - અમદાવાદ
૯. મહેન્દ્ર શાહ - અમદાવાદ
૧૦. મહેન્દ્ર પુજ - અમદાવાદ
૧૧. ચેતના વોરા - અમદાવાદ
૧૨. ઈન્દુબેન પટેલ - અમદાવાદ
૧૩. ચંદુભાઈ કુબડિયા - અમદાવાદ
૧૪. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૧૫. લક્ષ્મી ખત્રી - અમદાવાદ
૧૬. પ્રિયંકા શાહ - અમદાવાદ
૧૭. સુંદર ક્રિશ્ચિયન - અમદાવાદ
૧૮. હસમુખ દેઢિયા - અડાલજ
૧૯. હર્ષા મહેતા - ગાંધીધામ
૨૦. નેહલ મહેતા - અમદાવાદ
૨૧. મીના શાહ - ભુજ
૨૨. નિર્મલા વોરા - ભુજ
૨૩. રશ્મિ સાવલા - ભુજ
૨૪. સાવિત્રી જેસરાણી - મુંબઈ
૨૫. પ્રભાબેન સાવલા - રાજકોટ
૨૬. જાગૃતિ પારેખ - સિકંદ્રાબાદ
૨૭. સરોજ ચંદુરા - સુરત
૨૮. પ્રભાબેન શેઠિયા - વલસાડ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી સરનામું પૂરેપૂરું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

(૧) સુનીલ શાહ — અમદાવાદ
(૨) સુંદર ક્રિશ્ચિયન — અમદાવાદ
(૩) મીના શાહ — ભુજ

## NanoNine *Sudoku*

*ફેબ્રુઆરી-૨૦૧૯ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૦૬ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. કવિશા ગોસર - અમદાવાદ
૨. મીત ગોસર - અમદાવાદ
૩. અવંતી દંડ - અમદાવાદ
૪. ખુશ્બુ ધુલ્લા - અમદાવાદ
૫. ભરત રાંભિયા - અમદાવાદ
૬. ચંદ્રા શાહ - અમદાવાદ
૭. સ્મિતા શાહ - અમદાવાદ
૮. ઉષ્મા શાહ - અમદાવાદ
૯. જ્યોતિ ગડા - અમદાવાદ
૧૦. નયના ગોગરી - અમદાવાદ
૧૧. મહેન્દ્ર શાહ - અમદાવાદ
૧૨. જયંતિલાલ મહેતા - અમદાવાદ
૧૩. હેમલતા દેઢિયા - અડાલજ
૧૪. દિનેશ વોરા - અમદાવાદ
૧૫. નિહાર મહેતા - અમદાવાદ
૧૬. ચંદુભાઈ કુબડિયા - અમદાવાદ
૧૭. ઈન્દુબેન પટેલ - અમદાવાદ
૧૮. ધરા વોરા - અમદાવાદ
૧૯. સરલા શાહ - અમદાવાદ
૨૦. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૨૧. ધ્રુવ ગાલા - અમદાવાદ
૨૨. પ્રિયંકા શાહ - અમદાવાદ
૨૩. પીંકી પટેલ - અમદાવાદ
૨૪. પ્રભા શેઠિયા - વલસાડ
૨૫. ઉષા સંઘવી - રાઉરકેલા
૨૬. નિર્મલા વોરા - ભુજ
૨૭. સંકેત મહેતા - ભુજ
૨૮. સરોજ ચંદુરા - સુરત
૨૯. રિશ્વા મહેતા - ગાંધીધામ
૩૦. હસમુખ મહેતા - ગાંધીધામ
૩૧. સોનલ શાહ - નાગપુર
૩૨. ચંદ્રિકા શાહ - રાઉરકેલા
૩૩. પ્રતીક પારેખ - સિકંદ્રાબાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી પૂરેપૂરું સરનામું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

**વિજેતાઓ :**

(૧) કવિશા ગોસર — અમદાવાદ
(૨) પીંકી પટેલ — અમદાવાદ
(૩) પ્રભા શેઠિયા — વલસાડ

## NanoNine® Sudoku

ફેબ્રુઆરી-૨૦૧૯ના અંકમાં છપાયેલ
સુડોકુ-૧૧૦૬ના બધા સાચા ઉકેલ મોકલનારના
નામ તથા વિજેતાઓના નામ માટે
જુઓ : પાના નંબર-૬૪

## સમર્પણ ભાવ

*સત્તા માટેની કોઈ પણ ખેંચતાણ ન હોવી જોઈએ, શક્તિ માટે અહંકાર કે મહત્વાકાંક્ષા ન હોવાં જોઈએ. કોઈ શક્તિ અથવા શક્તિઓ પ્રાપ્ત થાય તો તેમને પોતાની ન ગણવી, પરંતુ પરમાત્માના હેતુ માટે મળેલી, પરમાત્માની બક્ષિસ તરીકે ગણવી જોઈએ. ખાસ સંભાળ રાખવી કે જે શક્તિઓ પ્રાપ્ત થઈ હોય તેમનો મહાત્વાકાંક્ષા, કુસ્વાર્થ માટે દુરુપયોગ ન થાય. તેમાં ગર્વ કે મિથ્યાભિમાન ન હોવા જોઈએ. પોતે બીજાથી ચઢિયાતો છે એવી ભાવના ન રાખવી. પોતે ફક્ત પ્રકૃતિનું એક સરળ અને શુદ્ધ ચૈતસિક કારણ છે જે કોઈ પણ રીતે પરમાત્માની સેવા માટે જ યોગ્યતા ધરાવે છે, એવી ભાવના રાખવી.*

*શ્રી અરવિંદ*

*સંપાદક : રમેશભાઈ વી. દવે*

*'આગ લાગશે ત્યારે કૂવો ખોદીશું' એ માનવું જેટલું ભૂલભરેલું છે, એનાથી વધુ 'ઘડપણમાં ગોવિંદ ગાશું' એમ કહેવું ભૂલભરેલું છે.*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૦૮ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૪-૨૦૧૯સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ જૂન-૨૦૧૯ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૦૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | | 2 | 3 | | 7 | | |
| | 7 | | | | 8 | | | |
| 2 | | 9 | | | 4 | | | 8 |
| 3 | | 2 | 5 | | | | | 4 |
| | 5 | | | 8 | | | 3 | |
| 8 | | | | | 9 | 5 | | 2 |
| 6 | | | 8 | | | 4 | | 5 |
| | | | 6 | | | | 9 | |
| | | 4 | | 5 | 1 | | 2 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 2 | | | 5 | | 8 | | 1 |
| 9 | | | 4 | | | 3 | | |
| | 4 | | 2 | | 3 | | 5 | |
| | | | | | 8 | 4 | 7 | 6 |
| | | 1 | | 7 | | 2 | | |
| 7 | 8 | 4 | 6 | | | | | |
| | 6 | | 7 | | 2 | | 9 | |
| | | 2 | | | 6 | | | 4 |
| 4 | | 7 | | 9 | | | 2 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | | | | 6 | | | 9 |
| | | 9 | | 2 | 1 | | 5 | |
| | 1 | | | | 5 | 2 | 7 | |
| | 4 | 1 | | | 8 | 7 | | |
| 8 | | | | 4 | | | | 3 |
| | | 2 | 5 | | | 8 | 1 | |
| | 5 | 6 | 2 | | | | 8 | |
| | 2 | | 8 | 9 | | 6 | | |
| 9 | | | 6 | | | | | 1 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | 8 | 9 | | | | |
| | 5 | 2 | | | 1 | | 7 | |
| 9 | | | 4 | | | 3 | 1 | |
| 2 | | 7 | 5 | | | | | 1 |
| | 1 | | | 7 | | | 3 | |
| 4 | | | | | 3 | 7 | | 2 |
| | 6 | 8 | | | 9 | | | 3 |
| | 9 | | 3 | | | 5 | 8 | |
| | | | | 8 | 5 | | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૦૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 6 | 1 | 9 | 5 | 4 | 7 | 2 | 8 |
| 4 | 5 | 2 | 3 | 7 | 8 | 9 | 6 | 1 |
| 9 | 7 | 8 | 6 | 2 | 1 | 4 | 5 | 3 |
| 2 | 8 | 6 | 5 | 1 | 9 | 3 | 4 | 7 |
| 5 | 9 | 7 | 4 | 3 | 6 | 1 | 8 | 2 |
| 1 | 4 | 3 | 2 | 8 | 7 | 5 | 9 | 6 |
| 8 | 2 | 5 | 1 | 9 | 3 | 6 | 7 | 4 |
| 6 | 1 | 9 | 7 | 4 | 2 | 8 | 3 | 5 |
| 7 | 3 | 4 | 8 | 6 | 5 | 2 | 1 | 9 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 6 | 8 | 2 | 7 | 1 | 5 | 9 | 3 |
| 2 | 3 | 7 | 5 | 6 | 9 | 4 | 1 | 8 |
| 1 | 5 | 9 | 3 | 8 | 4 | 2 | 7 | 6 |
| 6 | 4 | 5 | 1 | 2 | 3 | 7 | 8 | 9 |
| 7 | 1 | 3 | 9 | 4 | 8 | 6 | 5 | 2 |
| 9 | 8 | 2 | 6 | 5 | 7 | 3 | 4 | 1 |
| 3 | 7 | 4 | 8 | 1 | 6 | 9 | 2 | 5 |
| 5 | 9 | 1 | 4 | 3 | 2 | 8 | 6 | 7 |
| 8 | 2 | 6 | 7 | 9 | 5 | 1 | 3 | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 4 | 5 | 3 | 1 | 9 | 6 | 8 | 2 |
| 6 | 9 | 8 | 4 | 2 | 7 | 5 | 3 | 1 |
| 3 | 2 | 1 | 6 | 8 | 5 | 9 | 4 | 7 |
| 2 | 1 | 6 | 5 | 3 | 4 | 7 | 9 | 8 |
| 9 | 8 | 4 | 2 | 7 | 1 | 3 | 6 | 5 |
| 5 | 7 | 3 | 8 | 9 | 6 | 1 | 2 | 4 |
| 4 | 5 | 7 | 9 | 6 | 2 | 8 | 1 | 3 |
| 1 | 3 | 9 | 7 | 4 | 8 | 2 | 5 | 6 |
| 8 | 6 | 2 | 1 | 5 | 3 | 4 | 7 | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 9 | 1 | 6 | 8 | 3 | 7 | 4 | 2 |
| 6 | 7 | 8 | 4 | 9 | 2 | 1 | 5 | 3 |
| 3 | 2 | 4 | 5 | 7 | 1 | 9 | 8 | 6 |
| 7 | 1 | 5 | 2 | 4 | 8 | 6 | 3 | 9 |
| 8 | 6 | 3 | 1 | 5 | 9 | 4 | 2 | 7 |
| 9 | 4 | 2 | 3 | 6 | 7 | 5 | 1 | 8 |
| 1 | 8 | 6 | 7 | 2 | 5 | 3 | 9 | 4 |
| 2 | 5 | 7 | 9 | 3 | 4 | 8 | 6 | 1 |
| 4 | 3 | 9 | 8 | 1 | 6 | 2 | 7 | 5 |



**સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**

★ **રાજ્યમાં પ્રથમ આઠ માર્ગીય ધોરીમાર્ગ :** રાધનપુર - સામખિયાળી એટલે બનાસકાંઠા - કચ્છ જિલ્લા વચ્ચે બનનારો આઠ માર્ગીય ધોરીમાર્ગ રાજયનો પ્રથમ આઠ માર્ગીય ધોરીમાર્ગ બની રહેશે. આ માર્ગના સમય આયોજનનું પેપર વર્ક શરૂ કરી દેવાયું છે. જેમાં રાધનપુર - સામખિયાળી - ખીરઈ સેક્શનમાં ૧૮૫ કિ.મી. સુધીના માર્ગને આઠ માર્ગીય બનાવવામાં આવશે. જેના કારણે કંડલા - મુંદ્રાની તેમજ અન્ય ટ્રાફિક સમસ્યા હલ થશે. આ માર્ગ ઉપરાંત બીમાસર જંકશન નેશનલ હાઈવે ૪૧થી ભુજ એરપોર્ટના ચાર રસ્તા સુધીના ૫૯ કિ.મી.ના માર્ગને ચાર માર્ગીય બનાવવામાં આવશે.

★ **ભુજના યુવાનની પાઈલટ તરીકેની ઊંચી ઉડાન :** ભુજના કીર્તિ કિશોરભાઈ ખત્રી વી.ડી. સ્કૂલ - ભુજ તથા ભુજ ઇંગ્લિશ સ્કૂલમાં અભ્યાસ કરીને અમદાવાદની 'અમદાવાદ એવિએશન એન્ડ એરોનોટિક્સ એકેડેમિ'માં ટ્રેનિંગ લીધા બાદ તેલંગણા સ્ટેટ એવિએશનની પણ બે મહિનાની ખાસ ટ્રેનિંગ લઈને હાલ વિસ્તારા એર લાઇન્સમાં કો-પાઇલટ તરીકે ફરજ બજાવે છે. બાદમાં ડોમેસ્ટિક તથા ઇન્ટરનેશનલ ફ્લાઇટના પાઇલટ બનવાની તેમની નેમ છે.

★ **વિશ્વવિક્રમ :** ભુજ મારૂ કંસારા સોની સત્સંગ મંડળે બે ગરબા સાથે ૩૩૭ મહિલાઓએ ૩૬ મિનિટ ગરબે રમીને ભારતમાં અગાઉ ૨૫૦ મહિલાઓએ રમેલ ગરબાનો વિશ્વવિક્રમ તોડ્યો હતો. જે માટે તાજેતરમાં મંડળની ટીમને વિશ્વવિક્રમ કર્યાનું પ્રમાણપત્ર એનાયત થયું હતું.

★ **'ગ્લોરી ઑફ ગુજરાત એવોર્ડ' :** ઇન્ડિયન કાઉન્સિલ ઓફ સોશિયલ વેલફેર અમદાવાદ દ્વારા માનવ જ્યોત સંસ્થા ભુજના પ્રબોધ મુનવરને તેમની માનવસેવા, જીવદયા અને પર્યાવરણની પ્રવૃત્તિઓ તથા ગૂમ થયેલા લોકોને શોધી આપી તેમના ઘર સુધી પહોંચાડવાની પ્રવૃત્તિ તથા અન્નનો બગાડ અટકાવવાની કામગીરીને લક્ષમાં રાખી, રાજભવન ગાંધીનગરમાં રાજ્યપાલ ઓ.પી. કોહલીના હસ્તે 'ગ્લોરી ઑફ ગુજરાત ઍવોર્ડ' અર્પણ કરવામાં આવ્યો હતો.

★ **શહીદના પરિવારજનોને આર્થિક સહાય :** ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા પુલવામામાં શહીદ થયેલા જવાનોના પરિવારજનો પર આવી પડેલ દુઃખમાં સહભાગી થવા રૂા. ૧૧,૧૧,૧૧૧/-ની સહાયની જાહેરાત કરવામાં આવી હતી. તેમજ મંદિરના વિશાળ પરિવારજનોને આ મુશ્કેલીમાં શહીદોના પરિવારજનોની મદદ માટે અપીલ કરી હતી.

★ **રણોત્સવની પુર્ણાહૂતિ :** સફેદ રણ ખાતે છેલ્લા ત્રણ મહિનાથી ચાલતા રણોત્સવની તા. ૧૪-૨ મંગળવારના રોજ પુર્ણાહૂતિ થયેલ છે. છેલ્લા સમયે પણ મોટી સંખ્યામાં પ્રવાસીઓ રણોત્સવનો નજારો મનભરીને માણી રહ્યા હતા.

★ **કચ્છમાં નર્મદા યોજના :** ગુજરાત સરકારના ચાલુ વર્ષના બજેટ લેખાનુદાનમાં કચ્છમાં નર્મદા યોજના માટે રૂા. ૮૯૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ રકમમાં જાહેર માળખાના બાંધકામ માટે રૂા. ૪૩૦ કરોડ, ભૂગર્ભ પાઈપલાઈન માટે રૂા. ૧૪૬ કરોડ અને શાખા નહેરના ત્રણ પમ્પિંગ સ્ટેશનના વિસ્તરણ માટે રૂા. ૩૧૬ કરોડ. આમ કુલ રૂા. ૮૯૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ૩૫૭ કિ.મી.ની કચ્છ બ્રાંચ કેનાલ પૈકી ૩૨૨ કિ.મી.નું કામ પૂર્ણ થયેલ છે. જિલ્લામાં કેનાલ નેટવર્કના રૂા. ૬૯૮ કરોડના કામો પ્રગતિ હેઠળ છે તેવી સરકારે વિગતો આપી છે.

★ **રાજ્ય સ્તરે મેદાન મારતા કચ્છના માછીમાર બાળકો :** યુસુફ મહેરઅલી સેન્ટર ભદ્રેશ્વરમાં અભ્યાસ કરતાં બાળકોને 'દેશ કો રખના મેરે બચ્ચો સંભાલ કે' નામના નાટકને ગાંધીનગર ખાતે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા પ્રથમ ક્રમાંક અપાયેલ છે.

★ **કાચ જેવી કચ્છની માટી કલા :** કચ્છના ખાવડાના કુંભાર પરિવારના માત્ર એક જ અબ્દુલભાઈ કુંભારે પરંપરાગત માટીકલાને વિકસાવેલ છે. માટીના પાત્રોને પકવ્યા બાદ તેની અંદર ફ્લેસ્પાર, વ્હાઇટિંગ અને ચાઇના ક્લેના બારીક ભૂકામાં પાણી ઉમેરી ૧૦૦૦ ડિગ્રીના તાપમાનમાં ફરીથી તે પાત્રને ૧૨ કલાક સુધી પકવવામાં આવે છે. જેથી તે માટીના પાત્રમાં અંદરની બાજુએ કાચ જેવો ઑપ મળે છે. આ નવી પ્રક્રિયા દ્વારા અવનવા માટીના પાત્ર બનાવે છે. જે અંદરથી કાચના હોય તેવા લાગે છે. સામાન્ય માટીના પાત્રો કરતાં આ કાચ જેવા

પાત્રો મોંઘા હોય છે પરંતુ પ્રવાસીઓ હોંશેથી ખરીદી કરી જાય છે.

★ **જીવદયા :** કચ્છી જૈન ફાઉન્ડેશન અને કચ્છી જૈન વીસા ઓસવાલ દ્વારા મુંબઈના માટુંગા ખાતે યોજાયેલ જીવદયા પ્રેમીઓની બેઠકમાં રૂા. સાત કરોડનો ફાળો કચ્છના અબોલ જીવો માટે તાજેતરમાં એકઠો કરેલ છે. જે માટે શ્રી તારાચંદભાઈ છેડાની અપીલ કામ કરી ગઈ હતી. આ પ્રસંગે આરતી કેમિકલના ઉદ્યોગપતિ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી તરફથી રૂા. ૨૫ લાખના ફાળાની જાહેરાત કરવામાં આવી હતી.

★ **જળસંચય માટે રાષ્ટ્રીય એવૉર્ડ :** કચ્છ - લખપત તાલુકાના ખટિયા ગામે ૨૦૧૧થી ૨૦૧૭ સુધી જળ સંચયની પંચાયત તરીકે ત્રીજું સ્થાન પ્રાપ્ત કરતાં તા. ૨૫-૨ના રોજ નવી દિલ્હી ખાતે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના હસ્તે ૨૦૧૮નો ત્રીજો રાષ્ટ્રીય ઍવોર્ડ મેળવેલ છે. જે માટે ખટિયા ગામના રૂા. ૨ કરોડ ૮૫ લાખની મંજૂર થયેલ રકમમાંથી રૂા. ૧ કરોડ ૮૭ લાખના વિવિધ પ્રશંસનીય કામો બદલ આ ઍવોર્ડ મળેલ છે. આ કામોમાં જળ સંગ્રહની કામગીરી, તળાવ, ચેક ડૅમ, જમીન સુધારણાની કામગીરી, ઘરઘરમાં વરસાદી પાણીનો સંગ્રહ માટેના ટાંકાઓ વગેરેની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. આ ઍવોર્ડ માટે નેશનલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ દ્વારા ભલામણ કરવામાં આવી હતી.

★ **દુષ્કાળનો કચ્છ પર કુદરતી માર :** દુષ્કાળગ્રસ્ત કચ્છ પર કુદરતે કમોસમી વરસાદ વરસાવી દાઝ્યા પર ડામ જેવી સ્થિતિ ખેડૂતો માટે ઊભી કરી દીધી છે. આ કમોસમી વરસાદના કારણે એરંડા, ધાણા, જીરૂ, ઘઉંના લાખોના પાકોને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. તા. ૨૬-૨-૧૯ના રોજ આવી ચડેલા આ માવઠાથી ખુલ્લામાં પડેલ પાકને પણ નુકસાન થયેલ છે.

★ **હવેથી કચ્છને મળશે અદ્યતન ટ્રેન :** સપ્તાહમાં બે વખત દોડતી દાદર-ભુજ એક્સપ્રેસને ઉત્કૃષ્ટ પ્રોજેક્ટ હેઠળ અદ્યતન બનાવી તા. ૨૮-૨ના રોજ કચ્છ સાંસદ દ્વારા રવાના કરાયેલ હતી. રેલવેને રૂા. ૬૦ લાખના ખર્ચે ટોઈલેટ, સીટ, પડદા, પ્લમ્બિંગ વ્યવસ્થા સુધારી નવતર રૂપ આપવામાં આવેલ છે. હવે કચ્છ સાથે સંલગ્ન ટ્રેનોને પણ નજીકના ભવિષ્યમાં નવા વાઘા પહેરાવવામાં આવશે.

★ **માંડવી (કચ્છ) ૪૩૮મા વર્ષમાં પ્રવેશ :** માંડવી શહેરે તા. ૨-૩-૨૦૧૯ના રોજ ૪૩૮મા વર્ષમાં પ્રવેશ કરી જન્મદિન ધામધૂમથી ઉજવેલ હતો. માંડવી બંદરની સ્થાપના સંવત ૧૬૩૬, મહા વદ-૧૧ના મહારાવશ્રી ખેંગારજી પહેલાએ ભાટીયા ગૃહસ્થ ટોપણ શેઠના સહકારમાં કરી હતી. બંધારણની દૃષ્ટિએ માંડવી મ્યુનિસિપાલિટીની રચના તા. ૨૬-૮-૧૯૫૧ના થઈ. ગોડજી બીજાના સમયે (સને ૧૭૬૦ - ૧૭૭૮ દરમિયાન) માંડવીની જાહોજલાલી દરમિયાન તેમની દેખરેખ હેઠળ જહાજવાડામાં જહાજો બનતા હતા. માંડવી ભવ્ય ભૂતકાળ ધરાવતું શહેર છે. એક જમાનામાં વસતિની દૃષ્ટિએ ગુજરાતમાં બીજા નંબરનું શહેર માંડવી લેખાતું હતું.

★ **એસ.ટી.ની એ.સી. સ્લીપર બસ :** નખત્રાણા તાલુકામાં વસતા કચ્છીઓ માટે સુરત એસ.ટી. વિભાગ તરફથી સુરત - નખત્રાણા વચ્ચે એસ.ટી. સ્લીપર કક્ષાની અદ્યતન બસ સેવા તા. ૩-૩થી શરૂ કરવામાં આવી છે. જેમાં આ બસ સુરતથી સાંજે ૭ વાગે ઉપડી બીજા દિવસે સવારે ૮ વાગે નખત્રાણા પહોંચશે. જ્યારે તેવી જ રીતે નખત્રાણાથી સાંજે ૭ વાગે ઉપડી બીજા દિવસે ૮ વાગે સુરત પહોંચશે. આ બસ કચ્છમાં વાયા દૂધઈના રસ્તે આવ-જા કરશે. તેનું ભાડું એક તરફનું રૂા. ૧૦૮૯/- રાખવામાં આવ્યું છે. આગામી વેકેશનમાં ભુજ - મુંબઈને જોડતી એ.સી. સ્લીપર અદ્યતન બસ સેવા શરૂ કરવાની વિચારણા ચાલે છે. ■

## પ્રભુ

*હું તને ચાહું છું,*
*તું જે છે તેના માટે નહિ,*
*તારી હાજરીમાં હું જે બનું છું તેના માટે.*

*હું તને ચાહું છું,*
*તારા રૂપ કે વ્યક્તિત્વ માટે નહિ,*
*તેં મારા વ્યક્તિત્વને જે રૂપ આપ્યું છે તેના માટે.*

*હું તને ચાહું છું, કેમ કે*
*તું મારા હૃદયમાં ઝાંકી,*
*તેમાંથી દરેક મૂર્ખતા, દરેક અપૂર્ણતાને હળવેથી દૂર કરે છે.*

*એ બધો કચરો તું ત્યાં જોઈ જ નથી શકતો.*

*જે કદી કોઈની નજરે નથી ચઢ્યો*
*તે સદ્‌ગુણોનો અમૂલ્ય ખજાનો તું દૃષ્ટિગોચર કરે છે.*

*તું મારા જીવનને કર્કશ કોલાહલને બદલે સૂરીલા સંગીતનું રૂપ આપે છે.*

*અદૃશ્ય, અસ્પર્શ્ય અને નિઃશબ્દ રહીને કરે છે તું આ બધું*
*છતાં મને રહે છે સતત તારા અસ્તિત્વનો અહેસાસ.*
*હું તને વંદું છું.*

*– રોય ક્રોફ્ટ*
*સૌજન્ય : "સમજણના સૂર"*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# વયસ્ક સમિતિ

તા. ૧૫ અને ૧૬ માર્ચ, ૨૦૧૯ના રોજ યોજાયેલ યાત્રા પ્રવાસના કાર્યક્રમની તસવીરી ઝલક



*'સ્ટેચ્યુ ઑફ યુનિટી' પાસે વડીલો*



*રો રો ફેરી સર્વિસની સફર સમયે વડીલો*



*હળવાશની ક્ષણોમાં વડીલો*



*ભાવનગર ખાતે શ્રી કચ્છી સમાજ - ભાવનગર દ્વારા ગોઠવાયેલ કાર્યક્રમ. (ડાબેથી) શ્રી શાંતિલાલ મુરજી સાવલા, કચ્છી સમાજ - ભાવનગરના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ, સમિતિના કન્વીનર શ્રી રજનીકાંત પારેખ, તથા શ્રી દિલીપભાઈ દંડ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત

# સમસ્ત જૈનો માટે સાતમો લગ્નોત્સુક પરિચય મેળો

**ટાઉન હોલ, એલિસબ્રિજ, અમદાવાદ ● રવિવાર, તા. ૧૦-૦૩-૨૦૧૯**

## કાર્યક્રમની તસવીરી ઝલક



મંચસ્થ મહાનુભાવો.




દીપ પ્રાગટ્ય કરતા (જમણેથી) અતિથિ વિશેષ શ્રી પ્રવીણભાઈ મણિયાર,
અતિથિ વિશેષ શ્રી શાંતિલાલભાઈ ગાલા,
સંસ્થાના માનદ્ મંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલા,
સમિતિના સભ્ય શ્રી ગિરીશભાઈ દેઢિયા તથા કન્વીનર શ્રીમતી અમીબેન શાહ




અતિથિ વિશેષ શ્રી શાંતિલાલભાઈ ગાલા (ડાબી તરફ)નું સન્માન કરતા
સંસ્થાના પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રતાપ નારાણજી દંડ



અતિથિ વિશેષ શ્રી પ્રવીણભાઈ મણિયાર (જમણી તરફ)નું સન્માન કરતા
સંસ્થાના માનદ્ મંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલા



શ્રી વલ્લભજી પ્રેમજી સાવલા (ડાબી તરફ)નું સન્માન કરતા
સંસ્થાના ટ્રસ્ટી શ્રી અશોકભાઈ મહેતા



પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા
સમિતિના કન્વીનર શ્રીમતી અમીબેન શાહ



કાર્યક્રમમાં પધારેલ મહેમાનોનું સ્વાગત કરતા સમાજના સભ્યો
(જમણેથી) શ્રી નરેન્દ્ર કોઠારી, શ્રી નીતિનભાઈ શાહ,
શ્રી પંકજ ગોગરી તથા શ્રી બચુભાઈ રાંભિયા



કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત લગ્નોત્સુક યુવક-યુવતીઓ, તેમના વાલીઓ તથા આમંત્રિત મહેમાનો




શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પરિચય મિલન સમિતિ દ્વારા અગાઉ યોજાયેલ લગ્નોત્સુક પરિચય મેળા તથા તેમના દ્વારા ચલાવવામાં આવતા લગ્નોત્સુક યુવક-યુવતીઓના "ડેટા બેંક"ની ફળશ્રુતિ રૂપે થયેલ સફળ લગ્ન પૈકીના કેટલાક દંપતિઓ

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૫,૦૦૦/- શ્રી બિપીનચંદ્ર પ્રભુદાસ પટેલ - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રીમતી ઊર્મિલાબેન મહેન્દ્રભાઈ વસા - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રી દામજી રતનશી શાહ - મંજલ રેલડિયા (કચ્છ)
રૂા. ૨,૫૦૦/- શ્રી વસંતભાઈ ભવાનજી શાહ - નવી નાર (કચ્છ)
રૂા. ૧,૧૦૦/- શ્રી અશોક ગજેન્દ્ર ગોરજી - અમદાવાદ
રૂા. ૧,૦૦૦- શ્રી આલીન મહેતા - અમદાવાદ
રૂા. ૫૦૧/- શ્રી કિશોર મૂળજી લાલકા - અમદાવાદ

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૫,૦૦૦/- શ્રી તલકશી હીરજી ધરોડ - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રી ભરત ભાણજી ગાલા - અમદાવાદ
રૂા. ૧,૫૦૦/- શ્રી પંકજ ખીમજી વોરા - કચ્છ
રૂા. ૧,૧૦૦/- શ્રી તલકશી ભાઈચંદ મહેતા - અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રી ઉપેન્દ્ર સુધાકર શાહ - અમદાવાદ

### તબીબી સહાય ખાતે

રૂા. ૫,૦૦૦/- ફેમીદાબેન પુંઠાવાલા - અમદાવાદ
રૂા. ૧,૧૦૦/- શ્રી રાજેશભાઈ વોરા - અમદાવાદ

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૧,૦૦૦/- અંજલી અભિષેક શાહ - અમદાવાદ

### મંગલ મંદિર ભેટ ખાતે

રૂા. ૧,૦૦૧/- શ્રી ધીરજલાલ મણિલાલ ગરમાણિયા પુત્ર ચિ. ઋતુલ એમ.બી.એ.ના અભ્યાસ અર્થે ઑસ્ટ્રેલિયા ગયા તેની ખુશાલીમાં.

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**સંચાલિત**

## લાઇબ્રેરી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત લાઈબ્રેરીને અગાઉની માફક વ્યવસ્થિત કરવાનું આયોજન શરૂ કરી દેવામાં આવેલ છે.

હવે પછી લાઈબ્રેરીમાં વસાવવામાં આવનાર દરેક પુસ્તકની નોંધણી કરી વ્યવસ્થિત લિસ્ટ બનાવવામાં આવશે. જરૂરી લિસ્ટ બની ગયા પછી શ્રી કચ્છી જૈન ભવન પરથી આ પુસ્તકો વાચકવર્ગને વાંચવા લઈ જવા દેવામાં આવશે.

કદાચ આ પુસ્તકો વાચકવર્ગને ત્યાં નિયમિતપણે મોકલવાનું પણ શરૂ કરવામાં આવશે.

જેઓને આ લાઈબ્રેરીનો ઉપયોગ કરવાનો હોય, તેઓએ પોતાના નામ નીચેની વ્યક્તિઓ પાસે નોંધાવી દેવા વિનંતી કરવામાં આવે છે.

*૧. રોહિત શાંતિલાલ સંઘવી : ૯૮૨૪૦ ૦૬૬૪૮*
*૨. અમીબેન નીતિન શાહ : ૯૯૭૯૬ ૫૧૯૨૫*

વાંચનપ્રિય દરેક વાચકના સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.

***રોહિત સંઘવી***
*કન્વીનર, લાઈબ્રેરી સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

*જે મનુષ્ય પોતાના માટે જીવે છે તેનું એક દિવસ મૃત્યુ થાય છે. પરંતુ જે મનુષ્ય બીજા માટે જીવે છે તેનું સ્મરણ હંમેશાં થતું રહે છે.*

## આવો, કેન્સરથી બચીએ....

સમાજ તરફથી કેન્સરથી બચવા માટેના અભિયાન હેઠળ તા. ૧૪-૦૪-૨૦૧૯ના સાંજે પાંચ વાગ્યાથી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક કાર્યક્રમ યોજવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં કેન્સરના સુપર સ્પેશિયાલિસ્ટ આપણા સમાજના સભ્ય ડૉ. કેતુલ પૂજ (MS, Mch) દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

આ ઉપરાંત 'નેચરલ ફાર્મિંગ દ્વારા રોગોથી બચો' – તે વિષય પર કચ્છના અગ્રેસર અને પ્રોગ્રેસિવ ખેડૂત શ્રી હિતેશ વોરા (હાઈડ્રોલિક એન્જિનિયર તથા આર્ટ ઑફ લિવિંગ ટીચર) દ્વારા માહિતી આપવામાં આવશે. તો સર્વે સભ્યોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.

***હીરેન કે. શાહ, રજનીકાંત પારેખ***
*કેન્સર બચાવ અભિયાન*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## પરિચય મિલન (મેરેજ બ્યુરો) સમિતિ

## લગ્નોત્સુક યુવાવર્ગનો સાતમો પરિચય મિલન સમારંભ સુંદર રીતે સંપન્ન થયો...

### *'ચાલ જીવડા, સજોડે સંસાર સંસાર રમીએ....'*

લગ્ન એટલે પવિત્રતાનું આજીવન પર્વ. પ્રાર્થનામાં બે હાથ જોડાય છે, લગ્નમાં બે હૈયા જોડાય છે. જોડાવું એ જ પવિત્રતાનો પર્યાય છે. લગ્ન એક અત્યંત જટીલ જવાબદારી છે અને આજના યુગમાં સ્ત્રી - પુરુષનું સ્નેહપૂર્ણ સહજીવન બંને માટે ઘણી યોગ્યતાઓ માંગી લે છે. લગ્ન વિધિના રહસ્યોની રોમાંચક વાતોનો સાગર, જેમાં પરિચય મિલન પ્રથમ સોપાન સ્વરૂપે હોય છે...

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પરિચય મિલન (મેરેજ બ્યુરો) સમિતિ દ્વારા સમસ્ત જૈન પરિવારના લગ્નોત્સુક યુવાવર્ગના સાતમા પરિચય મિલનનું અમદાવાદમાં ટાઉન હોલ - એલિસબ્રિજ ખાતે રવિવાર, તા. ૧૦-૦૩-૨૦૧૯ના રોજ બપોરે ૩.૦૦ કલાકે ખૂબ સુંદર અને વ્યવસ્થિત રીતે આયોજન થયું હતું.

ઉપરોક્ત સમારંભમાં શ્રી શાંતિભાઈ ગાલા તથા શ્રી પ્રવીણભાઈ મણીઆર અતિથિ વિશેષશ્રી તરીકે બિરાજમાન હતા. તે સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, અન્ય હોદ્દેદારો, સમાજના ટ્રસ્ટી મંડળ તથા કારોબારી સમિતિના સભ્યો, સ્થાનિક તેમજ બહારગામના મહાનુભાવો, વિભિન્ન સમાજના હોદ્દેદારો, અગ્રણીઓ, સમાજ પરિવારજનો વગેરેની ઉપસ્થિતિએ સમારંભમાં ચાર ચાંદ લગાવ્યા હતા. (સમારંભમાં શ્રી નૌતમભાઈ વકીલને પણ અતિથિ વિશેષશ્રી તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. પરંતુ સંજોગોવશાત્ તેઓશ્રી ઉપસ્થિત રહી શક્યા ન હતા.)

પ્રારંભમાં સમાજના પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડે પોતાના પ્રવચનમાં સમારંભના અતિથિ વિશેષશ્રીઓ, ભાગ લેનાર ઉમેદવારો, તેમના પરિવારજનો, અન્ય અગ્રણીઓ તથા સમાજ પરિવારજનોનો ઉલ્લેખ કરીને આવકાર સાથે સૌનું અભિવાદન કર્યું હતું.

સમારંભના અતિથિ વિશેષશ્રીઓએ પ્રસંગને અનુરૂપ પોતાના ટૂંક પ્રવચનોમાં કાર્યક્રમને શુભેચ્છા પાઠવીને કહ્યું હતું કે આજના માહોલમાં આ પ્રકારના પરિચય મિલન કાર્યક્રમો ઉમેદવારો તથા તેમના વડીલવર્ગ માટે આશીર્વાદ સમાન હોય છે. પાત્રની પસંદગીની સમસ્યા હલ કરવામાં તેની ખૂબ ઉપયોગીતા છે. આવા સુંદર આયોજન માટે તેમણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા તેની પરિચય મિલન સમિતિના સર્વે સભ્યોને ખાસ અભિનંદન આપ્યા હતા. વધુમાં તેમણે એવું સૂચન કર્યું હતું કે, આ પ્રકારના આયોજનો અન્ય સમાજ - સંસ્થાના સહકારથી સંયુક્ત રીતે કરવાથી કદાચ વધુ ફળદાયી થઈ શકે. આ પ્રસંગે શ્રી પ્રવીણભાઈ મણીઆરે પોતાના તરફથી રૂા. ૫૧,૦૦૦/-નું આર્થિક યોગદાન જાહેર કર્યું હતું. જેની જાહેરાતને હોલમાં ઉપસ્થિત સર્વે પ્રેક્ષકગણે તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

આ પરિચય મિલન કાર્યક્રમ માટે કુલ ૨૫૦ જેટલા ઉમેદવારોની નોંધણી થઈ હતી. તે પૈકી ૨૦૦ જેટલા ઉમેદવારો કાર્યક્રમમાં હાજર હતા. જેમાં મોટાભાગના કચ્છ, સૌરાષ્ટ્ર, અમદાવાદ - ગાંધીનગર સાથે ગુજરાત - મહારાષ્ટ્રના ઉમેદવારો હતા. ઉમેદવારો સાથે તેમના પરિવારજનોની સંખ્યા પણ સારી રહી હતી.

ઉમેદવારોએ બપોરના ૨.૦૦ વાગ્યા સુધીમાં પોતાના નામનું સ્થળ પર રજિસ્ટ્રેશન કરાવી લીધું હતું. ત્યારબાદ ચા-કોફીને ન્યાય આપીને ૩.૧૫ કલાકે કાર્યક્રમની શરૂઆત થઈ હતી. એક કલાકના સમયગાળામાં ઉમેદવારોએ પોતાની અંગત વિગત સાથે જરૂરી પરિચય આપ્યો હતો. ઉપસ્થિત ઉમેદવારો અને તેમના પરિવારજનો ખૂબ જ એકાગ્રતાપૂર્વક દરેક વિગત સાંભળી રહ્યા હતા તેમજ જરૂર જણાય ત્યાં અમુક વિગતની નોંધ કરતા જોવા મળ્યા હતા. ઉમેદવારોને પોતાનો પરિચય આપવા માટે એલ.ઈ.ડી. વિઝ્યુઅલાઈઝેશન વીડિયોની ખાસ વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી. તે સાથે હોલના પાછળના ભાગમાં ઉમેદવારો પરસ્પર સાથે બેસીને વાતચીતનો દોર ચાલુ રાખી શકે તેવી ગોઠવણ પણ કરવામાં આવી હતી. એટલું જ નહીં પરંતુ સમારંભ દરમિયાન વિધિ - મહારાજ - જ્યોતિષીની વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી. આ પ્રકારના કાર્યક્રમની વચ્ચે વચ્ચે કાજલબેન સાવલા દ્વારા સરપ્રાઈઝ ગિફ્ટ

વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું.

હકીકતમાં જોઈએ તો લગ્ન એટલે સ્નેહ અને સમર્પણનું મેઘધનુષ. લગ્ન સંબંધોમાં જ માનવીની અસલી પ્રાકૃતિકતા વ્યક્ત થતી હોય છે. વધુ વિચારીએ તો લગ્ન એટલે વહાલ અને વિશ્વાસનો વૈભવ પામવાનો એક અવસર છે. તેમાં બંને દિલોનું પરસ્પર જોડાણ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પરિચય મિલન સમિતિએ તા. ૨૨-૪-૨૦૧૮ના રોજ એક અન્ય સામાજિક સંસ્થા સાથે રહીને સંયુક્ત ધોરણે પરિચય મિલનનું સફળતાપૂર્વક છઠ્ઠું આયોજન કર્યું હતું. તેની ફળશ્રુતિ સ્વરૂપે ત્રણ યુગલોએ નવપરણિત જીવનની ગાંઠ બાંધી હતી. આ સમિતિના ઘણા લાંબા સમય સુધીના કન્વીનર અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના દીર્ઘદૃષ્ટા તથા સમાજના હિતચિંતક ટ્રસ્ટી શ્રી હીરજી પાસુભાઈ શાહનું એક સ્વપ્ન હતું કે, લગ્નોત્સુક યુવાવર્ગ પરિચય મિલનનું સાતમું સંમેલન વિશાળ ધોરણે એટલે કે સમસ્ત જૈન પરિવારજનોને સાથે રાખીને કરવું. તે અનુસાર સમાજના ટ્રસ્ટ મંડળ સમક્ષ રજૂઆત કર્યા બાદ તેના સંદર્ભમાં દરેક તૈયારીઓ કરી રહ્યા હતા. પરંતુ કુદરતની આગળ કોનું ચાલે? તેમણે સેવેલું સ્વપ્ન પૂરું થાય તે પહેલાં જ તેમનું અચાનક નિધન થયું. આ ઘટના દરેક માટે દુઃખદ હતી. તેમણે સેવેલા સ્વપ્નને મૂર્ત સ્વરૂપ આપવા માટે સમિતિના સર્વે સભ્યો કટિબધ્ધ થયા. સમાજના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા ટ્રસ્ટી શ્રી અશોકભાઈ મહેતા તરફથી સંપૂર્ણ સહકાર સાથે 'આગે બઢો'નો લલકાર મળ્યો અને તેનાં પરિણામે આ સાતમું પરિચય મિલન સમારંભ યોજાયું.

શ્રી હીરજી પાસુભાઈ શાહે સેવેલું સ્વપ્ન તેમની સ્મૃતિ સ્વરૂપે સમિતિના સર્વે સભ્યોએ અથાગ પરિશ્રમ કરીને પૂરું કર્યું છે, તેનો અમને આનંદ છે.

સમાજના માનદ્ મંત્રી શ્રી હસમુખભાઈ શાહે આભાર પ્રવચનમાં કાર્યક્રમના સૌજન્ય દાતાશ્રીઓનો ખાસ આભાર માન્યો હતો. આ સંમેલન માટે આવેલા સર્વે ઉમેદવારો તથા તેમના પરિવારજનો તેમજ પોતાનો કિંમતી સમય ફાળવીને આ અવસરને દીપાવવા અર્થે પધારેલા સર્વે અતિથિ વિશેષશ્રીઓ અને સર્વે મહાનુભાવોનો વિશેષ આભાર માન્યો હતો. તે ઉપરાંત આ કાર્યક્રમ માટે છેલ્લા કેટલાય સમયથી તૈયારી કરીને પ્રસંગને સર્વાંગી રીતે સુંદર ઓપ આપવા માટે પરિચય મિલન સમિતિના સર્વે સભ્યોની કામગીરીને પણ તેમણે બિરદાવી હતી. કાર્યક્રમની સફળતામાં સહભાગી થવા બદલ એન્કર તથા સંસ્થાના સ્ટાફવર્ગનો પણ ખૂબ ખૂબ આભાર માનવામાં આવ્યો હતો.

આ પ્રકારના પરિચય મિલનના પ્લેટફોર્મના માધ્યમથી લગ્ન સંસ્કારની ગાંઠથી બંધાયા પછી બંને પાત્રોએ હૂંફ, પ્રેમ અને વિશ્વાસથી પરસ્પર નજીક આવવાનું હોય છે. આ રીતે લગ્ન એક સંસ્કાર છે. લગ્ન સંસ્કારની એક સૌથી વિશેષ વાત એ છે કે એમાં માત્ર બે પાત્રો જ નથી જોડાતા, બે પરિવારો પરસ્પર સંબંધથી જોડાય છે. તેમાં હૈયાનો હસ્તમેળાપ કરવાનો હોય છે અને ત્યારે લગ્નજીવન સફળ થાય છે. આ પ્રકારની લાગણી અને શુભેચ્છા સાથે સાંજે ૮.૦૦ કલાકે કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઈ હતી. શ્રીમતી પાયલબેન શાહ અને કાજલબેન સાવલાએ કાર્યક્રમના એન્કર તરીકેની જવાબદારી ખૂબ સુંદર રીતે નિભાવી હતી. અંતમાં ભોજનનો આનંદ માણતા માણતા પણ ઉમેદવારોએ પરસ્પર વાતચીતનો દોર ચાલુ રાખ્યો હતો, જે આ કાર્યક્રમની સફળતાસૂચક નિશાની હતી.

***અમીબેન શાહ***
***કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ,***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. ૬૯-૭૦)*

***<u>નોંધ</u> : સાતમા પરિચય મિલન - ૨૦૧૯માં ભાગ લેનાર ઉમેદવારોની માહિતી પુસ્તિકા રૂ. ૫૦૦/-ની કિંમતે સ્ટોક હશે ત્યાં સુધી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી કાર્યાલયમાંથી મળશે.***

*જાણ્યા કરતાં સમજવું એ ઘણું મહત્ત્વનું છે. તમને જાણતા તો અનેક લોકો હશે પણ તમને સમજતા કેટલા હશે?*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## મેરેજ બ્યુરો સમિતિ

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સમસ્ત જૈન લગ્નોત્સુક ઉમેદવારો માટે મેરેજ બ્યુરો સમિતિ કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને પસંદગી સંબંધી જરૂરી વિગત મેળવી શકશો. આ માટે દર શનિવારે બપોરે ૩.૩૦થી ૫.૩૦ દરમિયાન સમિતિના સભ્યોની રૂબરૂ મુલાકાત કરી શકાશે. જરૂરિયાત અનુસાર સમિતિના કન્વીનરનો સંપર્ક કરી શકો છો.

***અમીબેન નીતિન શાહ - કન્વીનર***
***મો. ૯૯૭૯૬ ૫૧૯૨૯***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# વયસ્ક સમિતિ

### ● ગત કાર્યક્રમનો અહેવાલ ●

૧૨૩ – હા, એકસો ને ત્રેવીસ વડીલો સાથેનો એક યાત્રા પ્રવાસ તા. ૧૫ અને ૧૬ માર્ચ, ૨૦૧૯ના રોજ આ સમિતિના ઉપક્રમે યોજાઈ ગયો.

વસંતના પાછલા દિવસની ખુશનુમા સવારે પાલડી ભવનથી ત્રણ બસમાં વડીલોએ પ્રસ્થાન કર્યું. પ્રભુ ભક્તિ અને અંતાક્ષરીની મજા માણતાં પ્રથમ 'રિલાયન્સ' પાસે સ્ટોપ કર્યા બાદ સૌ કેવડિયા કોલોની ખાતે આવેલા **સૂરપાણેશ્વર મંદિર** ખાતે આવ્યા. લાડવા - ભજીયાનું સુંદર ભોજન કરી થોડીક વામકુક્ષી કરી **સ્ટેચ્યુ ઑફ યુનિટી** તરફ પ્રયાણ કર્યું. શરૂમાં સરદાર પટેલ ડેમ અને ત્યારબાદ 'એ વેલી ઑફ ફ્લાવર'ની મુલાકાત લઈ સ્ટેચ્યુ ઑફ યુનિટી આવ્યા. ત્યાં ૪૫મા માળે આવેલ વ્યુઈંગ ગેલેરીમાંથી નજારો જોયો. ત્યારબાદ ત્યાં આવેલ પ્રદર્શન અને શોર્ટ ફિલ્મની મજા માણી સૌ ફૂડ કોર્ટમાં આવ્યા. ભૂખને ન્યાય આપીને અદ્‌ભુત લેસર શો નો નજારો માણ્યો અને દેશની અવિરત પ્રગતિના વિચારોમાં ખોવાઈ ગયા.

ફરીથી સાંજે સૂરપાણેશ્વર મંદિર આવીને શીરાના ભોજનને માન આપી **ઝઘડિયા તીર્થ** આવ્યા. દિવસભરની થકાવટથી રાત્રે મીઠી નિંદર માણી. ૧૬ તારીખના સવારે **આદિશ્વર પ્રભુ**ની પૂજા - પ્રાર્થના કરી નવકારશીને ન્યાય આપી **દહેજ** આવ્યા. ત્યાંથી રો-રો ફેરીમાં **ઘોઘા** આવ્યા. ફેરીની સફર દરમિયાન સૌ વડીલોએ રોમાંચક અનુભવ કર્યો અને પોતાની જાતને આ લહાવો મળવા બદલ ધન્યતા અનુભવી. ત્યારબાદ ઘોઘા તીર્થ આવી, ભોજનને ન્યાય આપ્યો. પૂજા-પાઠ-દર્શન કરીને સૌ **ભાવનગર** આવ્યા.

ભાવનગર ખાતે આશાપુરા માતાના દર્શન કરી કચ્છી સમાજ દ્વારા ગોઠવાયેલા કાર્યક્રમમાં સૌએ હાજરી આપી હતી.

સૌપ્રથમ કચ્છી સમાજના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહે સૌ વડીલોને આવકાર આપીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ શાંતિલાલ સાવલા, સહ ખજાનચી રમણિકલાલ ગોસર, કન્વીનર રજનીકાંત પારેખ તથા ટ્રસ્ટીઓ આણંદજી વેલજી વીરા અને દિલીપભાઈ દંડનું ત્યાંના સમાજ વતી વિશેષ સન્માન કર્યું હતું. પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહે તેમના સમાજની વિવિધ પ્રવૃત્તિઓ અંગે અને વિકાસયાત્રાની રજૂઆત કરી હતી. તે સાથે રજનીકાંત પારેખે મહેન્દ્રભાઈ શાહની વિવિધ સામાજિક સંસ્થાઓમાં સેવાકીય યોગદાનની માહિતી આપી હતી.

આ અવસરે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી શ્રી મહેન્દ્રભાઈ શાહ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી ભારતીબેન શાહનું ખાસ બહુમાન કરવામાં આવ્યું હતું.

તે રીતે, સૌ વડીલો તરફથી વયસ્ક સમિતિના કન્વીનર રજનીકાંત પારેખનું બહુમાન કરવામાં આવ્યું હતું. અંતમાં શ્રી કચ્છી સમાજ - ભાવનગર દ્વારા અપાયેલ હાઈ-ટી ને ન્યાય આપી સૌએ પ્રસ્થાન કર્યું હતું.

આ પ્રવાસ માટે, વયસ્ક સમિતિ નીચે જણાવેલ વ્યક્તિઓની આભારી છે :

૧. શ્રી મહેન્દ્રભાઈ શાહ અને શ્રી મનોજભાઈ શાહ કે જેઓ ઘોઘા તીર્થના ટ્રસ્ટી છે. તીર્થમાં ભોજનશાળા બપોરે ૧.૩૦ વાગે બંધ થઈ જતી હોવા છતાં ૨ વાગ્યા સુધી ૧૨૫ વ્યક્તિઓની જમવાની સુંદર વ્યવસ્થા કરી હતી. તે સાથે શ્રીમતી ભારતીબેન મહેન્દ્રભાઈ શાહે ભોજન વ્યવસ્થામાં ખડે પગે રહીને પોતાની સેવા આપી હતી. તે ઉપરાંત ત્યાંના દરેક હોદ્દેદારશ્રીઓનો પણ આભાર.

૨. શ્રી કિરીટ વસંતલાલ સંઘવી કે જેમણે બસને સ્ટેચ્યુ ઑફ યુનિટી સુધી લઈ જવાની ખાસ મંજૂરી મેળવી આપી હતી.

૩. રો-રો ફેરીના ઑફિસર શ્રી વિક્રમભાઈ તથા રાજપીપળા સ્થિત શ્રી લલિતભાઈનો પણ આભાર માનીએ છીએ જેમણે પ્રવાસ દરમિયાન જરૂરી માર્ગદર્શન આપ્યું હતું તેમજ ભોજનની વ્યવસ્થા કરવામાં સુંદર સહયોગ આપ્યો હતો.

વયસ્ક સમિતિના તમામ સભ્યોએ ખૂબ મહેનત કરીને પ્રવાસને યાદગાર બનાવ્યો હતો, જેની નોંધ લેવી ઘટે.

આ ઉપરાંત આ પ્રવાસ માટે આર્થિક સહકાર આપનાર નીચે મુજબના દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.

*રૂા. ૧૫,૦૦૦/- શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા*
*રૂા. ૫,૦૦૦/- શ્રી સેવંતીલાલ ઈશ્વરલાલ સંઘવી*
*રૂા. ૨,૫૦૦/- શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર*
*રૂા. ૨,૫૦૦/- શ્રીમતી વીણા દિલીપ શાંતિલાલ સંઘવી*
*રૂા. ૨,૫૦૦/- એક સન્નારી.*

*કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં.-૬૮)*

***રજનીકાંત પારેખ***
***કન્વીનર - વયસ્ક સમિતિ***

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## ઓર્ગેનિક ફાર્મની મુલાકાત : અહેવાલ

તા. ૨૬-૨-૨૦૧૯ને મંગળવારના રોજ મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા પિકનિક કમ મુલાકાત ગોઠવવામાં આવી હતી. સજીવ ખેતી – ઓર્ગેનિક ફાર્મિંગ વિશે બહેનોને માહિતગાર કરાયા હતા. સંસ્કૃતિ ફાર્મ - રાસ્કા અને અચલ પટેલ ફાર્મ - ખેડા – જ્યાં બહેનો ઘણું બધું શીખ્યા હતા.

સૌપ્રથમ રાસ્કા ખાતે શ્રી કનુભાઈ પટેલના સંસ્કૃતિ ફાર્મની મુલાકાત લીધી હતી. ફળો અને શાકભાજીની સજીવ ખેતી પ્રત્યક્ષ રીતે નિહાળી હતી. કુદરતના સાંનિધ્યમાં, કેમિકલ રહિત વાતાવરણનો બહેનોએ આનંદ લીધો હતો.

ત્યારબાદ ખેડા જિલ્લાના શ્રી અચલભાઈ પટેલના ફાર્મની મુલાકાત લીધી હતી. તેમણે બહેનો સાથે પોતાના Success & Failureના અનુભવો share કર્યા હતા. તેઓએ ઓર્ગેનિક ફાર્મિંગની શરૂઆત ટ્રાયલ બેઝ ઉપર વર્ષ ૨૦૦૪થી કરી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૪થી સંપૂર્ણપણે ઓર્ગેનિક ફાર્મિંગ તરફ વળ્યા હતા. આજે તેઓ ઘઉં, ચોખા, મગ, ચણા વગેરેનું વાવેતર કરી રહ્યા છે.

શ્રી રમેશભાઈ પટેલ – સૃષ્ટિ સંસ્થા, અમદાવાદના સેક્રેટરી અને સાત્ત્વિક ફૂડ ફેસ્ટીવલના આયોજક, આપણા આમંત્રણને માન આપીને ત્યાં ઉપસ્થિત રહ્યા હતા. એમણે ઓર્ગેનિક ફાર્મિંગની અગત્યતા સમજાવવાની સાથે કિચન ગાર્ડનિંગ ઉપર પણ ભાર મૂક્યો હતો. એમના વક્તવ્યના મુદ્દાઓ કંઈક અંશે આ પ્રમાણે હતા :

★ ઓર્ગેનિક ફાર્મિંગ એટલે કે સજીવ ખેતી અથવા જંતુનાશક દવા વગરની ખેતી. આપણે સૌ જાણીએ છીએ કે કેમિકલ્સવાળા અનાજ ખાવાથી કેન્સર જેવા જીવલેણ રોગોના ભોગ બનીએ છીએ. આ ઝેરી કેમિકલ્સ આપણા સુધી પહોંચે તે પહેલા ખેડૂત જે છંટકાવ કરી રહ્યા છે, તેમને પણ નુકસાન પહોંચાડે છે.
**"Save Farmers."**

★ આ જંતુનાશક દવાઓ જમીન - માટીમાંના પોષક તત્ત્વોનો નાશ કરે છે. આ જ જમીનમાં જો ફરીવાર વાવેતર કરવામાં આવે તો અનાજમાં પોષક તત્ત્વોની કરતાં ઝેરી પદાર્થોની માત્રા ઘણી વધારે હોય છે. માટે જો ઓર્ગેનિક ફાર્મિંગ થાય તો ધરતીમાતા - પૃથ્વીને પણ પ્રદૂષિત થતી અટકાવી શકાય. **"Save Environment."**

★ એમના અવલોકન પ્રમાણે પશુ-પક્ષી પણ આવો ઝેરી ચારો નથી ખાતા. આવા અનાજ નથી ચણતા, તો આપણે કઈ રીતે ખાઈ શકીએ? **"Save Ecology."**

★ આપણી માન્યતા છે કે ઓર્ગેનિક પ્રોડક્ટ - અનાજ બહુ મોંઘા છે પણ જો ઓર્ગેનિક ફુડની ખપત વધે તો ભાવ ઘટે. બીજું ખાસ, કે કેન્સરની દવાઓ ખાઈને પીડા ભોગવવા કરતાં થોડું મોંઘુ ઓર્ગેનિક અનાજ ખાવું સારું.
**"Save Mankind."**

તદ્દુપરાંત ઓર્ગેનિક ફાર્મિંગથી આગળ વધીને તેમણે બહેનોને સ્વાવલંબી બનાવવા માટે કિચન ગાર્ડનિંગ વિશે વિસ્તારથી સરળ સમજ આપી હતી. આપણી રોજિંદી જરૂરિયાત પ્રમાણે આપણે ઘરે નાની જગ્યામાં ઘઉંના જવારા, ટમેટા, કોથમીર, પાલક વગેરે ઉગાડી શકીએ. આ ઉમદા કાર્ય માટે ફ્રી વર્કશોપનું આયોજન કરવાનો પણ એમણે પ્રસ્તાવ મૂક્યો હતો. જે સમિતિની બહેનોએ સહર્ષ વધાવી લીધો હતો.

હાજર રહેલ સૌ બહેનોને પ્રોત્સાહનરૂપે ગિફ્ટમાં ઓર્ગેનિક ચોખા અને ઓર્ગેનિક ઘઉંનો લોટ અપાયા હતા.

અમને જણાવતા આનંદ થાય છે કે આ પ્રવૃત્તિને વેગ આપવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પ્રક્રિયા શરૂ કરી દીધી છે, જેથી સમાજના સૌ સભ્યો ભરોસાપાત્ર અને તે પણ વ્યાજબી દરે સજીવ ખેત પેદાશો (અનાજ)ની ખરીદ કરી શકશે.

*સુલુબેન શાહ, કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ*



*શ્રી અચલભાઈ પટેલ*



*સૃષ્ટિ સંસ્થા - અમદાવાદના શ્રી રમેશભાઈ પટેલ*



*પિકનિક કમ મુલાકાત પર ગયેલી બહેનોનો ગ્રુપ ફોટોગ્રાફ*

# યુવા વિકાસ સમિતિ

## ધૂળેટી કાર્યક્રમ : અહેવાલ

યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૨૧-૩-૨૦૧૯ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારો માટે ધૂળેટી રમવાના એક રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રંગબેરંગી કાર્યક્રમમાં સમાજના ૪ વર્ષથી ૬૫ વર્ષ સુધીના ૧૧૬ સભ્યોએ હર્ષભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં ગુલાલના દાતાશ્રી હીરેનભાઇ અમૃતલાલ શાહ (ગામ તલવાણા) દ્વારા રૂા. ૨૩૦૦/-ની આર્થિક સહાય મળેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આ કાર્યક્રમના જમણનો ખર્ચ (સહાય) મળેલ છે.

યુવા વિકાસ સમિતિ, શ્રી હીરેનભાઈનો તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ખૂબ ખૂબ આભાર માને છે.

★

## રાહત દરે નોટબુક ચોપડા વિતરણ

યુવા વિકાસ સમિતિ દ્વારા એપ્રિલ મહિનામાં નોટબુક/ ચોપડા વિતરણના કાર્યક્રમનું આયોજન કરેલ છે.

આ યોજનામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના બાળકોને ખરીદ કિંમત ઉપર રાહત દરે નોટબુક ચોપડા જે જરૂરી હોય તેવા બે ડઝન (૨૪ નંગ) નોટબુક / ચોપડા રાહત દરે મેળવી શકાશે. જેના માટે તા. ૩૦-૪-૨૦૧૯ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ઉપર નક્કી કરેલ રકમ, ફોર્મ (આ અંકમાં છાપેલ છે) ભરીને જમા કરાવવાની રહેશે.

આ સિવાય સમાજના સભ્યને વધુ જરૂરી નોટબુક / ચોપડા મૂળ ખરીદ કિંમતે આપવામાં આવશે. આપણી ખરીદ મૂળ કિંમત બજાર કિંમત કરતા આશરે ૫૦% ઓછી છે, જેની ખાસ નોંધ લેશો.

આ નોટબુક / ચોપડા વિતરણની તારીખ મે મહિનાના 'મંગલ મંદિર'માં જાહેર કરવામાં આવશે. ભરેલી રકમ પરત મળશે નહીં. નક્કી કરેલી તારીખ અને સમયને ધ્યાનમાં રાખવા વિનંતી. ત્યારબાદ ક્ષમા કરશો.

***ડો. કેતન શાહ***
*કન્વીનર - યુવા વિકાસ સમિતિ*

## શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન (નાની ખાખરવાલા)
## કેળવણી સહાય ફંડ

સમાજના જે સભ્યો આ યોજનાનો લાભ લે છે, તેમને જણાવવાનું કે ધોરણ-૭થી ૧૨ સુધી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ એપ્ટિટ્યૂડ ટેસ્ટ આપશે અને સમાજ દ્વારા યોજાતા શૈક્ષણિક કાર્યક્રમમાં ભાગ લેશે તેઓને આ સહાય માટે પ્રાધાન્ય આપવામાં આવશે.

આગામી વર્ષ માટે આ સહાય મેળવનારા વિદ્યાર્થીઓએ ૧લી મે, ૨૦૧૯ પછી સમાજના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના કાર્યાલયમાંથી ફોર્મ મેળવી, ૧૫ જુલાઈ, ૨૦૧૯ સુધી સંપૂર્ણ વિગત અને ડોક્યુમેન્ટ સાથે પરત કરવા વિનંતી છે.

***વિશાલ એમ. શાહ***
*કન્વીનર, શૈક્ષણિક સહાય સમિતિ*

## આપની તસવીર સાથે મૌલિક લેખ / કૃતિ આવકારપાત્ર

***'મંગલ મંદિર'ને અનુરૂપ તથા તેના નીતિ-નિયમોને આધીન મૌલિક લેખ / કૃતિ વગેરે પ્રકાશિત કરવા અર્થે મોકલાવવા તજજ્ઞ લેખકશ્રીઓ તથા સમાજના પરિવારજનોને આહ્વાન આપીએ છીએ. આપશ્રીની કોઈપણ પ્રકારની કૃતિ મોકલાવો ત્યારે તેની સાથે આપની એક તસવીર જરૂર મોકલાવશો.***

# ઊડતી નજરે....

## માસ ફેબ્રુઆરી-૨૦૧૯ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ...** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ... | **૧૨,૧૧૭** |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ... **૫૮૫** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ... **૫૮** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ... **૨૨** | |
| | ● | સોનોગ્રાફી ... **૧,૨૬૮** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ... **૪૧** | |
| | ● | બોડી ચેક-અપ ... **૪૫૦** | |
| | ● | અન્ય ... **૯,૬૯૩** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** કુલ લાભ લેનાર વ્યક્તિઓ ... **૬૪૩** | **૬૪૩** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ... **૨,૫૭૧** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ... **૪૮૦** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ... **૪૪૨** | **૩,૪૯૩** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** લાભ લેનાર કુલ વ્યક્તિઓ ... **૩૪૯** | **૩૪૯** |
| | | ***માસ ફેબ્રુઆરી-૨૦૧૯ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ.....*** | **૧૬,૬૦૨** |

# તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વૉકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. ઈલેક્ટ્રિક ઓક્સિજન મશીન | રૂા.૫૦/- |

<u>નોંધ</u> : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

*હસમુખ બાબુભાઈ શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## યુવા વિકાસ સમિતિ

## નોટબુક - ચોપડા વિતરણ ફોર્મ

ફોર્મ નં. : ____________
(સંસ્થાએ ભરવાની વિગત)

સભ્યનું નામ : ____________________ વસતિપત્રક ક્રમાંક નં. : ____________

રહેઠાણનું સરનામું : ____________________

____________________

ફોન : ____________ મોબાઈલ : ____________

વિદ્યાર્થીનું નામ : (૧) ____________ ઉંમર : ______ ધોરણ : ______

(૨) ____________ ઉંમર : ______ ધોરણ : ______

(૩) ____________ ઉંમર : ______ ધોરણ : ______

(૪) ____________ ઉંમર : ______ ધોરણ : ______

| નોટબુક ચોપડાની વિગત | રાહત દરનો ડઝનનો ભાવ | ડઝન | રકમ (રૂપિયામાં) | મૂળ કિંમત ડઝનનો ભાવ | ડઝન | રકમ (રૂપિયામાં) | ટોટલ ડઝન | ટોટલ રૂપિયા |
|---|---|---|---|---|---|---|---|---|
| ★ A-4 ચોપડા (૧૬૦ પાના) (29.7 x 21.0 cm) | 192.00 X | | | 384.00 X | | | | |
| ★ ફૂલ સ્કેપ (૧૮૦ પાના) (27.2 x 16.7 cm) | 162.00 X | | | 324.00 X | | | | |
| ★ A-5 નોટબુક (૧૪૦ પાના) (24.0 x 18.0 cm) | 120.00 X | | | 240.00 X | | | | |
| ★ નોટબુક સીંગલ લાઈન (૧૮૦ પાના) (15.5 x 19.0 cm) | 90.00 X | | | 180.00 X | | | | |
| | | | | | | | કુલ રૂપિયા.... | |

કુલ રકમ (શબ્દોમાં) : રૂપિયા ____________________

ફોર્મ ભર્યાની તારીખ : ____________ રસીદ નંબર : ____________ સભ્યની સહી ____________

— — — — — — — — — — CUT FROM HERE — — — — — — — — — —

# દેશ-વિદેશના પ્રવાસો માટે અનુભવથી ભરપૂર માર્ગદર્શન આપતાં પુસ્તકો

## સ્વામી સચ્ચિદાનંદ

| | |
|---|---|
| ગોવાપ્રવાસ | 40 |
| બીજાપુરથી નાંદેડ | 60 |
| હમ્પી, વેલૂર અને હળેબીડૂ પ્રવાસ | 50 |
| પૂર્વની સાત બહેનો | 110 |
| તાલમિનાડુની યાત્રા | 65 |
| બોધગયામાં નેત્રશ્રાદ્ધ | 75 |
| લેહ, લદ્દાખ, કારગિલ, કાશ્મીર | 60 |
| સ્થાપત્ય અને શૌર્યની ભૂમિ રાજસ્થાન | 120 |
| કૌસાની, રાણીખેત અને નૈનિતાલનો ઊડતો પ્રવાસ | 45 |
| લક્ષદ્વીપ-પ્રવાસ | 50 |
| ફરી પાછા પૂર્વમાં | 100 |
| પૂર્વમાં નવું પશ્ચિમ | 150 |
| દક્ષિણપૂર્વનો પ્રવાસ | 125 |
| મોરેશિયસ અને દુબઈનો પ્રવાસ | 80 |
| ટર્કી અને ઇજિપ્ત | 150 |
| રાષ્ટ્રીય તીર્થ આંદામાન | 125 |
| સિક્કિમ અને ભુતાનનો પ્રવાસ | 100 |
| ઇજિપ્ત-ઇસ્રાઇલની ઝાંખી | 140 |
| પશ્ચિમ થઈને રશિયા | 250 |
| આફ્રિકા પ્રવાસનાં સંસ્મરણો | 70 |
| દક્ષિણ આફ્રિકાની ઊડતી મુલાકાત | 50 |
| પૃથ્વી-પ્રદક્ષિણા (પુરસ્કૃત) | 180 |
| યુરોપની અટારીએથી (પુરસ્કૃત) | 90 |
| આંદામાનનો પ્રવાસ | 70 |
| નેપાળયાત્રા | 75 |

## ઉમાશંકર જોશી

| | |
|---|---|
| યાત્રી (પુરસ્કૃત) | 140 |
| ઇશાન ભારત અને આંદામાનમાં ટહુક્યા મોર | 15 |

## જયંતી ડી. શાહ

| | |
|---|---|
| મહાબળેશ્વર | 60 |
| નયનરમ્ય નૈનીતાલ | 70 |

## અન્ય લેખકોનાં પ્રવાસ વિષયક પુસ્તકો

| | | |
|---|---|---|
| માઈલોના માઈલો મારી અંદર | ઈલા આરબ મહેતા | 140 |
| મારો એડિનબરાનો પ્રવાસ | પ્રવીણસિંહ ચાવડા | 125 |
| તીરછી નજરે અમેરિકા (હળવી શૈલીમાં) | હરનીશ જાની | 150 |
| વાસ્તવિક અમેરિકા અને અનુભવનું અમેરિકા | ત્ર્યંબક પંડ્યા | 200 |
| અમેરિકા આવજે (પુરસ્કૃત) | ભગવતીકુમાર શર્મા | 200 |
| યુરોપમાં હરતાંફરતાં (પુરસ્કૃત) | પ્રતીક્ષા થાનકી | 180 |
| સફરમાધુરી | ધીરુભાઈ ઠાકર | 160 |
| ઊર્મિઓના દેશમાં, વાદળના વેશમાં (પુરસ્કૃત) | રજની વ્યાસ | 30 |
| યુરોપ-અનુભવ | ભોળાભાઈ પટેલ | 125 |
| નગરયાત્રા | યશવંત મહેતા | 300 |
| અમરનાથયાત્રાનાં સંસ્મરણો | હરીશ ત્રિવેદી | 115 |
| આંખેદેખ્યું ચીન | બટુક વોરા | 80 |
| સલામ સિડની | ભાનુપ્રસાદ પુરાણી | 90 |
| અંધારખંડની આરપાર (પુરસ્કૃત) | અરુણાબહેન ચોકસી | 150 |
| ઉત્તરાખંડ (પુરસ્કૃત) | ચંદ્રસિંહ ઠાકોર | 100 |
| ઇલાયઝા ટુ (પુરસ્કૃત) | ચંદ્રવદન મહેતા | 33 |
| નવા દેશ, નવા વેશ | પ્રવીણ દરજી | 120 |
| પ્રકૃતિના પ્રહરીઓ (ઇન્દ્રોડા પાર્ક, ગાંધીનગરનો પરિચય) | નટવર હેડાઉ | 180 |
| તિબેટના ભીતરમાં | સંપા. મહેન્દ્ર મેઘાણી | 80 |
| પતંગિયાની પાંખે | સંપા. મહેન્દ્ર મેઘાણી | 70 |

## અમારાં અમદાવાદ વિષયક અણમોલ પુસ્તકો

| | | |
|---|---|---|
| ગુજરાતનું પાટનગર અમદાવાદ | રત્નમણિરાવ ભીમરાવ | 950 |
| અમદાવાદ : ઇતિહાસ અને અનુસંધાન | સંપા. ભારતી શેલત, રસેશ જમીનદાર | 850 |
| અમદાવાદ મેગાસિટી સુધીની સફર | મહેશ કે. શાહ | 100 |
| અમદાવાદ બતાવું ચાલો | સંપા. દિનેશ દેસાઈ | 125 |
| અમદાવાદ-કથા | ડૉ. માણેકભાઈ પટેલ 'સેતુ' | 175 |
| ગાંધીજી અમદાવાદને આંગણે | ડૉ. માણેકભાઈ પટેલ | 300 |
| શહીદ વિનોદ કિનારીવાલા | બિપિન જે. સાંગણકર | 80 |
| નગરશેઠ શાંતિદાસ ઝવેરી | માલતી શાહ | 250 |
| અમેરિકાથી અમદાવાદ | ગીતા ભટ્ટ | 75 |
| અમારો શેખનો પાડો | ચંદ્રકાન્ત કડિયા | 160 |
| સાબરમતી કે સંત (ડીવીડી) | | 150 |
| વેલકમ ટુ અમદાવાદ (ડીવીડી) | | 100 |
| સરદાર : એક સિંહપુરુષ | રિઝવાન કાદરી | 500 |
| અમદાવાદ : પોળો અને પરાં | ડૉ. માણેક પટેલ 'સેતુ' | 500 |

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com



વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
VT/VX ની ૬૫૦+ શાખાઓ
ISO 9001:2015 પ્રમાણિત કંપની
Robust Systems & Processes પર કાર્યરત
Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ નેટવર્ક
બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
V-Logis
Warehousing & Inventory Management
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

## દરેક દર્દીને "ની રીપ્લેસમેન્ટ" ની જરૂર નથી

# માઈક્રોપ્લાસ્ટી



### આધુનિક અભિગમ

- ઓછી પીડા - ઓછો હોસ્પિટલ સ્ટે - ઓછો રકતસ્રાવ - ઓછી ફીઝીયોથેરાપી - ઓછો ખર્ચ
- વધુ કુદરતી અનુભવ - વધુ સલામત - વધુ સંતોષ - વધુ ફ્લેક્સીબીલીટી - વધુ સ્ટેબીલીટી



## ડૉ. હેમાંગ બી. અંબાણી

**M.B.M.S**

**જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન**

નિષ્ણાંત, માઈક્રોપ્લાસ્ટી, પ્રાઈમરી એન્ડ રીવીઝન
ની રીપ્લેસમેન્ટ સર્જરી

ફેલો એટલાન્ટા એન્ડ ઈન્ડીયાનાપોલીસ યુ.એસ.એ.,
વુઝબર્ગ જર્મની, બ્રેશીયા ઈટાલી

**ડૉ. અમીર સંઘવી**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા, યુ.એસ.એ. યુ.કે.

**ડૉ. ચિરાગ પટેલ**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા સીડની

**ડૉ. અતીત શર્મા**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો બેલ્જીયમ, સીંગપુર, જર્મની. યુ.એસ.એ

Shivam
Orthopaedic Hospital
& Joint Replacement Centre

Shree
Orthocare
Strength in Togetherness

KD Hospital
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

E-mail : h_amani@hotmail.com
Website : www.hemangambani.com I www.shivamhospitalinfo.co I www.shreeorthocare.com
એપોઈન્ટમેન્ટ : ૦૭૯-૨૬૩૦૧૯૮૬, ૨૬૩૦૮૯૭૬, ૦૯૪૨૮૫૯૫૩૦૨, ૯૮૨૪૦૩૩૩૬૦

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

